ૐ

સિદ્ધિઓ અને ચમત્કારો

: લેખક :

સ્વામીશ્રી માધવતીર્થજી

લેખક :

સ્વામી માધવતીર્થજી

વેદાન્ત આશ્રમ, મુ. કુલપરા

પ્રકાશક :

વેદાંત આશ્રમ ટ્રસ્ટ

પો. વલાદ, જિ. ગાંધીનગર

પીન : ૩૮૨૫૫૫

: પ્રાપ્તિસ્થાન :

(૧) વેદાંત આશ્રમ ટ્રસ્ટ
પો. વલાદ, જિ. ગાંધીનગર
પીન : ૩૮૨૫૫૫

(૨) શ્રીજેઠાભાઈ માધવજીભાઈ પટેલ
દત્તાત્રય સો મીલ, ભાગ્યોદય
સોસાયટીની બાજુમાં, નેશનલ
હાઈવે ૮, નરોડા, અમદાવાદ–
૩૮૨૩૨૫, ફોન : ૨૮૨૩૫૩૩

(૩) શ્રીવિનુભાઈ ભક્ત
મુ. પો. વિરાણી મોટી
તા. નખત્રાણા, જિ. કચ્છ
પીન–૩૭૦૬૬૫

(૪) "અક્ષયભારતી"
૫/રાજગુલાબ શોપીંગ સેન્ટર
મેહરઅલી ચોક, ભુજ–કચ્છ–
૩૭૦૦૦૧, ફોન : ૨૨૪૩૯

(૫) શ્રીહરિભાઈ જેઠાભાઈ પટેલ
મુ. પો. તખતગઢ
તા. પ્રાંતિજ, જિ. સાબરકાંઠા

સંવત્ ૨૦૫૩ — બીજી આવૃત્તિ — પ્રત ૧૦૦૦

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩–૫૪ સી–૧, બોરડીગેટ, ભાવનગર–૧

પ્રથમ આવૃત્તિના દાતા ગં. સ્વ. સમરત બહેનનું ટૂંકું જીવનચરિત્ર

(તેમના કુટુંબી તરફથી)

સદ્‌ગત શ્રી સમરત બહેનના પિતા શ્રી પાનાચંદ સુરચંદ સંઘાણી, જામનગર(સૌરાષ્ટ્ર)ના પ્રખ્યાત વકીલ હતા અને તેમના પતિ શ્રી શામળજી પોપટ મહેતા (C. I. E.) મોરબી(સૌરાષ્ટ્ર)ના સ્ટેટ એન્જીનીયર હતા. તેમને એક પુત્ર નામે છબીલદાસ થયો હતો. પોતે નાની ઉંમરમાં વિધવા થયા, ગરીબ સ્થિતિમાં પુત્રને મોટો કર્યો, ભણાવ્યો અને મુંબઈમાં ધંધે લગાડયો, છતાં તે પણ જુવાનીમાં ગુજરી ગયો, છતાં શ્રી સમરત બહેને હિંમત રાખી મુંબઈની નિશાળમાં શિક્ષિકા તરીકે નોકરી કરી પોતાના જીવનનિર્વાહનું સાધન કરી લીધું. તેમનો પગાર ટૂંકો હતો, અને મોટી ઉંમરે નિશાળની નોકરીના ધારા પ્રમાણે નિવૃત્ત થવું પડયું, તેથી પગાર બંધ થયો; છતાં સાદાઈથી રહીને થોડી રકમ બચાવી, તે પોતાની પાછળ સારા કામમાં વપરાય એવા હેતુથી વીલ કરીને ત્રણ ટ્રસ્ટીઓને સોંપી. સ્વ. સમરત બાઈની ઇચ્છા મુજબ વ્હેંચણી કરતાં બાકી જુજ રકમ વધી તે, તેમના ટ્રસ્ટીઓએ આ પુસ્તક છપાવીને પ્રસિદ્ધ કરવા માટે આ પુસ્તકના લેખકને આપી.

આપણા દેશમાં વિધવા બહેનોને કેટલીક મુશ્કેલીઓ પડે છે, છતાં સમરત બહેને મુશ્કેલીઓ વચ્ચે પણ હિંમત રાખી, નિર્ભયતાથી સ્વાવલંબી જીવન ગાળ્યું હતું. સાદા જીવનવાળા માણસો ખાસ પ્રખ્યાત થતા નથી, છતાં તેમની સાદાઈ અને તેમનો પુરુષાર્થ તેમને પરમાર્થ તરફ દોરે છે, અને તે બીજાને આદર્શરૂપ થાય છે.

સ્વ. સમરતબાઈના આત્માને પરમકૃપાળુ પરમેશ્વર પરમશાંતિ આપો !!! ૐ તત્ સત્.

પ્રસ્તાવના

સિદ્ધિઓ અને ચમત્કારોમાં મનોબળ અને ઇચ્છા બંનેની જરૂર પડે છે. મોક્ષ માટે કેવળ જ્ઞાનની જરૂર પડે છે. મોક્ષાર્થીમાં સિદ્ધિઓ આવે, પણ તેઓ તેની દરકાર કરતા નથી. સિદ્ધિઓ-વાળામાં મોક્ષની ઇચ્છા કોઇકને જ હોય છે. સંસારનો મોહ છોડવો સહેલો છે પણ સિદ્ધિઓનો મોહ છોડવો વધારે કઠણ છે. તેનું એક કારણ એ છે કે સિદ્ધિઓ માટે બહુ ઇચ્છા રાખવી પડે છે. મજબૂત ઇચ્છા રાખ્યા વગર સિદ્ધિ પ્રાપ્ત થતી નથી અને એવી ઇચ્છા મોક્ષમાં વિઘ્નકર્તા છે. સિદ્ધિવાળા માણસની દૃષ્ટિ તીક્ષ્ણ હોય છે. મોક્ષાર્થીની દૃષ્ટિમાં શાંતિ હોય છે.

ભક્તોની પ્રાર્થનામાં અને જ્ઞાની પુરુષોની વિચારશક્તિમાં ઘણું બળ રહેલું હોય છે. તે દ્વારા ખોટી લાગણીઓ અને ખોટા વિચાર દૂર થઇ જાય છે. જેઓ જડવાદમાં માને છે તેઓ ભેદમાં માને છે અને જેઓ ભેદમાં માને છે તે જલ્દી મરે છે. તેથી તંત્રવિદ્યામાં ક્રિયાદ્વારા અને મંત્રદ્વારા જડને ચેતન બનાવવામાં આવે છે, મૂર્તિને તેજસ્વી બનાવવામાં આવે છે, યોગવિદ્યામાં ધ્યાનદ્વારા જડ જેવા મનને ચેતન જેવું બનાવવામાં આવે છે, અને વેદાંતમાં વિચારદ્વારા જગતને મિથ્યા માનીને તેના અધિષ્ઠાન-ચેતનની સાથે એકતાનું જ્ઞાન રાખવામાં આવે છે. કોઇ પણ રીતે જડપણું દૂર કરવાનું છે. જડપણું દૂર કરી શકાય તો રોગ, ચિંતા, બીક વગેરે તુરત દૂર કરી શકાશે. મીરાંબાઇએ રાણાજીએ મોકલેલ ઝેરને ઝેર માન્યું નહોતું. જે હમેશાં બ્રહ્મભાવથી રહે છે તેને બધું બ્રહ્મરૂપ દેખાય છે, તેથી મીરાંબાઇ ઝેરને અમૃત માનીને પી ગયા, પણ સોક્રેટીસ ડાહ્યો હોવા છતાં ઝેર પીને મરી ગયો હતો, કારણ કે તેની દૃષ્ટિમાં તે ઝેર હતું.

જેનામાં શ્રદ્ધા ઉત્પન્ન થઇ નથી તેનામાં સિદ્ધિ ઉત્પન્ન થશે નહિ. જગતમાં ચમત્કારિક અસર કરવી હોય તો સિદ્ધિઓની જરૂર પડે છે. જ્ઞાની પુરુષો સિદ્ધિઓની દરકાર કરતા નથી, પણ અજ્ઞાનીઓને વાળવા હોય તો સિદ્ધિઓ વગર વળી શકશે નહિ. ભગવાન બુદ્ધે ઘણી સિદ્ધિઓ બતાવીને ઘણા માણસોને અસર કરી હતી. જીસસ ક્રાઇસ્ટે પણ એવું કર્યું હતું, મહમદ પેગમ્બરે પણ એવું કર્યું હતું. મ. ગાંધીજીએ પણ અહિંસાથી સ્વરાજ મેળવવામાં સિદ્ધિ જેવું કામ કરી બતાવ્યું હતું, એ એક જાતની માયા છે, અને જગતમાં મોટા ફેરફારો કરવા હોય તેને માટે ઉપયોગી છે, અથવા જેને પ્રખ્યાતિ મેળવવી હોય તેને માટે ઉપયોગી છે, ઘણી સિદ્ધિ-ઓમાં પ્રાર્થના અને શ્રદ્ધાની જરૂર પડે છે. શ્રી રમણ મહર્ષિ જ્ઞાની હોવા છતાં શ્રી અરૂણાચલ પર્વતની પ્રાર્થના કરતા હતા, તેની દૃષ્ટિમાં તે પર્વત નહોતો પણ અચલ અરૂણ રૂપમાં ચેતનરૂપ હતો. અમેરીકા-નો જ્ઞાની પુરુષ વોલ્ટ વીટમેન પણ કહેતો હતો કે "To me every hour of the light and darkness is a miracle, every cubic inch is a miracle" એટલે મારી દૃષ્ટિમાં દરેક કલાક ચમત્કારોથી ભરેલ છે અને દરેક જગ્યા પણ ચમત્કારોથી ભરેલ છે. માણસનો જન્મ એ પણ ચમત્કાર છે અને એવા બે માણસમાંથી બીજા માણસો જન્મે તે પણ ચમત્કાર છે. કૂતરી વધારે બચ્ચાંને જન્મ આપી શકે છે તે ચમત્કાર છે અને એક કેરીની ગોટલીમાંથી અનેક કેરીઓ નીકળે છે તે પણ ચમત્કાર છે. એક દાણામાંથી અનેક દાણા નીકળે છે તેમાં ચમત્કાર છે અને એવા દરેક દાણામાંથી અનંત દાણા નીકળે છે તે પણ ચમત્કાર છે.

જ્યાં જ્યાં ઈશ્વરી અંશ જોવામાં આવે ત્યાં ચમત્કાર લાગે છે. ઈશ્વરી દૃષ્ટિ ખુલ્લી થાય તો બધે ચમત્કાર લાગે છે. ઘુવડને એમ

લાગે કે માણસોને દિવસે અજવાળું દેખાય છે, તો માણસોમાં કોઈ સિદ્ધિ હશે પણ ઘુવડ માણસ થાય તો ખબર પડે કે એ માણસનો સ્વભાવ છે, તેવી જ રીતે ઈશ્વરનો અને જ્ઞાની પુરુષોનો સ્વભાવ હોય છે કે અદ્વૈતભાવે રહેવું, એવી ભાવનામાં રહેવાથી અનેક પ્રકારની સહજ સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે. સૌરાષ્ટ્રમાં જામનગરમાં એક માણસને જમીનની નીચે પાણી દેખાય છે, તેની દૃષ્ટિ ખેડૂતોને કૂવા ગળાવવામાં ઉપયોગી થાય છે, તેથી લોકો તેને પાણીવાળા મહારાજ કહે છે અને કૉંગ્રેસ સરકારે તેને પ્રજાની સેવા માટે રાખી લીધેલા છે. આવી સિદ્ધિઓ કોઈ માણસની અંદર જોઈને સામાન્ય માણસો તેને ભગવાન માનવા લાગી જાય છે. ગુજરાતમાં ભાદરણમાં એક પુરુષોત્તમ ભગત થઈ ગયા. તે જુવાન સ્ત્રીઓને અડતાં છતાં તેને વિકાર થતો નહોતો; તેથી લોકો તેને પુરુષોત્તમ ભગવાન કહેતા હતા.

કેટલાક ધર્મમાં એમ માનેલું છે કે આત્મા માત્ર આત્માનું જ કામ કરે, તેનાથી માત્ર પોતાના સ્વરૂપનો પ્રકાશ થાય. તેનાથી સત્ ચિત્ અને આનંદનો અનુભવ થાય, પણ તે બીજું કોઈ કામ કરી શકે નહિ, તેથી સિદ્ધિઓ એ અનાત્મ વિષય છે. વેદાન્તમાં પણ કહેલ છે કે પ્રકૃતિ કર્મ કરે છે; આત્મા કર્મનો કર્તા થતો નથી અને નિત્ય શુદ્ધ બુદ્ધ અને મુક્ત રહે છે.

સિદ્ધિઓ અને ચમત્કારોમાં ઘણા માણસો મોહિત થાય છે પણ તે કેવી રીતે ઉત્પન્ન થાય છે તે બાબતમાં બહુ થોડા માણસો વિચાર કરે છે. કેટલાક એમ માને છે કે સિદ્ધિઓથી માયા ઉપર સત્તા મળે છે પણ ખરુ જોતાં માયા સિદ્ધિવાળા ઉપર સત્તા ભોગવે છે. કૉંગ્રેસના નેતાઓએ સ્વરાજ લેવામાં ઘણી સિદ્ધિ અને શક્તિ

બતાવેલ છે પણ હવે એ માયા તેમના ઉપર રાજ કરે છે અને તેમને જ્ઞાનને બદલે કર્મમાં જોડી રાખે છે.

સિદ્ધિઓ અને ચમત્કારોથી એટલું નક્કી થઈ શકે છે કે માણસની ઇંદ્રિઓથી જેવું જગત દેખાય છે તે સાચું નથી, જ્યારે જગત કેવું છે? જુદા જુદા માણસો, યોગી, મુનિ, ઋષિ, જ્ઞાની વગેરેના અનુભવોનો વિચાર કરીને તેમને એક અખંડ સ્વરૂપમાં જોતાં શીખવું જોઈએ. જો એમ કરતાં નહિ આવડે તો કોઈ સિદ્ધિવાળો માણસ અનીતિમાં રહેતો હશે તોપણ લોકો તેને મહાત્મા માનવા લાગશે. જેનામાં આત્મજ્ઞાન ન હોય, જેનામાં નીતિ ન હોય તેવા માણસોમાં પણ સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે, તેથી સાવચેત રહેવાનું છે. સિદ્ધિના ખરા કારણો શોધી કાઢવા જોઈએ અને પછી જે સાચો માર્ગ હોય તે પકડવો જોઈએ, જ્ઞાની પુરુષ બધાના અનુભવનો સાર તરત પકડી શકે છે. આ પુસ્તકમાં સિદ્ધિના ઘણા પ્રકાર સમજાવવામાં આવેલ છે.

જે વિદ્યાપીઠમાં માત્ર દૃશ્યના અનુભવનો વિચાર કરવામાં આવેલ છે અને દર્શનમાં અથવા જ્ઞાનમાં કેટલી શક્તિ છે તેનો વિચાર કરવામાં આવતો નથી તે વિદ્યાપીઠમાંથી મૂર્ખ વિદ્યાર્થીઓ તૈયાર થાય છે, પહેલાંની વિદ્યાપીઠોમાં ૧૨ દર્શન શાસ્ત્રોનો અભ્યાસ થતો હતો, હજુ પણ કાશીમાં એ પદ્ધતિ ચાલે છે; પણ બીજી યુનિવર્સીટીઓમાં આ બાબત ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવતું નથી. વિદ્યાર્થીઓ ઘણે ભાગે કમાવા માટે ભણે છે અને તેથી દૃશ્યાનુરક્તિવાળા રહે છે.

જ્યારે તત્ત્વજ્ઞાનની વાત ચાલતી હોય ત્યારે બધાને સમાન હકની વાત થઈ શકશે નહિ. બધાને સરખા મૂરખ બનાવી શકાશે

નહિ. જેઓ દર્શન ઠીક કરવાની રીત બતાવી શકતા હોય તેમને સમાજમાં ઉત્તમ કોટીમાં મૂકવા પડશે. જેલમાં ક્લાસ રાખવામાં આવે છે. નોકરીમાં ક્લાસ રાખવામાં આવે છે, અને શાળામાં પણ ક્લાસ રાખવામાં આવે છે. જે આગળ વધી શકે તેવા હોય તેમને ઉત્તેજન આપવાથી સમાજને આગળ વધવાનો સાચો માર્ગ મળે છે, જે જ્ઞાતિમાંથી મહાત્મા મળી શકે તેને રાજ્ય તરફથી ખાસ ઉત્તેજન આપવું જોઇએ. ઘોડાની શરતના ઘોડા માટે ખાસ ધ્યાન રાખવામાં આવે છે તો ઉત્તમ કોટીની શક્તિ અને સિદ્ધિવાળા પુરુષો તરફ ખાસ ધ્યાન રાખવું જોઇએ અને તેમના અનુભવનો વિચાર કરવો જોઇએ.

મોટામાં મોટી સિદ્ધિ એ કહેવાય છે કે ઓછામાં ઓછા તત્ત્વથી વધારેમાં વધારે અનુભવોનો ખુલાસો મળી શકે. એ સિદ્ધિને જ્ઞાનસિદ્ધિ કહે છે. તે નવમા પ્રકરણમાં સમજાવવામાં આવેલ છે.

કલ્કિ ભગવાનના અવતાર બાબત થોડીક સૂચના સાતમા પ્રકરણમાં આપવામાં આવેલ છે. સાતલોકમાં જવાની સિદ્ધિ આઠમા પ્રકરણમાં સૂચવેલ છે.

જે તેજથી પાણી બને છે, જે તેજથી પૃથ્વી બને છે તેમાં અને જે તેજનો યોગીઓને ધ્યાનમાં અનુભવ થાય છે તેમાં ભેદ નથી.

Free from material consciousness, free from the three dimensions of space and the fourth dimension of time, a master transfers his body of light with equal ease over the light rays of earth, water, fire or air. He sees the Universe as an essentially undifferentiated mass of light.

હાલના સાપેક્ષવાદના સાયન્સની શોધ, આપણા દેશની યોગ-શક્તિ અને જ્ઞાનશક્તિ એ ત્રણેનો મેળ કરીને નીચે પ્રમાણે ખુલાસો આપી શકાય છેઃ–

The masters who are able to materialise and dematerialise thier bodies or any other object and to move with the velocity of light and to utilise creative light rays in bringing into instant visibility any physical manifestation have fulfilled the necessary Einsteinian condition, their mass is infinite.

The consciousness of a perfected yogi is effortlessly identified, not with a narrow body but with the universal structure. Gravitation whether as the force of Newton or as the Einstein manifestation of inertia is powerless to compel a master to exhibit the property of weight, which is the distinguishing gravitational condition of all material objects. He who knows himself as the omnipresent spirit is subject no longer to the rigidities of a body in time and space, their imprisoning "rings–pass not" has yielded to the solvent "I am He".

વેદાન્ત આશ્રમ, પોસ્ટ વલાદ
(અમદાવાદ–પ્રાંતિજ રેલ્વે) સ્વામી માધવતીર્થ.
તા. ૧–૧૨–૧૯૫૩

'સિદ્ધિ અને ચમત્કાર'ની બીજી આવૃત્તિનું
સંપાદકીય નિવેદન

સિદ્ધિ અને ચમત્કાર પુસ્તકની પ્રથમ આવૃત્તિ ઈ. સ. ૧૯૫૩ ના ડીસેમ્બર માસમાં પ્રગટ થયેલી. તે પુસ્તકના ખર્ચની રકમ ગં. સ્વ. સમરતબેન પાનાચંદ સંઘાણીના સ્મરણમાં (તેમની મૂડીનો વહીવટ કરનાર ટ્રસ્ટીઓ દ્વારા) મળેલી.

ગં. સ્વ. સમરતબેનનો ટૂંક પરિચય તેમની મૂડીનો વહીવટ કરનાર ટ્રસ્ટીઓએ તૈયાર કરેલો. પ્રથમ આવૃત્તિમાં તે મૂકેલો. પ્રેરણાદાયી હોવાથી આ બીજી આવૃત્તિમાં પણ તે પરિચય સમાવિષ્ટ કરેલ છે.

* * *

સિદ્ધિ અને ચમત્કાર વિષે શ્રદ્ધાળુ આમજનતામાં પ્રવર્તતા ખ્યાલો, વૈજ્ઞાનિક વિચારધારાને જ પ્રમાણ તરીકે સ્વીકારનાર વર્ગના કે માત્ર લૌકિક પ્રમાણને જ સ્વીકારનાર વર્ગના ખ્યાલો, તેમ જ શાસ્ત્રમાં આ પરત્વે રજૂ થયેલી સ્પષ્ટતા—આ બધામાં તફાવત છે, એટલું જ નહિ કેટલીક બાબતમાં ઊલટા છે તેમ પણ કહી શકાય. પરિણામે આમજનતાનો મોટો વર્ગ અને સામાન્ય જનસમુદાય જે જાતના લોકોના સંપર્કમાં આવે કે જે પ્રકારના આવા સાહિત્યનું વાંચન તેમને પ્રાપ્ત થાય તે પ્રકારની માન્યતાઓ અને ખ્યાલો તેમના બંધાતા હોય તેમ જોવા મળે છે.

વ્યક્તિગત માન્યતા કે ખ્યાલોનું મૂલ્ય કે મહત્ત્વ એક રીતે જોતાં બીજાને માટે હોતું નથી. છતાં વ્યક્તિગત જીવનનું વલણ ઘડવામાં, ઘાટ આપવામાં, આયોજનો કે કાર્યક્ષેત્રે નિર્ણયો લેવામાં આવા ખ્યાલો કે માન્યતાઓનો પ્રબળ પ્રભાવ જોવા મળે છે. કારણ આવા

વ્યક્તિગત ખ્યાલો કે માન્યતાઓ જીવનના પ્રેરકબળ (Life force) તરીકે કામ કરતાં હોય છે. આથી આવા ખ્યાલો કે માન્યતાઓ અસ્પષ્ટ, ધૂંધળા, ભળતા કે અયથાર્થ હોય ત્યારે જીવનના કર્તવ્યક્ષેત્રે ઘણી મોટી અવ્યવસ્થા, અસમંજસતા, ખોટું વલણ પ્રગટતું જોવા મળે છે. તેથી સિદ્ધિ અને ચમત્કાર વિશેની પાયાની સમજ મેળવી લેવી જરૂરી છે.

વર્તમાનકાળમાં આ વિષયનાં જે કાંઈ પુસ્તકો આધુનિક વિચારકોદ્વારા લખાયાં છે કે લખાય છે, તેના સંદર્ભમાં શાસ્ત્રીય વિચારધારા શું છે તેની સ્પષ્ટતા જરૂરી છે. તે ક્ષેત્રે સિદ્ધિ અને ચમત્કાર વિષે તાત્ત્વિક વિશ્લેષણ રજૂ કરતું પૂ. સ્વામીશ્રી માધવતીર્થજી મહારાજનું આ પુસ્તક વિશિષ્ટ પ્રદાનરૂપ છે.

* * *

'સિદ્ધિ અને ચમત્કાર' વિષે આ પુસ્તકમાં જે કંઈ વિચારણા રજૂ થઈ છે તે ઉપરાંત બીજી પણ કેટલીક સ્પષ્ટતા આ વિષયની પાયાની સમજ માટે જરૂરી છે. તેથી તે વિષેની કેટલીક સ્પષ્ટતા આ નિવેદનમાં રજૂ કરી છે.

'ચમત્કાર' એટલે શું? ચમત્કારના કારણરૂપ હાથચાલાકી, જાદુ, હિપ્નોટીઝમ કે વૈજ્ઞાનિક કરામતો અને ધાર્મિક કે શાસ્ત્રીય ખ્યાલો આ બધા વચ્ચે શું તફાવત છે તેની સ્પષ્ટતા તેથી સહુ પ્રથમ જરૂરી છે.

જ્યાં કાર્યકારણભાવ સ્પષ્ટ હોય ત્યાં 'ચમત્કાર'ને અવકાશ નથી.

કારણ અજ્ઞાત હોય અને કાર્ય બનતું હોય, કારણ પ્રત્યક્ષ હોય અને જ્ઞાત હોય છતાં કાર્ય ન બનતું હોય, કારણ અને કાર્ય વચ્ચેનો સામાન્ય સંબંધ વિપરીત રીતે સંકળાયેલો જોવા મળતો હોય—આ

જાતના બધા કિસ્સાને 'ચમત્કાર' સંજ્ઞા સામાન્ય રીતે અપાતી હોય છે. દૃષ્ટાંતથી આ વાત સમજીએ.

દાખલા તરીકે કોઈ વસ્તુને બાળવા માટે અગ્નિની જરૂર પડતી હોય છે. એક રૂમાલ છે. તેને બાળી નાંખવો છે. તો અગ્નિ જોઈએ. બાળવાની ક્રિયામાં અગ્નિ કારણ છે. છતાં અગ્નિ ન હોય અને હવામાં કોઈ વ્યક્તિ રૂમાલને રાખે અને રૂમાલ બળવા લાગે તો સામાન્ય રીતે તે ઘટનાને 'ચમત્કાર' ગણવામાં આવે. તેથી ઊલટું, રૂમાલને અગ્નિપર રાખે છતાં રૂમાલ ન બળે તો અગ્નિની દાહક-શક્તિની કોઈ અસર કાર્યરૂપે રૂમાલપર ન થઈ. તે બનાવને પણ ચમત્કાર 'સંજ્ઞા' પ્રાપ્ત થાય. અથવા વરસતા વરસાદમાં ચાલનાર ન ભીંજાય (રેઈનકોટ કે તેવું કાંઈ ન પહેર્યું હોય છતાં પણ) તો તે ઘટનામાં પણ કારણ હોવા છતાં કારણમાંથી કાર્ય પ્રગટતું નથી. તેથી જોનારને માટે તે બનાવ ચમત્કારનો લાગે.

પાણી નાંખવાથી અગ્નિ બૂઝાઈ જાય છે. પરંતુ સો ગ્રામ જેટલા સળગતા અંગારપર એક ઘડો પાણી નાંખવા છતાં જો તે અંગારા સળગતા જ રહે, જરા ઓલવાય પણ નહીં; તો કાર્યકારણના વિપરીત સંબંધનો આ દાખલો પણ 'ચમત્કાર' સંજ્ઞા પામશે.

આ સિવાય દરેક માનવમાં જે નૈસર્ગિક શક્તિ છે તે શક્તિથી વિશેષ કાર્યક્ષમતા કોઈ વ્યક્તિમાં જણાય તો તે શક્તિથી થતાં કાર્ય 'ચમત્કાર' કે 'સિદ્ધિ' ગણાય છે અને તે શક્તિ ધરાવનાર વ્યક્તિને શ્રદ્ધાળુ લોકો સામાન્ય રીતે 'સિદ્ધ' કે 'ચમત્કારિક પુરુષ' વગેરે સંજ્ઞાથી ઓળખાવે છે. તો માત્ર ઇંદ્રિયપ્રમાણને જ સ્વીકારનાર તર્કનિષ્ઠ વર્ગ તેવા બનાવને ચાલાકી, કે વૈજ્ઞાનિક તરકીબ તરીકે મૂલવે છે. અને તે કરનાર વ્યક્તિને 'જાદુગર', 'હાથચાલાકી

કરનાર,' 'હિપ્નોટીસ્ટ' કે વૈજ્ઞાનિક તરકીબ જાણનાર—આમાંથી જે કોઈ શક્યતા સંદર્ભ મુજબ લાગુ થતી હોય તેનાથી તે વ્યક્તિને ઓળખાવે છે.

'ચમત્કાર' કોને ગણવામાં આવે છે તે ઉપર સદૃષ્ટાંત જોયું. તેને ભિન્ન ભિન્ન રીતે મૂલવનાર વર્ગ વિષે પણ મુદ્દારૂપે કંઈક ખ્યાલ ઉપર રજૂ કર્યો.

ઉપરની ચર્ચા પરથી એ સ્પષ્ટ થશે કે જ્યાં કાર્ય—કારણભાવ સ્પષ્ટ છે ત્યાં તે બનાવને 'ચમત્કાર' સંજ્ઞા લાગુ પડતી નથી.

વિમાન અવકાશમાં ઊડે છે તે 'ચમત્કાર' નથી કારણ તેમાં કાર્ય—કારણભાવની પ્રક્રિયા સ્પષ્ટ છે, વૈજ્ઞાનિક છે. પણ માણસ ઊડી શકે તો તે ચમત્કાર ગણાય. ફોનથી દેશ—પરદેશના દૂરના સ્થળે રહેલ વ્યક્તિ સાથે વાત થાય કે ટી. વી. પર દૂરના દૃશ્યો જોઈ શકાય તે ચમત્કાર નથી પણ કશાય માધ્યમ કે સાધન વિના વ્યક્તિ સો ટકા ખરું દૂરદર્શન કે દૂરશ્રવણ કરી બતાવે તો તે ચમત્કાર જ ગણાશે. આવા ચમત્કાર બતાવનાર પાસે કોઈ સિદ્ધિ છે તેવી પ્રચલીત સમજ છે અને તેવી સિદ્ધિ જેનામાં હોય તેને 'સિદ્ધ' સંજ્ઞા શ્રદ્ધાળુ તથા શાસ્ત્રમાં આસ્થા રાખનાર લોકો દ્વારા લાગુ પડતી હોય છે.

કાર્ય—કારણભાવની મૂળભૂત શૃંખલાના અભાવમાં કે વિરુદ્ધમાં પણ જ્યાં પરિણામ કે બનાવ કાર્ય—કારણ મુજબ જ પરિણમે કે આવે તે પરિણામ કે બનાવ માટે 'ચમત્કાર' સંજ્ઞા ઉપયોગમાં લેવાય છે. તે ઉપર સ્પષ્ટ કર્યું.

આવા બનાવો કે ઘટનાઓનું કારણ તો હોય જ છે, પણ તે કારણ સામાન્ય માણસની દૃષ્ટિ પકડી શકતી નથી. આવાં અદૃષ્ટ કારણોમાં નીચે દર્શાવેલ કારણોમાંથી કોઈ પણ એકાદ કારણ વિકલ્પરૂપે મોજૂદ હોય છે.

(૧) વૈજ્ઞાનિક, (૨) હાથચાલાકી કે કોઈ કરામતનું, (૩) મંત્ર-ગત, (૪) તંત્રગત, (૫) મેલીવિદ્યા કે સાધનાગત, (૬) આધિદૈવિક તત્ત્વની ઉપાસનાગત કે અદૃષ્ય–અદૃષ્ટ 'ચૈતન્ય'ની શક્તિના કોઈ પણ પ્રકારના અનુસંધાનગત–વગેરેમાંથી કોઈ પણ એકાદ પ્રકારનું કારણ આવા બનાવ કે કાર્યના અદૃશ્ય કારણરૂપે હોય છે.

તેમાં વૈજ્ઞાનિક અને હાથ ચાલાકીના કારણનો ઉપયોગ જાદુ-ગરો અને તમાશો કે ખેલ કરનાર લોકો કરતા હોય છે. તેમાં નજર-બંધી, ઝડપ કે સામાન્ય માણસને ખબર ન હોય તેવા કોઈ વૈજ્ઞાનિક સિદ્ધાંતનો ઉપયોગ થતો હોય છે. દા. ત. જે ફોસ્ફરસ પાણીમાં રાખવો પડે છે અને હવા લાગતાં સળગી ઊઠે છે તેમાં બોળેલો રૂમાલ હવામાં સૂકાતાં સળગવા લાગે છે. મોઢામાં તેવો ફોસ્ફરસ રાખી ફૂંક મારવામાં આવે તો હવામાં તે ફોસ્ફરસ ભળતાં સળગી ઊઠે છે અને મોઢામાંથી ભડકા પ્રગટાવી શકાય[૧] છે. વૈજ્ઞાનિક ઉપ-કરણો, ઝડપ અને હાથ ચાલાકીથી થતા આવા પ્રયોગો જોનાર લોકો કે પ્રેક્ષકોને એ ખબર હોય છે કે આ બધું દેખાવમાત્ર છે, ભ્રમથી જણાય છે, વાસ્તવિક નથી. છતાં કુતુહલવૃત્તિને સંતોષી મનોરંજન મેળવવાના હેતુથી માણસો આવા તમાશા કે પ્રયોગો જોવા પ્રેરાતા હોય છે. માત્ર ઇંદ્રિયજન્ય પ્રમાણને સ્વીકારનાર બુદ્ધિશાળી વર્ગ કે માત્ર વૈજ્ઞાનિક પ્રમાણને જ સ્વીકારનાર વર્ગ આવા બનાવો પાછળ રહેલી કાર્ય–કારણભાવની તરકીબ બુદ્ધિગમ્ય છે તેમ સમજતા હોવાથી તેમના મતે તેની કિંમત મનોરંજનથી વિશેષ નથી. પરંતુ તેઓ માત્ર ઇંદ્રિય–પ્રમાણને જ સ્વીકારતા હોવાથી બાકીના (૩) મંત્રગત, (૪) તંત્રગત, (૫) મેલીવિદ્યા કે મેલી સાધનાગત, (૬) આધિદૈવિક તત્ત્વની ઉપાસનાગત–વગેરેનું પ્રમાણ તેઓ સમજવા

૧. આ પ્રયોગ દેખાદેખીથી કે સાવધાની રાખ્યા વગર ન કરવો ઘટે.

કે સ્વીકારવા તૈયાર નથી. તેથી તેઓના મતે તમામ 'ચમત્કારો'નું કારણ હાથચાલાકી, વૈજ્ઞાનિક ઉપકરણો કે વૈજ્ઞાનિક તરકીબો સિવાય અન્ય હોઈ શકે નહિ.

પરંતુ જેમ કોઈ અભણ માણસને કહીએ કે ઓક્સીજન વાયુ (૧ ભાગ) અને હાઈડ્રોજન વાયુ (૨ ભાગ) ભેગા કરવાથી પાણી બને તો તે વાત અભણ ગામડીયો સમજવા કે સ્વીકારવા તૈયાર ન થાય અને પરિણામે પ્રયોગશાળામાં જઈ પ્રયોગદ્વારા ખાતરી કરવા માટે પણ તૈયાર ન થાય. તો તેનાથી તેનું H_2Oના સિદ્ધાંત વિશેનું અજ્ઞાન સાબિત થાય છે, જ્ઞાન નહીં. તેમ, જે વિષય ઇંદ્રિયગમ્ય નથી પણ શાસ્ત્રપ્રમાણથી, તર્કથી અને જાતઅનુભવના પ્રમાણથી જાણી–માણી–શકાય તેમ છે તેને સમજવા કે જાતઅનુભવ મેળવવા યોગ્ય સાધના કરવા તૈયારી ન દાખવવી અને તે સિદ્ધાંતનો ઇન્કાર કરવો, તે પદ્ધતિ વ્યક્તિના અજ્ઞાનને સાબિત કરે છે, જ્ઞાનને નહીં.

બીજા શબ્દોમાં કહીએ તો પૂર્ણ તપાસ અને પદ્ધતિસરની ચકાસણી કર્યા વગર કોઈ તત્ત્વ કે સિદ્ધાંતનો અસ્વીકાર કે ઇન્કાર કરવો તેમાં ઇન્કાર કરનારનું અજ્ઞાન સાબિત થાય છે, જ્ઞાન નહીં. કેમ કે સમજવા માટે, સ્વીકારવા માટે અને અનુભવ લેવા માટે યોગ્ય રીતે પુરુષાર્થ કરવો પડે છે. ના પાડવામાં તર્ક સિવાય બીજું કાંઈ કરવાનું હોતું નથી. પણ તેવી રીતે વસ્તુ કે તત્ત્વનો ઇન્કાર કરનાર પોતાના અજ્ઞાનની સાબિતી આપે છે, જ્ઞાનની નહીં. કારણ, ના પાડવાથી કોઈ તત્ત્વ હોય તે અદૃશ્ય થતું નથી અને સ્વીકાર કરવાથી જે વસ્તુ નથી તેનું વાસ્તવિક અસ્તિત્વ ઊભું થતું નથી.

દરેક ક્ષેત્રમાં તે ક્ષેત્રનું પ્રમાણ જ મળી શકે અને કાર્યક્ષમ બની શકે. ભૌતિકક્ષેત્રે ઇંદ્રિયજન્ય પ્રમાણ કાર્યક્ષમ બને. ચૈતન્યક્ષેત્રે

ઇંદ્રિયજન્ય પ્રમાણો કામ ન લાગે. પણ તેથી ચૈતન્યની અભિ-વ્યક્તિના ક્ષેત્રે પણ ઇંદ્રિયજન્ય પ્રમાણ જ કાર્યક્ષમ બનવા જોઇએ તેવી પૂર્વધારણાઓ, આગ્રહો કે માન્યતાઓ પકડી રાખવી તે તર્ક-સંગત, શાસ્ત્રસંગત કે નિષ્પક્ષ અનુભવ સંગત ન ગણાય.

નિષેધમાં નિષેધના પ્રતિયોગીનો સ્વીકાર થઇ જાય છે તે તર્કસિદ્ધાંતનો ખ્યાલ નિષેધ કરનારને જવલ્લે જ રહેતો હોય છે. તેથી ખંડન કરવા માટે જેનું ખંડન કરવું હોય તેનું સ્વરૂપ લક્ષણ પહેલાં જાણવું પડે અને તે સ્વરૂપ લક્ષણનું ખંડન કરી શકાય તો જ તે ખંડન તર્કસંગત ગણાય.

આથી સિદ્ધોના ચમત્કારો અને જાદુગરના ખેલને સમાન ક્ષેત્રીય તરીકે મૂલવી શકાય નહિ કે સમાન પ્રમાણથી ચકાસી શકાય નહીં. જાદુગરના ખેલો કે તમાશાના કારણો ઇન્દ્રિય પ્રમાણ ગમ્ય છે. ચમત્કાર ઇન્દ્રિય પ્રમાણજન્ય કારણદ્વારા પ્રગટતા નથી. તેથી તેના કારણોની ચકાસણી ઇન્દ્રિયજન્ય પ્રમાણોથી એટલે કે પ્રત્ય-ક્ષાદિ પ્રમાણથી થઇ શકતી નથી. પરિણામે તેની સાબિતી માટે ઇંદ્રિયજન્ય પ્રમાણોની માગણી કે આગ્રહ અયોગ્ય છે. સમાન ક્ષેત્રમાં પણ એક ઇંદ્રિયનું કામ બીજી ઇન્દ્રિય કરી શકતી નથી. ઉદાહરણ તરીકે, આંખનો વિષય રૂપ છે, નાકનો વિષય ગંધ છે. તો આંખનું કામ નાક કરી શકતું નથી. તો પછી ભિન્નક્ષેત્રનું પ્રમાણ ઇંદ્રિયોદ્વારા ન મળી શકે તે સ્પષ્ટ થવું ઘટે. તેથી દરેક ક્ષેત્રમાં બનતી ઘટના તે ક્ષેત્રગત પ્રમાણથી જ ચકાસી શકાય. આથી, સિદ્ધે ચમત્કારથી સર્જેલી ઘટના કે ચીજને પ્રત્યક્ષાદિ પ્રમાણથી ચકાસી શકાય, કારણ કે ચમત્કાર ભૌતિકક્ષેત્રે પ્રગટે છે. પરંતુ તે ચમત્કારરૂપ કાર્યનું 'કારણ' જે સૂક્ષ્મ ચૈતન્યની શક્તિગત છે તે ઇંદ્રિયગમ્ય ન

હોવાથી કારણની ચકાસણી ઇન્દ્રિયજન્ય સ્થૂળ પ્રમાણોથી ન થઇ શકે તે સ્પષ્ટ થવું ઘટે.

લૌકિક પ્રમાણથી જે વસ્તુ ગ્રહણ કરી શકાતી નથી, સમજી શકાતી નથી કે સાબિત કરી શકાતી નથી તેવા તત્ત્વનું નિરૂપણ એ વેદ–પ્રમાણનો વિષય છે. તેથી વેદ ત્રીજું નેત્ર કે દૃષ્ટિ આપે છે. વેદ ભણવાનો અધિકાર જનોઇ આપ્યા પછી એટલે કે ઉપનયન સંસ્કાર કર્યા પછી પ્રાપ્ત થાય છે. 'ઉપનયન' શબ્દમાં 'નયન' શબ્દનો અર્થ 'આંખ' કે 'દૃષ્ટિ' થાય છે. અને ઇંદ્રિયજન્ય પ્રમાણોથી અગમ્ય એવી અલૌકિક દૃષ્ટિનું સામર્થ્ય આપવું કે પ્રગટાવવું એ વેદનો વિષય છે.

ઉપરોક્ત વિશ્લેષણના સંદર્ભમાં વિચારીયે તો ચમત્કારની ગૂઢતા કે ગુહ્યતા કારણની અજ્ઞાતતામાંથી પ્રગટે છે. અજ્ઞાત કારણનો સ્વીકાર બુદ્ધિ કરી શકે નહીં. કારણની અજ્ઞાતતાનું કારણ એ છે કે કોઇ ઇંદ્રિયાતીત અને ઇંદ્રિયને અગોચર એવી ચૈતન્યશક્તિનો સ્વી-કાર બુદ્ધિ કરી શકતી નથી. આવી કોઇ ચૈતન્યશક્તિને સ્વીકારનાર વર્ગમાં પણ મહદ્અંશે તે વિશેની કેટલીક માન્યતાઓ (Belief), રૂઢિયો (Traditions), શ્રદ્ધા (Faith) કે પરંપરાગત વલણો (Traditional Trends) વગેરે દ્વારા તેવી અતિન્દ્રિય શક્તિનો સ્વીકાર થતો જોવા મળે છે. પરિણામે વર્ગગત, રૂઢિગત, શ્રદ્ધાગત કે પરંપરાગત વલણોમાં એક વાક્યતા, એકસૂત્રતા કે પ્રક્રિયાગત સમાન સિદ્ધાંત રજૂ થતા નથી. સૈદ્ધાંતિકક્ષેત્રે (રીતે) રજૂ થતી મૂળભૂત બાબતોના આ તફાવતને લીધે બુદ્ધિશાળીવર્ગને કે વૈજ્ઞાનિક વિચારસરણી ધરાવનાર વર્ગને આ ખુલાસા બુદ્ધિગ્રાહ્ય બનતા નથી. આવો બુદ્ધિશાળી વર્ગ કે વૈજ્ઞાનિક વિચારસરણી ધરાવનાર વર્ગ, એ મુદ્દાને દલીલ તરીકે રજૂ કરવા પ્રેરાય છે કે જ્યાં મૂળભૂત

ચૈતન્ય વિશે કે સત્ વિષે, દરેક ધર્મ કે સંપ્રદાય, ભિન્ન ભિન્ન તાત્ત્વિક વિચારણા કે મત રજૂ કરે છે ત્યાં સત્ય તરીકે કયો મત કે વિચારણા બુદ્ધિગ્રાહ્ય બની શકે?

ભારતીય દર્શનશાસ્ત્રોમાં રૂઢિગત માન્યતાઓ રજૂ કરવાને બદલે તર્કસંગત વ્યાખ્યાદ્વારા વિષય નિરૂપણ કરવાની પદ્ધતિ અપનાવાઇ છે.

પ્રશ્ન થાય કે તો પછી, 'દર્શનશાસ્ત્રોમાં એક વાક્યતા કેમ નથી?' તેનું પણ કારણ છે. અતિન્દ્રિય ચૈતન્યને માટે જ્યારે બૌદ્ધિક સ્પષ્ટતા કરવી હોય ત્યારે લક્ષણાવૃત્તિ કે વ્યાવૃત્તિ લક્ષણથી તેની સ્પષ્ટતા કરવી જરૂરી બને છે. ચૈતન્યનું મૂળ સ્વરૂપ બુદ્ધિગમ્ય ન બને તેમાં તેનો મહિમા છે; કારણ ચૈતન્ય 'સ્વયંપ્રકાશ' છે અને 'પરપ્રકાશ્ય' વસ્તુ કે 'પરપ્રકાશ્ય' તત્ત્વ જડ હોય છે. તેથી સત્, ચિત્ અને આનંદસ્વરૂપે ચૈતન્યનું જે સ્વરૂપ લક્ષણ શાસ્ત્રોમાં વર્ણવાયું છે તે પણ આખરે તો માણસે નક્કી કરેલા અસત્, જડ અને દુઃખના ખ્યાલોથી ચૈતન્યની ભિન્નતાનાં નિર્દેશનો સંકેત આપવા અર્થે છે. તેથી ઊલટું, જ્યારે ચૈતન્યનું નિરૂપણ વિધિવાક્યથી (Affirmative sentence)થી કરવું હોય ત્યારે પ્રત્યેક દર્શનકારો જે પ્રતીકો અને વ્યાખ્યા ચૈતન્યના વર્ણન માટે વાપરે છે તેમાં ભિન્નતા જોવા મળે છે. કારણ મૂળભૂત ચૈતન્ય નામરૂપ રહિત છે. તેથી દરેક સંપ્રદાયમાં અપાયેલા પ્રતીકાત્મક નામરૂપ (Symbolic Name and Form) ભિન્ન હોય છે. તે જ રીતે ચૈતન્યને અભિવ્યક્ત કરવાની પ્રક્રિયાગત પદ્ધતિમાં અને તત્ત્વનિરૂપણમાં પણ તફાવત હોય છે.

જેમ કોઇ પણ 'ભૌતિક પદાર્થ' વિષે રસાયણ વિજ્ઞાન (Chemistry) અને પદાર્થવિજ્ઞાન (Physics)ની સમજૂતી અને વિશ્લેષણ અલગ પડે છે અને છતાં બંને બૌદ્ધિક રીતે સ્વીકાર્ય છે.

તેમ શાસ્ત્રીય ખ્યાલો રજૂ કરવામાં પ્રતીકો તથા પ્રક્રિયાદ્વારા જ્યાં ચૈતન્ય વિષે બૌદ્ધિક સમજૂતી રજૂ થઇ છે ત્યાં જે તફાવત જણાય છે તે તફાવત માનવ-બુદ્ધિની કક્ષા, મર્યાદા અને તેના ઉપયોગમાં રહેલા તફાવતના અનુસંધાનમાં અને અનુલક્ષમાં હોય છે. એટલે એકવાક્યતા અને પ્રક્રિયાગત સમાનતાના મુદ્દાપર સૈદ્ધાંતિક ખંડન કરવાની પદ્ધતિ તર્કસંગત કે વ્યવહારુ નથી.

દૃષ્ટાંતને હમેશાં મર્યાદા હોય છે અને એકદેશીય હોવાથી સિદ્ધાંતના એકાદ પાસાને સ્પષ્ટ કરવામાં તેનો ઉપયોગ થતો હોય છે. આ મર્યાદા હોવા છતાં સ્થૂળ દૃષ્ટાંતદ્વારા સંકેતરૂપે કંઇ સ્પષ્ટતા કરવી હોય તો કહી શકાય કે મૂળભૂત વિદ્યુતશક્તિનો રૂપાંતરીત ઉપયોગ રેફ્રિજરેટરદ્વારા ઠંડક મેળવામાં કે હીટરદ્વારા ગરમી મેળવવામાં થઇ શકે છે. તેમાં વિરુદ્ધધર્મ એ વિદ્યુતશક્તિનો ધર્મ નથી પણ તે શક્તિને ઝીલનાર અને રૂપાંતરીત કરનાર ફ્રીઝ અને હીટર જેવા સાધનોનો છે. તેમ 'સત્'રૂપે રહેલ ચૈતન્યનો જ્યારે, પ્રકૃતિક્ષેત્રે 'શક્તિ'રૂપે રૂપાંતરીત ઉપયોગ કરવામાં આવે છે ત્યારે તફાવત અને વિરુદ્ધધર્મનું ક્ષેત્ર શક્ય બને છે. આ વિરુદ્ધધર્મ પ્રકૃતિક્ષેત્રગત છે, ચૈતન્ય સ્વરૂપગત નથી. તેમ સાધના કે સમજૂતી અર્થે જે કંઇ નિરૂપણ નિર્ગુણ ચૈતન્ય વિષે થયું છે તે પ્રકૃતિ ક્ષેત્રગત બૌદ્ધિક માધ્યમથી થયું છે. તેથી તેમાં ભિન્નતા અને તફાવત શક્ય છે અને કેટલેક અંશે તે જરૂરી છે. પણ તે ભેદ ચૈતન્યક્ષેત્રગત નથી. તેથી તત્ત્વનિરૂપણ માટે શાસ્ત્રકારો આરોપ-અપવાદની પદ્ધતિથી વિષય નિરૂપણ કરે છે જેથી ભિન્ન ભિન્ન કક્ષાએ કક્ષાગત ખુલાસા કે માર્ગદર્શન રજૂ થઇ શકે છે.

પરંતુ જે બુદ્ધિશાળી વર્ગ મૂળભૂત ચૈતન્ય કે તેની રૂપાંતરીત શક્તિનો સ્વીકાર ન કરી શકે તેને માટે ચૈતન્યની મૂળભુત શક્તિથી

કોઇ ચમત્કારનું સર્જન થઇ શકે તે મુદ્દો પણ અસ્વીકાર્ય જ રહે. અને તેથી તેવી શક્તિને અભિવ્યક્ત કરનાર મંત્રો, તંત્રો, ગૂઢવિદ્યા, યોગ કે તેવી કોઇ શાસ્ત્રીય વિચાર પ્રક્રિયા (Theory) પણ અસ્વીકાર્ય બને તે સમજી શકાય તેવી બાબત છે. હકીકતમાં તેવી શક્તિની અભિવ્યક્તિ કરવા માટે જે જુદી જુદી પદ્ધતિઓ (Methods) છે તેનું વર્ણન અને માહિતી મંત્રવિજ્ઞાનમાં, તંત્રશાસ્ત્રમાં, યોગદર્શનમાં (વિભૂતિપાદમાં) કે ગૂઢવિદ્યાની કોઇ પણ શાખામાં ભિન્ન ભિન્ન પ્રતીકો અને પ્રક્રિયાઓ (Methods)દ્વારા રજૂ થયેલ છે.

ચમત્કારના મૂળકારણરૂપ ચૈતન્યને બુદ્ધિથી જાણી શકાય તેમ નથી. પરંતુ તેને બુદ્ધિથી ન જાણી શકવાનું કારણ બુદ્ધિથી જાણી શકાય તેમ છે. તે અર્થે અત્રે કેટલી સ્પષ્ટતા રજૂ કરી છે.

સિદ્ધિ કે ચમત્કારના કારણો વિષે શાસ્ત્રીય સિદ્ધાંતો સમજવા માટે કરેલી આ સામાન્ય (General) સ્પષ્ટતા પ્રાથમિક તબક્કે સહાયભૂત થશે.

ચમત્કારનો પ્રક્રિયાગત સામાન્ય (General) ખુલાસો

ઉપર રજૂ કરેલ કારણોને લીધે 'ચમત્કાર'નો પ્રક્રિયાગત ખુલાસો દરેક પદ્ધતિમાં ભિન્ન ભિન્ન હોય છે. ચમત્કારને સર્જનાર કે ઝીલનાર વર્ગની કક્ષા અને તેણે અપનાવેલી પદ્ધતિમાં રહેલા તફાવત અનુસારની આ ભિન્નતા હોય છે. એક જ પ્રકારનું કાર્ય નિષ્પન્ન કરવા કે સંપાદન કરવા અનેક પ્રકારના માધ્યમો કે સાધનો શક્ય છે એ બાબત બુદ્ધિગમ્ય છે. સ્પષ્ટતા માટે કહી શકાય કે એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે ચાલીને, કે સાયકલ, રીક્ષા, મોટર કે હેલીકોપ્ટર જેવા કોઇ પણ સાધનદ્વારા જઇ શકાય. પ્રત્યેક સાધનમાં સમય, શક્તિ, ખર્ચ કે પદ્ધતિમાં એક યા બીજી રીતે તફાવત પણ રહેશે. છતાં સ્થળાંતરનું કાર્ય સમાન જ રહેશે. તેમ

પ્રક્રિયાગત રીતે ચમત્કારની દરેક પદ્ધતિમાં તફાવત હોવા છતાં સામાન્ય (General) સ્પષ્ટતા એ છે કે ચૈતન્યની મૂળભૂત (સત્ + તા) સત્તાનો જ્યારે પ્રકૃતિક્ષેત્ર ઉપયોગ થાય ત્યારે 'ચિત્'રૂપે અવસ્થિત એવા સર્વવ્યાપક ચૈતન્યનો, પ્રકૃતિગત ક્ષોભદ્વારા 'શક્તિ'-રૂપે ઉપયોગ થાય છે ત્યારે ચમત્કાર સર્જાય છે. ચમત્કાર સાથે સંકળાયેલ સંકલ્પ કે સૂક્ષ્મભાવો પ્રકૃતિક્ષેત્રગત હોય છે અને તે ભાવો વ્યક્તિનિષ્ઠ હોય છે. તપથી, જપથી, તંત્રથી, મંત્રથી, ચક્ર-ભેદનથી, શરણાગતિથી, સમર્પણથી કે ચૈતન્ય સાથે સંપર્ક કે અનુસંધાન કરાવનાર કોઇ પણ પદ્ધતિથી ચૈતન્યના 'ચિત્'સ્વરૂપનું અનુસંધાન કરી તેને 'શક્તિ'માં રૂપાંતરીત કરવામાં નિમિત્ત બનતાં ચમત્કાર સર્જાય છે.

તેથી જ સંપ્રદાય પ્રવર્તક મહાપુરુષોનાં જીવનમાં જે કંઇ ચમત્કારિક ઘટના સંકળાયેલી જોવા મળે છે તેમાં ચમત્કારની પ્રક્રિયા સાથે સંકળાયેલ સાધના કે ઉપાયોમાં તફાવત અને ભિન્નતા જોવા મળે છે. આ પ્રકારની ચમત્કારિક ઘટના પણ તત્કાલીન સમાજની પરિસ્થિતિ, જરૂરત અને મૂંઝવણો કે પ્રશ્નો સાથે સુસંગત હોય છે. તેથી તેમાં પણ એક સૂત્રતા કે એકવાક્યતાને બદલે પરિસ્થિતિગત અને સંયોગસાપેક્ષ તફાવત જોવા મળે છે.

અત્રે એ સ્પષ્ટ થવું જરૂરી છે કે પ્રકૃતિથી પર થઇ જેમણે ચૈતન્યનો અનુભવ લીધો છે અને ચૈતન્ય સ્વરૂપે અવસ્થિત થયા છે અને પ્રવૃત્તિક્ષેત્રથી વિરમી ગયા છે તેમના જીવનમાં ચમત્કારિક ઘટનાના પ્રસંગો ક્વચિત્ જ જોવા મળે છે. કારણ તેઓ ચમત્કારના મૂળભૂત ક્ષેત્રરૂપ પ્રકૃતિનું અનુસંધાન રાખવાને બદલે પ્રકૃતિક્ષેત્રથી પર થવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા હોય છે.

'ચમત્કાર' વિષે આટલી સ્પષ્ટતા કર્યા પછી 'સિદ્ધિ અને

ચમત્કાર' પુસ્તકના વિષય નિરૂપણ પરત્વે કેટલીક વિગત જોઈએ.

વિષયવસ્તુની રજૂઆતની દૃષ્ટિએ આ પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં માત્ર વ્યક્તિગત ચમત્કારોનું વર્ણન કરવાને બદલે ચમત્કાર સર્જન માટે જે કંઈ શક્યતા છે તેની વિભાગવાર રજૂઆત અલગ અલગ પ્રકરણદ્વારા કરેલ છે. જેમ કે–(૧) મંત્રસિદ્ધિ (પ્રકરણ ૫), (૨) યોગસિદ્ધિ (પ્રકરણ ૮), (૩) જ્ઞાનસિદ્ધિ (પ્રકરણ ૯), (૪) પ્રેમસિદ્ધિ (પ્રકરણ ૧૦). વળી સિદ્ધિ વિષે વિગતવાર રજૂઆત કર્યા પછી ગ્રહણ કરવાયોગ્ય અંતિમસાર શું છે તેની સ્પષ્ટતા 'નિત્ય–અનિત્ય વસ્તુનો વિવેક'–એ પરિશિષ્ટમાં કરેલ છે.[૧]

શરીર સારું હોય તો જ દરેક પુરુષાર્થ સિદ્ધ કરવાની ક્ષમતા પ્રગટે છે. તે માટે 'આરોગ્ય સિદ્ધિ'નામના છઠ્ઠા પ્રકરણમાં કેટલાંક ઉપયોગી સૂચનો રજૂ થયાં છે.

અનુભવનું પ્રમાણ રજૂ કરવાના હેતુથી 'પ્રાચીનકાળના ચમત્કારો'–(પ્રકરણ ૩)–તથા 'વર્તમાનકાળના ચમત્કારો' (પ્રકરણ ૪) લખાયેલ છે.

તો પ્રથમ પ્રકરણમાં સિદ્ધિ પ્રગટવાના ઉપાયો કે કારણો તથા બીજા પ્રકરણમાં સિદ્ધિ પ્રાપ્ત કરવામાં અવરોધક બનતા કારણો વિષે કેટલીક સામાન્ય (General) માહિતી આપી છે.

વ્યાવહારિક જીવન ગાળતા લોકોને માટે કષ્ટસાધ્ય સાધનાદ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિ મેળવવી મહદ્અંશે શક્ય નથી. તેથી તે પ્રકારનું જીવન ગાળતા લોકોના કષ્ટ નિવારણ માટે 'નારાયણ કવચ'નો

૧. ચમત્કારોનામની આઠેક પાનાની પુસ્તિકામાં રજૂ થયેલ પૂજ્યપાદ શ્રીમન્નથુરામશર્માના 'ચમત્કાર' વિષેના મંતવ્યો પ્રેરણાસ્પદ હોવાથી જિજ્ઞાસુઓને ખાસ વાંચવા જેવા છે.

પ્રાપ્તિસ્થાન : આનંદાશ્રમ–બીલખા. (સૌરાષ્ટ્ર).

ઉપાય–'ભાગવતમાં સિદ્ધિ'–એ નામના સાતમા પ્રકરણમાં સમાવિષ્ટ કરેલ છે.

કષ્ટ નિવારણ સિવાય અન્ય પ્રકારની ઈચ્છાપૂર્તિ માટે જે કંઈ ઉપાસના જરૂરી છે તેની સંક્ષિપ્ત વિગત પણ આ સાતમા પ્રકરણમાં ૨૯ મુદ્દાદ્વારા રજૂ કરેલ છે.

નારાયણ–કવચની વિધિ વિગતવાર રજૂ થઈ છે. જ્યારે ઈચ્છાપૂર્તિ માટેની સાધનાનો વિધિ કે નિયમોની વિગત સમાવિષ્ટ કરેલ નથી. તેથી તેવી વિગતની જેમને જિજ્ઞાસા કે જરૂર હોય તેમણે તે તે સાધનાના પ્રમાણભૂત શાસ્ત્રગ્રંથોમાંથી તે બાબતની માહિતી પ્રાપ્ત કરવી ઘટે.

* * *

'સિદ્ધિ અને ચમત્કાર' પુસ્તકના વિહંગાવલોકનરૂપે ઉપર કંઈક ખ્યાલ આપ્યો. હવે પુસ્તકમાં રજૂ થયેલ કેટલાક મુદ્દા પરત્વે તેમ જ 'પ્રેમસિદ્ધિ'નામના ૧૦ મા પ્રકરણના અનુસંધાનમાં કેટલીક વિશેષ માહિતી અને સ્પષ્ટતા મેળવીએ.

'ચમત્કાર' વિષે આગળ જણાવ્યું છે કે જે બનાવ કે ઘટના માટે કાર્ય–કારણના મૂળભૂત સિદ્ધાંત મુજબ સાબિતી મળતી નથી તેને સામાન્ય રીતે 'ચમત્કાર' સંજ્ઞા મળે છે. આ વ્યાખ્યાને સ્વીકારીએ તો 'સિદ્ધિ અને ચમત્કાર'ના પ્રકરણ ચોથામાં રજૂ થયેલ નેપોલિયન અને ગાંધીજીના જીવનની જે ઘટનાને સિદ્ધિ તરીકે મૂલવી છે તેને 'ચમત્કાર' તરીકે ન મૂલવી શકાય. પરંતુ પૂજ્ય સ્વામીજીએ પ્રસ્તાવનામાં જણાવ્યું છે તેમ 'સિદ્ધિઓ અને ચમત્કારોમાં મનોબળ અને ઈચ્છા બંનેની જરૂર પડે છે.' આ, મંતવ્ય મુજબ ઉપરોક્ત દાખલાઓ મનોબળદ્વારા થતી 'કાર્યસિદ્ધિ'-ના સૂચક છે. તેમાં પ્રારબ્ધગત અનુકૂળતા (Favour) પણ

મહત્ત્વનો ભાગ ભજવે છે. ઉપરાંત 'કાર્યસિદ્ધિ'નો અર્થ 'ચમત્કાર' જ થાય તેવું પણ નથી. વળી 'સિદ્ધિ'શબ્દ વ્યક્તિ વિશેષ ગુણ-વાચકશબ્દ તરીકે અત્રે ઉપયોગમાં લેવાયો છે. જ્યારે 'ચમત્કાર'-શબ્દ સ્થૂળ કાર્યકારણથી પર એવી ઘટનાનો નિર્દેશ કરે છે. પૂજ્ય સ્વામીજીએ લખ્યું છે તેમ નેપોલિયનને મારવા તૈયાર થયેલું લશ્કર હથિયાર મૂકી દઈને નેપોલિયનને તાબે થયું–'તે એક પ્રકારની સિદ્ધિ હતી.' તે સિદ્ધિનું કારણ દૃઢ મનોબળ છે. તેની 'ચમત્કાર' તરીકેની મૂલવણી પૂજ્ય સ્વામીજીએ કરેલ નથી.

તો પૂજ્ય સ્વામીજીના મતે ગાંધીજીના જીવનમાં જે કંઈ સિદ્ધિ હતી તે તેમના 'તપ'ને લીધે હતી. આ સિવાય, ગાંધીજીના જીવનની ચમત્કારિક ઘટનાનો ઉલ્લેખ પ્રકરણ ૧૦ મા રજૂ થયો છે. તેમાં તેમને '૨૧ દિવસના ઉપવાસ કર' તેવો અવાજ સંભળાયો તેમ ઉલ્લેખ છે. ગાંધીજીના જ શબ્દોમાં તે વિગત પ્રકરણ ૧૦ મા રજૂ થઈ છે.

કેટલાક મુદ્દા પરત્વે ઉપર ખુલાસા રજૂ કર્યા પછી હવે, ચોથા પ્રકરણમાં આવતા એક વાક્યની સ્પષ્ટતા જોઈએ. વાક્ય આ મુજબ છે : "હઠયોગમાં ભૂલ થાય તો માણસનું શરીર બગડે છે, ભક્તિમાર્ગમાં ભૂલ થાય તો માણસ નાસ્તિક થાય છે." સ્વામીજીના ઘણાં પુસ્તકોમાં આ વાક્યના મુદ્દાની રજૂઆત બીજી રીતે થઈ છે કે : 'હઠયોગમાં ભૂલ થાય તો શરીર બગડે છે, ભક્તિમાર્ગમાં ભૂલ થાય તો માણસ વિષયી થઈ જાય છે અને જ્ઞાનમાર્ગમાં ભૂલ થાય તો માણસ નાસ્તિક થાય છે.' એટલે આ પુસ્તકમાં રજૂ થયેલું વિધાન બીજા પુસ્તકના સંદર્ભમાં જોતાં, બીજા પુસ્તકમાં રજૂ થયેલ વિચાર ગ્રાહ્ય જણાય છે.

* * *

'પ્રેમસિદ્ધિ'નામનું દસમું પ્રકરણ–, 'જુદા જુદા કોશરૂપ માધ્યમદ્વારા જ્યારે 'પ્રેમ' અભિવ્યક્તિ પામે ત્યારે પ્રેમમાં કેવી સ્થૂળતા પ્રવેશે છે અને પરિણામે દરેક કોશદ્વારા અભિવ્યક્ત થતા 'પ્રેમ'ના (નામાભિધાનમાં)–નામમાં–પણ કેવો ફેરફાર કરવો પડે છે તેની સ્પષ્ટતા સાથે–શરૂ થાય છે.

ત્યાર પછી આ પ્રકરણમાં મુખ્યત્વે પ્રેમીભક્તોના જીવનમાં પ્રગટેલી કેટલીક ચમત્કારિક ઘટનાઓનો અને તેના પરિબળ તરીકે કામ કરતા કેટલાક તાત્ત્વિક સિદ્ધાંતોનો ખુલાસો રજૂ થયો છે. આ સંદર્ભમાં કેટલીક વિશેષ માહિતી અને જરૂરી ખુલાસા હવે જોઈએ.

ગીતાના સાતમા અધ્યાયના ૧૬ માં શ્લોકમાં ભક્તોના ચાર પ્રકાર જણાવ્યા છે.

(૧) આર્ત, (૨) જિજ્ઞાસુ, (૩) અર્થાર્થી અને (૪) જ્ઞાની.

તેમાં, ભગવાનના અનુગ્રહથી પ્રગટતા ચમત્કારોની અનેક ઘટનાઓનો ઉલ્લેખ આર્ત અને અર્થાર્થી ભક્તોના જીવનમાં જોવા મળે છે. તેનું કારણ એ છે કે આર્ત અને અર્થાર્થી ભક્તનો રાગ ભગવાન પ્રત્યે વહેતો હોય છે તોપણ આંશિક રીતે તેમનું તાદાત્મ્ય સ્થૂળ કે સૂક્ષ્મ દેહ સાથે સંકળાયેલું રહેતું હોય છે. આંશિક રીતે સંકળાયેલા આ તાદાત્મ્યને કારણે જ્યારે (૧) આધ્યાત્મિક (એટલે શરીરગત), (૨) આધિદૈવિક (એટલે પિતૃ કે દેવ, ગ્રહ વગેરે દ્વારા થતા નડતરરૂપ) અને (૩) આધિભૌતિક (એટલે જગતના અન્ય લોકો કે પ્રાણી તરફથી થતા આઘાત કે પ્રતિકૂળતાદ્વારા પ્રગટતા),–દુઃખ–આ ત્રણ પ્રકારના તાપમાંથી, જ્યારે લૌકિક ઉપાયો કે શાસ્ત્રીય ઉપચારો કરવા છતાં (આ તાપમાંથી) છૂટકારો ન થાય કે તેની તીવ્રતા ન ઘટે ત્યારે આર્તભાવે જો ભગવદ્ શરણાગતિ સ્વીકારી

શકાય તો તે વખતે જે લાગણી ભગવાન પ્રત્યે વહે છે તે લાગણી 'આર્તભક્તિ'ના નામે ઓળખાય છે, શ્રી ગજેન્દ્રમોક્ષની કથામાં મગરની લાંબાકાળની પકડને અંતે કે દ્રૌપદિને નિર્વસ્ત્ર કરવાના દુઃશાસનના પ્રયત્ન વખતે જે આર્તભાવ ગજેન્દ્રમાં કે દ્રૌપદિમાં પ્રગટેલ તે આર્તભાવ 'આર્તભક્તિ'ને નામે ઓળખાય છે. આમ આર્તભક્તિ સાથે કામના સંકળાયેલી છે. પણ તે કામના દુઃખમાંથી કે તાપમાંથી છૂટવા માટેની હોય છે. ઈચ્છિત ભોગ મેળવવા કે પ્રાપ્ત ભોગના રક્ષણ, વૃદ્ધિ, ઉપભોગ વગેરે ક્ષેત્રગત કોઈ કામના આર્તભક્તિમાં હોતી નથી. આવા આર્તભક્તનું દુઃખ કે તાપ ભગવાનના અનુગ્રહથી દૂર થાય ત્યારે ભગવાનના અનુગ્રહનો અને સર્વશક્તિમાન હોવાનો જે અનુભવ થયો હોય છે તે આર્તભક્તને ભગવાન પ્રત્યેની જિજ્ઞાસુભાવપૂર્વકની ભક્તિ તરફ વાળવામાં નિમિત્ત બને છે. કારણ આર્તભક્તે ભોગની પ્રાપ્તિ કે ભોગના ઉપભોગ સાથે સંકળાયેલ કોઈ કામના સિદ્ધ કરવા ભક્તિ કરી નથી, માત્ર તીવ્ર-દુઃખમાંથી છૂટકારો પામવા જ ભગવદ્આશ્રય સ્વીકારેલ છે. આર્તભક્તના ચિત્તમાં પ્રગટેલો આટલો નિષ્કામભાવ તેને ત્રિવિધતાપમાંથી છૂટવા માટે ઈશ્વરપ્રત્યે અનન્ય શરણાગતિનું વલણ પ્રગટાવે છે. અને ત્રિવિધ તાપમાંથી છૂટવા માટેની તેની આ નિષ્કામભક્તિ ક્રમશઃ જિજ્ઞાસુની ભક્તિમાં પર્યવસાન પામે છે.

અત્રે, જિજ્ઞાસુભક્ત પરત્વે એક સ્વતંત્ર મંતવ્ય રજૂ કરવાનું કે નિષ્કામ જિજ્ઞાસુભક્ત પણ બે પ્રકારના હોય તેમ જણાય છે. આ મંતવ્ય શાસ્ત્રસંમત, તર્કસંગત અને અનુભવગમ્ય હોય તો જ સ્વીકારવાયોગ્ય ગણાય. કારણ વિચારસાગરાદિ પ્રમાણગ્રંથોમાં 'જિજ્ઞાસુ'ના બે પ્રકાર હોય તેવો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળતો નથી.

આ બે પ્રકારમાંથી એક પ્રકારનો જિજ્ઞાસુભક્ત સગુણ ભગવાનની ભક્તિ કરી તેમના અનુગ્રહદ્વારા આત્મસાક્ષાત્કારના માર્ગે જાય છે.+ બીજા પ્રકારનો જિજ્ઞાસુભક્ત શરૂઆતથી જ નિર્ગુણ-તત્ત્વની સાધનામાં જોડાતો હોય છે. બંને પ્રકારના જિજ્ઞાસુભક્તમાં, કોઈ લોકમાં જવાની કામના હોતી નથી. ઉપર જણાવ્યું તેમ વિચારસાગરાદિ પ્રમાણગ્રંથોમાં 'જિજ્ઞાસુ'ના આવા બે પ્રકારનો ઉલ્લેખ નથી. છતાં શ્રીમદ્ ભગવદ્ગીતાના દસમા અધ્યાયના શ્લોક ૯, ૧૦, ૧૧[૧] માં; અગિયારમાં[૨] અધ્યાયના શ્લોક ૫૩, ૫૪, ૫૫ માં તથા બારમા[૩] અધ્યાયના શ્લોક ૧ થી ૭ માં રજૂ થયેલ મુદ્દા જોતાં

+ પરમહંસ શ્રી રામકૃષ્ણદેવનું તેમ જ સ્વામીશ્રી અખંડાનંદ સરસ્વતી મહારાજનું સાધનાકાળનું જીવન જિજ્ઞાસુભક્તના સગુણ પ્રકારના ઉદાહરણરૂપ છે. પોતે રાખેલ સગુણભક્તિના આગ્રહનો તેમ જ સગુણ ઈશ્વરના સાક્ષાત્કારનો ઉલ્લેખ અખંડાનંદ સરસ્વતી મહારાજે તેમના હિન્દી પુસ્તક 'ભિક્ષુ સ્વામી શંકરાનંદ'માં કરેલ છે. તે માટે કરેલી સાધનાની વિગત તેમના હિન્દી પુસ્તક 'भक्तिसर्वस्व'માં આપેલ છે.

૧. તેઓ મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, પરસ્પર મારો બોધ કરતા અને મારી કથા કરતા સદા સંતોષ પામે છે, તથા આનંદી રહે છે. (૯) એમ મને પ્રેમપૂર્વક ભજતાં મારામાં સતત યુક્ત રહેનારા તેઓને હું એવો બુદ્ધિયોગ આપું છું કે જેથી તેઓ મને પામે છે. (૧૦) તેમના ઉપર કૃપા કરવા માટે જ અંતઃકરણમાં રહેલો હું જ્ઞાનરૂપી પ્રકાશમય દીવાવડે અજ્ઞાનથી થતા અંધકારનો નાશ કરું છું. (૧૧—ગીતા—અધ્યાય ૧૦)

૨. જે પ્રકારે તેં મને જોયો, તે પ્રકારે હું વેદોવડે, તપવડે, દાનવડે કે યજ્ઞવડે જોવાને શક્ય નથી. (૫૩). હે શત્રુને તપાવનાર અર્જુન! માત્ર અનન્ય ભક્તિવડે એ પ્રકારે તત્ત્વથી જાણવા, જોવા, તથા પ્રવેશ કરવા હું શક્ય છું. (૫૪) હે પાંડવ! જે મારો ભક્ત મારા માટે કર્મ કરનારો મારે પરાયણ રહેનારો, આસક્તિ વિનાનો અને સર્વ પ્રાણી પ્રત્યે વેરરહિત હોય છે, તે મને પામે છે. (૫૫—ગીતા અધ્યાય—૧૧)

૩. એ રીતે નિરંતર (આપમાં) જોડાયેલા જે ભક્તો આપને (સગુણ સ્વરૂપે) ઉપાસે છે, તથા જેઓ આપના અવિનાશી, અવ્યક્ત (નિર્ગુણ)

કામના વગરના એવા નિષ્કામ જિજ્ઞાસુભક્તનાં બે પ્રકાર સંભવિત જણાય છે.

આ બેમાંથી (કોઇ એકેય પણ) પ્રકારના જિજ્ઞાસુભક્તમાં કોઇ પણ પ્રકારના લોકમાં જવાની કામના હોતી નથી. કે લોકમાં જવાની કામનાથી તેમણે ભક્તિ કરી હોતી નથી.+

બીજી પણ એક સ્પષ્ટતા અત્રે કરવાની કે જિજ્ઞાસુભક્ત અને જ્ઞાનીભક્ત એ વિભાગ પ્રકારની દૃષ્ટિએ નથી પણ કક્ષાની દૃષ્ટિએ છે. એટલે કે સાધકાવસ્થા અને સિદ્ધાવસ્થાના અનુલક્ષમાં છે. કારણ, સાધનકાળમાં જે ભક્તને 'જિજ્ઞાસુભક્ત' કહેવામાં આવે છે તે જ

સ્વરૂપની ઉપાસના કરે છે, તેમાં ઉત્તમ 'યોગવેત્તા' કોણ? (૧) જેઓ નિત્ય મારામાં મન જોડી મારા પરાયણ થઇ પરમ શ્રદ્ધાથી મને ઉપાસે છે, તેમને હું શ્રેષ્ઠ યોગી ગણું છું. (૨). વળી બધી ઇંદ્રિયોનો સંયમ કરી સર્વમાં સમબુદ્ધિ ધારણ કરનારા અને સર્વ પ્રાણીઓના હિતમાં લાગેલા જે મનુષ્યો મારા નિર્વિકાર, અવર્ણનીય, અવ્યક્ત, સર્વવ્યાપક, અચિંત્ય, સર્વ સાક્ષી, અચળ, અવિનાશી સ્વરૂપની ઉપાસના કરે છે, તેઓ પણ મને જ પ્રાપ્ત કરે છે. પરંતુ અવ્યક્ત, નિર્ગુણ સ્વરૂપમાં ચિત્ત જોડનારાઓને કષ્ટ વધારે રહે છે; કારણ કે દેહધારીઓથી અવ્યક્ત (સ્વરૂપની) ગતિ મુશ્કેલીથી મેળવાય છે. (૩ થી ૫) પણ હે પાર્થ! જેઓ સર્વ કર્મો મારામાં સમર્પણ કરી મારે પરાયણ થઇ અનન્ય યોગથી મારું જ ધ્યાન કરતા મને ઉપાસે છે, તે મારામાં પરોવાયેલા ચિત્તવાળાઓનો મૃત્યુરૂપ સંસારસાગરથી હું જલ્દી ઉદ્ધાર કરું છું. (૬ થી ૭—ગીતા—અધ્યાય ૧૨).

+હે અર્જુન! જે નિરંતર બીજામાં ચિત્ત નહિ રાખતો નિત્ય મારું સ્મરણ કરે છે, તે નિત્યયુક્ત યોગીને હું સુલભ છું. (૧૪)

પરમ ઉત્કૃષ્ટસિદ્ધિ પામેલા મહાત્માઓ, મને પામી દુઃખના સ્થાનરૂપ અને નાશવંત પુનર્જન્મને પામતા નથી. (૧૫)

હે અર્જુન! બ્રહ્મલોક સુધીના જે સર્વલોક છે તે સર્વલોકને પામવાથી (પણ મનુષ્ય) સંસારમાં આવે છે; પરંતુ હે કુંતીપુત્ર! મને પામી ફરી જન્મ થતો નથી. (૧૬)—ગીતા, અધ્યાય આઠમો.

ભક્તને આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થતાં 'જ્ઞાનીભક્ત' કહેવામાં આવે છે. દૃષ્ટાંત આપીને સમજાવવું હોય તો કહી શકાય કે જેમ કાચી કેરીનો રંગ લીલો હોય છે કે લીલા મરચાનો રંગ લીલો હોય છે, પરંતુ પાકી જાય ત્યારે તે જ કેરી પીળા રંગની થાય છે અને લીલા-રંગનું મરચું લાલ રંગનું થઇ જાય છે. તેમાં કેરી કે મરચું બદલાતું નથી પણ મૂળ કેરી કે મરચાંનો રંગ જ બદલાય છે. તેમ સાધના-વસ્થાના જિજ્ઞાસુ ભક્તને જ સ્વરૂપસાક્ષાત્કાર થતાં 'જ્ઞાનીભક્ત' તરીકે ઓળખાવાય છે.

પરંતુ અર્થાર્થી ભક્તનું ધ્યેય આ લોક, પરલોક કે સગુણ (ભગ-વાનના) લોકગત કોઇ સુખની પ્રાપ્તિનું હોય છે. આ લોકના ભોગ મેળવવા (ભક્તિ) કરનાર માટે વિચારસાગરમાં કનિષ્ઠ વિષયી સંજ્ઞા દર્શાવી છે, સ્વર્ગલોક કે ઇંદ્રલોકનાં ભોગની કામના રાખનાર, (અને ભોગ માટે સાધના કરનાર) માટે 'મધ્યમ વિષયી' સંજ્ઞા આપી છે. અને વૈકુંઠ કે બ્રહ્મલોકાદિની કામના પૂર્તિ અર્થે સાધના કરતા (ભક્ત) માટે 'ઉત્તમ વિષયી' સંજ્ઞા આપી છે. ધ્રુવનું જીવન અર્થાર્થી ભક્તિના દાખલારૂપ છે.

આથી સ્પષ્ટ થશે કે આર્ત અને અર્થાર્થી ભક્તના જીવનમાં ભગવાનના અનુગ્રહદ્વારા કાર્યસિદ્ધિ થવાના અનેક ચમત્કારિક પ્રસંગો પ્રગટે છે. કારણ ભક્તિ કરવાનું આર્ત કે અર્થાર્થી ભક્તનું ધ્યેય જ ચોક્કસ પ્રકારની (દુઃખ નિવૃત્તિરૂપ કે કામનાપૂર્તિરૂપ) કાર્યસિદ્ધિનું હોય છે.

છતાં, અત્રે એ મુદ્દો સ્પષ્ટ થવો જરૂરી છે કે આર્ત અને અર્થાર્થી ભક્તના જીવનમાં પ્રગટતા ચમત્કારોનું ક્ષેત્ર તેમના હેતુ કે ઇચ્છાના ક્ષેત્ર પૂરતું મર્યાદિત રહે છે.

આગળ, જિજ્ઞાસુ ભક્તના બે પ્રકારનો ઉલ્લેખ કર્યો છે. તેમાં જિજ્ઞાસુનો જે પ્રકાર નિષ્કામ પ્રેમીભક્તનો છે. તેના જીવનમાં અને સિદ્ધપુરુષના જીવનમાં પ્રગટતા ચમત્કારોની પ્રક્રિયામાં તાત્ત્વિક રીતે શું તફાવત છે તે હવે જોઈએ.

નિષ્કામ પ્રેમીભક્તનું હૃદય સહાનુભૂતિ, અનુકંપા અને કરુણા-સભર[1] હોવાથી પ્રાણીઓના કષ્ટને કે તરફડાટને જોતાં દ્રવી ઊઠે તેવું–**सर्व भूते हिते रताः** (ગીતા અ. ૧૨, શ્લોક ૪) હોય છે. પરિણામે જ્યાં, જ્યારે જે હેતુ અર્થે ભક્તનું હૃદય આર્દ્ર બને છે, દ્રવે છે, ત્યારે તે દ્રવીભૂત થયેલો નિર્મળ ભગવદ્‌ભાવ, ચૈતન્યક્ષેત્રે સંક્રાંત થતાં દુઃખ નિવારણ અર્થે ચમત્કાર સર્જાય છે. આ ચમત્કાર ભગવાનના અનુગ્રહથી પ્રગટતા હોય છે, ભક્તે સંપાદિત કરેલી કોઈ સાધના કે સિદ્ધિમાંથી નહિ.

જ્યારે, સિદ્ધ તો ચમત્કાર સર્જે છે, સિદ્ધ તો ચમત્કારનો સર્જક છે. મેળવેલી સિદ્ધિની ક્ષેત્રમર્યાદા અને પ્રમાણમર્યાદા મુજબ સિદ્ધના ચમત્કાર સર્જનને મર્યાદા પણ રહે છે.

ભક્ત ચમત્કાર સર્જતો નથી, ભક્તના જીવનમાં ચમત્કાર પ્રગટે છે. ચમત્કાર પ્રાગટ્યમાં ભક્ત માત્ર માધ્યમ છે, સર્જક નહીં. ચમત્કારનું આ પ્રાગટ્ય તો સર્જનહારની લીલા છે, સર્જનહાર ભગવાનનું જ સર્જન છે.

પ્રમાણ બહારના ઉપયોગથી સિદ્ધની સિદ્ધિ ક્ષીણ થઈ શકે, દુરુપયોગથી સિદ્ધિ નષ્ટ પણ થઈ શકે અને પાળવાના નિયમોનો ભંગ થાય તો જોખમી પરિસ્થિતિમાં મૂકાઈ જવાની સંભાવના સિદ્ધ માટે શક્ય છે.

૧. **अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च।** (ગીતા અ. ૧૨, શ્લોક ૧૩).

ચમત્કાર પ્રાગટ્યમાં સર્વ શક્તિમાન ભગવાનની જ શક્તિ કાર્યાન્વિત થતી હોવાથી તથા ભગવાન સર્વસમર્થ હોવાથી ભક્તના જીવનમાં પ્રગટતા ચમત્કારને કોઈ પ્રમાણ મર્યાદા કે ક્ષેત્રમર્યાદા હોતી નથી.

સિદ્ધ સિદ્ધિના બળે પડકાર પણ ફેંકે છે, ફેંકી શકે છે. ઘણીવાર આ પડકાર અહમ્ પ્રેરીત હોય છે.

નિષ્કામ પ્રેમીભક્ત પડકાર ફેંકતો પણ નથી, ઝીલતો પણ નથી. કારણ પડકાર ઝીલવા કે પડકાર ફેંકવા માટે સ્વકેન્દ્રિત સિદ્ધિગત 'અહમ્' જોઈએ. પ્રેમીભક્તનો 'અહમ્' તો ભગવાનમાં વિગલીત થયો છે, ભગવદ્ તાદાત્મ્યને પામ્યો છે, ભગવદ્ પ્રેમમાં દ્રવીભૂત થઈ ગયો છે. તેથી આવા પડકાર સામે પણ, સર્વત્ર ભગવદ્ ભાવનું વહન કરતા ભક્તનો પ્રેમ તો ઉદ્રેક પામી નમ્રભાવે વહેવા લાગે છે. પરિણામે પડકાર ફેંકનાર સિદ્ધનો 'અહમ્' પણ ભગવદ્ પ્રેમથી અભિષિક્ત થતાં વિગલીત થાય છે અને લોકૈષણાગત 'અહમ્'ના પાશમાંથી સિદ્ધ વિમુક્ત થાય છે.

'અહમ્'ને હરાવવો એ એક બાબત છે. અહમ્‌ને ઓગાળવો એ બીજી બાબત છે. હારેલા 'અહમ્'માં ક્રોધ અને દ્વેષના સંસ્કારો તીવ્ર બની શકે છે.

ભગવદ્‌પ્રેમથી 'અહમ્'માં રહેલી એષણાઓ પીગળી જતાં 'અહમ્' નિર્મળ થાય છે, શુદ્ધ થાય છે, પવિત્ર થાય છે, શાંત થાય છે અને પ્રેમભક્તિથી વિગલીત થતાં ભગવાનમાં ભળી થાય છે.

* * *

તેથી ઊલટું, નિર્ગુણ પ્રકારના જિજ્ઞાસુ કે જ્ઞાની ભક્તના જીવનમાં ચમત્કારોની શૃંખલા જવલ્લે જ જોવા મળશે. કારણ તેઓ સ્થૂળ

અને સૂક્ષ્મદેહના તાદાત્મ્યથી પર થવાની પ્રક્રિયા સાથે સંકળાયેલા છે અને ચમત્કારોનું પ્રાગટ્ય સ્થૂળ, લૌકિક, ભૌતિક અને પ્રકૃતિક્ષેત્રે થતું હોય છે. છતાં તેવા જ્ઞાની કે જિજ્ઞાસુ ભક્તના જીવનમાં પણ ચમત્કારોની ઘટના અસંભવીત કે અશક્ય નથી.

સિદ્ધિ અને ચમત્કાર પુસ્તકના 'જ્ઞાનસિદ્ધિ' નામના પ્રકરણમાં જેનો ઉલ્લેખ થયો છે તે મહાત્મા શ્રી સદાશિવેન્દ્ર સરસ્વતી જ્ઞાની તેમ જ યોગી હતા. તેમના જીવનની ચમત્કારિક ઘટનાઓ પાછળ તેમની યોગસાધનાનો વિશેષ પ્રભાવ જણાય છે.

તેથી કેવળ જ્ઞાનીના જીવનમાં બનેલી ચમત્કારિક ઘટનાનું ઉદાહરણ આપવું હોય તો પરમહંસ શ્રી રામકૃષ્ણના જ્ઞાનમાર્ગના ગુરુદેવ શ્રી તોતાપુરીના જીવનની એક ઘટના સચોટ ઉદાહરણરૂપ જણાય છે.

શ્રી તોતાપુરી ધૂન, કીર્તન, સગુણભક્તિ વગેરેમાં રસ દાખવતા નહીં. અને તેની મહત્તા પણ સ્વીકારતા નહીં. દક્ષિણેશ્વરના નિવાસ દરમિયાન તેમને સંગ્રહણીનું દર્દ લાગુ પડેલું. એક રાતે દર્દ બહુ વધી જતાં, જીવનના સ્વાભાવિક નિત્યક્રમ મુજબ દેહભાનથી પર થઈ સમાધિસ્થ થવામાં તેઓ સફળ ન થયા. જે દર્દ સમાધિમાં વિઘ્નરૂપ છે તે દર્દ અસાધ્ય હોય તો દેહનો શું ઉપયોગ? આ પ્રકારના વિચારો આવતાં ગંગાજીમાં દેહ વિસર્જન માટે તેઓ પ્રયત્ન કરે છે. તે વખતે તેમને જગદંબાનો સાક્ષાત્કાર થાય છે અને દર્દને કારણે ઉદ્ભવેલી શારીરિક પીડા પણ શમી જઈ નષ્ટ થાય છે. ચમત્કારિક રીતે પીડા નષ્ટ થવાની અને સંગ્રહણીનું દર્દ મટવાની આ ઘટના કેવળજ્ઞાની પુરુષના જીવનમાં બનેલ ચમત્કારની ઘટનાના ઉદાહરણરૂપ છે.

તે જ રીતે શ્રી વિમલા ઠકારનો મહિનાઓ સુધી ચાલુ રહેલ કાનનો વ્યાધિ અને પીડા પ્રસિદ્ધ જ્ઞાની પુરુષ શ્રી જે. કૃષ્ણમૂર્તિ ચમત્કારિક રીતે મટાડે છે તેનો ઉલ્લેખ 'અનંતને સથવારે[૧]' પુસ્તકમાં રજૂ થયો છે. રોગ નાબૂદી ઉપરાંત પરમ ચેતનાના અનુભૂતિગત સંક્રમણદ્વારા જીવનમાં જે આમૂલ આધ્યાત્મિક પરિવર્તન પ્રગટાવ્યું તે આ ઘટનાનું અણમોલ પાસું છે.

* * *

સિદ્ધિના પડકારના પ્રસંગો નવનાથ ચરિત્રમાં રજૂ થયા છે તો સિદ્ધિના 'અહમ્'ને—ગાળી નાંખવાનો પ્રસંગ સિદ્ધ ચાંગદેવ અને સંતશ્રી જ્ઞાનેશ્વર મહારાજના જીવનની એક ઘટનામાં રજૂ થયો છે.

સર જોન વુડરોફે તાંત્રિક ઉપાસનાથી મેળવેલ સિદ્ધિનો ઉલ્લેખ 'મંત્રશક્તિ' અને 'મૂર્તિપૂજાનું રહસ્ય' પુસ્તકમાં રજૂ થયેલ છે.[૨]

પરંતુ મેલી સાધનાથી મેળવેલી સિદ્ધિના એકેય પ્રસંગનો ઉલ્લેખ 'સિદ્ધિ અને ચમત્કાર' પુસ્તકમાં નથી.

વર્તમાન પરિસ્થિતિ એવી છે કે સામાન્ય માણસથી લઈને રાજકારણક્ષેત્રે સ્વાર્થાન્ધ થયેલો બુદ્ધિશાળી વર્ગ કે ઉચ્ચ હોદ્દેદારો પણ તાંત્રિક સિદ્ધિ અને ચમત્કારોદ્વારા પોતાનો હેતુ સિદ્ધ કરવા પ્રેરાતા હોય છે. માત્ર ગામડામાં જ નહીં, શહેરોમાં પણ આવી જાતની શ્રદ્ધા ધરાવતા વર્ગની સંખ્યા ઠીક ઠીક પ્રમાણમાં છે. વાસ્તવમાં, જાણીતા તાંત્રિકો કે સિદ્ધોમાંથી જવલ્લે જ કોઈએ કાંઈ સિદ્ધિ મેળવી હોય છે અને મોટાભાગના ધંધાદારી હોય છે. આથી સમાજના ઘણા મોટા વર્ગને ભોળવીને પોતાનો સ્વાર્થ સાધવા

૧. 'અનંતને સથવારે' : મૂ. લે. વિમલા ઠકાર, અનુવાદક : કિશનસિંહ ચાવડા, બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ–૧.

૨. પ્રકાશક : વેદાન્ત આશ્રમ, વલાદ.

માટેની સરળતા આવા કહેવાતા તાંત્રિકો કે સિદ્ધો માટે વર્તમાન સમાજમાં પ્રગટી છે.

પરંતુ, ખરેખર મેલીવિદ્યા જાણતો હોય તેવા તાંત્રિકનો સંપર્ક પણ કેટલો હાનિકારક છે તેની ઈ. સ. ૧૯૫૩ માં બનેલી સત્યઘટના 'ઝલક અને ઝાંખી' પુસ્તકમાં ભાદરણવાળા સ્વામીશ્રી કૃષ્ણાનંદજી-એ જાત અનુભવ થતાં રજૂ કરી છે. આવા સિદ્ધો કઇ રીતે ચમત્કાર દેખાડી લોકોને આંજતા અને આકર્ષતા હોય છે અને તેનાથી સાવધાન રહી બચવા માટે કેવા પ્રકારની સાવધાની રાખવી ઘટે તે પરત્વે દસેક સૂચનો પણ તે ઘટના સાથે રજૂ કર્યાં છે. સમાજના મોટાભાગને માટે તે સૂચનો ખૂબ જ ઉપયોગી છે અને ઘટના સમજવી જરૂરી છે. તે માટે મેલીવિદ્યાના સાધક 'શાંતિનાથ'ની સંપૂર્ણ ઘટના 'સિદ્ધિ અને ચમત્કાર' પુસ્તકમાં સમાવિષ્ટ કરવા વિચારેલું. પરંતુ તટસ્થ વિચારકોના મંતવ્ય મુજબ તેનો સમાવેશ આ પુસ્તકને અનુરૂપ ન જણાતાં તે ઘટના કે સૂચનોનો સમાવેશ આ પુસ્તકમાં કરેલ નથી.

વર્તમાનકાળમાં પ્રસિદ્ધ થતા સાહિત્યમાં ચમત્કાર અને ધાર્મિક સાહિત્ય વિષે બે પ્રકારની વિચારધારા જોવા મળે છે. એક વિચાર-ધારા મુજબ મહાપુરુષોના જીવનમાં બનતી દરેક ઘટનાને ચમત્કાર-ના પરિપક્ષમાં મૂલવવાનું વલણ જોવા મળે છે. બીજી વિચારધારા મુજબ ચમત્કાર જેવા કોઇ તત્ત્વનું અસ્તિત્વ જ નથી. તેમના મતે ધર્મગ્રંથોમાં ઈશ્વર સાક્ષાત્કાર, આત્મ સાક્ષાત્કાર, પુનર્જન્મ, કર્મફળ, જ્યોતિષશાસ્ત્ર, શ્રાદ્ધાદિ ક્રિયાઓ તેમ જ વિવિધ પ્રકારની વિધિઓ આ વિષે જે કંઇ ઉલ્લેખ થયો છે તે બધું ધંધાર્થે ઉપજાવી કાઢેલું છે. બુદ્ધિગમ્ય નહીં હોવાથી અંધશ્રદ્ધાનો વિષય છે. આળસ, અહંકાર અને ગુરુવાદને પોષનારું હોવાથી માનસિક પ્રદુષણરૂપ છે.

માત્ર વર્તમાનકાળમાં જ આવી વિચારધારા પ્રગટી છે તેવું નથી. છેક પ્રાચીનકાળમાં પણ, માત્ર ઇંદ્રિય પ્રમાણને જ સ્વીકાર-નાર ચાર્વાકાદિ સંપ્રદાયમાં પણ આ જાતની વિચારધારા રજૂ થઇ છે. તેમ જ તે પરત્વે ખંડન–મંડનનું સાહિત્ય પણ સર્જાયું છે.

વર્તમાન સમયમાં જે પુસ્તકોમાં આ પ્રકારની વિચારધારા રજૂ થઇ છે તેના નામ આ મુજબ છે.

(૧) 'ઈશ્વરનો ઇન્કાર.' લેખક શ્રી નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ. (૨) 'વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ.' લેખક ડો. ભાનુ-પ્રસાદ એ. પરીખ. (૩) 'જરા આટલું તો વિચારીએ.' સંકલન : શ્રી સોમાભાઇ પ્રજાપતિ. (૪) 'એ લોકો તમને છેતરે છે,' મૂ. લે. ડો. અબ્રાહમ કવુર, અનુવાદક : મનોજ ઓઝા. (૫) 'હું કેમ નિરીશ્વર-વાદી છું?' લેખક : શહીદ ભગતસિંહ. (૬) ભારતીય દર્શન : વૈચા-રિક અને સામાજિક સંઘર્ષ : લેખક શ્રીનિવાસ ગણેશ સરદેસાઇ. (૭) વિવેક અને સાધના, તેમ જ (૮) વિચાર દર્શન : લેખક : શ્રી કેદારનાથજી. (૯) The experiences of a truth seeker. By : Sadhu Shantinath. (૧૦) ચમત્કાર કે ફરેબ? લે : શ્રી જમનાદાસ કોટેચા.–(તેમ જ તેમના અન્ય લખાણો) (૧૧) વેદાન્ત સમીક્ષા : તેમ જ સ્વામીશ્રી સચ્ચિદાનંદજી મહારાજના અન્ય લખાણો. (૧૨) સમૂળી ક્રાંતિ અને બીજા લેખો. તથા (૧૩) જીવન શોધન : લેખક : શ્રી કિશોરલાલ મશરૂવાળા.

તો બીજી વિચારધારા મુજબ લખાયેલા પુસ્તકોમાં (૧) ચમત્કારો આજે પણ બને છે : લેખક શ્રી દિલીપકુમાર રોય (૨) સોરઠી સંજીવક શ્રી જગજીવન બાપુ સંકલન : મીનળ વોરા. વગેરેમાં તેમ જ સામાયિકોમાં પ્રગટ થતા ભક્તો અને સંતોના ચરિત્રોમાં કે મોટાભાગના ધાર્મિક સાહિત્યમાં ચમત્કારો વિષે

ઘટનાઓ એ રીતે રજૂ થાય છે કે વાચક પોતાના કાર્યો ચમત્કારિક શક્તિથી થાય તેવી આશા રાખતો થઈ જાય છે. તેમાં ભૂલ એ થાય છે કે ચમત્કાર કરનાર વ્યક્તિએ તો સાધનાથી સિદ્ધિ મેળવીને ચમત્કાર કરવાનું સામર્થ્ય પ્રાપ્ત કર્યું હોય છે. પણ સામાન્ય વ્યક્તિ જ્યારે સાધના કર્યા વગર, પોતાની વાસનાગત ઇચ્છાઓને પાર પાડવા માટે વ્યક્તિ પૂજામાં સરી પડે અને કર્મ તેમ જ કર્તવ્યક્ષેત્રે નિષ્ક્રિય થઈ જઈ શ્રદ્ધા રાખે કે આશિર્વાદથી અને કૃપાથી બધું મળી જશે ત્યારે પુરુષાર્થ રૂંધાય છે, અકર્મણ્યતા પ્રગટે છે, જીવનમાં ધ્યેયસિદ્ધિના લક્ષ્યથી અને કર્તવ્યથી ચ્યુત થવાય છે અને ઉપરોક્ત ખોટી અને વિપરીત સમજ જીવનના સર્જનાત્મક પાસાને અવ્યવસ્થિત કરી નાંખવામાં નિમિત્ત બની જાય છે. કારણ શ્રદ્ધાનો અર્થ ચોક્કસ પ્રકારની અપેક્ષા પૂરી પાડવા માટે કોઈ મહાપુરુષપર આધાર રાખવો તેવો થઈ શકે નહીં. તેવી શ્રદ્ધાને શ્રદ્ધા કહેવી કે પ્રમાદમાંથી પ્રગટેલી અપેક્ષા?

આ રીતે વિચારીયે તો બંને પ્રકારના સાહિત્યમાંથી પ્રગટતી અંતિમવાદી (extremist Influence) અસરોનો પ્રભાવ કે પરિણામ કાં તો તે અસર ઝીલનાર વર્ગમાં નાસ્તિકતા પ્રગટાવે છે અને કાં તો અંધશ્રદ્ધા તરફ દોરાઈ જવાની સંભાવના પ્રગટે છે. તેથી આ બંને વિચારધારાના તુલનાત્મક મૂલ્યાંકનદ્વારા વિવેકયુક્ત સમજ પ્રગટાવવી જરૂરી છે. પૂ. સ્વામીશ્રી માધવતીર્થજી મહારાજનું 'સિદ્ધિ અને ચમત્કાર' વિષેનું આ પુસ્તક તે બાબતમાં કેટલુંક જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે. આ પુસ્તક તેથી નવી પેઢીના ભણેલા વર્ગને માટે તટસ્થ માર્ગદર્શન આપવામાં ખૂબ જ સહાયભૂત થશે. કારણ આ પુસ્તકમાં ચમત્કારનું મંડન રજૂ કરી અંધશ્રદ્ધાને પોષી નથી કે ચમત્કારનું ખંડન કરી અશ્રદ્ધાનું સમર્થન કરેલ નથી. પણ તે બંનેમાં રહેલા તથ્યોની ચકાસણી રજૂ કરી

આત્મિક ઉન્નતિ માટે જે વિવેકદૃષ્ટિ કેળવવાની જરૂર છે તેને જાગૃત કરવાનો બોધ સદૃષ્ટાંત રજૂ કરેલ છે.

આગળ જણાવેલા પુસ્તકોમાં 'વિવેક અને સાધના' (લેખક શ્રી કેદારનાથજી) તથા જીવન શોધન (લેખક : શ્રી કિશોરલાલ મશરૂવાળા)–માં રજૂ થયેલા સિદ્ધાંતો વાંચતા કેટલાય ભાવનાશીલ વાચકો દ્વિધામાં પડયા છે. તેવી દ્વિધામાં માર્ગદર્શન મળે તે હેતુથી તે પુસ્તકના વાંચનમાંથી પ્રગટતા પ્રશ્નોના ખુલાસારૂપે સ્વામી શ્રી માધવતીર્થજી મહારાજે 'મનુષ્ય સમાજ અને મોક્ષ' નામનું પુસ્તક લખ્યું છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે જે કેટલાક બૌદ્ધિક કે તાર્કિક પ્રશ્નો ઉદ્ભવે છે તેનો ખુલાસો હોવાથી આ પુસ્તક જિજ્ઞાસુને ઉપયોગી થાય તેમ છે.

અંતમાં, ચમત્કાર વિષે કેટલાંક ઉપયોગી એવાં વ્યાવહારિક સૂચનો કે મંતવ્યો, તટસ્થ વિચારણા માટે જરૂરી હોવાથી, નીચે રજૂ કર્યાં છે.

(૧) ચમત્કાર પ્રત્યેનો અભિગમ જ્યારે સાત્ત્વિક શ્રદ્ધાને પ્રગટાવનાર, ટકાવનાર કે દૃઢ કરનાર હોય ત્યારે તે ઉપકારક બને છે. જેસલ અને તોરલના જીવનમાં જે કંઈ ચમત્કારિક ઘટનાનો ઉલ્લેખ થયો છે તે અવનતીમાંથી ઉન્નતિને પંથે લઈ જનાર, ખંડનાત્મક પ્રવૃત્તિને બદલે સર્જનાત્મક ક્ષેત્રે વાળનાર તેમ જ સંકુચિત સ્વાર્થાંધતાને બદલે 'सर्वजनहिताय'–જીવન ગાળવાની પ્રેરણા આપવામાં અમોઘ રીતે નિમિત્ત બનેલ છે. તેથી ચમત્કારિક સાહિત્યમાં રજૂ થયેલ જે સત્ય ઘટનાઓ આવી સાત્ત્વિક શ્રદ્ધાને પોષક હોય છે, તેનું વાંચન આંતરિક જીવનને સ્વસ્થતા અર્પી, સાત્ત્વિકતાના અને સન્માર્ગના રાહે ચાલવાની પ્રેરણા, બળ અને વિશ્વાસ પ્રગટાવી શકે છે.

તેથી ઉલટું, જે ચમત્કારો માણસના 'અહમ્'ને દૃઢ કરે, સમજણને શિથિલ કરે, વિચારશક્તિને કુંઠિત કરે, કર્તવ્યાકર્તવ્યના વિવેકથી ભ્રષ્ટ કરે, કે પલાયનવાદ અને નિષ્ક્રિયતાને પોષે તેવા ચમત્કાર વિષયક સાહિત્યનું વાંચન જીવનના પુરુષાર્થને અવરોધક બની જાય છે.

વિવેક જાગૃતિ થાય ત્યારે સમજાય છે કે ઉન્નતિ સાધવા માટે ચમત્કાર કરતાં સદાચારની જરૂર છે, સિદ્ધિની નહીં, શુદ્ધિની જરૂર છે. જે સાહિત્ય આવી સાત્ત્વિક શ્રદ્ધા જાગૃત કરે, અને ટકાવે, તેનું વાંચન–મનન ઉન્નતિપ્રદ નિવડે.

(૨) વ્યાવહારિક જીવનમાં સ્વાર્થ સાધવા ખોટું આચરણ કરવું અને ત્યારબાદ તેના (વ્યાવહારિક) દુષ્પરિણામોથી બચી જવા માટે કે બચી જતાં તેને સંતોના આશીર્વાદ માનવા કે સંતોયે સર્જેલ કોઇ ચમત્કાર છે તેવી સમજ ધરાવવી એ ધાર્મિક કે આધ્યાત્મિક જીવનને અનુરૂપ નથી. કારણ સંતો અસત્યના પરિણામથી છટકવા-ના રસ્તા બતાવતા નથી પણ અસત્ આચરણથી છૂટવાનો રાહ ચીંધતા હોય છે. ભાદરણવાળા સ્વામીશ્રી કૃષ્ણાનંદજીના 'કોઇ કંકર કોઇ મોતી' પુસ્તકમાં "ચમત્કારોની ચકકીમાં"નામના પ્રકરણમાં રજૂ થયેલ એક બેરિસ્ટરના પુત્રની સત્ય ઘટના આ પરત્વે સચોટ ઉદાહરણરૂપ છે.

(૩) આત્મસાક્ષાત્કાર કે શાસ્ત્રોનાં સિદ્ધાંત તર્કસંગત નહીં હોવાથી અસ્વીકાર્ય છે તેમ પોતાના લખાણમાં જેમણે ભારપૂર્વક પ્રતિપાદન કર્યું છે તે શ્રી કેદારનાથજી જાત અનુભવને આધારે જણાવે છે કે મંત્રદ્વારા સર્પવિષ ઉતરી શકે છે. (મંત્રદ્વારા આહ્વાહન કરીને કોઇ વ્યક્તિના શરીરમાં સર્પના ચિત્તનો પ્રવેશ કરાવી શકાય

છે.) અને છતાં તેઓશ્રી મંત્રને કોઇ દેવી–દેવતા સાથે સંબંધ હોય છે તેવી શાસ્ત્રીય સમજ સાથે સંમત નથી. આ માહિતી 'સર્પદંશ અને મંત્ર વિષે કેદારનાથજી'નામના પુસ્તકમાં શ્રી અમૃતલાલ યાજ્ઞિકે રજૂ કરી છે.

(૪) અવકાશ (space)ની ગણના ભૌતિક વિજ્ઞાનમાં અ-વ્યાખ્યાયિત પદ તરીકે સ્વીકારેલ છે. તે સ્વીકાર બુદ્ધિગમ્ય અને તર્કસંગત ગણાય છે. તેમ છતાં વ્યાવૃત્તિ લક્ષણાથી જેનો નિર્દેશ શાસ્ત્રમાં થયેલો છે તે ચૈતન્યનો અવ્યાખ્યાયિત પદ તરીકે સ્વીકાર વૈજ્ઞાનિક વિચારસરણીને અનુસરતા લોકોને પ્રતીતિકર જણાતો નથી. આ મર્યાદા ગણાય.

(૫) બીજા પક્ષે, 'ચમત્કારો' વૈજ્ઞાનિક પદ્ધતિથી પણ કરી શકાય છે તેથી દરેક ચમત્કારનું કારણ વૈજ્ઞાનિક સાધનો કે હાથ-ચાલાકી જ હોઇ શકે, અન્ય ન હોઇ શકે તેમ કહેવું એ યુક્તિયુક્ત નથી. જેમ ઘડીયાળમાં ગતિ કમાનથી પ્રગટાવી શકાય છે તેમ પાવરથી–સેલથી પણ પ્રગટાવી શકાય છે. તે રીતે ચૈતન્યની શક્તિનો સ્રોત સ્થૂળ ઈન્દ્રિયજન્ય માધ્યમોમાંથી મેળવવાને બદલે સીધેસીધો અભિવ્યક્ત કરી શકાય તો કોઇ પણ પ્રક્રિયાદ્વારા ચમત્કારનું સર્જન શક્ય છે. ('કમાન'માં ગતિનું ગતિમાં સંક્રમણ થાય છે જ્યારે 'સેલ' કે પાવરમાં 'શક્તિ'નું ગતિમાં રૂપાંતર થાય છે).

(૬) સાધના કર્યા વિના સિદ્ધિની અને ચિત્તશુદ્ધિ કર્યા વગર આત્મસાક્ષાત્કારની અપેક્ષા રાખવી કે તે વિષે મનોરથ કર્યા કરવા એ તરંગી મનોદશા છે. બેમાંથી કોઇ પણ ક્ષેત્રે પુરુષાર્થ વગર પરિણામ ન જ મળે. સાધનાદ્વારા વાસનાના સંસ્કાર ન ધોયા હોય કે વિવેક જાગૃતિ ન થઇ હોય તો આધ્યાત્મિક સાહિત્ય વાંચીને તરંગી બની

જવાતા તે ક્ષેત્રે ઉન્નતિ કે પ્રગતિ પ્રગટવાને બદલે આવી તરંગી મનોદશા ધરાવનારનું જીવન વાણી–વિલાસક્ષેત્રે વેડફાય છે.

(૭) મહાપુરુષોના જીવનમાં સાહજિક રીતે પ્રગટતા ચમત્કારોથી કેટલાક લોકો અંજાઇ જતા હોય છે. જેના પરિણામે માત્ર વ્યક્તિ પૂજામાં સરી પડાય તો મહાપુરુષના જીવનમાંથી સદ્‌ગુણો ઝીલી વ્યક્તિત્વ ખીલવવા કે પુરુષાર્થ જાગૃત કરવાને બદલે, કર્તવ્યક્ષેત્રે અકર્મણ્યતા પ્રગટે છે. અને સ્થૂળ અનુકરણમાં સરી પડાય તો સંયોગો ને પરિસ્થિતિને અનુરૂપ જીવન નિર્ણયો લઇ શકાતા નથી. આમ થતાં પોતાના જ અવિવેકના કારણે પ્રગટેલા અવરોધો કે પ્રતિકૂળતાઓનો સામનો કરવામાં જીવનની અમૂલ્ય સર્જનાત્મક શક્તિ વેડફાઇ જાય તેવી શક્યતા છે. તેથી વિવેકપૂર્વકનું અનુસરણ અને નિર્ણય જ જીવનના રચનાત્મક પાસાને ખીલવવા માટે ઉપયોગી નીવડે. સમજ વગરનું માત્ર સ્થૂળ અનુકરણ તો પુરુષાર્થને ગૂંચવનાર, વિકાસને રુંધનાર, અવરોધોને અવકાશ આપનાર અને કર્તવ્યક્ષેત્રે અવ્યવસ્થા અને અનિશ્ચિતતા પ્રગટાવે તેવી શક્યતા છે.

* * *

'સિદ્ધિ અને ચમત્કાર' પુસ્તકમાં વિષયની રજૂઆત વિવેકયુક્ત મૂલ્યાંકનદ્વારા કરવામાં આવી છે. પરિણામે આત્મિક ઉન્નતિના લક્ષને દૃઢ કરવામાં ઉપયોગી થાય તેમ છે. તેથી ચમત્કાર વિષે લખાયેલા પુસ્તકોમાં આ પુસ્તક વિશિષ્ટ ભાત પાડનાર છે.

આ વિષયના સંદર્ભ પુસ્તકની યાદી, આ નિવેદનની પાછળ રજૂ કરી છે. જે વિશેષ જિજ્ઞાસા ધરાવનાર માટે ઉપયોગી બની શકશે.

તા. ૨૩–૩–૯૭ સંપાદક

સંદર્ભ પુસ્તકોની યાદી

૧. "ઈશ્વરનો ઈન્કાર"–લે. નરસિંહભાઇ ઈશ્વરભાઇ પટેલ, પ્રકાશક–પ્રસ્થાન કાર્યાલય, અમદાવાદ. વિ. સં. ૧૯૯૦.

૨. "વિજ્ઞાન અને અલૌકિક ઘટનાઓ"–લે. ડો. ભાનુપ્રસાદ એ. પરીખ, પ્રકાશક–સોશીયાલીસ્ટ સ્ટડી સેન્ટર, ૧૦ દર્શના સોસાયટી, ટીમલીયા વાડ, સુરત.

૩. "જરા આટલું તો વિચારીએ"–સંકલન : સોમાભાઇ પ્રજાપતિ, પ્રકાશક–ફ્રેસ્ટ એસોસીએટ્સ, વલ્લભવિદ્યાનગર–૩૮૮૧૨૦.

૪. "એ લોકો તમને છેતરે છે"–અનુ. મનોજ ઓઝા, મુખ્ય વિતરક–ગુજરાત પુસ્તકાલય સહાયક સહકારી મંડળી લિ., સંસ્થા વસાહત, રાવપુરા, વડોદરા.

૫. "હું કેમ નિરીશ્વરવાદી છું?"–લે. શહીદ ભગતસિંહ, પ્રાપ્તિસ્થાન–સત્યશોધક સભા, એમ. ટી. બી. આટ્ર્સ કૉલેજ, સુરત.

૬. "ભારતીય દર્શન–વૈચારિક અને સામાજીક સંઘર્ષ"–લે. શ્રીનિવાસ ગણેશ સરદેસાઇ, પ્રકાશક–પીપલ્સ બુકહાઉસ, ઘીકાંટા ચાર રસ્તા, અમદાવાદ.

૭. "વિવેક અને સાધના"–લે. કેદારનાથજી, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪.

૮. "વિચાર દર્શન"–લે. કેદારનાથજી, પ્રકાશક–નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ–૧૪.

૯. "The experience of a truth seeker"–by Sadhu Shantinath.

૧૦. "ચમત્કાર કે ફરેબ"—લે. જમનાદાસ કોટેચા, પ્રાપ્તિ-સ્થાન—માનસ પ્રદૂષણ નિવારણ કેન્દ્ર, જોરાવરનગર.

૧૧. "વેદાંત સમીક્ષા"—લે. સ્વામીશ્રી સચ્ચિદાનંદજી મહા-રાજ, પ્રાપ્તિસ્થાન—ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ.

૧૨. "સમૂળી ક્રાંતિ અને બીજા લેખો", "જીવન શોધન"—લે. કિશોરલાલ મશરૂવાળા, પ્રાપ્તિસ્થાન—નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

નોંધ:—ઉપરોક્ત પુસ્તકોમાં ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષે પૂર્વપક્ષનાં મુદ્દા રજૂ કરી ચર્ચવામાં આવેલા છે. જ્યારે નીચેનાં પુસ્તકોમાં ધર્મ તથા તત્ત્વજ્ઞાનનાં સિદ્ધાંતોનું સમર્થન કરવામાં આવ્યું છે.

૧. "ચમત્કારો આજે પણ બને છે."—લે. દિલીપકુમાર રોય.

૨. "સોરઠી સંજીવક—શ્રી જગજીવન બાપુ"—સંકલન : મિનળ વોરા, પ્રકાશક—એન. એમ. ઠક્કર એન્ડ કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. પ્રાપ્તિસ્થાન—"કદમ્બ", પ્લોટ નં. ૫૬, જી. આઇ. ડી. સી., ઉમરગામ.

૩. "ઈશ્વરનો સ્વીકાર અને ઇન્કારનો ઇન્કાર"—લે. જીવણ-રામ ગણપતિરાવ, ચિખોદરા, તા. આણંદ, પ્રકાશન—વિ. સં. ૧૯૯૦.

૪. "સર્પદંશ અને મંત્ર વિષે કેદારનાથજી"—લે. શ્રી અમૃતલાલ યાજ્ઞિક, પ્રકાશક—આર. આર. શેઠની કું., મુંબઈ—૪૦૦૦૦૨.

૫ મંત્ર, તંત્ર, શાસ્ત્ર વિષે કવિરાજ ગોપીનાથનાં હિન્દી લેખો અને સાહિત્ય, પ્રાપ્તિસ્થાન—ચૌખમ્ભા સંસ્કૃત સિરીઝ ઓફિસ, વારાણસી—૧.

૬. તંત્રશાસ્ત્ર વિષે સર જહોન વુડ્રોફનું અંગ્રેજી સાહિત્ય, પ્રાપ્તિસ્થાન—ચૌખમ્ભા સંસ્કૃત સિરીઝ ઓફિસ, વારાણસી—૧.

હિન્દી માસિક **"कल्याण"**નાં નીચેનાં વિશેષાંકો, જેની હાલ ઈ. સ. (૧૯૯૭) સુધીમાં પુનરાવૃત્તિઓ થઇ હોવાથી પ્રાપ્ય છે.

૧. **भक्त चरिताङ्क** (કલ્યાણ વર્ષ—૨૬)

૨. **शक्ति अङ्क** (કલ્યાણ વર્ષ—૯)

૩. **संत अङ्क** (કલ્યાણ વર્ષ—૧૨)


૪. **हिन्दु संस्कृति अङ्क** (કલ્યાણ વર્ષ—૨૪)

૫. **साधनाङ्क** (કલ્યાણ વર્ષ—૧૫)

૬. **योगाङ्क** (કલ્યાણ વર્ષ—૧૦)


૭. **भक्ति अङ्क** (કલ્યાણ વર્ષ—૩૨)

અનુક્રમણિકા



બ્રહ્મલીન પ. પૂ. સ્વામી શ્રી માધવતીર્થજી

વેદાંત આશ્રમ–વલાદ ઈ. સ. ૧૮૮૫/૧૯૬૦



વાત્સલ્યમૂર્તિ પ. પૂ. સ્વામી શ્રી કૃષ્ણાનંદજી
(વેદાંત આશ્રમ–વલાદ)

પ્રકરણ-૧

સિદ્ધિઓનાં કારણ

સામાન્ય રીતે નીચેનાં કારણોથી સિદ્ધિઓ ઉત્પન્ન થાય છેઃ—

૧. જન્મથી : જેમ કે પક્ષીઓમાં જન્મથી ઊડવાની શક્તિ હોય છે.

૨. ઔષધિથી : અમુક જાતના લોહ—ગુગળનું નિત્ય સેવન કરવાથી દેવભાવ પ્રાપ્ત થાય છે. ચ્યવનપ્રાશના સેવનથી યુવાની આવે છે, રસાયન ચૂર્ણનું સેવન કરવાથી આયુષ્યની વૃદ્ધિ થાય છે વગેરે. એક માણસને તુલસીની પૂજાથી કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થઈ હતી.

૩. મંત્રથી : આકાશગમન અથવા અણિમા વગેરે સિદ્ધિઓનો લાભ થાય છે.

૪. તપથી : તપના બળથી સંકલ્પસિદ્ધિ થાય છે અને સાધક જે રૂપની કામના કરે અથવા અણિમા વગેરેની ઇચ્છા કરે તે તેને પ્રાપ્ત થાય છે.

૫. સમાધિથી : ધ્યાન ધારણા અને સમાધિની એકતા થાય ત્યારે સંયમ પ્રાપ્ત થાય છે, તે પછી પ્રજ્ઞા નિર્મળ થાય છે, અને પછી પશુપક્ષીની વાણીનું જ્ઞાન, પૂર્વજન્મનું જ્ઞાન, અંતર્ધાન થઈ જવું, બળ પ્રાપ્ત કરવું, ભૂખ—તરસ ન લાગવી, સિદ્ધ લોકોનું દર્શન વગેરે પ્રાપ્ત થાય છે.

૬. સ્વરોદય જ્ઞાનથી : બીજા માણસના વિચારનું અને સંસ્કારનું જ્ઞાન થાય છે.

૭. ઉપાસનાથી : કેટલીક સિદ્ધિઓ મળે છે. જેમ કે સંતાનની ઇચ્છા હોય તે પ્રજાપતિની ઉપાસના કરે, લક્ષ્મીની ઇચ્છાવાળા માયાદેવીની, વીર્યની ઇચ્છાવાળાઓ રુદ્રની, અન્નની ઇચ્છાવાળા-

ઓ અદિતિની, આયુષ્યની ઇચ્છાવાળાઓ અશ્વિનીકુમારોની, રૂપની ઇચ્છાવાળાઓ ગંધર્વોની, વિદ્યાની ઇચ્છાવાળાઓ મહાદેવની ઉપાસના કરે વગેરે વગેરે. આ બધી હકીકત ભાગવતના બીજા સ્કંધના ત્રીજા અધ્યાયમાં આપવામાં આવેલ છે.

૮. સત્યમાં પ્રતિષ્ઠાથી ક્રિયાનું ફળ મળે છે.

૯. મનોબળથી કેટલીક સિદ્ધિઓ પશ્ચિમના દેશોવાળા પણ પ્રાપ્ત કરી શક્યા છે.

૧૦. પ્રાર્થનાથી પણ કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

૧૧. ચિત્તની એકાગ્રતાથી કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

બધી સિદ્ધિઓમાં દ્વૈતભાવ રહી જાય છે, તેથી જ્ઞાની પુરુષો સિદ્ધિઓ તરફ લક્ષ્ય રાખતા નથી. જેનું ચિત્ત ભગવાન તરફ વળેલ છે તેવા યોગી માટે આ બધી સિદ્ધિઓ વ્યર્થ કાળ ગુમાવવા જેવી છે, તેથી વિઘ્નરૂપ છે. છતાં ઘણા માણસોને સિદ્ધિઓ માટે મોહ થાય છે, અને અમુક માણસમાં અમુક સિદ્ધિ દેખીને તેને ગુરુ બનાવવાનું પણ કેટલાકને મન થઇ જાય છે. એવા કેટલાક પ્રસંગોમાં માણસો છેતરાઇ જાય છે અને તેમનું જીવન ખોટે રસ્તે ચડી જાય છે. તેથી તેમાંથી બચવા માટે સિદ્ધિઓના કેટલાક પ્રકાર જાણવાની જરૂર છે.

લગભગ વીસ વર્ષ પહેલાં રાજકોટમાં એક સાધુ આવેલા હતા, તે પોતાને માટે આકાશમાંથી ખાવાપીવાનું મંગાવી લેતા હતા. છતાં તેનામાં જ્ઞાન નહોતું. તેમને એમ લાગ્યું હતું કે માણસના જીવનમાં મુખ્ય મુશ્કેલી ખાવાપીવાની બાબતમાં પડે છે, તેથી જો કોઇ યોગી તેને એ બાબતમાં સ્વતંત્ર કરી આપે તો બીજું કામ શાંતિથી થઇ શકે. તપાસ કરતાં તેમને આસામમાં એક એવા યોગી મળ્યા કે

જેમનામાં એવી સિદ્ધિ હતી કે ખાવાપીવા માટે જે વસ્તુ જોઇએ તે તેઓ આકાશમાંથી મંગાવી લેતા હતા. ઉપરના સાધુ તે યોગી પાસે ગયા અને એ સિદ્ધિની માગણી કરી હતી. તે યોગીએ કહ્યું કે, "એ સિદ્ધિ મળવાથી તારી ખાવાપીવાની ઇચ્છા વધી જશે." સાધુએ કહ્યું કે, "તમે કહો તે શરત પાળું પણ મને ખાવાપીવાની ચિંતામાંથી મુક્ત કરો." યોગીએ કહ્યું કે, "તારી જીભ થોડી કાપી દે, કે જેથી તને જીભનો રસ બહુ રહે નહિ." તે સાધુએ સૂડી લઇને તરત પોતાની જીભનો આગલો ભાગ કાપી આપ્યો. પછી તે યોગીએ તેને તે સિદ્ધિ આપી. તેના પરિણામે તે સાધુ આકાશમાંથી ખાવાપીવાની વસ્તુઓ મંગાવીને ખાઇ લેતો હતો અને કોઇવાર બીજાને પણ ખવરાવતો હતો. રાજકોટમાં પહેલાં તે સ્ટેશન પાસે આટાની મીલના કમ્પાઉન્ડ-માં રહેતો હતો. પછી તે મીલના શેઠ તેને પોતાને ઘેર લઇ ગયા હતા. ત્યાં તેની સિદ્ધિની પરીક્ષા કરવા માટે શેઠે એક કેરીની માગણી કરી. તે વખતે કેરીની ઋતુ નહોતી છતાં તે સાધુએ આકાશમાંથી કેરી મંગાવી આપી અને તે ત્યાં રહેલા માણસોને ખવરાવવામાં આવી હતી. તે પછી શેઠના દિકરાએ પેંડો માગ્યો અને તે પણ આકાશમાંથી મંગાવીને તે સાધુએ તે છોકરાને ખવરાવ્યો હતો. તે સાધુ કહેતા હતા કે તેમને દૂધ જોઇએ તો આકાશમાંથી દૂધ મળી શકે છે અને કોઇ જંગલમાં પાણી ન હોય અને પાણીની ઇચ્છા થાય તો પાણી પણ મળી શકે છે. તેમને મીઠાઇ પણ આકાશમાંથી મળતી હતી પણ ગુરુની આજ્ઞા સાદો ખોરાક લેવાની હતી તેથી ઘણે ભાગે તે રોટલો અને દૂધ આકાશમાંથી મંગાવી લેતા હતા. તેમને કોઇએ પૂછ્યું કે, "હવે તમારી ભવિષ્યના જીવન માટે શી ઇચ્છા છે?" તેના જવાબ-માં તે સાધુએ કહ્યું કે, "હવે મારે આકાશમાં ઊડવાની શક્તિ પ્રાપ્ત કરવી છે, મારે મોક્ષ મેળવવાની ઉતાવળ નથી."

સંસારી માણસો માટે સંસાર છોડવો સહેલો છે પણ સિદ્ધિઓ-વાળા યોગીઓને સિદ્ધિનો લોભ છોડવો એ વધારે અઘરું છે. એકવાર સિદ્ધિઓનો મોહ લાગ્યા પછી તે લોકોને બતાવવાની ઈચ્છા થાય છે. પછી એ મોહ વધે છે અને તે સાધક તે મોહમાંથી નીકળી શકતો નથી. હૃષીકેશમાં થોડાં વર્ષ પહેલાં કેટલાક સાધુઓ સ્વર્ગાશ્રમમાં બેઠા હતા. ત્યાં કેટલાકને કાંઈ નાસ્તો કરવાની ઈચ્છા થઈ, પણ પાસે કાંઈ સાધન નહોતું. એટલામાં એક સાધુએ કહ્યું કે, "હું હૃષીકેશમાંથી અમુક દુકાનેથી ભજિયાં અને મીઠાઈ મારી સિદ્ધિથી મંગાવી આપું, પણ તમારે ત્યાં જઈને તેના પૈસા આપી દેવા." હૃષીકેશ ત્યાંથી સવા માઈલ દૂર હતું. એક સાધુએ પૈસા આપવાનું કબૂલ કર્યું, એટલે પહેલા સાધુએ સિદ્ધિનો ઉપયોગ કર્યો એટલે ત્યાં મીઠાઈ અને ભજિયાં આવ્યાં અને તે બધાને જમાડવામાં આવ્યા. તે પછી જેની દુકાને તે ઓછાં થયાં હતાં, ત્યાં જઈને તેના પૈસા આપવામાં આવ્યા હતા. બીજે પડેલી વસ્તુ આ પ્રમાણે સિદ્ધિદ્વારા મંગાવી શકાય છે. હાલનું સાયન્સ પણ કહે છે કે Mass એટલે વસ્તુનું વજન સાપેક્ષ છે અને તેમાં વધઘટ થઈ શકે છે. તેમાં દ્રષ્ટા અને દૃશ્યના સંબંધથી જે ક્ષેત્ર બને છે તે ક્ષેત્રમાં યોગદ્વારા ફેરફાર કરવાથી દૂરની વસ્તુ ત્યાં આવીને પડે છે. જેમ કોઈ ઢાળ ઉપર કોઈ દડો રાખવામાં આવે તો તે દડો પોતાની મેળે નીચે રડી જાય છે તેમ ઉપરની સિદ્ધિમાં દ્રષ્ટા અને દૃશ્ય વચ્ચેના ક્ષેત્રમાં ફેરફાર કરવાથી દૂરની વસ્તુઓ પાસે આવીને પડે છે. જગ્યા (space) પણ સાપેક્ષ છે, તેથી જગ્યા ફેરવવાની શક્તિ આવે તો બીજા દેશમાં રહેલી વસ્તુ પોતાના દેશમાં લાવી શકાય છે.

જે માણસ જગતના કાયદાની અસર નીચે રહે છે તે જગતમાં સિદ્ધિ કે ચમત્કાર બતાવી શકતા નથી. જેઓ જગતના કાયદા માનતા

નથી અને ભગવાનની સાથે ધાટો સંબંધ રાખે છે તે ચમત્કાર બતાવી શકે છે. દૃષ્ટાંત તરીકે મ. ગાંધીજીએ હિંદમાં અંગ્રેજી રાજ્યના કાયદા તોડવા માંડયા અને પોતાનું જીવન ભગવાનના હાથમાં સોંપી દીધું, તેથી તે થોડા વખતમાં ઘણા ચમત્કારો બતાવી શક્યા હતા. છતાં સ્વરાજના દિવસમાં હિંદુ–મુસલમાન વચ્ચેનાં હુલ્લડોમાં તેમને પોતામાં અશક્તિ માલૂમ પડી હતી, કારણ કે એટલા પ્રમાણમાં તેમણે એ પ્રકારના જગતમાં એ સંબંધની સત્તા સ્વીકારી હતી.

શ્રી અરવિંદ હિંદના એક મહાન યોગી થઈ ગયા. તેમણે ૪૦ વર્ષ સુધી પૉંડીચેરીમાં એકાન્તમાં રહી અતિમનસ (supermind)ના પ્રદેશનો અનુભવ લઈને યોગશક્તિથી રાજદ્વારી વાતાવરણને આધ્યાત્મિક વાતાવરણમાં ફેરવવાનો પ્રયત્ન કર્યો હતો. બીજા વિશ્વયુદ્ધ વખતે જ્યારે જર્મનીમાં હિટલરની જીત થતી હતી ત્યારે શ્રી અરવિંદને એમ લાગ્યું કે હિટલરના સંસ્કાર આસુરી પ્રકૃતિવાળા હતા અને જો તે લડાઈમાં જીતશે તો દુનિયા ઉપર આસુરી વાતાવરણ ફેલાશે. તેથી હિટલરની જીત ન થાય તેટલા માટે તેમણે યોગશક્તિથી લડાઈના મેદાનમાં કેટલાંક વાદળાં ઉત્પન્ન કર્યાં હતાં. એવી હકીકત તેમના આશ્રમમાં પ્રસિદ્ધ થતાં પત્રોમાં પ્રગટ થઈ હતી. હિટલરને હરાવવા માટે તેમણે રૂશિયાના નેતા સ્ટેલિનને શક્તિ આપી તેથી રૂશિયાના લશ્કરે જર્મનીના લશ્કરને હરાવ્યું હતું. પણ રૂશિયાને વધારે શક્તિ મળી તો હવે તે બીજા દેશોમાં પોતાના સંસ્કાર ફેલાવશે, એ પણ સિદ્ધિનો એક કઢંગો ઉપયોગ છે. એમ કહેવાય છે કે શ્રી અરવિંદે જાપાની લશ્કર હિંદમાં ન આવે તે માટે અને ૧૫ મી ઓગસ્ટે (એટલે શ્રી અરવિંદના જન્મ દિવસે) સ્વરાજ મેળવવા માટે પણ સિદ્ધિનો ઉપયોગ કર્યો હતો. તેમની વધારે ઈચ્છા એવી પણ હતી કે જેમ સાવિત્રીએ યમરાજ પાસેથી સત્યવાનનો

જીવ પાછો લીધો હતો, તેમ યોગશક્તિથી માણસના શરીરનું આયુષ્ય વધારી શકાય છે. તેને તે વૃદ્ધ થતું અટકાવશે અને રોગથી મુક્ત કરી શકશે એમ તેઓ માનતા હતા પણ એ કામમાં તે સફળ થયા નહિ અને તેમનું શરીર ધાર્યા કરતાં વહેલું ગયું. આંહીં એટલું સમજવાની જરૂર છે કે સિદ્ધિમાં હંમેશાં દ્વૈતભાવ રહી જાય છે. સિદ્ધિઓ વિઘ્નો દૂર કરવા માટે અથવા ઘણા ભાગે વ્યાવહારિક લાભ માટે અથવા કીર્તિ માટે વપરાય છે અને તેથી આત્મસાક્ષાત્કારમાં વિલંબ થાય છે.

બધા યોગી બધા પ્રકારની સિદ્ધિ બતાવી શકતા નથી. તેમની શક્તિને મર્યાદા હોય છે અને એ શક્તિની મર્યાદા પ્રમાણે કામ બતાવી શકે છે.

ગીતામાં બીજા અધ્યાયમાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણ બતાવતાં ભગવાન અર્જુનને કહે છે કે જે માણસ બધી ઈચ્છાઓ છોડીને આત્માથી આત્મામાં રહે છે તેને સ્થિતપ્રજ્ઞ કહે છે. અહીં બે બાબત સમજવાની છે. એક તો ઈચ્છા છોડવાની અને અનાત્મભાવ છોડીને આત્મભાવે રહેવાની. સિદ્ધિ અને ચમત્કારની બાબતમાં ઈચ્છાની જરૂર છે અને તે ઈચ્છા પૂરી કરવાની રીત પણ બરાબર આવડવી જોઈએ. તે માટે થોડોક અનાત્મભાવ પણ લેવો પડે છે. એક ગામમાં એક યોગી રહેતા હતા. એક શેઠ તેમની સેવા કરતા હતા. થોડા વખત પછી તે શેઠને વેપારમાં કાંઈ ખોટ આવી. તે ઉપરથી શેઠે તે યોગીને યોગસિદ્ધિથી પૈસા મેળવી આપવા માટે કહ્યું. યોગીએ કહ્યું કે, "મારે પણ સાધુઓ માટે એક આશ્રમ બંધાવવો છે, તેથી જે પૈસા આવે તેમાંથી થોડાક મને આપવા." પછી તે યોગીના કહેવા પ્રમાણે તે શેઠે વેપાર કર્યો, તેમાંથી પૈસા મળ્યા અને તેમાંથી થોડી રકમ લઈને યોગીએ આશ્રમ બંધાવ્યો. તે યોગીની જૂની પર્ણકુટીમાં એક સફેદ કાગળ ઉપર કાળી શાહીનું ગોળ રૂપિયા જેવડું બિંદુ કરેલું

હતું. કોઈએ તેમને પૂછ્યું કે તે શા માટે છે? તેના જવાબમાં તેમણે કહ્યું કે સિદ્ધિ માટે એવું Negative (અનાત્મ) તત્ત્વ રાખવું પડે છે. તેણે વધારે ખુલાસો કર્યો નહિ, પણ દરેક જાતની સિદ્ધિમાં કંઈક ઈચ્છા (Desire) અને તે ઈચ્છા પાર પાડવાની રીત અથવા મનોબળ (Will) એ બંનેની જરૂર છે. ત્રીજી બાબત એ પણ જાણવાની જરૂર છે કે દેશ અને કાળ નિયત સ્વભાવવાળા નથી, તેથી દૂર રહેલ માણસના મન ઉપર અસર કરી શકાય છે. તેને Para Psychology અથવા વિજ્ઞાનમયકોશ કહે છે. શ્રી અરવિંદની યોગસિદ્ધિમાં તેમણે રૂશિયા અથવા જર્મની અથવા જાપાનને દૂરના દેશ માનેલ નહિ. વિજ્ઞાનમયકોશમાં કોઈ વસ્તુ કે દેશ દૂર હોતા નથી. જેઓને ભેદ જોવાની બહુ ટેવ પડી ગઈ હોય છે, તેઓ કોઈ ઊંચી જાતની સિદ્ધિ બતાવી શકતા નથી. તેઓ માત્ર મંત્રશક્તિથી અથવા ઔષધિદ્વારા કે તપદ્વારા સિદ્ધિ બતાવી શકે છે.

સામાન્ય રીતે ઉપર કહેલ કાળા ટપકાંની ઉપર ચિત્ત એકાગ્ર થાય છે ત્યારે તેની આસપાસ એક જાતનું તેજ જોવામાં આવે છે. પછી એ તેજની મદદથી કેટલીક સિદ્ધિઓ મેળવી શકાય છે. તેજમાં ઘણી શક્તિ રહેલી છે. વીજળીના તેજની શોધ થયા પછી તેમાંથી સિનેમા, રેડિયો, ટેલીફોન, તાર વગેરે ઘણી સગવડો માણસોને પ્રાપ્ત થયેલી છે. પણ એ બધી મોહને વધારે છે, તેથી તેનાથી સાવચેત રહેવાનું છે. શાસ્ત્રમાં કહેલ છે કે કામને નિઃસંકલ્પતાથી જીતવો, ભયને તત્ત્વચિંતનથી જીતવો, યોગના વિઘ્નોને મૌનથી જીતવાં, અને સત્ત્વગુણને ઉપરતિથી જીતવો, ઇંદ્રિયોને વશ કરીને જીતવી, તુરીય પદમાં રહી ભગવાનના જેવો તેજસ્વી સ્વભાવ ધારણ કરવો તેને વશિતાનામની યોગસિદ્ધિ કહે છે. ભગવાનના મુખની આસપાસ તેજ હોય છે, મહાપુરુષોની આસપાસ પણ તેજ દેખાય છે.

તેજમાં ઘણી શક્તિ હોવાથી કોઇ જ્ઞાની અને યોગી માણસને તેજસ્વી કહે છે. સ્વપ્નના જીવને પણ તૈજસ કહે છે. તે તેજમાંથી સ્વપ્નમાં ઘણા ચમત્કાર દેખાય છે. મૂર્તિની સ્થાપના વખતે તેની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે. એ પણ મૂર્તિને તેજસ્વી બનાવવાની કળા છે. પછી રોજ પૂજા વખતે (આરતી વખતે) ઘીના દીવાથી અને ઘંટાથી તેને તેજસ્વી રાખવામાં આવે છે. તેના પૂજારી અથવા સેવક અથવા દર્શન કરવા આવનાર ભક્તનું અંતઃકરણ શુદ્ધ હોય તો મૂર્તિના તેજથી સેવકને કેટલાક લાભ મળે છે, તે સિદ્ધિના રૂપે પરિણામ પામે છે.

હાલના સાયન્સની રીતે ઘણા સ્થૂલપદાર્થોને તેજસ્વી (Radio-active) બનાવી શકાય છે અને પછી તેમાંથી તેજસ્વી બોમ્બ (એટમ બોમ્બ, હાઇડ્રોજન બોમ્બ વગેરે) બનાવી શકાય છે. એ બધી તેજમાંથી બનેલી સિદ્ધિઓ છે. થોડા વખત પહેલાં બનારસમાં થઇ ગયેલ સ્વામી વિશુદ્ધાનંદ સરસ્વતી સૂર્યના તેજ ઉપર સંયમ કરીને તેમાંથી અમુક ગરમી મડદામાં નાંખીને મડદાંને જીવતાં કરી શકતા હતા. તેમના ઓરડામાં સુગંધી ફેલાતી હતી તેથી કેટલાક માણસો તેમને ગંધી–બાવા કહેતા હતા.

એક દરબારને એવી ઇચ્છા થઇ હતી કે જો કોઇ સાધુ તેને કાંઇ સિદ્ધિ બતાવે તો તેને ગુરુ કરું. તપાસ કરતાં તેને અયોધ્યામાં એવા સાધુ મળ્યા. તે સાધુએ એક સિંહ ઉત્પન્ન કરીને દરબારને બતાવ્યો, અને તેને મંત્ર–દીક્ષા આપી. આ પ્રમાણે દરબારે તેમને ગુરુ બનાવ્યા; છતાં તે દરબારના જીવનમાં કાંઇ ફેર પડયો નહોતો અને તેની વિષમ–વૃત્તિ બહુ વધી ગઇ હતી. સિદ્ધિઓ એ વિકારી તત્ત્વ છે, આત્મા અવિકારી છે. વિકારી તત્ત્વથી અવિકારી તત્ત્વ મળે

નહિ, છતાં ઘણાં માણસોને સિદ્ધિઓનો મોહ રહે છે. કોઇ પ્રાંતના વડાપ્રધાન થવાથી પણ જે લાભ મળે છે, તે વિકારી લાભ છે, તેનાથી અવિકારી આત્માનું જ્ઞાન થતું નથી. અવિકારી લાભ માટે અવિકારી સાધન જોઇએ, તેને આત્મજ્ઞાન કહે છે.

પ્રકરણ–૨

અશક્તિનાં કારણ

માણસનો આત્મા ઈશ્વરના આત્મા જેવો છે. આત્મામાં જ્ઞાન છે, આનંદ છે, શક્તિ છે, તેજ છે. ફેર એટલો છે કે ઈશ્વરમાં પરિછિન્ન-પણું નથી, તેથી એ જ્ઞાન અને શક્તિનો ઉપયોગ કરી શકે છે અને જીવમાં પરિછિન્નપણું છે તેથી તેનામાં અશક્તિ આવી જાય છે. કોઇ માણસને સ્વપ્નું આવ્યું, સ્વપ્નામાં તરસ લાગી, પાસે કૂવો અને ડોલ જોયાં, પણ દોરડું નથી, તેથી દોરડાની તપાસ કરવા લાગ્યો અને દોરડું મળ્યું નહિ. આંહીં તેણે કૂવો અને ડોલ પોતાના મનથી બનાવી લીધાં પણ દોરડું બનાવી શકતો નથી. તેમાં તેની પરિચ્છિન્નતા અને અશક્તિ જણાઇ આવે છે. જો તેને લાગે કે કૂવો અને ડોલ મેં બનાવેલ છે તો તે દોરડું પણ બનાવી લે છે. તેવી જ રીતે જાગ્રતનું અજ્ઞાન માણસમાં અશક્તિ લાવી દે છે. જેઓ ચિંતા, બીક, ગરીબાઇ, નબળાઇ વગેરેના વિચારો કર્યા કરે છે તેમને પરિણામે ચિંતા બીક ગરીબાઇ અને નબળાઇ પ્રાપ્ત થાય છે. વિચારમાં ઘણું બળ છે, તેથી હંમેશાં સારા અને ઊંચા વિચાર કરતા રહેવું જોઇએ.

કેટલાક માણસોને કહીએ બ્રહ્મચર્ય પાળો, તેમાં ઘણા ફાયદા રહેલા છે, પણ તેઓ જવાબ આપે છે કે તેમને માટે તે મુશ્કેલ કામ છે. છતાં હિંદમાં લાખ્ખો વિધવાઓ અને લાખ્ખો સાધુઓ બ્રહ્મચર્ય પાળી શકે છે. એ એક ચમત્કાર જેવું લાગે, છતાં વાસ્તવમાં તેમાં ચમત્કાર જેવું કાંઇ નથી. જ્ઞાન અને દર્શન ઠીક રાખ્યાં હોય તો ચારિત્ર ઠીક રાખવામાં અગવડ આવતી નથી. પુરુષો સ્ત્રીઓ તરફ જેટલી વાર જુએ છે તે કરતાં સ્ત્રીઓ પુરુષો તરફ ઓછું જોતી હશે, અને સાધુઓ સ્ત્રીઓ તરફ ઓછી નજર રાખે છે. આ કારણને લઇને વિધવાઓ અને સાધુઓ બ્રહ્મચર્ય પાળી શકે છે. જેઓની નજર વારંવાર વિષયો તરફ જાય છે તેઓ વિષયોને જીતી શકતા નથી. જેઓ વારંવાર સીનેમા જુએ છે તે બ્રહ્મચર્ય પાળી શકતા નથી. તેથી દૃષ્ટિ શુદ્ધ કરવાની ખાસ જરૂર છે. જે માણસો વારંવાર જગતને જુએ છે તે જગતને મિથ્યા માની શકતા નથી. જેઓ સ્વપ્નાના માણસને એકથી વધારે વાર જુએ છે તે સ્વપ્નાના માણસને ખોટો માની શકતા નથી. આવી રીતે ખોટી સત્તા સાચા જેવી થઇ જાય છે.

જેઓ પોતાના મનને વશ કરી શકે છે તે બીજાના મનને પણ વશ કરી શકે છે. જેઓ પોતાના મનને વશ કરી શકતા નથી તે બીજાને વશ કરી શકતા નથી. જે કામ કરવાનું હોય તેમાં ચિત્તને એકાગ્ર કરતાં આવડવું જોઇએ. આટલું કામ કર્યા પછી તે માણસ બીજાને વશ કરી શકે છે. પહેલાંના કાળમાં જેઓ ચિત્તને એકાગ્ર કરી શકતા હતા તેમને બ્રાહ્મણ કહેતા હતા. જેઓનાં ચિત્ત વિષયોથી વિક્ષિપ્ત રહેતાં તેમને શૂદ્ર કહેતા હતા. હાલના કાળમાં ઘણા શિક્ષકો વિદ્યાર્થીઓ ઉપર અમલ કરી શકતા નથી તેનું કારણ એ છે કે તેમના ચિત્તમાં ઘણો વિક્ષેપ રહે છે.

વિક્ષેપવાળા મનથી કોઇ કાર્યસિદ્ધિ થતી નથી. એક કહેવત છે કે "કાર્યં સાધયામિ કિંવા દેહં પાતયામિ" એટલે "કાર્ય સફળ કરીશ અથવા દેહને પાડીશ." આવી ધારણાથી શક્તિ આવે છે. કાઉન્સીલો-ના કાયદાને પણ ઠરાવ (Resolution) કહે છે. કોંગ્રેસે અંગ્રેજોને હિંદમાંથી કાઢવા માટે (Quit India) "ચાલ્યા જાઓ" એવો ઠરાવ કર્યો, તેની અસર એવી થઇ કે તેઓને ચાલ્યા જવું પડયું. મ. ગાંધીજીએ ઘણીવાર પોતાની જિંદગીને જોખમમાં મૂકીને સ્વરાજ માટે દૃઢતા બતાવી હતી. તે પહેલાંના કોંગ્રેસના નેતાઓ ઠરાવ કરતા હતા પણ તેની પછવાડે આખી જિંદગી હોમી દેવાનું મનોબળ તેમનામાં નહોતું. દૃઢ મનની પાસે વાતાવરણ ફરવા લાગે છે.

પશ્ચિમના દેશોમાં વિચારોનું બળ વ્યાવહારિક ક્રિયામાં, વેપારમાં અને રાજ્યની અને સમાજની ઉન્નતિ માટે વાપરવામાં આવે છે. હિંદમાં તે બળ ઘણે ભાગે મોક્ષ પ્રાપ્ત કરવામાં વપરાય છે. હવે પશ્ચિમના દેશોની અસરથી વ્યવહારમાં તે બળનો ઉપયોગ થાય છે. જે કામ ન કરવા જેવું હોય તે અટકાવવાની શક્તિ પણ આવવી જોઇએ. નબળા મનના માણસોને સ્ત્રીઓ પણ વશ કરી લે છે. જેઓ એવી નબળાઇ બતાવે છે તેઓ બીજા કામમાં પણ નાપાસ થાય છે. ઈંગ્લાંડના રાજા આઠમા એડવર્ડ એક સ્ત્રીના મોહમાં પડી જવાથી રાજ્ય ખોઇ બેઠા. પૃથ્વીરાજે સંયુક્તાના પ્રેમ માટે હિંદનું રાજ્ય ખોયું હતું.

શ્રી નાથદ્વારાના ભૂતકાળના ગાદીપતિ દામોદરલાલજીએ હંસા-ના પ્રેમમાં પોતાનું ગુરુપણું ખોયું. એવાં ઘણાં દૃષ્ટાંતો આપણા સમાજમાં બનેલાં જોવામાં આવે છે.

જેમ સ્થૂલ જગતમાં ઘણા પ્રકારનાં વાતાવરણ હોય છે, તેમ સૂક્ષ્મ જગતમાં પણ ઘણા પ્રકારનાં વાતાવરણ હોય છે. નબળા

મનના માણસો તે વાતાવરણમાં વધારે નબળા બની જાય છે, પણ દૃઢ મનવાળાને તેની અસર થતી નથી. એક અંગ્રેજી નિશાળમાં કેટલાક વિદ્યાર્થીઓ ભણતા હતા. કોઈએ તેમને પૂછ્યું કે તમને કેટલા વર્ષ થયાં છે? તેના જવાબમાં કેટલાક વિદ્યાર્થીઓએ જવાબ આપ્યો કે 15 Years old એટલે ૧૫ વર્ષનો બૂઢો અથવા 20 Years old એટલે ૨૦ વર્ષનો બૂઢો. તેમાં એક વિદ્યાર્થીએ એવો જવાબ આપ્યો હતો કે 20 Years young એટલે ૨૦ વર્ષનો જુવાન. તે ૫૦ વર્ષનો થયો ત્યારે પણ એવો જવાબ આપતો હતો કે 50 Years young એટલે ૫૦ વર્ષનો જુવાન. તે ૭૫ વર્ષનો થયો ત્યારે પણ એવો જવાબ આપતો હતો કે 75 Years young એટલે ૭૫ વર્ષનો જુવાન. એવી ભાવનાનું ફળ એવું આવ્યું કે તે ૯૫ વર્ષ સુધી જીવી શક્યો હતો. જેઓ પોતાને old (બૂઢા) માને છે તેમનું આયુષ્ય ટૂંકું રહે છે.

સ્વરાજ્યના અભિમાનમાં અને સમાજ સુધારાના અભિમાનમાં ઘણા માણસોનાં મન તણાઈ જાય છે, તે તે વાતાવરણમાં બંધાઈ જાય છે અને આગળ વધી શકતા નથી.

હિંદમાં સ્વરાજ્ય વખતે જેવું વાતાવરણ ફેલાઈ ગયું હતું, તેવી દૃઢતા સ્વરાજ્ય મળ્યા પછી રહી નથી, કારણ કે તે વખતનું વાતા-વરણ બનાવટી હતું. ઘણા માણસોના મનમાં ખરો ફેરફાર થયો નહોતો. તે વખતના નેતાઓએ એવું જણાવ્યું હતું કે સ્વરાજ મળ્યા પછી બધા દુઃખનો અંત આવશે, પણ એ વાત સાચી નથી. જ્યાંસુધી શરીરને સાચવવું પડે છે ત્યાંસુધી બધા દુઃખનો અંત આવતો નથી. સામાજિક અને રાજદ્વારી બાબતોમાં ચડતીપડતી આવ્યા કરે છે. તેથી જગત કેવું છે તે કહી શકાય તેવું નથી. તેને જેવું બનાવીએ તેવું થાય છે. જગતમાં દુઃખ નથી પણ સાચા સુખ માટે જુદા

પ્રકારની માન્યતાની જરૂર છે.

તેથી સાચા જ્ઞાનની જરૂર છે. સાચા જ્ઞાનવાળો માણસ પોતાની ઇચ્છાને વશ રાખી શકે છે અને બીજાની ઇચ્છાને પણ વશ કરી શકે છે. કોઈ પણ પ્રકારની બીકથી માણસમાં નબળાઈ આવી જાય છે અને તે બીજાની ઇચ્છાને તાબે થઈ જાય છે. કોઈ માણસ તમારી પાસે કાંઈ કામ કરાવવા માગતો હોય પણ જો મનથી તમે ના પાડતા હો તો તે તમારા ઉપર અમલ કરી શકશે નહિ. વળી મનની પછવાડે દૃઢતા જોઈએ. જો દૃઢતા ન હોય તો માત્ર વિચારથી કામ થઈ શકશે નહિ. કોઈ પણ બનાવ ઉત્પન્ન કરવો હોય તો તેની પછવાડે દૃઢ વિચાર અને દૃઢ ઇચ્છા જોઈએ. તમે ખુરશી ઉપર બેઠા હો ત્યારે તમારી પાસે કોઈ આવે ત્યારે તમે ખુરશી ઉપરથી ઊઠીને નીચે બેસી જશો તો સામા માણસમાં તમને વશ કરવાની શક્તિ આવશે.

દૃઢ ઇચ્છા હોય છતાં જ્ઞાન સાચું ન હોય તોપણ ઇચ્છા પાર પડતી નથી. એક રજપૂત માણસ ભગવાનની મૂર્તિની પૂજા કરવા બેઠો. થોડા દિવસ પછી તેને એમ લાગ્યું કે બીજા કેટલાક ભક્તો ભગવાનને જમાડી શક્યા છે તો મારું ધરેલું દૂધ ભગવાન કેમ ન જમે? એવી ભાવનાથી તેણે મૂર્તિને દૂધ ધર્યું પણ મૂર્તિએ પીધું નહિ, તેથી તેણે છરો કાઢ્યો અને મૂર્તિને કહ્યું કે જો દૂધ નહિ પીઓ તો મારું ગળું કાપી નાંખીશ. તોપણ મૂર્તિએ દૂધ પીધું નહિ. પછી તે તે પ્રમાણે મૂર્તિને કહેતો ગયો અને પોતાના ગળા ઉપર છરો મારતો ગયો, તોપણ મૂર્તિએ દૂધ પીધું નહિ. છેવટે તેને બહુ લોહી નીકળ્યું, ઘરનાં માણસોને ખબર પડી, તેને ઇસ્પીતાલમાં લઈ જવામાં આવ્યો અને ત્યાં તે મરી ગયો. મરતી વખતે તેણે કહ્યું કે, "મને મરવામાં શાંતિ લાગે છે, પણ ભગવાને મારું દૂધ પીધું નહિ." આવા બનાવ-માં ઇચ્છા દૃઢ હતી; પણ જ્ઞાન બરાબર નહોતું. થોડા દિવસની

ભક્તિમાં મૂર્તિમાં દેવત્વ આવે નહિ. તેની સાથે સાચો અને સારો સંબંધ બંધાવો જોઈએ અને તેમાં તેજ દેખાવું જોઈએ. એ તેજને દેવતા કહે છે, દ્યુતિનો અર્થ તેજ થાય છે. તેજ દેખાયા પછી પૂજા-દ્વારા પણ કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. શ્રી રામકૃષ્ણ પરમહંસને એવી સિદ્ધિઓ મૂર્તિપૂજાદ્વારા પ્રાપ્ત થઈ હતી.

હાલના કાળમાં સાંઈબાબાનો સંપ્રદાય કેટલેક ઠેકાણે ચાલે છે અને થોડાક માણસોને ચમત્કાર જણાય છે તેથી વધારે માણસો તે તરફ વળે છે, પણ તેમાં બધો આધાર ભક્તની ભક્તિ ઉપર છે. ભક્તિ સાચી હોય તો ભગવાન કોઈ પણ નિમિત્તદ્વારા મદદ કરે છે. જેમનામાં વિચારશક્તિ હોતી નથી તેઓ આવી સિદ્ધિઓના મોહમાં પડે છે. કોઈ વાત સાંભળી લેવાથી તેઓ તે ગ્રહણ કરે છે અને તેની અસર તેમના ઉપર બહુ થાય છે. કોઈ સ્થૂલ ક્રિયાની અસર મન ઉપર બહુ થાય છે ત્યારે કલ્પનાઓ ઊઠવા લાગે છે. મૂર્તિપૂજાનો એ હેતુ છે. તેના દ્વારા મન ઉપર નવી નવી કલ્પનાઓ ખડી થાય છે. કોઈ એક માણસ બીજાને પ્રસાદ આપે છે, તેની અસર પણ થાય છે. કાનમાં મંત્ર આપવાથી પણ અસર થાય છે. ગુરુની મૂર્તિનું ચિત્ર ઘરમાં રાખીને તેનાં દર્શન કરવાથી પણ અસર થાય છે.

મહાત્મા ગાંધીજીની સ્વરાજસિદ્ધિનાં કારણોમાં ઘણાં કારણો એવાં હતાં કે સ્વરાજનું જ્ઞાન આપવા ઉપરાંત તેમણે ખાદીનો પ્રચાર, અસ્પૃશ્યતાનિવારણ વગેરે કેટલીક સ્થૂલ ક્રિયાઓ તે ચળવળમાં દાખલ કરી. તેવી ક્રિયાઓમાં લાભ છે તેમ જ ગેરલાભ પણ છે. ગેરલાભ એ છે કે કાર્ય સિદ્ધ થયા પછી પણ તેના સેવકો તે ક્રિયાને વળગી રહે છે. અંગ્રેજી કાપડના બહિષ્કાર માટે ખાદીની જરૂર હતી અને ઘણા મત મેળવવા માટે અસ્પૃશ્યતાનિવારણની પણ જરૂર હતી.

પણ હવે ખેડૂતો અનાજ માટે એન્જીન વાપરે છે તો કપડાં માટે તેનો ઉપયોગ કરે તો શું ખોટું છે? અસ્પૃશ્યતા હિંદુ ધર્મમાં દાખલ થઈ ત્યારે તેનો હેતુ એ હતો કે કામી, ક્રોધી અને દુરાચારી માણસોથી દૂર રહેવું, પણ હવે બધા પ્રકારના માણસોનો સંગ થાય છે તેથી સારા માણસો આગળ વધી શકતા નથી. એક ગાડાને બે બળદ જોડયા હોય, તેમાં એક ધીમો હોય તો બીજાને પણ ધીમી ગતિએ ચાલવું પડે છે. આંહીં સમજવાનું એ છે કે સ્થૂલ ક્રિયાનો હેતુ સમજવો જોઈએ. મ. ગાંધીજીની ઈચ્છા ઘણા માણસોને જેલમાં નાંખવાની હતી, અને જેલમાં સરકાર ખાદી પહેરાવતી તથા ઘંટી દળાવતી. તેથી આગળથી તેવી ટેવ પાડી હોય તો જેલ વસમી લાગે નહિ. પણ હવે તે સંજોગો ફરી ગયા છે. હવે સ્વરાજ મેળવવા જેલમાં જવાની જરૂર નથી. તેથી નવા સંજોગોમાં નવા ઉપાય લેવા જોઈએ, પાયાની કેળવણીને Basic Education કહે છે. તેમાં ક્રિયાદ્વારા જ્ઞાન આપવામાં આવે છે પણ તેનો હેતુ સમજવામાં ન આવે તો માણસો ક્રિયાને વળગી રહે છે અને સિદ્ધ થઈ શકતા નથી. કોઈ ગુરુએ શિષ્યને કહ્યું કે રોજ ૧૦ માળા ફેરવ એટલે ભગવાન તને દર્શન આપશે. થોડા વખત પછી એક દિવસે તેણે પાંચ માળા કરી એટલે ભગવાને તેને દર્શન આપ્યાં. તેણે ભગવાનને કહ્યું કે, "ઊભા રહો, હું મારી દશ માળા પૂરી કરી લઉં, પછી તમને જવાબ આપું." આ પ્રસંગે બાકીની પાંચ માળા પૂરી કરવાની જરૂર નથી. માળાનો હેતુ સમજવો જોઈએ.

ઘણા માણસો સ્વતંત્ર રીતે વિચાર કરી શકતા નથી. તેમના ઉપર બીજા ઘણા માણસોની વાતોની અસર રહે છે. તેને લઈને તેઓ પરાધીન અને અશક્ત રહે છે. બીજા માણસો અમુક વાત માટે શું કહે છે તે જાણવાની તેમને ઈચ્છા રહે છે, પણ પોતાનો વિચાર તે

માટે કેવો હોવો જોઈએ તેનો વિચાર કરતા નથી. મજૂરોની આવી દશા હોય છે અને પૈસાદારના છોકરાની પણ આવી દશા હોય છે. બ્રાહ્મણો અને ક્ષત્રિયોમાં વૈશ્યો કરતાં અને મજૂરો કરતાં વધારે સારી વિચારશક્તિ હોય છે તેથી ઘણા પ્રાંતોમાં તે પ્રધાનોની જગ્યા ભોગવે છે પણ હવે તેઓ પણ વૈશ્ય અને મજૂર જેવા થતા જાય છે. આ કારણને લઈને હવે શાળાઓ માટે ઉત્તમ પ્રકારના શિક્ષકો મળવા મુશ્કેલ પડે છે, તેથી ભવિષ્યમાં આપણને સારા પ્રધાનો મળશે નહિ. ઘણા વિદ્યાર્થીઓમાં બુદ્ધિ જાગ્રત હોતી નથી તેથી તેઓ શિક્ષકોનું અનુકરણ કરે છે તેથી ઉચ્ચ કોટીના શિક્ષકો પસંદ કરવાની ખાસ જરૂર છે. હાલના કાળમાં કેટલીક જગ્યાએ શિક્ષકો વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે ચાલે છે અને માબાપો છોકરાંના કહેવા પ્રમાણે ચાલે છે. જેનું કામ નવા અને સારા વિચાર આપવાનું છે તે બીજાના વિચાર પ્રમાણે ચાલે તો સમાજની ઉન્નતિ થઈ શકે નહિ. શબ્દોમાં કે વાણીમાં સ્વતંત્ર શક્તિ નથી પણ કયો માણસ કેવી લાગણીથી બોલે છે તે ઉપર બધો આધાર છે. સિનેમા અને નાટકમાં કેટલાક નટ પ્રેક્ષકોને હસાવી શકે છે અને રડાવી શકે છે. ભરત–મિલાપના સિનેમામાં ઘણાને રડવું આવતું હતું. માલ વેચવાવાળા ગ્રાહક ઉપર અસર કરી જાય છે અને જાહેરખબરવાળા પણ નબળા મનના માણસો પાસે ફાવી જાય છે. ઘણા માણસો તેલમાં શાક વધારે છે પણ ડાલડાવાળા ફેન્સી જાહેરખબર આપીને માણસોને આકર્ષણ કરે છે. જાહેરખબરમાં જ્યાં સ્ત્રીઓનાં ચિત્રોની જરૂર ન હોય ત્યાં સ્ત્રીઓનાં ચિત્રો મૂકવામાં આવે છે. તેથી માણસોની લાગણીને અસર થાય છે અને તેમની વિચારશક્તિ મંદ પડી જાય છે.

આવી દશાથી બચવા માટે તરત નિર્ણય કરવો નહિ પણ વિચાર કરવો. તંત્રમાર્ગ અથવા વામમાર્ગમાં પોતાનું ચાવેલું પાન અથવા

ગુલાબનું ફૂલ અથવા પ્રસાદ એક માણસ બીજાને આપે છે. બીજો માણસ પૂર્ણપણે તે સ્વીકારે તો પહેલા માણસની વાતો સ્વીકારવાની પણ મરજી થાય છે. જે માણસને વારંવાર મળવાનું થાય છે તેને ભૂલી શકાતો નથી, તેમ જે વિચારો વારંવાર આવે છે તે ભૂલી શકાતા નથી. તેથી તે બાબતો ઉપર બરાબર વિચાર કરવાની જરૂર છે. સ્વપ્નમાં કોઈ માણસને બે વાર જોયો અથવા કોઈ બનાવને બે વાર જોયો એટલે પછી સ્વપ્નું ખોટું લાગતું નથી. જાગ્રતમાં પણ એવું છે. સિનેમાની જાહેરખબરોમાં લોકોને તે વારંવાર જોવાની ઇચ્છા થાય તે રીતે મૂકવામાં આવે છે. ન્યુસપેપરોમાં પણ સિનેમાની જાહેરખબરોમાં આકર્ષક ચિત્રો મૂકવામાં આવે છે. આ બધી લોકોને આકર્ષણ કરવાની રીત છે.

પ્રકરણ–૩

પ્રાચીન કાળના ચમત્કારો

પહેલાંના કાળમાં બ્રાહ્મણો, ઋષિમુનિઓ તથા જ્ઞાનીપુરુષો સિદ્ધિઓ અને ચમત્કારો બતાવી શકતા હતા. તે પછી તેમની સત્તા ઘટી અને ક્ષત્રિયોની સત્તા વધી ત્યારે ક્ષત્રિયોમાં મનોબળ વધ્યું હતું. હાલના કાળમાં વેપારીઓમાં મનોબળ જોવામાં આવે છે પણ તેમની સત્તા ઘટવા માંડી છે અને મજૂરોના ભાગ્યોદયનો વખત આવેલ છે. છતાં સમજવું જોઈએ કે વૈદિક કાળમાં બ્રાહ્મણોનું જોર હતું અને તેનો હેતુ સમાજને આત્મજ્ઞાન તરફ લઈ જવાનો હતો. તે પછીની જે સત્તા અનુક્રમે ક્ષત્રિયો, વૈશ્યો અને મજૂરોના હાથમાં આવી તેનો હેતુ સમાજને સંસારના સુખની સગવડ આપવાનો છે.

આ ફેરફાર ઘણા માણસો જોઈ શકતા નથી. તેઓ સ્વતંત્ર રીતે વિચાર કરી શકતા નથી. તેથી કોઈ નેતા તેમને જે રસ્તે ઘસડી લઈ જવા માગે છે તે દિશામાં તેઓ ઘસડાઈ જાય છે. દરેક પ્રકારના નેતામાં કોઈ દિવ્ય શક્તિનો સંબંધ રહેલો હોય છે. તેને લઈને તે સમાજના ઘણા માણસો ઉપર અસર કરી શકે છે. વળી, જેઓની અંદર દિવ્ય શક્તિનો સંબંધ રહે છે તેઓની પાસે પોતે જે શક્તિ વાપરે છે તે કરતાં વધારે શક્તિનો ભંડાર રહેલો હોય છે; પણ જો તેમનામાં અહંકાર આવી જાય તો તેમનામાં રહેલી દિવ્ય શક્તિ મર્યાદિત બની જાય છે અને તે કામ કરી શકતી નથી. જ્યારે દિવ્ય શક્તિ કામ કરી શકતી નથી ત્યારે માયાશક્તિ કામ કરે છે. મહાત્માઓ અભિમાન રાખતા નથી પણ દિવ્ય શક્તિનો સંબંધ જ્ઞાનપૂર્વક રાખે છે. તે ઉપરાંત જેને જગતમાં કંઈ કામ કરી બતાવવું છે તેનામાં ઈચ્છા પણ જોઈએ. જ્ઞાન સારું હોય પણ ઈચ્છા ન હોય તો સિદ્ધિ આવતી નથી જ્ઞાનથી મોક્ષ મળશે પણ સિદ્ધિ માટે કાંઈક ઈચ્છાની જરૂર રહે છે. તે ઈચ્છા મોક્ષમાં વિઘ્નરૂપ છે પણ સંસારના કામમાં ઉપયોગી છે. જ્યારે કોઈ પણ જાતની ઈચ્છા ઉત્પન્ન થાય ત્યારે તે માયાનું રૂપ લે છે, અને પછી માયામાં રહેલ પુરુષ કાર્ય–કારણ ભાવ અને કર્તાપણાથી બંધાઈ જાય છે. તેમાં ફેર એટલો છે કે ભગવાનના સ્વરૂપમાં માયાનો અંશ બહુ થોડો છે તેથી તેને બંધન લાગતું નથી અને જીવમાં માયાનો અંશ (ઈચ્છાનો અંશ) વધારે હોય છે તેથી જીવ માયામાં બંધાઈ જાય છે.

શ્રીમદ્ભાગવતમાં કહેલ છે કે સૃષ્ટિની પહેલાં બધું જગત એક માત્ર ભગવાનનું રૂપ હતું. તે વખતે સંપૂર્ણ જીવોના આત્મસ્વરૂપ તે વ્યાપક પરમાત્માને એકલા રહેવાની ઈચ્છા હોવાથી ઘણા રૂપમાં દેખાતા નહોતા, તે વખતે એક માત્ર પ્રકાશમાન સાક્ષીસ્વરૂપ પરમાત્માએ પોતા સિવાય બીજા કોઈ અન્ય દૃશ્યને જોયું નહિ તેથી પોતાની માયાશક્તિથી લીન અને જ્ઞાનશક્તિથી જાગ્રત રહેવાથી (અહંકાર પણ ન મળવાથી) તેમણે પોતાને અસત્ જેવા માન્યા. આ જ પ્રભુની સત્–અસત્રૂપ માયાશક્તિ છે કે જેના દ્વારા ભગવાને આ સંપૂર્ણ જગતની રચના કરેલ છે (ભાગવત–૩–૫–૨૫). ભગવાન જ્ઞાનશક્તિને લુપ્ત રાખીને માયાશક્તિને જાગ્રત કરે એ એક પ્રકારનો યજ્ઞ છે અને માયાશક્તિને લુપ્ત કરીને જ્ઞાનશક્તિને જાગ્રત કરે તે બીજા પ્રકારનો યજ્ઞ છે. એક પ્રકારના યજ્ઞથી સૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને બીજા પ્રકારના યજ્ઞથી જ્ઞાન ઉત્પન્ન થાય છે.

જીવને પણ ઘણીવાર એકલા ગમતું નથી, ત્યારે કાંઈ કર્મ કરવાની ઈચ્છા થાય છે. જ્યારે કર્મ કરવાની ઈચ્છા થાય છે ત્યારે કાળ ઉત્પન્ન થાય છે. હાલનું સાયન્સ પણ કહે છે કે There can be no time without events. એટલે કંઈક બનાવ બને ત્યારે કાળ ઉત્પન્ન થાય છે. તેથી ભગવાને કાળ, કર્મ અને સ્વભાવનો સ્વીકાર કર્યો. કાળથી તેની મૂળ પ્રકૃતિમાં ક્ષોભ થયો, સ્વભાવથી પરિણામ થયું અને કર્મથી મહત્તત્ત્વ થયું. એ મહત્તત્ત્વને વિજ્ઞાનમય કોશ કહે છે. તે મહત્તત્ત્વમાંથી ત્રણ પ્રકારનો અહંકાર થયો. તેમાંથી સાત્ત્વિક અહંકાર જ્ઞાનરૂપ અથવા દેવરૂપ અથવા તેજરૂપ રહ્યો. રાજસ અહંકારમાંથી ઇંદ્રિયો થઈ અને તામસ અહંકારમાંથી પંચતન્માત્રાઓ અને પંચ મહાભૂત થયાં. સ્વપ્નમાં એક પુરુષમાંથી જ્ઞાન, ઈચ્છા, ક્રિયા, દ્રષ્ટા, દૃશ્ય વગેરે કેવી રીતે બની જાય છે તે જાણવું હોય તો ઉપરની રીત યાદ રાખવી, સ્વપ્નમાં કાંઈક ઈચ્છા થાય કે તરત આત્માનું શુદ્ધ જ્ઞાન પોતાની મૂળ પ્રકૃતિ છોડીને વિજ્ઞાન-(મહત્તત્ત્વ)નું સ્વરૂપ ધારણ કરે છે. પછી તેમાંથી ત્રણ પ્રકારનો અહંકાર નીકળે છે અને તે પ્રમાતા, પ્રમાણ અને પ્રમેયનું રૂપ ધારણ

કરે છે. જાગ્રતમાં પણ કાંઇક ઇચ્છા થઇ એટલે વિજ્ઞાન તૈયાર થઇ ગયું. તેમાંથી અંતઃકરણ થાય છે, અને તેમાંથી વૃત્તિ–અવચ્છિન્ન ચેતનરૂપ પ્રમાણ અને વિષય–અવચ્છિન્ન ચેતનરૂપ પ્રમેય થાય છે.

આવી રીતે એક જ અંતઃકરણના કર્મથી ત્રણ ભાગ થાય છે અને તેની સાથે જ દેશ અને કાળ ઉત્પન્ન થઇને જીવનું ક્ષેત્ર અથવા જીવની જાગ્રત દશા બંધાય છે. જેવું સ્વપ્નમાં બને છે તેવું જાગ્રતમાં બને છે.

શ્રીમદ્ભાગવતના ત્રીજા સ્કંધમાં સાતમા અધ્યાયમાં વિદુરજી મૈત્રેય મુનિને પૂછે છે કે (૩–૭–૨) ભગવાન તો ચિન્માત્ર છે અને અવિકારી છે, તેની સાથે લીલાથી પણ આવા ગુણ અને ક્રિયાનો સંબંધ શી રીતે થઇ શકે? તેના જવાબમાં મૈત્રેય મુનિ કહે છે કે એ એક પ્રકારની સ્વપ્નાના જેવી માયા છે. જ્યારે સંપૂર્ણ ઇંદ્રિયો વિષયોથી ઉપરામ થઇ જાય ત્યારે તે માયા શ્રીહરિમાં લીન થઇ જાય છે. ભગવાનમાં ઇચ્છા નથી પણ જીવોના કર્મથી જીવોનો જન્મ થવાનો હોય ત્યારે બ્રહ્મમાં તે નિમિત્તને લઇને માયાનો સંચાર થાય છે. તે જ પ્રમાણે ભગવાન સામાન્ય રીતે અવતાર લે નહિ પણ બ્રહ્મા અથવા કોઇ જીવ ભગવાનને પ્રાર્થના કરે ત્યારે તે માયાનો આધાર લઇને ભગવાન મદદ કરવા આવે. જ્યાં કોઇ પણ જાતની ઇચ્છા નથી ત્યાં સૃષ્ટિની ઉત્પત્તિનો પ્રશ્ન નથી. જ્યાં રાગદ્વેષ નથી ત્યાં અનસૂયાનું રાજ્ય છે અને તે બ્રહ્મા વિષ્ણુ અને મહેશને બાળક બનાવી દે છે. કોઇ પણ જાતની ઇચ્છા ન થવી એ પણ એક જાતની સિદ્ધિ છે. તેનાથી મોક્ષ મળે છે. તેમાં ચિત્તની વિશાળતા થાય છે અને ઇચ્છા થવાથી અને તપથી એકાગ્રતા થાય તેનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. તે જીવને માયાનો ભોગ આપે છે.

ઇચ્છા ઉત્પન્ન થયા પછી જે વસ્તુ જોઇએ તેનું સ્પષ્ટ ચિત્ર મનની પાસે લાવવું જોઇએ. તે પછી તે ચીજ પ્રાપ્ત થાય છે. જો કોઇ માણસને અસર કરવી હોય તોપણ તેનું ચિત્ર બરાબર આપણા મન પાસે ખડું કરવું જોઇએ અને આપણા જીવને તેની નજીક મૂકવો જોઇએ, વળી તેમાં કોઇ જાતની બીક ન જોઇએ. બીકવાળો માણસ પોતાને તામસિક (Inertia) સ્થિતિમાં મૂકી દે છે, તેથી તેના ઉપર બીજાની અસર થઇ જાય છે.

પ્રાચીન કાળમાં આર્યો પર્વતની, નદીની અને સૂર્ય તથા ચંદ્રની પણ પ્રાર્થના કરતા હતા. બધામાં ચેતન રહેલું છે એવું તેમનું જ્ઞાન હતું. મેઘરાજાની પ્રાર્થના કરવાથી અને યજ્ઞ કરવાથી તેઓને વખતસર જોઇએ તેટલો વરસાદ પણ મળતો હતો. લગભગ ૩૦ વર્ષ પહેલાં મુંબઇમાં એક યોગી આવેલા હતા. વરસાદનાં ચિહ્ન ન હોય ત્યારે પણ વરસાદ લાવવાની તેમનામાં શક્તિ હતી અને તે પ્રયોગ તેમણે મુંબઇમાં કરી બતાવ્યો હતો. હાલના કાળમાં મેઘરાજા માટે યજ્ઞો ઓછા થઇ ગયા છે અને વિમાનોથી પણ હવામાં ફેર પડી જતો હશે, તેથી વરસાદ જોઇએ તેટલો નિયમસર આવતો નથી.

જેમ પશુ–પક્ષીના જીવનમાં અમુક નિયમો છે, માણસના જીવનમાં અમુક નિયમો છે તેમ યોગીના જીવનમાં અને દૈવી જીવનમાં પણ નિયમો છે. જે માણસ જે દશામાં ચડી શકે છે તેને તે દશાનો લાભ મળે છે. આ બાબત સામાન્ય માણસોને સમજાતી નથી તેથી સિદ્ધિઓ માટે અને ચમત્કારો માટે નીચે પ્રમાણે મત ચાલ્યા કરે છે.

૧. જડવાદીઓ એમ માને છે કે સિદ્ધિઓ કે ચમત્કારો જેવું કાંઇ છે જ નહિ.

૨. કેટલાક ભગવાનનું અસ્તિત્વ માને છે પણ ચમત્કારમાં માનતા નથી.

૩. કેટલાક ભગવાનમાં માનતા નથી પણ ચમત્કારોમાં માને છે.

૪. પ્રાર્થનાથી કેટલાક રોગ ચમત્કારી રીતે મટે છે.

વેદના પ્રાચીન સાહિત્યમાં દેવોમાં શક્તિ માનેલી છે અને મંત્રોદ્વારા દેવોને પ્રસન્ન કરીને શક્તિ મેળવવાની કળા તે વખતના આર્યો જાણતા હતા. ખાસ કરીને અગ્નિ, મિત્ર, વરુણ, અને ઈંદ્રને પ્રસન્ન કરવા માટે ઘણા મંત્રો વેદની અંદર છે. તેમાં ઘણી પ્રાર્થના અગ્નિ માટે છે. યોગીઓને અને ભક્તોને પોતાના હૃદયમાં એક જાતનું તેજ જોવામાં આવે છે, તેને પણ અગ્નિ માનીને તેના દ્વારા કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. તેજની અંદર કેટલી શક્તિ છે તે સ્વપ્નામાં રહેલ તેજસ જીવની કલ્પના ઉપરથી ખબર પડે છે. તેજથી વિજળી ચાલે છે. સિનેમા અને રેડીઓ તથા ટેલિફોન, ટેલિગ્રામનો ઉપયોગ થાય છે અને એટમ–બોમ્બ વગેરે પણ તેજના પદાર્થો છે. આ કારણને લઈને અગ્નિની મદદ માટે વેદમાં ઘણા મંત્રો રાખેલ હોય તેવું લાગે છે. છતાં અગ્નિ, વાયુ અને ઈંદ્ર કરતાં વધારે શક્તિ બ્રહ્મમાં છે, એવું કેન ઉપનિષદની છેવટની કથા ઉપરથી જાણી શકાય છે.

મંત્રમાં અને પ્રાર્થનામાં થોડોક ફેર છે. મંત્ર ગુપ્ત રાખવામાં આવે છે અને જે માણસ બોલતો હોય તે બીજાને સ્પષ્ટ સંભળાય નહિ તેવી રીતે બોલે છે; પણ યજ્ઞ વખતે મંત્રો સ્પષ્ટ બોલાય છે. પ્રાર્થના હંમેશાં સ્પષ્ટ હોય છે અને બીજા માણસો જાણે તોપણ તેથી કાંઈ હરકત આવતી નથી. પ્રાર્થનાથી જીવ–ઈશ્વરનો સંબંધ ગાઢ બનતો જાય છે. મંત્રો ઘણે ભાગે દેવોને ખુશી કરવા માટે અને

કંઈક સિદ્ધિ મેળવવા માટે વપરાય છે. મ. ગાંધીજી પ્રાર્થનાનો ઉપયોગ કરતા હતા.

વેદમાં કહેલું છે કે પર્વતોને પાંખો હતી, તેથી એક જગ્યાએથી ઊડીને બીજે જતા હતા, તેથી ઘણા માણસો કચરાઈ જતા હતા. તેથી તેઓ ઈંદ્રને પ્રાર્થના કરતા હતા અને ઈન્દ્ર એ પર્વતની પાંખો કાપી નાંખતો હતો. અહીં આ બાબત અધ્યાત્મભાવે સમજવાની ટેવ પાડીએ તો પર્વતો એટલે વિઘ્નો સમજવાં અને વિઘ્નો તથા મુશ્કેલીઓમાં એવી પાંખો હોય છે કે માણસે ધાર્યું ન હોય તે દિશામાંથી વિઘ્ન આવી પડે છે. તેથી દેવોની પ્રાર્થના કરવી પડે છે કે જેથી તે વિઘ્નોમાંથી બચાવે.[૧]

ઈન્દ્ર સૂર્યને ઉત્પન્ન કરે છે, ઉષાને ઉત્પન્ન કરે છે અને સ્વર્ગને ધારણ કરે છે. ઈંદ્ર વૃત્રાસુરરૂપી અંધારાને મારે છે. એ કથા ભાગવતના છઠ્ઠા સ્કંધમાં આપવામાં આવેલ છે. અહીં સૂર્ય અને ઉષાનો અર્થ જ્ઞાન થઈ શકે છે અને સ્વર્ગ એ નવા સુખનું સ્થાન છે એવો અર્થ પણ થઈ શકે છે.

વેદના એક મંત્રમાં એમ કહેલ છે કે સૂર્ય જ્યારે સ્વર્ભાનુ-નામના દૈત્યથી ઢંકાયેલો હતો ત્યારે અત્રિ સૂર્યને શોધી લાવ્યા હતા. અહીં સમજવાનું એ છે કે જ્યારે જ્ઞાન વૈખરી વાણીમાં દબાઈ જાય છે ત્યારે જો ત્રણ ગુણથી રહિત અત્રિની દશા આવે તો જ્ઞાન ફરીથી પ્રાપ્ત થાય છે.

ઈન્દ્રની અંદર લંગડાને ચાલતા કરવાની અને આંધળાને દેખતા કરવાની શક્તિ હતી. અશ્વિનીકુમારોએ ચ્યવન ઋષિને

૧. આવા આધ્યાત્મિક અર્થનાં વેદનું રહસ્ય જેને જાણવાની ઈચ્છા હોય તેમને શ્રી અરવિંદના લેખો Secret of the Vedas વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

વૃદ્ધાવસ્થા મટાડીને જુવાની આપી હતી. સાવિત્રીએ યમરાજા પાસેથી સત્યવાનનો જીવ પાછો મેળવ્યો હતો, અનસૂયાએ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને બાળક બનાવી દીધા હતા. એવી એવી ઘણી સિદ્ધિઓનાં વર્ણન વેદમાં, પુરાણોમાં અને મહાભારત તથા રામાયણમાં આવે છે. જ્યારે માણસ મનોમય કોશમાંથી વિજ્ઞાનમય કોશમાં આવે છે ત્યારે તેનામાં મહત્તત્ત્વ આવે છે. ત્યાં નવા ધર્મ ઉત્પન્ન થાય છે. બધા દેવોનો રાજા ઇન્દ્ર છે. દેવત્વ શબ્દ દ્યુતિ અથવા તેજનું સૂચક છે. તેથી જ્યારે કોઇ પણ માણસની દૃષ્ટિમાં, હૃદયમાં અથવા બહાર તેજ જોવામાં આવે ત્યારે તે તેજમાંથી સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે. તેથી અમુક માણસ તેજસ્વી છે એમ પણ કહેવામાં આવે છે. સદ્‌ગુણી માણસ અને મનોબળવાળો માણસ પણ તેજસ્વી થઇ શકે છે.

દરેક માણસની આસપાસ તેજ રહેલું હોય છે. તે તેજ જોઇ શકાય તો તેમાંથી તેનો સ્વભાવ કેવો છે તેની ખબર પડે છે. તેને અંગ્રેજીમાં Human Aura પણ કહે છે. માણસની આસપાસ રહેલ તેજ જોવાની શક્તિ પણ કોઇ યોગીમાં હોય છે. એ શક્તિ પ્રાપ્ત કરવા માટે એક કાળા પડદાની આગળ કોઇ માણસ રાખો. ધીરે ધીરે તેની આસપાસ તેજ જોવામાં આવશે. આકાશી રંગનું તેજ હોય તો તે સત્ત્વગુણ બતાવે છે. પીળો રંગ તમોગુણ અને લાલ રંગ રજોગુણ બતાવે છે.

હિંદમાં જેમ જ્ઞાની પુરુષો મળી શકે છે તેમ કોઇ જગ્યાએ, તપસ્વી, યોગી અને સિદ્ધ પુરુષો પણ મળી શકે છે પણ તેમની સંખ્યા ઓછી થતી જાય છે. તેમનું બી ઓછું થતું જાય છે, કારણ કે હવે એવાં તપસ્વી માબાપ રહેલ નથી. તપસ્વી માબાપને માટે પણ

તપસ્વી માબાપ જોઇએ. ઋગ્વેદના શતપથ બ્રાહ્મણમાં ચ્યવન મુનિને અશ્વિનીકુમારોએ કેવી રીતે જુવાન બનાવ્યા તેની હકીકત છે. કોઇ જગ્યાએ કોઇ ઋષિના આશીર્વાદથી કેટલાકને સારા પુત્રો મળેલા છે. પુત્રેષ્ટિ યજ્ઞ કરનાર બરાબર યજ્ઞ કરે તો તે દ્વારા પણ સારા પુત્રો પ્રાપ્ત થાય છે. દશરથ રાજાએ શૃંગી ઋષિ પાસે પુત્રેષ્ટિ યજ્ઞ કરાવ્યો હતો. ઘણા ચમત્કારો અગ્નિદ્વારા અથવા તેજદ્વારા પ્રાપ્ત થાય છે. તેથી ઇંદ્રની અને દેવોની વાતો વેદમાં વધારે પ્રમાણમાં આવે છે. એકવાર ઇન્દ્રે દધ્યઙ્ ઋષિને પ્રવર્ગ્યવિદ્યા અને મધુવિદ્યા આપી અને કહ્યું કે જો તમે કોઇને આ વિદ્યા શીખડાવશો તો તમારું માથું કાપી નાંખવામાં આવશે. થોડા વખત પછી અશ્વિનીકુમારો દધ્યઙ્ ઋષિ પાસે આવ્યા અને મધુવિદ્યા માગી. દધ્યઙ્ ઋષિએ પોતાની મુશ્કેલી કહી. અશ્વિનીકુમારોએ તેમનું માથું કાપીને ત્યાં ઘોડાનું માથું જોડી દીધું. તે મસ્તકથી તે ઋષિએ તે વિદ્યા અશ્વિની-કુમારોને ભણાવી. તેથી ઇંદ્રને ગુસ્સો ચડયો અને તેણે દધ્યઙ્‌નું ઘોડાનું માથું કાપી નાંખ્યું. તે પછી અશ્વિનીકુમારો ત્યાં આવ્યા અને તેમનું પહેલાનું માણસનું માથું જોડી દીધું. આવું બધું તેજની શક્તિથી બની શકે છે. કેટલાક મહાત્માઓ એવી શક્તિથી મડદાંને જીવતાં કરી શકે છે. જ્યારે શરીર મરી જાય છે ત્યારે તે ઠંડું પડી જાય છે. તેમાં કોઇ જરૂર પડતી ગરમી આપી શકે તો તે જીવતું થઇને કામ કરવા મંડી જાય છે. બધો આધાર તેજ ઉપર અને ગરમી ઉપર છે. વૃદ્ધ માણસો પણ વૃદ્ધાવસ્થામાં અન્ન પચવા માટે કાંઇક ગરમ દવા ખાય તો વૃદ્ધાવસ્થા લાગશે નહિ. રેડિયોમાં તેજના ઘર્ષણથી અવાજ નીકળે છે, અને હવે રેડિયોમાં રૂપ પણ (Television)થી બતાવવામાં આવશે. તે પછી રેડિઓમાં સુગંધ આપવાની પણ સાયન્સવાળા આશા રાખે છે. સ્વપ્નાનો જીવ તેજસ્

છે. તેમાંથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ પાંચે ઉત્પન્ન થાય છે અને જાગ્રતના સ્થૂલ તેજમાંથી (રેડિઓદ્વારા) શબ્દ અને રૂપ આપી શકાય છે તો બાકીની ત્રણ ઇંદ્રિયોના ભોગ પણ કદાચ આપી શકાશે તેવું માણસોને લાગે છે, એટલે બ્રોડકાસ્ટીંગ સ્ટેશને સંચામાં સુગંધ મૂકવામાં આવે તો જેને ઘેર રેડિઓ રીસીવર હોય તે સુગંધ પણ લઇ શકશે એવી માન્યતા શરૂ થએલ છે.

જ્યારે કલિયુગને અંતે કલ્કિ ભગવાનનો અવતાર થશે ત્યારે તે દેવદત્તનામના ઘોડા ઉપર બેસીને શુદ્ર જેવા થઇ ગયેલા રાજાઓને મારશે એમ ભાગવતના બારમા સ્કંધમાં લખેલ છે. આંહીં દેવદત્તનો અર્થ કરીએ તો દ્યુતિ એટલે તેજનો ઘોડો એટલે એટમ–બોમ્બ એવો અર્થ થઇ શકે છે, તેનાથી શુદ્ર જેવા મજૂરોના રાજ્યના પ્રધાનો કે જે પ્રજાજનોને મજૂરો જેવા બનાવવા માગે છે અને જે જ્ઞાન કરતાં મજૂરીની કિંમત વધારે માને છે તેવા રાજ્યકર્તાને કલ્કિ ભગવાન મારશે. પછી ભગવાનના શરીરમાંથી એક પ્રકારની સુગંધી નીકળશે. તે વાયુમાં ફેલાશે, તે સુગંધી બાકી જીવતી રહેલી પ્રજાના પ્રાણમાં થઇને શરીરની અંદર જશે, તેની અસરથી માણસોનાં શરીર સાત્ત્વિક થશે. તે પછી સ્ત્રી પુરુષોના સંબંધથી બધી પ્રજા સાત્ત્વિક થશે અને સત્યયુગનો આરંભ થશે. એવું શ્રીમદ્‌ભાગવતમાં લખેલ છે. તે વખતે હિમાલયમાં રહેલ બે મહાત્માઓ મરુ અને દેવાપિ પ્રગટ થશે અને પ્રજામાં વર્ણાશ્રમ–ધર્મ ફેલાવશે. વર્ણાશ્રમ ધર્મ પાળ્યા વગર માણસનું સારું બી ટકી શકે નહિ. જો ગમે તે માણસ ગમે તેને પરણી લે તો માણસનું બી સારું રહી શકે નહિ. ઘોડાની શરતવાળાઓ ઘોડાને કોઇ નબળા બાંધાની ઘોડી સાથે સંબંધ કરવા આપતા નથી. તેને માટે પણ યોગ્ય સંબંધ પસંદ કરવામાં આવે છે.

અશ્વિનીકુમારોનો રથ ગધેડા હાંકે છે. શીતલા માતાનું વાહન પણ ગધેડો છે. તેનું કારણ એમ લાગે છે કે ગધેડીના દૂધથી શીતલાનો રોગ મટે છે અને વધારે શોધ થાય તો તેનાથી બીજા રોગ પણ મટતા હશે એવું અનુમાન થાય છે. ગધેડીના દૂધમાં અમુક પ્રકારની ગરમી રહેતી હશે, કોઇ પણ રીતે જરૂર પડતું તેજ અને જરૂર પડતી ગરમી જાળવી રાખવાની જરૂર છે.

વિશ્વામિત્ર મુનિને ગાયત્રીની ઉપાસના હતી. તે ઉપાસનાથી તેનામાં તેજ આવ્યું હતું અને તેમણે નદીઓની ગતિ રોકી રાખી હતી. વસુદેવજી રાત્રે શ્રીકૃષ્ણને લઇને ગોકુલ ગયા હતા ત્યારે જમનાજીએ તેમને રસ્તો આપ્યો હતો. વસિષ્ઠ મુનિએ પણ ઇન્દ્રની મદદથી નદીઓનો પ્રવાહ રોક્યો હતો. જ્યાં જ્યાં ઇન્દ્રની મદદની વાત આવે ત્યાં યોગીને હૃદયાકાશમાં જે તેજનો અનુભવ થાય છે. તે તેજ પણ ઇન્દ્રને બદલે ઉપયોગમાં લઇ શકાય છે. એવા તેજની મદદથી બીજા વિશ્વયુદ્ધમાં શ્રી અરવિંદે અંગ્રેજોને અને સ્ટેલીનને મદદ કરી હતી. વીજળીના દીવાની માફક જ્યારે જોઇએ ત્યારે તેજ મળે અને ન જોઇએ ત્યારે બટન દબાવવાથી અદૃશ્ય થાય એવું બહુ થોડા યોગીઓ કરી શકે છે. તેમાં લાભ છે તેમ જ ગેરલાભ પણ છે. જો યોગીઓ એ તેજની ગતિ સહન ન કરી શકે તો તેના શરીરમાં અને મનમાં વિકાર પણ થાય છે. એ તેજની મદદથી જેમ સાવિત્રી સત્યવાનનો પ્રાણ પાછો લાવી શકી તેમ શ્રી અરવિંદની ઇચ્છા પોતાનું આયુષ્ય લાંબું કરવાની હતી, પણ તે ઇચ્છા પૂરી થઇ શકી નહિ. શ્વેતાશ્વતર ઉપનિષદ્‌માં એવું પ્રમાણ છે કે જે યોગીનું અગ્નિમય શરીર થાય છે, તેનાથી વૃદ્ધાવસ્થા અટકે છે, રોગ અટકે છે અને મૃત્યુ પણ અટકે છે, પણ એ તેજ કાબૂમાં રહેવું જોઇએ.

પ્રકરણ–૪

વર્તમાનકાળના ચમત્કારો

જ્યાંસુધી દ્રષ્ટા અને દૃશ્ય વચ્ચે સંબંધ ઉત્પન્ન થતા નથી ત્યાંસુધી કોઇ સિદ્ધિ કે ચમત્કાર જોવામાં આવતાં નથી. સિદ્ધિના પ્રકાર માયાની અંદર બને છે, બ્રહ્મની અંદર બનતા નથી. કારણ કે બ્રહ્મની અંદર દ્રષ્ટા–દૃશ્યના ભેદ રહેતા નથી.

એક ખેડૂતે એક દાક્તરને કહ્યું કે મને રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીમાં ભયંકર અવાજ સંભળાય છે અને જાણે કે કોઇ મને લોઢાના હથોડા મારતું હોય તેવું લાગે છે. દાક્તરે તેને પૂછ્યું કે તારો કોઇ દુશ્મન છે? ખેડૂતે કહ્યું કે અમુક લુહાર મારી પાસે પૈસા માગે છે, તે કદાચ મારા શત્રુ તરીકે કામ કરતો હોય. તે દાક્તરે ખેડૂતને બીજે દિવસે આવવા માટે કહ્યું. પછી તે દાક્તર તે લુહાર પાસે ગયો અને લુહારને પૂછ્યું કે, "તું રાત્રે દશથી બાર વાગ્યા સુધીમાં કાંઇ કામ કરે છે?" તે લુહારે કહ્યું કે, "હું તે વખતે એક લોઢાનો હથોડો પછાડું છું. તે વખતે મને મારો દેણીઆત એક ખેડૂત યાદ આવે છે. તેણે મારા પૈસા આપ્યા નથી તેથી આ મારો અવાજ તેને વિઘ્ન કરે એવી હું ઇચ્છા રાખું છું." તે દાક્તરે તેના લેણા પૈસા તે લુહારને આપી દીધા. તે દિવસથી તેણે હથોડો પછાડવાનું બંધ કર્યું અને તે ખેડૂતની બીક પણ શાંત થઇ ગઇ. આવા બનાવમાં એક માણસનું મનોબળ અને બીજાની અંદરની બીક એ બંને ભેગાં થઇને સિદ્ધિનું કામ કરે છે. એવી જ રીતે કોઇ ગુરુ કોઇ શિષ્યને દૂરથી ઉપદેશ પણ આપી શકે છે. આત્મા સર્વવ્યાપક હોવાથી તેમાં દૂરપણું નથી. તેથી જ્યારે કોઇ શિષ્ય પોતાના ગુરુની મૂર્તિનું બરાબર ધ્યાન

કરીને પોતાને તેની હાજરીમાં મૂકે અને તે જ વખતે ગુરુ શિષ્યનું રૂપ પોતાની નજર પાસે રાખી તેને ઉપદેશ આપે તો તે ઉપદેશ શિષ્યને લાગે છે.

એક માણસને પોતાની દીકરીનું સગપણ અમુક માણસની સાથે કરવું હતું, પણ પરણનાર માણસ ઘણી કન્યાઓ જોવામાં રોકાઇ ગયો હતો અને પેલાની દીકરી તેને પસંદ આવે તેવી નહોતી. પણ તે માણસે એવું મનોબળ વાપર્યું અને મનમાં એવું દૃશ્ય ઉત્પન્ન કર્યું કે જાણે સગપણ માટે નીકળેલો માણસ તેને ઘેર આવ્યો છે અને તેની દીકરીની માગણી કરે છે. તેનું પરિણામ એ આવ્યું કે તે માણસે તેની જ દીકરી પસંદ કરી અને ત્યાં જ તેનું સગપણ થયું.

જે માણસની ઇચ્છા ખરાબ અસરમાંથી બચવાની હોય તેણે પોતે શક્તિવાળો માણસ છે એવી માન્યતા રાખવી જ જોઇએ. પછી પોતાની આસપાસ બ્લ્યું રંગનું તેજ જોવું, એ તેજ બીજાના ખરાબ સંસ્કાર ઉઠાવી દેશે એવી ભાવના મજબૂત રાખવી. કોઇ પણ કામ ઉતાવળથી કરવાની ટેવ ન રાખવી, પણ ધીરજ રાખી વિચારપૂર્વક કામ કરવાથી તે સફળ થાય છે. કોઇ ખોટા વિચાર કાઢવા હોય તો તેનું ચિત્ર મનમાં લાવી તેને હઠાવી દેવું. બ્રહ્મચર્ય પાળવું હોય અને સ્ત્રીના વિચાર આવે તો સ્ત્રીના ચિત્ર ઉપર મનથી ચોકડી મારવી એટલે બ્રહ્મચર્ય પાળવાની શક્તિ આવી જશે.

કોઇ પણ વસ્તુ જોઇએ અથવા કોઇ પણ પ્રકારનું જ્ઞાન જોઇએ તો તેની ઇચ્છા રાખીને તેનું ચિત્ર મનમાં ધારણ કરી રાખવાથી પણ તે વસ્તુ મળી જશે અને તે જાતનું જ્ઞાન આપનાર માણસ અથવા તે પુસ્તક મળી જશે. તરત ફળ ન આવે તોપણ એ જાતનું ચિત્ર વારંવાર મન પાસે ખડું રાખવું. જે માણસ બીજાને નુકશાન કરવા

માગે છે તે નબળા મનવાળો રહે છે. તેના ઉપર બીજાની અસર બહુ થાય છે.

સારા કારીગરો પહેલાં પોતાના કામનો પ્લાન તૈયાર કરે છે. એવી તૈયારી કરવામાં જ તેમના કામની સફળતા શરૂ થાય છે. જેવું મનનું બીબું હોય છે તેવો આકાર મન ધારણ કરે છે અને જેવો આકાર મન ધારણ કરે છે તેવો બનાવ બનવા લાગે છે.

કેટલાક યોગીઓ જમીનમાં કેરીનો ગોટલો વાવે છે, તેમાંથી તરત આંબો થાય છે, તે આંબા ઉપર કેરીઓ આવે છે અને તે બીજા માણસોને તરત ખવરાવી શકે છે. આવી બાબતોમાં ગોટલાને જરૂર પડતું પાણી અને જરૂર પડતી ગરમીની જરૂર પડે છે. એટલું તરત આપવાની જેનામાં શક્તિ હોય તે તરત આંબો તૈયાર કરી શકે છે. બુદ્ધે એકવાર એવું કરી બતાવ્યું હતું અને આપણા દેશમાં કેટલાક સાધુઓ પણ કરી શકે છે.

બુદ્ધને મુસાફરી વખતે પાણીની તરસ લાગી હતી. તેણે પોતાના શિષ્ય આનંદને કહ્યું કે નદીમાંથી પાણી ભરી લાવ. શિષ્યે તપાસ કરી તો નદીમાંથી તે વખતે ૫૦૦ ગાડાં પસાર થયાં હતાં અને નદીનું પાણી મેલું થઇ ગયું હતું. તે છતાં ફરીથી બુદ્ધે તેને કહ્યું કે પાણી લાવ. ફરીથી તે શિષ્ય ત્યાં ગયો તો પાણી નિર્મળ દેખાયું અને તે નદીમાંથી પાણી લઇ આવ્યો. કોઇ વાર બુદ્ધિની શક્તિના એવા ચમત્કાર જોવામાં આવતા હતા કે થોડા માણસની રસોઇમાંથી ઘણા માણસોને જમાડી શકતા હતા. હાલના કાળમાં પણ એવી સિદ્ધિ કેટલાક મહાત્માઓમાં જોવામાં આવે છે. જડપદાર્થમાં કાંઇ સત્તા નથી એવું જેઓ માને છે તેઓ આવી સિદ્ધિ બતાવી શકે છે તેમની પાસે જડ ચેતન જેવું કામ કરે છે. દ્રૌપદી પણ તેના અક્ષયપાત્રમાંની રસોઇમાંથી ઘણાને જમાડી શકતી હતી.

એકવાર બુદ્ધ ભગવાન બિંબિસાર ગામમાં ગયા. ત્યાંનો રાજા યજ્ઞ કરતો હતો. તેમાં કેટલાંક પશુઓનો હોમ થતો હતો. બુદ્ધે ત્યાં જઇ તે રાજાને પૂછ્યું કે આ યજ્ઞમાંથી શું ફળ મળશે? રાજાએ કહ્યું કે તેનાથી સ્વર્ગ મળશે. બુદ્ધે કહ્યું કે પશુને બદલે માણસને યજ્ઞમાં હોમો તો વધારે સારું ફળ મળે કે નહિ?

રાજાએ કહ્યું કે, "એમ પણ બની શકે." બુદ્ધે કહ્યું કે "ત્યારે પશુને બદલે મારું આ શરીર તમારા યજ્ઞમાં હોમી દો એટલે તમને વધારે સારું ફળ મળશે." રાજાએ જાણ્યું કે આ કોઇ મહાત્મા છે. પછી તે બુદ્ધ છે એવી જાણ તેને મળી. તેથી રાજાએ યજ્ઞ બંધ રખાવ્યો અને બુદ્ધને ગુરુ તરીકે સ્વીકાર્યા. બુદ્ધની અંદર આવી શક્તિ અને સિદ્ધિઓ આવી હતી તેનું કારણ એ હતું કે પૂર્વજન્મમાં બુદ્ધ એક વખત જંગલમાં ફરતા હતા તે વખતે એક ભૂખી વાઘણ તેમના જોવામાં આવી. તેમણે પાસે જઇને વાઘણને કહ્યું કે, "હે મા! તું ભૂખી છે તો આ મારા શરીરને ખાઇને તારી ભૂખ દૂર કર." જે માણસ આવી રીતે પોતાના જીવનને અર્પણ કરી શકે છે તે આત્મામાં આત્માથી રહી શકે છે. મ. ગાંધીજીના ઉપવાસની અસર પણ ઘણા માણસો ઉપર થતી હતી અને અંગ્રેજ સરકારના ઉપર પણ થતી હતી.

ખાસ કરીને જ્યારે કોઇ સાધુને ચિત્તની એકાગ્રતાથી હૃદયની અંદર તેજ જોવામાં આવે છે ત્યારે તે તેજની અસરથી બીજાને સિદ્ધિઓ બતાવી શકે છે. તંત્રશાસ્ત્રમાં હૃદયના તેજના ત્રણ પ્રકાર બતાવેલા છે. પહેલાં સૂર્ય જેવું તેજ દેખાય છે, પછી ચંદ્ર જેવું અને પછી અગ્નિ જેવું. પછી તે વખતે જે સંકલ્પ થાય છે તે સિદ્ધ થવા લાગે છે. સ્થૂલ તેજની ગતિ એક સેકન્ડમાં ૧૮૬૦૦૦ માઇલની હોય છે તો હૃદયમાં જે સૂક્ષ્મ તેજનો અનુભવ થાય તેની ગતિ કેટલી

હોઇ શકે? અને જો સ્થૂલ તેજમાંથી અણુબોમ્બ જેટલી શક્તિ નીકળી શકે તો સૂક્ષ્મ તેજમાંથી કેટલી શક્તિ નીકળી શકે? એક મહાત્માને તેજનો અનુભવ હતો અને તે દ્વારા તે બીજાને અસર કરી શકતા હતા. પણ તેજનો અનુભવ થયા પછી બહુ સાવચેત રહેવાની જરૂર છે. જો તે વખતે કોઇ ખોટી ઇચ્છાઓ થવા લાગે તો તે પણ પૂરી થવા લાગે છે પણ તેથી માણસનું જીવન બગડી જાય છે. સૌરાષ્ટ્રમાં એક માણસને શ્વાસ લેતી વખતે દૂંટી પાસેથી પ્રાણ શરીરના ઉપરના ભાગમાં જતો હતો. તે વખતે તેને એક તેજનો ગોળો જોવામાં આવતો હતો અને તે દ્વારા દૂરના પ્રદેશના બનાવો તે જોઇ શકતો હતો. તેની સાથે તેની વાસના ઉપર અંકુશ નહોતો તેથી તે પરસ્ત્રીને પણ વશ કરી લેતો હતો અને અનીતિમાં પડી ગયો હતો.

સાત્ત્વિક તેજમાંથી જ્ઞાન અને ભક્તિ ઉત્પન્ન થાય છે. એક માણસમાં એવો સાત્ત્વિક ભાવ ઉત્પન્ન થયો હતો, તેને એક મૂર્તિના ચરણનો સ્પર્શ કરતાં તે ચરણ જીવતા માણસના જેવા પોચા લાગ્યા હતા અને બીજી એક મૂર્તિના દર્શન વખતે તેનામાં મૂછો જોવામાં આવી હતી. ઊંચી કોટિના સાત્ત્વિક સાધુઓ અને જ્ઞાની ભક્તોની પાસે બેસનારનો પ્રાણ અને તેનું મન ઊર્ધ્વ ગતિ કરવા માંડે છે.

વીંછી અને સર્પનાં ઝેર પણ મનોબળથી ઉતારી શકાય છે. જેને વીંછી કરડયો હોય તે જો હાથ અથવા પગમાં કરડયો હોય તો તે નીચે પછાડતા જવો અને પોતાના ઇષ્ટદેવનો મંત્ર બોલતા જવો એટલે વીંછી ઉતરી જશે. એક મુસલમાન ભક્તે પોતાના ઇષ્ટદેવનો મંત્ર એવો સિદ્ધ કરેલો હતો કે તે કોઇ પણ ઝેરી સર્પને પકડે તોપણ તેને ઝેર ચઢતું નહોતું. ખીસામાં તે એક મંત્રવાળો કાગળ તે રાખતો હતો, તેમાં લખેલું હતું કે "ખુદાના હુકમથી હું તને આજ્ઞા કરું છું કે તારે તારી શક્તિ આંહી અજમાવવી નહિ પણ મારે તાબે રહેવું." એ

કાગળ બીજો માણસ પણ પોતાના ખીસામાં રાખી ઝેરી સર્પને પકડી શકતો હતો. એક વ્યાપક આત્માની ભાવના દૃઢ થયા પછી પણ આવાં પ્રાણીઓ કરડતાં નથી. શ્રી રમણ મહર્ષિના શરીર ઉપર સર્પ ચડયો હતો પણ તેને દૂર કરવાનો પ્રયત્ન તેમણે કર્યો નહોતો. જેમને એમ લાગે છે કે બધે એક સત્તા કામ કરી રહેલ છે તેઓને આવા પ્રસંગોએ પોતાના જ્ઞાનના સત્યપણાની ખાત્રી થાય છે.

આવી રીતે જે મહાત્માઓ બધામાં એક ચૈતન્ય જોઇ શકે છે અને તે પ્રમાણે રહી શકે છે તેમને આવા ઘણા અનુભવ થાય છે. શ્રીમદ્‌ભાગવતમાં કહેલ છે કે જ્યારે દુર્વાસાએ અંબરિષ રાજાના ઉપર ક્રોધ કર્યો હતો ત્યારે અંબરિષ રાજાની રક્ષા કરનાર સુદર્શન ચક્ર દુર્વાસાની સામે થયું હતું. તેનું તેજ અસહ્ય થવાથી દુર્વાસા મુનિ કૈલાસમાં, સ્વર્ગમાં અને વૈકુંઠમાં ગયા. છેવટે વિષ્ણુ ભગવાને તેમને પાછા જઇને અંબરિષની માફી માગવાનું કહ્યું. દુર્વાસા પાછા આવ્યા અને અંબરિષને પગે લાગ્યા ત્યારે અંબરિષ રાજા સુદર્શનની સ્તુતિ કરતાં કહે છે કે, "જો મેં એકનિષ્ઠાથી ભક્તિ કરી હોય અને બધામાં પરમાત્માને જોયા હોય તો આ બ્રાહ્મણનો તાપ શાંત થાઓ." એમ બોલતાં જ સુદર્શનનું તેજ શાંત થઇ ગયું અને દુર્વાસાએ અંબરિષની માફી માગી.

સાચા જ્ઞાનથી, સાચી ભાવનાથી, ઉપાસનાથી અને યોગદ્વારા અનુભવમાં આવતા તેજથી ઘણી સિદ્ધિઓ અને ઘણા ચમત્કારો અનુભવવામાં આવે છે.

સૌરાષ્ટ્રમાં એક ગામમાં એક રામમંદિરમાં એક બ્રહ્મચારી પૂજારી તરીકે રહેલ હતા. એક વખત તેમની ઇચ્છા એવી થઇ કે મને કોઇ હનુમાનજીના દર્શન કરાવે તો ઠીક. તે બ્રહ્મચારી સાધુ-

ઓની સેવા કરતા હતા અને તે મંદિરમાં કોઇ સાધુ સંત આવે તો તેને અન્ન-વસ્ત્ર વગેરે આપતા હતા. થોડા વખત પછી ત્યાં એક સાધુ આવ્યા. તેમને હનુમાનજીની ઉપાસના હતી. તેથી તેમને ઘણું ખાવાનું જોઇતું હતું. લગભગ રોજ પાંચ શેર અન્ન તેમને જમવા માટે જોઇએ. તેમાં ઘી અને સાકર પણ સારા પ્રમાણમાં નાંખતા હતા. ત્રણ-ચાર દિવસ ત્યાં રહ્યા પછી તે સાધુએ રજા માગી, બ્રહ્મચારીએ કહ્યું કે, "કેમ જતા રહો છો?" તે સાધુએ કહ્યું કે, "મારે હનુમાનજીની ઉપાસના છે તેથી મારો ખોરાક વધારે છે અને એટલું ખર્ચ ઘણા દિવસસુધી તમારાથી ઉપાડી શકાશે નહીં." બ્રહ્મચારીએ જવાબ આપ્યો કે, "આપ આંહીં રહો અને હું આપનું ખર્ચ પૂરું કરીશ." તે પછી તે સાધુ થોડા વધારે દિવસ તે મંદિરમાં રહ્યા. લગભગ વીસ દિવસ પછી તે સાધુએ તે બ્રહ્મચારી(પૂજારી)ને કહ્યું કે મારી ઇચ્છા એવી થઇ છે કે તમને હનુમાનજીના દર્શન કરાવું. બ્રહ્મચારી બહુ જ ખુશી થયા અને તે માટે એક દિવસ નક્કી થયો. મંદિરની ઉપર મેડો હતો, ત્યાં બે ઓરડા હતા. તેમાંથી એક ઓરડો સાફ કરાવી તેમાં પાટ રખાવી અને તે ઉપર એક સારી શેત્રંજી પથરાવી. પછી તે સાધુએ બ્રહ્મચારીને કહ્યું કે આવતી કાલે સવારે નાહીને આપણે બંને આ જગ્યાએ આવીશું. તે વખતે હનુમાનજી દર્શન આપવા માટે આવશે, ત્યારે તેમને માટે થોડાં કેળાં લાવીને રાખવાં. એ સંકેત પ્રમાણે બીજે દિવસે બંને સ્નાન કરીને મેડા ઉપર ગયા અને પાટ ઉપર કેળાં મૂક્યાં, બંને એકાગ્ર ચિત્ત રાખી બેઠા, સાધુએ કાંઇ મંત્ર જપવાનું શરૂ કર્યું. થોડા વખતમાં ત્યાં હનુમાનજી પધાર્યાં. તે બારણાની બહારથી આવતા હતા ત્યારે તેમનું સ્વરૂપ મોટું હતું પણ બારણામાં પેસતા તેનું સ્વરૂપ બારણાથી નાનું થઇ ગયું. તે પાટ ઉપર બેઠા અને કેળાં ખાવા લાગ્યા. થોડાં કેળાં પ્રસાદી તરીકે રહેવા દીધાં. બંને ભક્તોએ હનુમાનજીને સાષ્ટાંગ નમસ્કાર કર્યાં.

થોડો વખત થયો એટલે હનુમાનજી જેમ આવ્યા હતા તે રીતે પાછા ચાલ્યા ગયા. આવી જાતનાં દર્શન ઉપાસનાના બળથી થઇ શકે છે.

લગભગ ૪૦ વર્ષ પહેલાં ગિરનારમાં સ્વામી હંસને ગુરુ દત્તાત્રેયનાં દર્શન થયાં હતાં. તેમના શિષ્ય પુરોહિત સ્વામીને પણ ગિરનારમાં ગુરુ દત્તાત્રેયની ઝાંખી થઇ હતી. સ્વામી હંસ કહેતા કે તેમની સાધના ગયા ૧૩ જન્મની હતી. તેમણે આત્માનો અનુભવ થયા પછી લોકોમાં જ્ઞાનપ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો હતો પણ લોકો તે પ્રમાણે આચરણ કરી શકતા નહોતા, તેથી તે કામ છોડી દીધું હતું. છેવટની જિંદગીમાં તે છૂટથી રહેતા અને જ્ઞાનપ્રચાર માટે તે કહેતા કે જ્યારે જગતને સુધારવાની ભગવાનની ઇચ્છા હશે ત્યારે ભગવાન વૈકુંઠમાંથી પોતાના ખાસ સેવકોને મોકલી આપશે. સ્વામીજીનું છેવટનું જીવન કાંઇક વિલાસી જેવું કેટલાકને લાગતું હતું, તેથી તેમના ભક્તોની સંખ્યા ઓછી થઇ ગઇ હતી. સ્વામીનો ખરો અર્થ એ છે કે તે ઇંદ્રિયોના સ્વામી છે, તેથી કોઇ સ્વામીથી વિલાસી જીવન ગાળી શકાય નહિ. તેમનો અંદરનો વૈરાગ્ય ઠીક લાગતો હતો પણ બહારનું જીવન સંન્યાસીથી જુદા પ્રકારનું થઇ ગયું હતું. એ વખતે તેમણે સિદ્ધિઓનો ઉપયોગ કર્યો હોય તેવો સંભવ છે. એકવાર તેમણે એક સ્વામીનારાયણ સંપ્રદાયના ભક્તને સ્વામીનારાયણનાં દર્શન કરાવ્યાં હતાં. શ્રી સ્વામી હંસને હૃદયમાં એક પ્રકારના તેજનો અનુભવ થતો હતો. જેમ વીજળીનો દીવો કરવા માટે સ્વીચ નીચે કરવામાં આવે છે અને દીવો ઓલવવા માટે સ્વીચ ઉપર કરવામાં આવે છે તેમ તે ધ્યાનમાં બેસતા ત્યારે પ્રાણાયામ કરતા અને અંદર પ્રકાશ થતો હતો અને તેમની ઇચ્છા થાય ત્યારે તે પ્રકાશ સમેટી લેતા હતા. એ પ્રકાશની મદદથી તેમનામાં કેટલીક સિદ્ધિઓ આવી હતી.

સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં કેટલીક બ્હેનોને માતાજીની ભક્તિથી કપાળ ઉપર અને હાથમાં કંકુ નીકળે છે. એ ભક્તિનું ચિહ્ન છે પણ એટલી સિદ્ધિમાં અટકી જવાથી આગળ પ્રગતિ થઇ શકતી નથી. એવી બહેનોમાં કોઇમાં વૈરાગ્ય હોય છે અને કોઇમાં હોતો નથી. અદ્વૈતજ્ઞાન તો તેમનામાં બહુ જ ઓછું હોય છે. જેમ જેમ જીવ મનોમય કોશમાંથી નીકળીને વિજ્ઞાનમય કોશમાં ચડતો જાય છે તેમ તેમ તેનામાં સિદ્ધિઓ આવતી જાય છે. વિજ્ઞાનમય કોશ એ સિદ્ધિઓનો કોશ છે, છતાં તેથી ઉપર આનંદમય કોશનું સ્થાન છે અને તેથી અતીત બ્રહ્મદશા પણ ધારણ કરવી જોઇએ.

સામાન્ય કોટિના ભક્તોમાં પણ ચમત્કારો જોવામાં આવે છે. વેપારમાં ફુરસદ વખતે જે માણસ ભગવાનના નામનો જપ કરતો હોય છે તેને વેપારમાં પણ સિદ્ધિ મળતી હોય તેવું જોવામાં આવે છે. એક ગાયો ચારનાર ભક્ત ગાયો ચારવાનું કામ કરતો હતો. તેની ગાયો બીજાના ખેતરમાં ચાલી જતી હતી, તેથી ઝઘડો થતો હતો એટલે તે ભક્તે ગાયોને કહ્યું કે, "માતાજી, હવેથી તમારે આટલામાં જ ચરવું અને બીજાના ખેતરમાં જવું નહિ." એમ કહેવાથી ગાયોએ બીજાના ખેતરમાં જવાનું છોડી દીધું હતું.

કચ્છમાં એક મેંકણ બાવા નામના ભક્ત થઇ ગયા. તે જંગલમાં રહેતા હતા. તેમણે દૂરના ગામમાંથી સીધું મંગાવવા માટે એક ગધેડો અને એક કૂતરો રાખ્યાં હતાં. તે બીજા ગામના વેપારી ઉપર અનાજ માટે ચિઠ્ઠી લખી આપે, તે ગધેડા ઉપર મૂકી દે અને રસ્તામાં ગધેડાને કોઇ હેરાન ન કરે તે માટે કૂતરો તે ગધેડાની સંભાળ રાખતો હતો. આવા અનેક જાતના વિચિત્ર ચમત્કારો ભક્તોના જીવનમાં જોવામાં આવે છે.

કેટલીક વાર સિદ્ધિવાળા માણસો જાણે છે કે અમે સિદ્ધિઓને

વશ કરેલ છે પણ વધારે તપાસ કરતાં એમ માલૂમ પડે છે કે સિદ્ધિઓએ તેમને વશ કરેલા હોય છે. જ્યાં દ્વૈતનું જ્ઞાન રહે છે ત્યાં અજ્ઞાન ચાલુ રહે છે. કેટલાક વિદ્વાનો એમ માને છે કે આત્મજ્ઞાની પુરુષમાં સિદ્ધિઓ આવવી જ જોઇએ. જ્યાં એકથી વધારે તત્ત્વનો વિચાર હોય, જ્યાં સામાજિક ઉન્નતિનો પ્રશ્ન હોય ત્યાં સિદ્ધિઓની જરૂર પડે છે, પણ જ્યાં એક અદ્વૈત તત્ત્વનો વિચાર હોય ત્યાં સિદ્ધિઓની જરૂર પડતી નથી. જ્યારે નેપોલિઅનને દેશપાર કરવામાં આવ્યો હતો અને તેમાંથી તે યુક્તિથી છૂટીને પાછો ફ્રાન્સમાં દાખલ થયો ત્યારે ફ્રાન્સનું લશ્કર તેની સામે થયું હતું. આ વખતે નેપોલીઅનની પાસે કોઇ હથિયાર નહોતું અને પોતે એકલો હતો, છતાં તે લશ્કરની સામે ચાલતો ગયો અને કહ્યું કે Where is the man who will kill his emperor? એટલે કયો માણસ આંહીં છે કે જે પોતાના રાજાને મારવા તૈયાર છે? એ વચન તેણે એવી શક્તિથી કહ્યું કે આખું લશ્કર હથિયાર મૂકી દઇ તેને તાબે થઇ ગયું. આ એક પ્રકારની સિદ્ધિ હતી.

મ. ગાંધીજીએ અનેક માણસોનાં માથાં ઉપર ધોળી ટોપી પહેરાવી દીધી અને મુંબઇમાં એક વખત એવો હતો કે જે ધોળી ટોપી પહેરે નહિ તેની ટીકા થતી હતી. તેમણે ઘણા વિદ્વાન ભાઇઓને અને બ્હેનોને ચરખા ફેરવતાં કરી દીધાં છે. તેની અસર હજુ પણ ચાલ્યા કરે છે. તેમના તપથી તેનામાં પણ સિદ્ધિ આવી હતી, પણ આવી સિદ્ધિઓને આત્મજ્ઞાન સાથે સંબંધ નથી. તેમાં આત્માની કેટલીક શક્તિઓ જોઇ શકાય છે પણ એવી શક્તિ મોક્ષ આપવા માટે પૂરતી નથી.

પ્રસિદ્ધ માસિક "કલ્યાણ" ઘણા ભક્તોના જીવનમાં બનેલા

ચમત્કારોનાં વર્ણન વારંવાર આપ્યા કરે છે. એકવાર તેમાં નીચે પ્રમાણે સાચી બનેલી હકીકત પ્રસિદ્ધ થઇ હતીઃ—

કોઇ જગ્યાએ કેટલાક મજૂરો કામ કરતા હતા. તેમાં એક મજૂરની સ્ત્રી સતી જેવી હોવા છતાં તેના શિયળ વિશે બીજા માણસોએ આરોપ ચડાવ્યો હતો. તેના પતિને તેના સતીત્વ વિશે ખાત્રી હતી છતાં બીજા મજૂરોએ તેના મનમાં શંકા ઉત્પન્ન કરી હતી. તેની સ્ત્રીએ કહ્યું કે, "હું મારા સતીત્વ બાબતમાં ખાત્રી આપવા તૈયાર છું." તેની જ્ઞાતિમાં એવો રિવાજ હતો કે આવા પ્રસંગે જ્યારે પોતાના સત્યની કસોટી આપવાની હોય ત્યારે તે માણસના જમણા હાથની હથેલીમાં તેલ ચોપડી એક પાન રાખવામાં આવતું હતું અને તે ઉપર એક સૂતરનો દોરો બાંધવામાં આવતો હતો. તે પછી બધા માણસોની હાજરીમાં તે એક મોટો લોખંડનો તપાવેલો જાડો સળીઓ ઉપાડે અને થોડે દૂર જઇને નાંખી દે, અને તેમ કરવામાં તેનો હાથ બળવો ન જોઇએ અને સૂતરનો દોરો પણ બળવો ન જોઇએ. ઉપર કહેલ સ્ત્રીએ એવી રીતે પોતાની પરીક્ષા આપવાની ઇચ્છા બતાવી. તે પ્રમાણે નિયમિત વખતે બધા ભેગા થયા. લોઢાનો કટકો તપાવવામાં આવ્યો અને તે લાલ થઇ ગયો. તે સ્ત્રી ત્યાં આવી. તેના હાથ ઉપર તેલ ચોપડીને એક પાન રાખવામાં આવ્યું અને તેને સૂતરના દોરાથી વીંટવામાં આવ્યું. તે બાઇએ સૂર્યની પ્રાર્થના કરી અને પછી તરત તે તપાવેલો લોઢાનો કટકો હાથમાં લીધો અને થોડે દૂર જઇને મૂક્યો. જ્યાં તે કટકો મૂક્યો તે જમીન બળી ગઇ પણ તે બાઇના હાથમાં રહેલ સૂતરનો દોરો બળ્યો નહોતો. આવી સિદ્ધિ આવવાનું મુખ્ય કારણ સૂર્યની પ્રાર્થના હતી. સાચા ભાવથી કરેલી પ્રાર્થના નિષ્ફળ જતી નથી, સૂર્યના તેજ પાસે અગ્નિની ગરમી તેને અસર કરી શકી નહિ.

સૂર્યના તેજમાં એટલું દેવત્વ રહેલું છે કે બ્રાહ્મણો હમેશાં સંધ્યા–ગાયત્રીમાં સૂર્યની પ્રાર્થના કરે છે. તે બરાબર કરવામાં આવે તો ઉપાસકમાં પણ કેટલીક સિદ્ધિઓ આવે છે. માણસને જીવન આપનાર સૂર્ય છે. વરસાદ લાવનાર સૂર્ય છે. રામચંદ્રજી પણ સૂર્ય-વંશમાં જન્મ્યા હતા. એક મહાત્મા સૂર્યની ઉપાસના કરતા હતા. તેનાથી તેમના શરીરમાં ગરમી એટલી વધી ગઇ હતી કે ગરમી શાંત કરવા માટે તે ગુલાબનાં ફૂલ ખાતા હતા. ખાસ કરીને કોઇ ભક્ત તેમને ગુલાબના ફૂલનો હાર ચડાવે ત્યારે તે હાર ઉતારીને તેમાં રહેલાં ગુલાબનાં ફૂલો તે ખાઇ જતા હતા.

ઈ. સ. ૧૯૧૧ માં રૂથરફર્ડ નામના એક સાયન્ટીસ્ટે એવી શોધ કરી હતી કે એટમ એટલે અણુ એક પ્રકારની સૂર્યમાળા છે એટલે કે એક મધ્યમાં રહેલ પ્રોટોન (પરમાણુ)ની આસપાસ બીજા ઈલેક્ટ્રોન ગોળ ચક્કરના આકારે ઝડપથી ફર્યા કરે છે. તે પછી ઇ. સ. ૧૯૧૩ માં બહોર નામના વિજ્ઞાનીએ એવી શોધ કરી કે એટમની અંદરથી જે તેજ નીકળે છે તેના પણ પરમાણુ છે. તેજના પરમાણુને ફોટોન કહે છે. એટમની અંદર ઈલેક્ટ્રોન જેટલી ગતિએ પોતાના ચક્કરમાં ફરતો હોય તે ઉપરથી તેની શક્તિનું માપ કાઢવામાં આવ્યું, એટલે કે કોઇ ઈલેક્ટ્રોન એક સેકન્ડમાં ૧૦૦૦ વખત ફરતો હોય તો તેની તેટલી શક્તિ માનવામાં આવતી હતી અને કોઇ ઈલેક્ટ્રોન એક સેકન્ડ-માં ૫૦૦૦ વખત ફરતો હોય તો તેની શક્તિ તે પ્રમાણે માનવામાં આવતી હતી. તે પછીના વિજ્ઞાનવાદીઓએ કહ્યું કે શક્તિ ઉપરથી તેજ માપવાને બદલે તેજ ઉપરથી શક્તિ માપવી જોઇએ. જે ગતિએ ઈલેક્ટ્રોન દોડતો હતો તે ગતિ માપીને તેજના તરંગની શક્તિનું માપ કાઢી શકાતું હતું. તે શક્તિનું નામ MC2 પાડવામાં આવ્યું હતું. M એટલે દ્રવ્યોનો જથ્થો (matter) અને C એટલે પ્રકાશના

જેટલી ગતિ. આ શક્તિ એટલી પ્રચંડ હોય છે કે તેનો પૂરો ઉપયોગ કોઇ (ભૂલથી) પણ કરે તો આખી પૃથ્વીને બાળી નાંખે. તે શક્તિને નિયમમાં લાવીને તેમાંથી એટમ બોમ્બ બનાવવામાં આવેલ છે.

મુંબઇમાં વીજળીની શક્તિથી રેલ્વે અને ટ્રામ ચાલે છે. પાવર-હાઉસમાંથી મળતી શક્તિને ઓછી કરવાથી ટ્રેન અને ટ્રામ પાટા ઉપર ચાલી શકે છે. આપણા ઘરમાં જે વીજળીની બત્તી બળે છે તેમાં પાવરહાઉસની બધી શક્તિ મૂકી હોય તો આખું ઘર બળી જાય. તેથી ત્રણ–ચાર ઠેકાણે તારને જાડા પાતળા કરીને તે શક્તિને ઓછી કરીને ઘરના ઉપયોગમાં લેવી પડે છે.

માણસ પણ ઓછી શક્તિથી જમીન ઉપર ચાલી શકે છે. જો તેના આત્માની બધી શક્તિ ઉપયોગમાં લેવામાં આવે તો માણસ જમીન પર ચાલી શકે નહિ. તેથી તેને શરીર સાથે જોડાઇ રહેવું પડે છે. માણસને બ્રહ્મજ્ઞાન થાય ત્યારે તે બ્રહ્મની માફક વ્યાપક થઇ શકે છે પણ વચલા વખતની સાધનામાં ઘણા માણસો ગભરાય છે. દેહનું અભિમાન છોડયા પછી નવી શક્તિ બહુ જોરથી આવે છે તેથી ઘણા માણસોને ખબર પડતી નથી કે તેમને શું થાય છે, કેટલાક ગાંડા પણ થઇ જાય છે. સૌરાષ્ટ્રમાં બે–ત્રણ માણસો એવી રીતે ગાંડા થઇ ગયા હતા. હઠયોગમાં ભૂલ થાય તો માણસનું શરીર બગડે છે, ભક્તિમાર્ગમાં ભૂલ થાય તો માણસ નાસ્તિક થાય છે.[૧]

તેથી આત્મજ્ઞાનની સાધના માટે પહેલાં મંત્ર આપવામાં આવે

૧. સ્વામીજીના ઘણાં પુસ્તકોમાં આ વાક્યના મુદ્દાની રજૂઆત બીજી રીતે થઇ છે કે : 'હઠયોગમાં ભૂલ થાય તો શરીર બગડે છે, ભક્તિમાર્ગમાં ભૂલ થાય તો માણસ વિષયી થઇ જાય છે, અને જ્ઞાનમાર્ગમાં ભૂલ થાય તો માણસ નાસ્તિક થાય છે.' એટલે આ પુસ્તકમાં રજૂ થયેલ વિધાન બીજા પુસ્તક-ના સંદર્ભમાં જોતાં, બીજા પુસ્તકમાં રજૂ થયેલ વિધાન ગ્રાહ્ય જણાય છે.

છે, તે પછી ધ્યાન શીખવવામાં આવે છે, તે પછી પરોક્ષ જ્ઞાન અને છેવટે અપરોક્ષ જ્ઞાન થાય છે. મંત્રની સાધનામાં પણ ગુરુની જરૂર રહે છે. ગુરુ ન હોય તો મંત્રની સાધનાવાળો માણસ જિંદગીના છેડા સુધી મંત્ર જપ્યા કરે છે અને આગળ વધી શકતો નથી.

મુંબઇ પાસે પરામાં જોગેશ્વરીની જગ્યા છે, ત્યાં એક સ્વામી કૃષ્ણાનંદજી રહે છે. તેમણે કોઇ સિદ્ધિથી વાઘને એવી રીતે વશ કરેલો હતો કે તે વાઘ તેમની સાથે ફરતો હતો અને તેમની સાથે સિનેમા જોવા માટે પણ જતો હતો. તે બીજા કોઇને નુકશાન કરતો નહિ. એ સિદ્ધિને લઇને મુંબઇમાં કેટલાક માણસો તેમના સેવક બન્યા છે. તેમને મળેલ પૈસામાંથી એક મકાન ત્યાં બંધાવેલ છે. હાલમાં તેમણે વાઘ રાખેલ નથી પણ તે પરણ્યા છે એમ સંભળાય છે. વાઘ ઉપરની સિદ્ધિ માટે કોઇ તેમને પૂછતું તો તે કહેતા કે એ તો માતાજીની (શક્તિની) કૃપા હતી.

ભગવાનની પ્રાર્થના કરવાથી પણ સિદ્ધિ આવે છે. આપણે ઇતિહાસમાં વાંચેલું છે કે બાબર બાદશાહનો પુત્ર હુમાયુ માંદો હતો ત્યારે તેને સાજો કરવા માટે બાબરે હુમાયુના ખાટલાને પ્રદક્ષિણા કરી અને ભગવાન પાસે એવું માગ્યું કે હુમાયુનું દરદ તેને (બાબર-ને) આવે અને હુમાયુ સાજો થાય. ભગવાને એ પ્રાર્થના સાંભળી હોય તેમ હુમાયુ સાજો થયો હતો અને બાબર માંદો પડયો હતો.

કેટલાક ફકીરો પાસે પણ ઇલમ અથવા સિદ્ધિ હોય છે. લગ-ભગ ચારસો વર્ષ પહેલાં અમદાવાદ પાસે ઇમામ શાહનામના એક ઓલીઆ સૈયદ પીરાણા ગામમાં થઇ ગયા. એમ કહેવાય છે કે તે વખતે કેટલાક હિંદુઓ જાત્રા માટે કાશી જતા હતા. તેમને ઇમામ-શાહે કેટલીક સિદ્ધિઓ બતાવી અને ત્યાં જ ગંગાજી પ્રગટ કર્યાં.

તેથી ઘણા હિંદુઓ તેને ગુરુ માનવા લાગ્યા. તેમાંથી પીરાણા સત્પંથનો પંથ ચાલે છે. તે પંથમાં મુસલમાની ક્રિયાઓ છે અને હિંદુઓની ક્રિયાઓ પણ છે. તેઓ પોતાની ગાદીને બ્રહ્માની ગાદી કહે છે, પણ તેમના મંત્રો મુસલમાની ઢબના છે. તેઓ મડદાને બાળતા નથી પણ દાટે છે, તે કેટલાક હિંદુઓને ગમે છે, પણ જે માણસોની અંદર દેહનું અભિમાન હોય તેમના શરીરને દાટવા કરતાં બાળવું એ વધારે સારું છે.

થીયોસોફીના પંથમાં પણ તેના મૂળ સ્થાપક કર્નલ ઓલ્કોટ અને મેડમ બ્લેવેટસ્કીએ કેટલીક સિદ્ધિઓ બતાવી ઘણા માણસોને પોતાના પંથમાં ભેળવ્યા હતા. પણ હવે કોઇ તેજસ્વી ગુરુ તે માર્ગમાં ન મળવાથી કેટલાક તેમાંથી નીકળી ગયા છે. તે પંથમાં હાલમાં શ્રીકૃષ્ણમૂર્તિ થયા છે, તે જ્ઞાની પુરુષ છે. તે કોઇ સિદ્ધિમાં માનતા નથી. તેમના જ્ઞાનના જોરને લઇને કેટલાક માણસો તેમના ભક્તો બન્યા છે.

એક મહાત્માના આશ્રમમાં ઉંદર ઘણા હતા. તેમને પકડવા માટે સર્પ પણ આવતા હતા. છતાં બંનેમાં મહાત્મામાં સમદૃષ્ટિ હતી. એકવાર કેટલાક સત્સંગીઓ તેમના સત્સંગ માટે આશ્રમમાં આવ્યા હતા અને ત્યાં ઉંદર જોઇને પૂછ્યું હતું કે, "આંહીં ઘણા ઉંદર કેમ છે?" તેમણે કહ્યું કે, "ભગવાનને આંહીં એવે રૂપે રમવું ગમે છે." બીજે દિવસે ફરીથી તે સત્સંગીઓ તે આશ્રમમાં ગયા તો એક પણ ઉંદર જોવામાં આવ્યો નહીં. તેથી સત્સંગીઓએ મહાત્માને પૂછ્યું કે, "આજે એકે ઉંદર કેમ જોવામાં આવતો નથી?" તેમણે જવાબ આપ્યો કે, "મેં આજે ભગવાનને કહેલ છે કે અમારે સત્સંગની વાતો કરવી છે માટે દરમાં રહેજો," તેથી આજે ભગવાન દરમાં રહેલા છે.

ભગવાન નિર્ગુણ હોવા છતાં પ્રેમ પાસે સગુણ બની શકે છે. પ્રસંગ લગભગ ૩૦ વર્ષ પહેલાંનો નર્મદા કાંઠે બનેલો છે. નારાયણ પરમહંસ નામના એક સંતને નર્મદા કાંઠે ચાંદોદની નજીકમાં એક ટેકરી ઉપર ધર્મેશ્વરનામનું મંદિર છે, ત્યાં ભગવાનનાં દર્શન થયાં હતાં. નારાયણ સ્વામી હજુ હયાત છે અને 'એક સંતનો અનુભવ' એ પુસ્તકમાં તે દર્શનની હકીકત પ્રસિદ્ધ થયેલી છે. તેમણે ઘણાં વર્ષ સુધી મૌન રાખેલ છે.

લગભગ ૩૦ વર્ષ પહેલાં બંગાળામાં એક ગિરિબાળાનામની બાઇ થઇ ગયેલ છે. તેની ઉંમર ૧૨ વર્ષની હતી ત્યારે તેને બહુ ખાવાની ટેવ હતી, તેથી તે માટે તેનાં મા–બાપ તેને બહુ ઠપકો આપતાં હતાં. તે વખતે તેણે ભગવાનને એવી પ્રાર્થના કરી હતી કે મારે કોઇ દિવસ ખાવું ન પડે તેવું કરી દે. તે પછી તેની ભૂખ ઊડી ગઇ હતી અને ૫૬ વર્ષ સુધી તેણે કાંઇ ખાધું નહોતું તેમ જ પાણી પણ પીધું નહોતું; છતાં તે રસોઇ કરતી હતી અને બીજાને જમાડતી હતી. તેને સૂર્યની ઉપાસના હતી તેથી શરીર માટે જોઇતી શક્તિ સૂર્યમાંથી તે લઇ શકતી હતી. બીજા માણસો જમતા હોય ત્યારે તે શરીરમાં હું જમું છું એવી ભાવના દૃઢ થાય તો તેવા દર્શનવાળાને પુષ્ટિ મળે છે. કોઇ મા એવી દૃષ્ટિથી પોતાના બાળકને જમાડતી હોય ત્યારે પોતે જમતી હોય તેવો આનંદ થાય છે.

કેટલાક યોગીઓ શરીરને અંતર્ધાન કરી શકે છે, તેનું કારણ એ હોય છે કે તેમના હૃદયમાં તેજનો અનુભવ હોય છે. જ્યારે કોઇ જીવમાં તેજની ગતિ પ્રાપ્ત થાય છે ત્યારે જડ પરમાણુઓ ચેતન જેવું કામ કરે છે. જેઓને એવું જ્ઞાન થયું હોય છે કે આત્મારૂપે પોતે સર્વત્ર છે તેમને શરીરનાં બંધન બાંધી શકતાં નથી. જે તેજથી પૃથ્વી બંધાય છે, જે તેજથી પાણી બંધાય છે અને હવા બંધાય છે તે એક

દિવ્ય તેજ છે, તેની સાથે ઐક્ય પામેલા મહાત્મા ઘણી સિદ્ધિઓ બતાવી શકે છે. શંકરના ત્રીજા નેત્રનો અર્થ પણ એવી દિવ્ય દૃષ્ટિ થાય છે.

એક માણસે સિદ્ધિઓ માટે અમને નીચે પ્રમાણે પ્રશ્નો પૂછેલા હતા, તેના ઉત્તર આંહીં નીચે આપેલ છેઃ–

પ્રશ્ન–૧ ડાકોરના શ્રી રણછોડરાયે બોડાણા સાથે વાતચીત કરી હશે કે નહિ? અને તે સવા વાલે તોળાયા હશે કે કેમ?

ઉત્તર–એ બની શકે તેવું છે. તેમાં બોડાણાની દૃષ્ટિ ઉપર ખરો આધાર હતો. બોડાણાને રણછોડરાયજી કેવા લાગ્યા હશે તે બાબત આપણે બોડાણા જેવા થયા વગર ખબર પડે નહિ, પણ આત્મામાં અનંત શક્તિ છે. સ્વપ્નમાં જીવ ભગવાનને પણ ઉત્પન્ન કરીને તેમની સાથે વાત કરી શકે છે તો જાગ્રતમાં કેમ ન કરી શકે? બધું બની શકે તેવું છે. પણ ભક્તની દશા ઉપર બધો આધાર છે. થોડા વખત પહેલાં રણછોડરાયના એક સેવક તેમની સેવા પોતાને હાથે રોજ કરતા હતા, છતાં તેમના ઘરમાં કજીઓ હતો અને અશાંતિ હતી, અને બહારગામથી એક ભક્ત ત્યાં દર્શન માટે આવ્યા હતા. તેમણે શ્રી રણછોડરાયજીનું રમતું સ્વરૂપ મને બતાવ્યું હતું. ઉપર જણાવ્યા પ્રમાણે જે સેવકને ઘેર કજીઓ હતો તેણે બીજી બાયડી પરણી હતી અને તેથી જૂનીના દીકરા તેને ઘરમાં અશાંતિ ઉત્પન્ન કરતા હતા. તેનું મન રણછોડરાયજીમાં નહોતું પણ નવી સ્ત્રીમાં હતું, તેથી બધો આધાર ભગવાન અને ભક્તના સંબંધ ઉપર છે. એવા સંબંધથી ભગવાનની મૂર્તિનું સ્વરૂપ વજનમાં હલકું પણ બની જાય છે અને તે સવા વાલ જેટલું પણ થઇ શકે છે. હાલનું સાયન્સ પણ કહે છે કે વજન એ સાપેક્ષ વસ્તુ છે, તે નિયત નથી. તેનો આધાર

સંબંધ ઉપર છે. શ્રી રામકૃષ્ણ પરમહંસે ૭૦ વર્ષ પહેલાં કલકત્તામાં દક્ષિણેશ્વરના મંદિરમાં કાળીમાતાની મૂર્તિ સાથે વાતો કરી હતી, તે પછી ૭૦ વર્ષમાં ઘણા પૂજારી ફરી ગયા અને તે જ મૂર્તિની સેવા કરી, છતાં રામકૃષ્ણના જેવો અનુભવ કોઇને થયો નથી. મૂર્તિની સાથે કેવો સંબંધ આપણે બાંધીએ છીએ તે ઉપર બધો આધાર છે.

ભગવાન ચૈતન્યસ્વરૂપ છે, તેમાંથી જડ જેવું જગત નીકળે નહિ, તેથી જગત પણ ચૈતન્ય છે અને બધી મૂર્તિઓ પણ ચૈતન્ય છે. પણ માણસને દેહનું અભિમાન હોય ત્યારે તેની દૃષ્ટિમાં જડ ભાવ આવે છે અને બહાર જડતા દેખે છે, અને પછી તે જડની સાથે સંબંધ બાંધે છે. એ જડતા તેની દૃષ્ટિમાં છે. મૂર્તિમાં જડતા નથી. એ બાબત હાલ સાપેક્ષવાદના સાયન્સથી પણ સિદ્ધ થયેલ છે.

પ્રશ્ન–૨ શ્રીચૈતન્ય મહાપ્રભુ જગન્નાથ પુરીમાં જગન્નાથજીની મૂર્તિમાં સમાઇ ગયા, તે વાત ખરેખર બનેલી હશે કે નહિ?

ઉત્તર–એ વાત પણ બની શકે તેવી છે. દરેક માણસ ચૈતન્ય મહાપ્રભુ છે, તે સર્વવ્યાપક બ્રહ્મસ્વરૂપ છે, છતાં માયાનો આધાર લઇને માણસના શરીરમાં સમાઇ શકે છે. તેવી જ રીતે ચૈતન્ય મહાપ્રભુ પણ મૂર્તિમાં સમાઇ શકે તેમાં નવાઇ નથી. માયાનો અંશ જેમાં વધારે હોય અને ચૈતન્યનો અનુભવ ન હોય તેવા માણસો મૂર્તિમાં સમાઇ શકે નહિ. પણ ચૈતન્યનો અનુભવ વધારે હોય અને માયાનો અંશ થોડો હોય તો મૂર્તિ અને ભક્ત બંને સજાતીય લાગે છે અને નદી જેમ સમુદ્રમાં મળે છે તેમ સજાતીય તત્ત્વ સજાતીય તત્ત્વમાં મળી શકે છે.

પ્રશ્ન–૩ સંત તુકારામ કીર્તન કરતાં સદેહે વૈકુંઠ ગયા તે વાતને કેવી રીતે માનવી?

ઉત્તર–કીર્તન વખતે ત્યાં નવી જાતનું વાતાવરણ ઉત્પન્ન થાય છે અને ભક્તનો દેહ ચિન્મય અને આનંદમય થાય છે. સંત તુકારામની તે વખતની જેવી દશા હતી તેવી દશા સમજવા માટે તેવા થવું જોઈએ. ભીષ્મસ્તવરાજમાં કહેલ છે કે બધાં કામ કરતાં છતાં જેની બુદ્ધિ અકુંઠ રહે તેવી દશાને વૈકુંઠ કહે છે. તેથી ભક્તિભાવની દશાને વૈકુંઠ કહે છે. કોઈ જુદું વૈકુંઠ હોય તો તે વૈકુંઠમાં ભગવાનના પાર્ષદ જય અને વિજય રોજ ભગવાનના દર્શન કરતા હતા છતાં સનકાદિના શાપથી વૈકુંઠમાંથી પડયા અને હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ થયા, કારણ કે તેમનામાં નાના–મોટા-ની ભેદબુદ્ધિ આવી ગઈ હતી. સંત તુકારામમાં હમેશાં અભેદબુદ્ધિ રહેતી હતી અને તેથી વૈકુંઠ જેવી ભાવનામાં રોજ રહેતા હતા. તેવી દશા છેલ્લી વખતે પણ રહી શકે છે.

પ્રશ્ન–૪ શ્રી મીરાંબાઈ પણ દ્વારકામાં ગિરધરલાલની મૂર્તિમાં સમાઈ ગયા તે વાત બની હશે કે નહિ?

ઉત્તર–આ પ્રશ્નનો ઉત્તર ચૈતન્ય મહાપ્રભુના જગન્નાથની મૂર્તિમાં સમાઈ જવા જેવો છે. જે મીરાંબાઈ ઝેરને ભગવાનનું ચરણામૃત માનીને પી ગયાં તેમની દૃષ્ટિમાં દ્વારકાની મૂર્તિ એ પથ્થર નહોતો. એક પથ્થરની અંદર બીજો પથ્થર સમાઈ શકે નહિ પણ જે માણસ મૂર્તિને ચૈતન્યરૂપે જોઈ શકે તેને માટે આવા બનાવ બહુ સરળ રીતે બની શકે છે. મને પંઢરપુરમાં વિઠ્ઠલનાથની મૂર્તિમાં મૂછો દેખાતી હતી અને સૌરાષ્ટ્રમાં માધવપુરની મૂર્તિના ચરણને સ્પર્શ કરતાં તે ચરણ માણસના જેવા પોચા લાગ્યા હતા. દ્વારકાની મૂર્તિને સ્નાન કરાવતાં એક ભક્તનો હાથ પેટ આગળ આવ્યો ત્યારે પેટ દબાઈ ગયું હતું, છતાં એ જ મૂર્તિની સેવા કરનાર એક સેવકને તેમાં ભાવ આવતો નથી, તેથી પોતાને ઘેર વિષ્ણુની છબી રાખેલ છે.

એક માણસે દ્વારકામાં મને કહેલ હતું કે જો ભગવાન તેને દર્શન આપે તો ભગવાનને સિનેમા જોવા તેડી જાઉં. દ્વારકાના હાલના કેટલાક માણસો સિનેમાના શોખીન થયા છે. ભાગવતમાં દશમ–ઉત્તરાર્ધમાં કહેલ છે કે દ્વારકામાં તે વખતે બધા માણસો ચતુર્ભુજ હતા. તેનું વધારે વર્ણન અધ્યાત્મ ભાગવત ભાગ–૪ માં આપેલ છે.

ભક્તોનું દ્વારકા અને ભક્તોની મૂર્તિ સામાન્ય માણસોના જેવી હોતી નથી. શ્રીનાથજીની મૂર્તિએ શ્રી વલ્લભાચાર્યજી પાસેથી દૂધ લઈને પીધું હતું. એક ગોવાળની દીકરી નરો પણ શ્રીનાથજીને દૂધ પાઈ શકતી હતી, પણ એ જ મૂર્તિની રોજ સેવા કરનાર દામોદર-લાલજી હંસાના પ્રેમમાં પડી ગયા હતા, અને શ્રીનાથજીના મુખાર-વિંદ ઉપરથી હીરો તે લઈ ગયા હતા. એવી હકીકત ન્યુસપેપરમાં પ્રસિદ્ધ થઈ હતી. તેથી બધો આધાર ભક્ત અને ભગવાનના સંબંધ ઉપર છે.

પ્રશ્ન–૫ તેવી જ રીતે કબીર સાહેબનું શરીર પણ અદૃશ્ય થયું એ વાતને કેવી માનવી?

ઉત્તર–સાચો ભક્ત જીવતાં પણ પોતાના શરીરને અદૃશ્ય કરી શકે છે, તેમાં ફક્ત દેહનો અધ્યાસ છોડવાની જરૂર છે. કબીર સાહેબને દેહનો અધ્યાસ નહોતો. સાધારણ માણસનું શરીર પણ સ્વપ્નમાં, નિદ્રામાં અને મૂર્છામાં દેખાતું નથી તો ભક્તનું શરીર બીજાની દૃષ્ટિમાં ન રહે તે પણ બને તેવું છે. જ્યારે ભક્તિ વધે છે ત્યારે શરીર પણ ચિન્મય થવા લાગે છે.

પ્રશ્ન–૬ ભગવાનની મૂર્તિએ નામદેવજીનું દૂધ પીધું હશે?

ઉત્તર–એ પણ બની શકે તેવું છે. સૌરાષ્ટ્રમાં એવા પ્રસંગો હાલમાં બનેલા છે, એક નાની ઉંમરના છોકરાએ ભગવાનને દૂધ

પાયું હતું, અને મોટી ઉંમરે તેનામાં માયા વધવાથી તેનું ધરેલું દૂધ ભગવાને પીધું નહિ. એક રજપૂત ભક્તે ભગવાનને દૂધ ધર્યું અને કહ્યું કે, "જો તમે દૂધ નહિ પીઓ તો હું છરાથી મારું ગળું કાપીને મરી જઈશ." તેનું દૂધ ભગવાને પીધું નહિ અને તે છરો ખાઈને મરી ગયો, તેમાં ભગવાનનો દોષ નથી. તેની થોડા દિવસની પૂજામાં મૂર્તિમાં ચૈતન્ય દેખાય નહિ. તે માણસ નવો પરણ્યો હતો. હજી પોતાના શરીરનો અધ્યાસ પૂરો છૂટયો નહોતો. તે પહેલાં આવી હઠ કરી શકાય નહિ, પણ ભગવાનની મૂર્તિની સાથે સંબંધ ઠીક કરવો જોઈએ. લડાઈમાં રાગદ્વેષથી ઘણા મરી જાય છે, પણ તેમનો ભગવાન સાથે સંબંધ થતો નથી.

પ્રશ્ન–૭ ધના ભગતના ખેતરમાં રેતીમાંથી ઘઉં કેમ થયા હશે?

ઉત્તર–હાલના કાળમાં દિલ્હીમાં એક ગોપાલદાસનામના ભક્ત ઈંટના કટકા પાસે રાખે છે. અને તેમની મૂર્તિનાં દર્શન કરવા કોઈ આવે તો તે કેળના પાનમાં વીંટીને મૂર્તિને ધરે એટલે તે સાકરનો કટકો થઈ જાય છે. તે હકીકત કલ્યાણ માસિકના ૧૯૫૨ ના ડિસેમ્બરના અંકમાં પ્રસિદ્ધ થયેલી છે. એ જ પ્રમાણે રેતીમાંથી ઘઉં થઈ શકે છે.

પ્રશ્ન–૮ ભગવાને ત્રિલોચનનાં ઘેર પાણી ભર્યું, રોહિદાસને પારસમણિ આપ્યો, સેના માટે હજામ થયા, નરસિંહ મહેતાને હાર આપ્યો, તથા મોસાળું કર્યું, વગેરે વગેરે ઘણા પ્રસંગો છે, તો તે હાલના કાળમાં તે તે વ્યક્તિઓ વિષે શું ખરેખર બનેલા હશે તેનો ખુલાસો લખવા કૃપા કરશો.

ઉત્તર–જ્યારે ભક્તની અંદર ભગવદ્ભાવ જાગ્રત થાય છે ત્યારે આવા ઘણા પ્રસંગો બને છે. જે માણસ ભગવાનને હમેશાં

સાથે રાખી શકે અને પોતાની પાસે ભગવાન છે એવો પરિચય આપી શકે તેને જ ભક્ત કહેવાય છે, ભક્ત અને ભગવાન જુદા પડી શકતા નથી. જેની પાસે ધન હોય તે ધનવાન કહેવાય છે અને જ્યારે જરૂર પડે ત્યારે ધનનો ઉપયોગ કરી શકે છે, તેવી જ રીતે જેની પાસે ભગ હોય તેને આપણે ભગવાન કહીએ છીએ. એક ભક્તની બાબતમાં જેવા પ્રસંગ બન્યા હોય તેવા બીજા ભક્તની બાબતમાં ન બને તેથી બીજો ભક્ત ખોટો છે એમ કહેવાય નહિ. મીરાંબાઈ ઝેર પી ગયાં અને બીજો ભક્ત તેમ કરવા જાય તો મરી જાય તેથી તેની ભક્તિ ખોટી છે એમ કહેવાય નહિ. ભક્તિ એ ભક્તની અંતર્દશા છે. તે બહારના બનાવોથી માપી શકાતી નથી. વળી સિદ્ધિઓમાં દ્વૈત-ભાવ પણ રહી જાય છે અને નરસિંહ મહેતાના જેવા ભગવાન હાલ તે રૂપમાં મળી શકે નહિ, પણ અધ્યાત્મભાવે આત્માનો પરમાત્મારૂપે અનુભવ લીધો હોય તો તે ભગવાન દૂર થાય નહિ. તેથી અધિદેવ સ્વરૂપ કરતાં આધ્યાત્મિક સ્વરૂપ વધારે સારું છે. તેનો વધારે ખુલાસો મેં અધ્યાત્મ ભાગવતમાં આપેલ છે. જો આજે આત્મારૂપે આપણને કૃષ્ણ મળી શકતા હોય તો ભૂતકાળના અથવા મીરાંબાઈના કૃષ્ણને માટે શા માટે ઝંખના કરવી? જે ભગવાન પાણીના ટીપા-માંથી માણસનું જીવન બનાવી દે છે તે ઓછો ચમત્કાર નથી. જે બ્રહ્મ સર્વવ્યાપક છે તે બે પગે ચાલી શકે છે તે પણ મોટો ચમત્કાર છે. જેને ચમત્કાર જોવા હોય તેને ઘણી જગ્યાએ રોજ દેખાય છે. ઉંદરની ગતિમાં પણ ચમત્કાર છે, કીડીની જીભમાં, ગીધની ગંધ-શક્તિમાં પણ ચમત્કાર છે. માણસો દિવસે અજવાળું દેખી શકે અને ઘુવડ ન દેખી શકે તો ઘુવડને એમ લાગે કે માણસોની અંદર મોટો ચમત્કાર હશે.

હાલની કેળવણી પામેલા કેટલાક માણસો એમ માને છે કે જે

બાબત બુદ્ધિથી ન સમજાય તે ખરી હોઇ શકે નહિ પણ પોતાના અજ્ઞાનથી જ્ઞાનની મર્યાદા બાંધવી નહિ. યુ. પી.ના ગવર્નર કનૈયાલાલ મુન્શી સિદ્ધિઓની બાબતમાં પોતાનો અનુભવ નીચે પ્રમાણે જણાવે છેઃ–

'હું મેટ્રીકમાં હતો ત્યારે પંડિત દુર્ગાપ્રસાદ અમારે ત્યાં ભરૂચ આવ્યા હતા. બાપાજી ત્યારે જીવતા હતા. એ પંડિત સવાલ અને તેનો જવાબ એક ચિઠ્ઠીમાં લખી તેને પાકીટમાં સીલ કરતા. પછી અમારી પાસે મોટી રકમના ગુણાકાર કરાવતા. થોડીવાર અમને કોઇ ફૂલ કે નામ ધારવાનું કહેતા અને તે નામ એ પાકીટ ઉપર લખાવતા પછી સીલબંધ પાકીટ અમારી પાસે ઉઘડાવતા. પાકીટ ઉપર અને ચિઠ્ઠીમાં અમારું ધારેલું ફૂલ કે નામ લખેલાં જ હોય.

આમાં માત્ર મનોબળ અથવા અંગ્રેજીમાં જેને વીલપાવર કહે છે તેનું પરિણામ છે. કેટલાક વર્ષ પહેલાં મુંબઇમાં એક "અલ્વરો"-નામનો માણસ મનોબળથી એવા પ્રયોગ "એકસેલસીયર થીએટર"માં કરી બતાવતો હતો. મુંબઇમાં ધોબી તલાવ પાસે વેલીંગ્ટન સિનેમામાં એક ઇટાલીઅન માણસ કાચના ગોળામાં જોઇને પ્રશ્ન પૂછનારનું નામ અને તેનો પ્રશ્ન કહી આપતો હતો અને તેનો જવાબ આપતો હતો.

મુનશીજી પોતાના એક અનુભવ માટે લખે છે કે, "ઇ. સ. ૧૯૧૭ માં એક વખત હું ચેમ્બરમાં બેઠો હતો. ત્યાં એક સાધુ આવ્યો અને મને કહ્યું : "બેટા, પચ્ચીસ રૂપિઆ દે દે." મેં કહ્યું કે, "મહારાજ, ચાલ્યા જાઓ," તેણે કહ્યું કે, "બચ્ચા દે દે, રામજીકી આજ્ઞા હૈ." મેં તેને કડકાઇથી ચાલ્યા જવા કહ્યું. સાધુ બારણામાં ઊભો હતો, વચ્ચે ખંડમાં ટેબલ હતું, તેની આ તરફ હું બેઠો હતો.

તેણે કહ્યું, બચ્ચા, રામજીકી આજ્ઞા હૈ, દેખ તેરે હાથમેં." મેં મારી જમણી હથેલી ઊઘાડીને જોયું, મારી જમણી હથેલીમાં મેશ જેવા રંગથી "શ્રીરામ" છપાયેલું હતું ! મેં ટપ દઇને પચીસ રૂપિઆ આપી દીધા. તે સાધુ આશીર્વાદ દઇ ચાલી ગયો. હું ઝબકીને જાગ્યો હોઉં તેમ આંખો ચોળવા બેઠો. આઠ ફુટને અંતરે ઊભા ઊભા સાધુએ મારી હથેલીમાં અક્ષર છાપ્યા હતા. આ ભ્રમ નહોતો, કારણ કે સાબુ લઇ મેં હાથ ધોયા ત્યારે ઘણી મહેનતે એ અક્ષરો ગયા. માનસિક બળથી સ્થૂળ સાક્ષાત્કાર થઇ શકે છે તેનો મારો આ બીજો અનુભવ હતો, યોગથી માનસિક બળ એવું ખીલે છે કે સિદ્ધિઓ મેળવી શકાય છે. એ મારો વિશ્વાસ અચળ રહેલો છે."

મુનશીજી પોતાનો ત્રીજો પ્રસંગ નીચે પ્રમાણે લખે છેઃ–

"ઇ. સ. ૧૯૨૩ ના જાન્યુઆરીમાં મને એક મીરનો પરિચય થયો. એ કાશ્મીરી યુવક મુંબઇ આવ્યો. સામાના મનમાં ધારેલા પ્રશ્નો એ કહી શકતો હતો. અને તેનો જવાબ આપી શકતો હતો. તે જોઇ મુંબઇના એક વેપારીએ તેની પાસે ભાગીદારીનું ખત કરાવી લીધું. એ ભાગીદારે પૈસા ખરચી મીરની ભવિષ્યવેત્તા તરીકે છાપામાં જાહેરાત કરી અને પચીસ રૂપિએ એક સવાલનો જવાબ આપવાનો વેપાર શરૂ થયો. મુંબઇગરા વેપારીએ ઓફિસ કાઢી અને ત્યાં રોજની ટંકશાળ પડવા માંડી. એના મનમાં હતું કે મીર પૈસા કમાવાની એક જાતની મીલ છે. પણ પંદર દિવસ પછી મીરના સવાલ–જવાબ ખોટા પડવા લાગ્યા. મુંબઇગરા વેપારીના કરારનો ભંગ થવા લાગ્યો. તેણે ભાગીદારી સમેટી લીધી અને હાઇકોર્ટમાં દાવો માંડી કરારભંગ માટે નુકશાની માંગી અને રીસીવર માટે અરજી કરી. મીર તરફથી મુલ્લાં–મુલ્લાં સોલીસીટરે મને રોક્યો. મને આમાં રસ પડયો. મીર બિચારો અભણ હતો. તે છેક ગભરાઇ ગયો

અને મારી આગળ રડતાં કહ્યું કે, "સાહેબ, મુઝે કાશ્મીર જાને દો." એણે સીધી વાત કરી. નાનપણથી એની પાસે એવી નૈસર્ગિક શક્તિ હતી કે સામો માણસ કોઇ પ્રશ્ન મનમાં ધારે કે એના મનમાં તેનો જવાબ આવે, અને તે જવાબ એની મેળે જ લખાઇ જાય! પણ બહુ સવાલ પૂછવામાં આવે તો તેની એ શક્તિ મારી જતી હતી અને સવાલ ખોટા પડતા હતા. કેમ ખોટા પડતા હતા તે એ જાણતો નહોતો. જો એ પાંચ દશ દહાડા જંગલમાં રઝળી આવે તો એની શક્તિ ફરી પાછી આવે એમ તેણે કહ્યું. મેં એને ઘેર બોલાવ્યો. ઘરમાં પાંચ માણસ હતાં. મીરે એમને પહેલાં કહ્યું કે કાંતો બધા પ્રશ્નો ભૂતકાળના અથવા ભવિષ્યકાળના હોવા જોઇએ. અમે ભવિષ્યના જ પ્રશ્નો પૂછવાનું નક્કી કર્યું. પછી તેણે અમને દરેકને ત્રણ ત્રણ પ્રશ્નો અલગ અલગ ચિઠ્ઠીઓ પર લખવા કહ્યું. અમે તે લખ્યા અને દરેક ચિઠ્ઠી ઉપર મેં નંબર લખીને મારી ટોપીમાં નાંખી. મીરે પૂછ્યું; 'કોના અક્ષરમાં જવાબ આપવા જોઇએ?'

મેં કહ્યું કે "મણિભાઇના હસ્તાક્ષરમાં જવાબ આપવા જોઇએ." મીરે મારી પેન લીધી અને ટોપીમાં ચિઠ્ઠીઓ પડી હતી તેમાં મૂકી. પછી તેના કહેવા પ્રમાણે એક ચિઠ્ઠી મેં ઊંચકી. મીરે મણિભાઇને પૂછ્યું કે, "તમારે ભાઇ છે?" મણિભાઇએ હા પાડી. મીર જાણે વાંચતો હોય તેમ ધીમે ધીમે બોલ્યો, "મારો ભાઇ રંગુનથી ક્યારે આવશે." પછી એણે મને ચિઠ્ઠી ઊઘાડીને વાંચવાનું કહ્યું. ચિઠ્ઠીમાં એ જ પ્રશ્ન હતા અને મારી પેનવડે તેમાં મણિભાઇના હસ્તાક્ષરમાં લખ્યું હતું કે, "આવતે વરસે."

આવી રીતે પંદર પ્રશ્ન તેણે વાંચ્યા. જવાબ લખાયા હતા અને દરેકના જવાબ મણિભાઇના અક્ષરથી. પછી તો મેં એના મુકદમાની માંડવાળ કરાવી અને એ છોકરો મુંબઇથી ચાલી ગયો. કેટલીક

અજાણ માનસિક શક્તિઓ એવી છે કે દેખીતી પ્રક્રિયા વિના સ્થૂલ જગતમાં ધાર્યું કરી શકે છે. તેનો આવી રીતે વધુ પુરાવો મળ્યો."

ઉપરના મીરનામના કાશ્મીરી છોકરામાં કુદરતી રીતે ઉપરની સિદ્ધિ આવી હતી, પણ કોઇને એવી શક્તિ કેળવવી હોય તો સ્વરોદય શાસ્ત્રદ્વારા કેળવી શકાય છે. એવો એક માણસ ૧૨ વર્ષ પહેલાં અમને સૌરાષ્ટ્રમાં મળ્યો હતો અને કેટલાક દરબારો તેને ઈશ્વરનો અવતાર માની પૈસાની ભેટ આપતા હતા. પણ ખરી રીતે એ એક પ્રકારનું શાસ્ત્ર છે. એક યોગી મુંબઇથી ૧૨ માઇલ દૂર ઘાટકુપરમાં બેઠાં બેઠાં મુંબઇમાં શું બનતું હતું તે કહી આપતા હતા અને ઘાટકુપરથી તે જ વખતે મુંબઇ ટેલિફોનથી પૂછાય તો તેની હકીકત સાચી પડતી હતી. આ પ્રયોગ અમે જોયો હતો.

એક માણસે પાણીના પ્યાલા ઉપર હાથ મૂકીને તેને શરબત જેવું મીઠું બનાવી દીધું હતું. તે વખતે તેણે કદાચ નખમાં સેકેરીન જેવો પદાર્થ રાખ્યો હોય તો એ રીતે પણ બની શકે તેવું છે. કોઇ પાણીમાંથી અત્તર બનાવી દે છે. તેમાં પણ નખમાં અત્તરનો એસેન્સ હોય અને તે પાણીને અડે તો એવું બની શકે છે. થોડાં વર્ષ પહેલાં સૌરાષ્ટ્રમાં મહમદ છેલનામના એક માણસ થઇ ગયા, તે હાથચાલાકીથી પણ એવા ઘણા પ્રયોગો બતાવી શકતા હતા. કોઇની વીંટી અથવા ઘડીઆલ લઇને તે ભાંગીને ભૂકો કરીને બારીમાંથી નાંખી દે અને તે પાછી તેના હાથમાં આપે. આવા બનાવમાં કોઇ બીજી વીંટીનો અથવા ઘડીઆળનો ભૂતો થતો હશે, પણ હાથ-ચાલાકીથી જોનાર માણસ તે જોઇ શકતા ન હોય તે બનવા જેવું હોય છે. જોનારની દૃષ્ટિ આડી વાતોમાં બાંધ્યા પછી આવા પ્રયોગો કેટલાક કરી બતાવે છે. નજરબંધી એ આવા પ્રયોગમાં ખાસ ઉપાય હોય છે. આપણી પૃથ્વી સૂર્યની આસપાસ એક સેકન્ડમાં ૧૮

માઈલની ઝડપે ફરે છે પણ માણસ તરીકે પૃથ્વી ઉપર રહેતાં આપણી નજરબંધી થઈ જવાથી આપણને તેની ખબર પડતી નથી. નજરબંધીનાં એવાં દૃષ્ટાંતો પ્રો. આઈન્સ્ટાઈનની સાપેક્ષવાદની થીયરીમાં મળી શકે છે. સ્વપ્નામાં જેવી નજરબંધી થાય છે તેવી જાગ્રતમાં પણ થઈ શકે છે.

પ્રકરણ–૫

મંત્રસિદ્ધિ

મંત્રશક્તિથી જે દેવનો લાભ મેળવવાનો હોય તે મળે છે. તે માટે મંત્રમાં શંકા હોવી ન જોઈએ અને દેવનું રૂપ બરાબર ધારણ કરવું જોઈએ. જેમ જેમ શક્તિ આવતી જાય તેમ તેમ તેનો ઉપયોગ કરવાથી શક્તિ વધે છે.

જે માણસ મંત્ર ભણતો હોય અથવા ઉચ્ચાર કરતો હોય તેનામાંથી સાધનાશક્તિ ઉત્પન્ન થાય છે અને મંત્રમાંથી મંત્રશક્તિ ઉત્પન્ન થાય છે. બંને સાથે મળીને મંત્રદેવતાને જાગ્રત કરે છે. મંત્રદ્વારા જે અધિષ્ઠાતા દેવનું શરીર બંધાય છે, તે જ મંત્રનો દેવ છે અને તે તેજોરૂપ છે. મંત્રથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે સિદ્ધ થાય છે, તેથી તંત્રમાર્ગમાં મંત્ર એ ઉપયોગી સાધન મનાય છે. વેદાન્તમાં કેવળ મોક્ષનું લક્ષ્ય હોય છે તેથી મંત્રની જરૂર પડતી નથી. વેદાન્ત વસ્તુતંત્ર છે, પુરુષતંત્ર નથી. તંત્રશાસ્ત્ર અને મંત્રશાસ્ત્ર એ પુરુષતંત્ર છે એટલે સાધનાથી સાધ્ય છે.

મંત્રમાં વાણી એ મુખ્ય સાધન છે. વાણીના ચાર પ્રકાર છે. એક પરા વાણી. તેમાં સૃષ્ટિ–કલ્પના ઉત્પન્ન થાય છે. બીજી પશ્યંતી

વાણી, તેમાં ઈક્ષણ અથવા દૃષ્ટિ શરૂ થાય છે. ત્રીજી મધ્યમા સૂક્ષ્મ શરીરમાં રહે છે અને ચોથી વૈખરી સ્થૂલ શરીરના ઉપયોગમાં રહે છે. જીવને પણ કાંઈ કરવું હોય તો તેને માટે યોગ્ય શબ્દ શોધે છે. તે વખતે જીવ–દૃષ્ટિ અને જીવ–સૃષ્ટિ શરૂ થાય છે. જ્યારે જીવને એમ લાગે છે કે મેં કાંઈક કર્યું અથવા મારે કાંઈક કરવાનું છે ત્યારે જીવનો એક અંશ દૃશ્યકોટિમાં આવે છે, પણ તેનું જ્ઞાન દ્રષ્ટાકોટિમાં રહે છે. દ્રષ્ટાથી દૃશ્ય જુદું નથી પણ દૃશ્યથી દ્રષ્ટા જુદો રહી શકે છે.

મંત્રદ્વારા મન દેવતાનું સ્વરૂપ લે છે. વારંવાર જપ કરવાથી મનમાં દેવત્વ ભરાય છે અને બીજાં તત્ત્વો નીકળી જાય છે. મનનું રૂપ દૃશ્યમાંથી આવે છે પણ મનમાં ચેતનનો અંશ આત્મામાંથી આવે છે. ઈષ્ટદેવની સાધનાથી મન જ દેવરૂપ બને છે. તેને વેદાન્તમાં વૃત્તિજ્ઞાન કહે છે. વૃત્તિજ્ઞાનને જે પ્રકાશ કરે છે તેને સ્વરૂપજ્ઞાન કહે છે.

જ્યાં જ્યાં શબ્દ છે, જ્યાં જ્યાં દર્શન છે ત્યાં ત્યાં સ્પન્દન છે. જ્યાં સ્પન્દન નથી ત્યાં શબ્દ નથી. વળી જેવો શબ્દ તેવું સ્પન્દન થાય છે અને જેવું સ્પન્દન થાય છે તેવી જગ્યા અને તેવો કાળ ઉત્પન્ન થાય છે. તેને ક્ષેત્ર કહે છે. મંત્રશક્તિથી દૈવી ક્ષેત્ર ઉત્પન્ન થાય છે. માણસની વાણીથી માણસનું ક્ષેત્ર તૈયાર થાય છે. ઈશ્વરના સ્પન્દનથી ઈશ્વરનું ક્ષેત્ર બને છે, તેથી ઈશ્વરને શબ્દ–બ્રહ્મ કહે છે.

આકાશનો ગુણ શબ્દ છે એટલું જ નહિ પણ શબ્દ પ્રમાણે સ્પન્દન થાય છે અને સ્પન્દન પ્રમાણે આકાશ ઉત્પન્ન થાય છે. હાલનું સાયન્સ પણ કહે છે કે Every event creates its own space and its own time. શબ્દતન્માત્રા એ શબ્દનું સૂક્ષ્મ શરીર અને આકાશ (Space) એ શબ્દનું સ્થૂલ શરીર છે.

તેથી દેશ જીતવા કરતાં વાણી જીતવાની વધારે જરૂર છે. જે વાણી જીતી શકે છે તે દેશ જીતી શકે છે.

ઈશ્વરની સૃષ્ટિકલ્પનાને ઈશ્વરનો પ્રત્યય કહે છે.

દેવની કલ્પનાને દેવનો પ્રત્યય કહે છે.

જીવની કલ્પનાને જીવનો પ્રત્યય કહે છે.

પ્રત્યયમાં અહંકાર જોઈએ. જ્યાં વિચાર તૈયાર થાય છે ત્યાં ચેતન અહંકારનું રૂપ લે છે. જ્યારે એમ લાગે છે કે હું વિચાર કરું છું ત્યારે હું અહંકારનો જ્ઞાતા થાય છે. તેથી ક્રિયાની દૃષ્ટિ એ જ સૃષ્ટિની શરૂઆત છે. જીવ પોતાની ક્રિયામાં રોકાઈ જાય છે. ઈશ્વરમાં જ્ઞાનશક્તિ જાગ્રત હોવાથી ક્રિયાનું માપ જાણી શકે છે. તેથી ઈશ્વરનું જ્ઞાન હમેશાં વર્તમાનમાં રહે છે. જીવનું જ્ઞાન ભૂત અને ભવિષ્યના વિચારોમાં વપરાઈ જાય છે.

મંત્રશક્તિથી જ્ઞાન વર્તમાનકાળમાં આવે છે અને જીવમાં દેવત્વ જાગ્રત થાય છે. તેને અપંચીકૃત શબ્દતન્માત્રા કહે છે. તેમાં તેજનો અનુભવ થાય છે અને સિદ્ધિઓ ઉત્પન્ન થવા લાગે છે. શબ્દ-તન્માત્રામાં દૃશ્યના વિકારો રહેતા નથી. રૂપતન્માત્રામાં એવી શક્તિ રહે છે. રૂપને સ્થૂલ જગતમાં કામ કરવા માટે આંખની જરૂર પડે છે અને શબ્દને સ્થૂલ જગતમાં કામ કરવા માટે આકાશની જરૂર પડે છે. ગંધતન્માત્રાને સ્થૂલ જગતમાં કામ કરવા માટે પૃથિવીની જરૂર પડે છે, અને ગંધતન્માત્રાને છૂટી રાખવા માટે સ્થૂલ તત્ત્વમાંથી મંત્રદ્વારા છૂટી કરવામાં આવે છે. આટલી શક્તિ આવે ત્યારે યોગી એક સ્થૂલ તત્ત્વમાંથી બીજું સ્થૂલ તત્ત્વ બનાવી શકે છે.

પ્રસિદ્ધ 'કલ્યાણ' માસિકના અંક ૨૬–૧૨ માં એક મંત્ર-સિદ્ધિની હકીકત પ્રસિદ્ધ થયેલ છે. તેનો સાર નીચે પ્રમાણે છેઃ—

દિલ્હીમાં થોડા વખત પહેલાં એક વૈષ્ણવ સાધુ આવ્યા હતા. તેનું નામ બાબા ગોપાલદાસ હતું. તે દિલ્હીમાં આર્યનિવાસ નં. ૧ દાક્તર લેન પર રહેતા હતા. તેના મેડા ઉપર એક ગોળ નાનો ઓરડો છે, તેમાં તે રહેતા હતા. તેમાં શ્રીકૃષ્ણનું (ગોપાલનું) એક ચિત્ર લાકડાની બેઠક ઉપર હતું. તે ચિત્ર ઉપર ચારે તરફ કરેણના ફૂલ ચડાવ્યાં હતાં. ગોપાલદાસ બાબા તે ચોકીની પાસે એક સાદડી ઉપર બેઠા તુલસીની માળા ફેરવતા હતા. તેમની પાસે આવનાર માણસને પ્રસાદ દેવા માટે બાબાજી ઇંટના નાના કટકા ૪–૫ તોલા-વાળા વજનના લીલા કેળના પાનમાં બાંધી ગોપાલની મૂર્તિની સામે અરધી મિનિટ રાખી ઉપાડી લેતા હતા, એટલામાં તે ઇંટના કટકા-માંથી સાકરના કટકા બની જતા હતા અને તે પ્રસાદ તરીકે આવ-નાર માણસોને આપવામાં આવતા હતા.

તે બાબાની પાસે જર્મન–રાજદૂત, જાપાની રાજદૂત, કાઉન્સીલ-ના સ્પીકર શ્રી માવલંકર, શ્રી સત્યનારાયણસિંહ, રાયબહાદૂર લક્ષ્મી-કાન્ત મિશ્ર વગેરે એક વખત ગયા હતા. તેઓને પણ ઉપર પ્રમાણે પ્રસાદ મળ્યો હતો.

શ્રી જુગલકિશોર બિરલાએ એક ત્રાંબાની ચમચીને એક લીલા કેળના પાનમાં લપેટી પોતાના હાથમાં લીધી અને બાબાજીના કહેવા પ્રમાણે શ્રી બિરલાજી સૂર્યની સામે ઊભા થઈ ગયા. બાબાજી તેની પાસે ઊભા રહીને કાંઈ મંત્ર જપવા લાગ્યા. બેત્રણ મિનિટ પછી કેળના પાનમાંથી ચમચી કાઢી તો તે સોનાની થઈ ગઈ હતી. હાલ પણ એ ચમચી શ્રી બિરલાના મુનીમ કાલુ રામજીની પાસે આર્ય-ભવનમાં રાખેલી છે.

બીજો ચમત્કાર એ જોવામાં આવ્યો હતો કે ઉપરની સાકરની

બાબત જાણીને એક માણસે એવું કહ્યું કે જો બાબાજીમાં મંત્રસિદ્ધિ હોય તો આખી ઇંટને સાકરના રૂપે બનાવી દે. બાબાજીએ કહ્યું કે જો ગોપાલની કૃપાથી ઇંટનો કટકો સાકર બની જાય છે તો આખી ઇંટ સાકર કેમ ન બને! તેથી ૧૮ મી સપ્ટેમ્બર ૧૯૫૨ ગુરુવારની રાત્રિએ ૮ વાગે શ્રી બિરલાજી તથા કોઇ સજ્જનોની સામે આખી ઇંટ મંગાવવામાં આવી. તેને જોઇને એક સજ્જનના હાથે લાકડાની એક બેઠક ઉપર તે ઇંટ રાખી અને એક કેળનું પાન તેના ઉપર ઢાંકી દીધું. ત્રણ ચાર મિનિટ સુધી બાબાજી કાંઇક મંત્ર જપતા હતા. તે પછી ઇંટને ઉપાડી તો કેળના પાનમાંથી સફેદ સાકરની ઇંટ નીકળી. એ ઇંટ (બિરલા હાઉસ, દિલ્હીમાં) શ્રી જુગલકિશોરજી બિરલાની પાસે રાખેલ છે. ઉપરની સોનાની ચમચી અને ઇંટ બધાને જોવા માટે રાખેલ છે.

ત્રીજી અદ્‌ભુત ઘટના તે લેખના લેખકે પોતે જોયેલી નીચે પ્રમાણે લખે છે! તે વખતે બાબુ જુગલકિશોરજી બિરલા, ગાયનાચાર્ય પંડિત રમેશજી ઠાકુર તથા 'નવનીત' પત્રના સંચાલક શ્રી ગોપાલજી નેવટિઆ ત્યાં ગયા હતા. સવારના ૧૦ વાગ્યાનો વખત હતો. તે વખતે કોઇએ બાબાજીને કહ્યું કે, 'એક દિવસ આપે પાણીમાંથી દૂધ બનાવ્યું હતું, પરંતુ પ્રભુદયાલજી, હિંમતસિંહ, માધવપ્રસાદજી, બિરલા વગેરે સજ્જનોને પૂરો સંતોષ થયો નહોતો, આજે બાબાજી ફરીથી એવી રીતે દૂધ બનાવી આપે તો કોઇને શંકા રહે નહિ.' બાબાજીએ કહ્યું, "ઠીક, એક લાકડાનો બાજોઠ બહાર રાખો, તેના ઉપર આ પાણીની ડોલ રાખો." તે પ્રમાણે પાણી રાખવામાં આવ્યું. લાલાજીએ જે ચાદર ઓઢી હતી તે ઉતારી અને માત્ર એક લંગોટ પહેરી કેડ ઉપર કપડું વીંટી પોતે થોડે દૂર ઊભા રહ્યા અને બધાને કહ્યું કે તે ડોલને બરાબર જોઇ લો. બધાએ તે જોઇ લીધી.

પછી બાબાજીએ એક માણસને કહ્યું કે તમે આ બેઠક ઉપર ડોલની પાસે બેસીને ૐનો જપ કર્યા કરો. પછી બાબાજી એ ડોલની પાસે ગયા અને તેમાંથી પ્યાલામાં પાણી ભરીને બધાને પાયું. બધાએ કહ્યું કે તે પાણી છે. પછી બાબાજી શ્રી ગોપાલજીની મૂર્તિની પાસે બેઠા અને તે પાણીની ડોલ પોતાની પાસે મંગાવી. ડોલને ગરણાથી (કપડાથી) ઢાંકવામાં આવી અને એક લાલ ફૂલ કે જે ગોપાલજીની મૂર્તિ ઉપર ચડાવ્યું હતું તે પોતાને હાથે ડોલમાં નાંખ્યું, તે પછી કપડું ઊઘાડયું તો તેમાં બધુ સફેદ દૂધ જ જોવામાં આવ્યું. તેમાંથી બધાને એક એક પ્યાલો દૂધ પાયું. બાકીનું દૂધ બિરલા–હાઉસમાં મોકલી દેવામાં આવ્યું. તે ૨॥ શેર હતું. તે ગરમ કરીને જમાવ્યું તો તેમાંથી બીજે દિવસે માખણ મળી શક્યું હતું.

ગોપાલદાસ મહારાજ ઊંચા કુળના છે. તેઓ એકવાર હિમાલયમાં એકાંતમાં દૂર ચાલી ગયા અને ભૂખ લાગી પણ તેમને કાંઇ ખાવાનું મળ્યું નહિ. તેથી તેમની આંખમાંથી આંસુ આવ્યાં અને તે નીચે પડેલી કોઇ ઇંટ ઉપર પડયાં અને તેમાંથી બરફી બની ગઇ. તે પછી તેમનામાં ઇંટમાંથી સાકર કરવાની સિદ્ધિ આવી હતી.

ઉપરની તેમની સિદ્ધિઓમાં ત્રાંબાની ચમચીને તેમણે સોનાની બનાવી દીધી તે પહેલાં તેમણે તે ચમચી સૂર્યના તડકામાં થોડો વખત રાખી હતી. તેજની મદદથી જડ વસ્તુના પરમાણુઓ ફેરવી શકાય છે, એવું હાલના સાયન્સવાળા પણ સિદ્ધ કરી શક્યા છે.

મંત્રમાં રહેલ શબ્દમાં અચિંત્ય શક્તિ રહેલી હોય છે. તેમાં પણ શબ્દ જ્યારે મંત્રદ્વારા અપંચીકૃત અને તેજસ્વી બને ત્યારે તે સ્થૂલને સૂક્ષ્મ કરી શકે છે. હાલના સાયન્સવાળા ગમે તે સ્થૂલ વસ્તુને તેજસ્વી (Radio–Active) બનાવી શકે છે. તે માટે સ્થૂલ વસ્તુના પરમાણુને બીજું સૂક્ષ્મ તેજ લગાડવું પડે છે. મૂર્તિને પણ તેજસ્વી

બનાવવી હોય ત્યારે ઘીની બત્તી અને ઘંટાનો નાદ કરવાની જરૂર પડે છે. કોઇ પણ વસ્તુ તેજરૂપ થયા પછી અને શબ્દરૂપ થયા પછી તેમાંથી બીજી ઘણી વસ્તુઓ બની શકે છે. રેડિઓના તેજમાંથી ઘણા શબ્દો અને ઘણાં રૂપ નીકળી શકે છે. સિનેમાના તેજમાંથી ઘણા રંગના દેખાવ જોઇ શકાય છે. વીજળીની શક્તિથી ટ્રેન ચાલે છે, ટ્રામ ચાલે છે, અને ઘણાં કારખાનાં ચાલે છે, તે પ્રમાણે મંત્ર-શક્તિ કે જે વધારે સૂક્ષ્મ છે, તેની સાથે ભક્તની સાધનાશક્તિ મળે તો ઉપર પ્રમાણે અનેક પ્રકારની સિદ્ધિઓ મળી શકે છે.

સામાન્ય માણસને જે શબ્દનો અનુભવ છે તે આકાશનો ગુણ છે અને તે પંચીકૃત છે. તે ખરો શબ્દ નથી. ખરો શબ્દ સૂક્ષ્મ છે તે અપંચીકૃત છે અને તે આકાશને ઉત્પન્ન કરે છે. મૂળ પ્રકૃતિ જ્યારે મનને અને કાનને સ્પર્શ કરે છે ત્યારે શબ્દ સંભળાય છે. જ્યારે મનને અને આંખને સ્પર્શ કરે છે ત્યારે રૂપ દેખાય છે.

પંચીકૃત જગતને સામાજીક કાયદા (Statistical Laws) લાગુ પડે છે. અપંચીકૃત જગતને વ્યક્તિના (Individual Laws) લાગુ પડે છે.

માણસ કોઇ વિચાર કરે ત્યારે તે વિચારને જોવાની શક્તિ ઓછી થતી નથી, પણ સંસારને ઉત્પન્ન કરવાનું કારણ બને છે, તેવી જ રીતે ઈશ્વરની શક્તિ બાબત સમજવાનું છે. બધા ચમત્કાર-માં એક બાબત સમજવાની એ છે કે તેમાં ઈશ્વરી ભાવ આવવો જોઇએ. તેને તંત્રશાસ્ત્રમાં શબ્દબ્રહ્મ અથવા Stress કહે છે. શબ્દ-બ્રહ્મ નિત્ય કામ કર્યા કરે છે અને તેથી સૃષ્ટિ નિત્ય બન્યા કરે છે. જ્યાંસુધી જીવમાં કે ઈશ્વરમાં જુદું દર્શન અને જુદું શ્રવણ છે ત્યાં-સુધી સૃષ્ટિનો અંત આવે તેમ નથી. એ ભગવાનની માયાશક્તિ છે.

એ ત્રણ પ્રકારના પ્રલયમાં ઉપયોગી છે. તેને નિત્ય, નૈમિત્તિક અને પ્રાકૃત પ્રલય કહે છે. જ્ઞાનશક્તિ આત્યન્તિક પ્રલયમાં ઉપયોગી છે.

મૂળ શબ્દમાં અર્થ અને પ્રત્યય જુદા હોતા નથી. પણ સ્થૂલ વ્યવહારમાં તે જુદા પડી જાય છે. જ્યારે મંત્રશક્તિથી શબ્દ પોતાના મૂળ સ્વરૂપમાં આવે છે ત્યારે અર્થ અને પ્રત્યય તેનાથી જુદા રહેતા નથી. પોતાના ચૈતન્યને દૃશ્ય કોટિમાં લાવવાના પ્રયત્નથી શબ્દ ઉત્પન્ન થાય છે, તે શક્તિનું સ્વરૂપ છે. તે દૃશ્યને જોનાર સાક્ષીરૂપે જે રહે તે શિવનું સ્વરૂપ છે, બંને મળીને વ્યવહાર ચલાવે છે. જ્યારે જીવ ઊંચી દશામાં આવે છે ત્યારે શિવ તત્ત્વમાં ફેર પડતો નથી પણ શક્તિતત્ત્વમાં ફેર પડે છે. મોક્ષમાં બંને અભિન્ન થઇ જાય છે, અને સંસારની દશામાં જ્યારે માત્ર દૃશ્ય તરફ જ આસક્તિ રહે છે ત્યારે દ્રષ્ટાના સ્વભાવનો વિચાર ઘણા માણસો કરી શકતા નથી. સિદ્ધિવાળા મહાત્માઓ પણ ભગવાનના ખરા સ્વરૂપ તરફ વળી શકતા નથી. એક મહાત્મા પહેલાં સંસારમાં હતા, પછી સંન્યાસી થયા હતા અને તેમનામાં કેટલીક સિદ્ધિઓ આવી હતી. તે કહેતા હતા કે સંસારી માણસને સંસાર છોડવો સહેલો છે પણ સિદ્ધિવાળા મહાત્માને સિદ્ધિનો મોહ છોડવો એ વધારે કઠણ કામ છે.

કુંડલિની શક્તિનાં બે સ્વરૂપ છે. જે તેનું સૂક્ષ્મરૂપ છે તેને જ્યોતિર્મયી કહે છે અને જે સ્થૂલ રૂપવાળી છે તેને મંત્રમયી કહે છે. તંત્રશાસ્ત્રમાં બંને પ્રાપ્ત કરવાનો વિધિ બતાવવામાં આવેલ છે. તંત્રશાસ્ત્રનો પ્રચાર સામાન્ય રીતે બંગાળમાં, તિબેટમાં અને કાશ્મીરમાં વધારે છે. કાંઇક અંશે દક્ષિણમાં પણ છે.

તંત્રમાર્ગ એ શક્તિની સાધનાનો માર્ગ છે. તે ધાર્મિક રીતે જીવની શક્તિ કેળવવાનો અને મૂર્તિનું ચૈતન્ય પ્રગટ કરવાનો માર્ગ છે. તેમાં નાદ (Vibrations) બિંદુ (એટમ) અને કલા (વિકાસ)

એમ ત્રણ ભાગ છે, નાદમાંથી એટમની અંદરના પરમાણુની શક્તિ બંધાય છે. તે શક્તિને બિંદુ કહે છે, ૐકારની ઉપર પણ બિંદુ મૂકવામાં આવે છે. તે બિંદુના વિકાસને કલા કહેવામાં આવે છે. દરેક જડ વસ્તુને હવેના સાયન્સવાળા તેજોમય (રેડિઓ એક્ટીવ) બનાવી શકે છે.

મૂર્તિની સ્થાપના વખતે પહેલાં મંત્રદ્વારા પ્રાણપ્રતિષ્ઠા કરાવે છે. મંત્ર એ નાદ છે, એ નાદથી મૂર્તિમાં નવું બિંદુ (નવી એટમ) બંધાય છે. મૂર્તિમાં જડપણું આરોપિત છે. જ્યારે તેની પૂજા બરાબર ષોડશોપચાર પ્રમાણે કરવામાં આવે છે ત્યારે તેમાંથી જડપણું દૂર થાય છે, અને નવા પ્રકારનું તેજ ત્યાં પ્રગટ થાય છે. પછી જેમ રેડિઓના તેજમાં ગમે તે વેવ–લેન્ગ્થ મૂકીને ગમે તે સાંભળી શકાય છે, તેમ મૂર્તિના તેજમાં જે રૂપ જોવાની ભક્તને ઇચ્છા થાય તે રૂપ જોઇ શકાય છે અથવા મૂર્તિ સાથે વાતચીત થઇ શકે છે. પણ તેમાં બધો આધાર પૂજારીની ભાવના ઉપર છે. તેથી શાસ્ત્રમાં કહેલ છે કે શિવ થઇને શિવની પૂજા કરવી. મૂર્તિની પૂજા વખતે દીવો કરવામાં આવે છે. એ રીતે મૂર્તિનું તેજ દીવામાં આવે છે અને પછી તે દીવો બીજાને મૂર્તિનું તેજ આપવા માટે આપવામાં આવે છે. કોઈ જગ્યાએ મૂર્તિની પાસે અખંડ જ્યોત પણ રાખવામાં આવે છે. તેનો પણ એ જ હેતુ છે.

પૂજા વખતે મંત્રનો જપ કરવાની વિધિ છે. નામને રૂપ સાથે સંબંધ છે. શબ્દમાં અચિન્ત્ય શક્તિ છે, તેથી જે પ્રકારનો જપ હોય છે તે પ્રકારનું રૂપ મૂર્તિના તેજમાં બંધાવા લાગે છે. જેને આપણે સામાન્ય બુદ્ધિથી જડ વસ્તુ માનીએ છીએ તે ખરેખર જડ નથી. તેની ખાત્રી મૂર્તિપૂજા કરીને કરી શકાય છે. એટલી ખાત્રી થયા પછી જગતમાં બધું ચેતનમય જણાવા લાગે છે.

પણ સાથે વાસના જીતવી જોઇએ. માણસની વાસના તેના આત્માના તેજને વ્યાપક થવા દેતી નથી. તેથી મંત્રની સાથે અને પૂજા પછી બધે બ્રહ્મદર્શન કરવું હોય તો વાસનાક્ષય અને મનોનાશ અને તત્ત્વજ્ઞાન એ ત્રણે જોઇએ. શુદ્ધ બ્રહ્મમાંથી જગત થાય નહિ. સો ટચના સોનામાંથી ઘાટ થાય નહિ. તેમાં થોડું ત્રાંબુ અથવા રૂપું ભેળવવામાં આવે ત્યારે જ ઘાટ થઇ શકે છે; તેવી જ રીતે શુદ્ધ બ્રહ્મમાં માયાનો અંશ ભળે ત્યારે જીવની અને જગતની ઉત્પત્તિ થાય. ભગવાનને અવતાર લેવો હોય ત્યારે પણ થોડી માયાને સ્વીકારવી પડે છે. તે માયા શ્રીકૃષ્ણના જન્મ પહેલાં આવેલ છે. જ્ઞાની પુરુષોની ઇચ્છા કોઇને ઉપદેશ આપવાની થાય ત્યારે પણ થોડુંક અજ્ઞાન અથવા દ્વૈત સ્વીકારીને વાત કરવી પડે છે. તેથી પૂર્ણ નિષ્ઠાવાળા જ્ઞાનીને બહુ વાતો કરવાની ઇચ્છા થતી નથી. વાતો કરવાની ઇચ્છા થાય ત્યારે શબ્દ–બ્રહ્મ તૈયાર થાય છે. તેને માયાશક્તિ કહે છે. તે શુદ્ધ બ્રહ્મની જ્ઞાનશક્તિમાંથી જ બને છે. તે વખતે જ્ઞાનશક્તિ પાછળ રહી જાય છે. જગત દેખાય છે એ વ્યવસાયવાળું જ્ઞાન કહે છે. સામાન્ય માણસ વ્યવસાયવાળા જ્ઞાનનો ઉપયોગ કરે છે. આગળ વધ્યા પછી અનુવ્યવસાયવાળા જ્ઞાનનો અનુભવ (awareness of awareness) મળી શકે છે.

સર હરબર્ટ ડીંગલ લખે છે કે "When we take the process of thinking as itself the matter of study, both the subject and the object are objectively before us; but in that case the subject ceases to be the subject. The actual subject is that which is thinking of the process of thinking. એટલે વ્યવસાયજ્ઞાનમાં વિચાર કરનાર અને વિચાર જુદા જણાતા

નથી અને આત્માનું ભાન નથી. અનુવ્યવસાન–જ્ઞાનમાં વિચારથી આત્માને જુદો જોઇ શકાય છે. પહેલી માયાશક્તિ છે. બીજી જ્ઞાનશક્તિ છે–મંત્રસાધનામાં માયાશક્તિ વધે છે. માયાશક્તિ એ જ્ઞાનનું બીજું રૂપ હોવાથી મંત્રસાધનામાં તેને જ્ઞાનશક્તિ કહેવામાં આવે છે. શુદ્ધ જ્ઞાન નિર્ગુણ છે. તે માત્ર જોયા કરે છે તેથી તેને તંત્રશાસ્ત્રમાં શિવનું સ્વરૂપ કહેવામાં આવેલ છે. જ્યારે શિવનું ભાન રહેતું નથી ત્યારે શક્તિમાં જડતા ઉત્પન્ન થવા લાગે છે અને જ્યારે સમાધિમાં શિવનું (જ્ઞાનનું) ભાન થવા લાગે છે ત્યારે શક્તિની જડતા દૂર થવા લાગે છે.

સ્વપ્નમાં ભેદ ન હોવા છતાં માયાશક્તિથી ભેદ જણાય છે અને જાગ્રતની જ્ઞાનશક્તિ તે ભેદને દૂર કરે છે. જાગ્રતમાં જાગ્રતની માયાશક્તિથી ફરીથી ભેદ ઉત્પન્ન થાય છે તે મંત્રશક્તિથી દૂર થાય છે. જ્ઞાનાધ્યાસ વખતે ધર્મીનો અધ્યાસ થાય છે અને અર્થાધ્યાસ વખતે ધર્મનો અધ્યાસ થાય છે. બંનેને જુદા કરનાર માયાશક્તિ છે. મંત્રથી ધર્મી અને ધર્મની એકતા સમજાય છે. જ્યારે વિચાર ઉપર વિચાર શરૂ થાય છે ત્યારે દેવતા જાગ્રત થાય છે. તેને જ્યોતિર્મયી દેવી પણ કહે છે.

સ્વપ્નામાં પોતાથી કાંઇ જુદું નથી છતાં જુદું દેખાય છે તે એક પ્રકારની માયાની કળા છે, તે માયિક દર્શનમાંથી ઉત્પન્ન થાય છે. જાગ્રતમાં પણ એવું બને છે. માયામાંથી કળા બને છે અને કળા વારંવાર જોવાથી તેમાંથી નિયતિ (Determinism) બને છે. તેને પ્રારબ્ધ પણ કહે છે. મંત્રશક્તિથી નિયતિ તૂટે છે, કારણ કે સાધક વારંવાર દૃશ્ય જોવાને બદલે દેવતાને જુએ છે, જ્યાં દ્રષ્ટા અને દૃશ્યના ભેદ વધવા લાગે છે ત્યાં અનેકત્વ અને નિયતિ ઉત્પન્ન થાય છે. તેને તંત્રમાર્ગમાં કંચુક કહે છે. એ કંચુકને તોડવા માટે

તંત્રમાર્ગમાં મંત્રનો ઉપયોગ થાય છે અને વેદાન્તમાં ત્રણ અવસ્થાના વિચારથી તૂટે છે.

તંત્રશાસ્ત્રમાં કળાને કાળ સાથે ઘણો સંબંધ છે. આપણે કાળ બાબત ગમે તેટલો વિચાર કરીએ તોપણ તે વિચાર વર્તમાનકાળમાં રહે છે. ભૂતકાળનો વિચાર અને ભવિષ્યકાળનો વિચાર પણ વર્તમાનકાળના જ્ઞાનથી થાય છે. આપણે ભૂત અથવા ભવિષ્યમાં જઇ શકતા નથી. છતાં એવા વિચાર કરીએ છીએ, એ એક પ્રકારની માયાની કળા છે. તેથી શ્રી શંકરાચાર્યે બ્રહ્મસૂત્રના ભાષ્યમાં શરૂઆતમાં કહેલ છે કે સ્મૃતિ એ અધ્યાસરૂપ છે. તંત્રશાસ્ત્રમાં તેને કળા કહે છે.

આવી રીતે જીવ માયામાં આવે છે. પોતે વર્તમાન જ્ઞાનમાં હોય છે, છતાં એમ માને છે કે જાણે કાલનું જગત આજે જોતો હોય, તેને પ્રત્યભિજ્ઞા કહે છે. પણ પ્રત્યભિજ્ઞા વર્તમાન જ્ઞાનથી થાય છે. તેની ખબર રહેતી નથી, એનું નામ માયા છે. જો જ્ઞાની સાવધ થઇ જાય તો એ માયા દૂર થતાં વાર લાગતી નથી. બાળકમાં બોલવાની શક્તિ આવે છે ત્યારે તે સિદ્ધિનું કામ કરે છે અને તે બહુ બોલવા માંડે છે તેમ મોટા માણસમાં કાંઇક નવું કામ કરવાની શક્તિ આવે છે ત્યારે તે તેને બહુ વાપરવા માંડે છે અને તેમાંથી તેનું પ્રારબ્ધ ઘડાય છે. આવી રીતે સિદ્ધિના મોહમાં ઘણા મહાત્માઓ ફસાઇ જાય છે અને તેમાંથી નીકળી શકતા નથી. રાજ્ય કરનાર પ્રધાનો ઇતિહાસો વાંચીને પોતાના વર્તમાન જ્ઞાનને ભૂત–ભવિષ્યમાં મૂકે છે. તેનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય છે પણ તે માયાશક્તિ છે, જ્ઞાનશક્તિ નથી. માયાશક્તિમાંથી એક માણસ પોતે જ પોતાને ભૂત–ભવિષ્યમાં મૂકીને અનેક રૂપે (Multiple Person) થાય છે. તેને બ્રહ્મ થવું બહુ

મુશ્કેલ પડે છે. રાજ્યની ભાવના અને સમાજના કલ્યાણની ભાવના પણ મંત્રશક્તિ જેવું કામ કરે છે, પણ તેથી ખરાબી થાય છે. મંત્રશક્તિ થોડો ભેદ દૂર કરે છે અને માયાશક્તિ ભેદ વધારે છે.

રાજ્ય કરવું, સમાજસેવા કરવી એ એક કળા છે, તેમાં કર્તાપણું જરૂર રહે છે. કર્તાપણાની સાથે ભોક્તાપણું પણ રહે છે. શિવતત્ત્વમાં જ્ઞાતાપણું સ્પષ્ટ રહે છે અને કર્તાપણું અને ભોક્તાપણું અવ્યક્ત રહે છે. માયાતત્ત્વમાં કર્તાપણું અને ભોક્તાપણું સ્પષ્ટ રહે છે અને જ્ઞાતાપણું અસ્પષ્ટ રહે છે. તેથી શરીરનું અને ઇંદ્રિયોનું અભિમાન રહે છે અને જગતનો ભોગ કરવાની ઇચ્છા થાય છે.

પ્રકરણ-૬

આરોગ્યસિદ્ધિ

સિદ્ધિનો અર્થ એ છે કે તેમાં જ્ઞાન, ઇચ્છા અને ક્રિયા એ ત્રણેનો સમન્વય રહે છે. ઇચ્છા અને ક્રિયા એ પ્રકૃતિનો ભાગ છે અને જ્ઞાન એ પુરુષતત્ત્વ છે. સામાન્ય માણસોમાં પ્રકૃતિનું તત્ત્વ વધારે પ્રમાણમાં હોય છે અને વિચારશક્તિ ઓછી હોય છે તેથી તેઓ બીજાના કહેવા પ્રમાણે ચાલે છે, પણ સિદ્ધ પુરુષોમાં જ્ઞાનનું બળ સારું હોય છે.

સારું આરોગ્ય રાખવા માટે શ્રદ્ધા જોઈએ અને બીક ન જોઈએ. કોઈ પણ રીતે દરદીમાં સમતા આવવી જોઈએ. જે દાક્તરો દરદીમાં શ્રદ્ધા અને સમતા ઉત્પન્ન કરી શકે છે તેઓ તેને તરત સારો કરી શકે છે. એક વખત એક દરદી બહુ માંદો પડી ગયો અને તેને લાગ્યું કે હું આજે હવે મરી જઈશ. તે દિવસે એક દાક્તર તેની

પાસે આવ્યા અને કહ્યું કે તમને કાંઈ દરદ નથી. માત્ર શ્રદ્ધા રાખીને ભગવાનને પ્રાર્થના કરો કે, "મને આજ રાત્રે ૮ વાગ્યા સુધીમાં સાજો કરો." એ શબ્દો રાત પડે ત્યાં સુધીમાં બોલ્યા કરો. એ રીતે આખો દિવસ શ્રદ્ધાથી બોલવાથી તે એક દિવસમાં સાજો થઈ ગયો હતો.

પેટમાં અપચો રહેતો હોય તોપણ પેટ સારું હોય અને જમેલું પચતું હોય તેવું દૃશ્ય પોતાની નજર પાસે રાખવાથી અન્ન પચવા લાગે છે. કોઈ દરદીને જેમ સૂચના આપીને સારો કરી શકાય છે તેમ પોતાનું શરીર પણ એક માણસ હોય તેમ તેને સૂચના આપીને સારું કરી શકાય છે. મુખ્ય વસ્તુ સમજવાની એ છે કે આત્મામાં બધી શક્તિ છે અને અનાત્મામાં કાંઈ શક્તિ નથી એવી શ્રદ્ધા રાખવી જોઈએ. ભગવાન કહે છે કે હું સર્વત્ર છું, તો બીજી વસ્તુને માટે જગ્યા રહેતી નથી. જ્યારે તેજ આવે છે ત્યારે અંધારું રહેતું નથી. તે પ્રમાણે ભગવદીય આનંદ સર્વત્ર હોવાથી દુઃખ કે અજ્ઞાન માટે જગ્યા રહેતી નથી. શરીર જડ છે, અનાત્મા છે, તેનામાં કાંઈ સત્તા નથી. એ સિદ્ધાન્ત બરાબર સમજવો જોઈએ.

રોગ ભૂલથી અથવા અજ્ઞાનથી આવે છે. જ્ઞાન થાય ત્યારે તેને અ-રોગ અથવા આરોગ્ય કહે છે. જ્ઞાન એ આત્માનું સ્વરૂપ છે, તે સદા અરોગી છે, તેમાં અનંત શક્તિ છે. અનાત્મામાં કાંઈ સત્તા નથી, તેથી શરીરના ઉપર આત્માનો અમલ ચાલી શકે છે પણ શરીરને ચેતનના ધર્મ આપીને શરીરના ધર્મ ચેતનમાં લેવાથી વિપરીત દશા ઉત્પન્ન થાય છે અને જીવ પરાધીન થાય છે. તેથી શરીરને આપેલી સત્તા પાછી ખેંચી લેવી જોઈએ અને આપણી મરજી પ્રમાણે શરીર રહે તેમ શરીરને રાખવું જોઈએ.

શરીરમાં રોગ થાય છે અને તેનું દુઃખ થાય છે તેનું કારણ શરીરમાં રહેલું અભિમાન છે અને તે અજ્ઞાન છે. બીજા માણસને દુઃખ થાય છે ત્યારે આપણને થતું નથી, તેનું કારણ એ છે કે આપણને બીજા શરીરનું અભિમાન નથી. અજ્ઞાનનું વિરોધી જ્ઞાન છે, તેથી જ્ઞાનદ્વારા પોતાના શરીરનું અભિમાન તોડતા શીખવું જોઈએ.

એક ગુરુનો શિષ્ય બહુ માંદો પડયો. બીજા શિષ્યે ગુરુને તે બાબત ખબર આપી. ગુરુએ કહ્યું; દાક્તરને બોલાવો. તે દાક્તરને ઘેર ગયો, પાછળથી ગુરુને લાગ્યું કે તેનાં માંદા શિષ્યને પોતે જ સાજો કરવો જોઈએ; એટલે તેણે યોગશક્તિ વાપરીને તરત જ સાજો કર્યો. દાક્તર બહાર ગયેલો હતો તેથી મળ્યો નહીં. બીજા શિષ્યે પાછા આવીને જોયું તો પહેલો શિષ્ય તદ્દન સારી તંદુરસ્ત સ્થિતિમાં બેઠો હતો. તે ગુરુ પાસે ગયો અને તેનું કારણ પૂછ્યું. ગુરુએ કહ્યું કે મેં પાછળથી તેને માટે યોગશક્તિ વાપરી હતી. અહીં યોગશક્તિનો અર્થ એ સમજવાનો છે કે તેણે પોતાના શિષ્યને માટે આત્માની અ–રોગતાની સૂચના આપી તેવું જ્ઞાન ધારણ કરી રાખવું. એટલે સૂચના શિષ્ય જો ન લઈ શકે તો શિષ્યનું શરીર એ પોતાનું શરીર છે એમ માની શરીરની અ–સત્તા માની આત્માની નીરોગતા તેમાં દાખલ કરવી પડે છે.

એક વખત એક યોગીના પગમાં દુઃખાવો થતો હતો. તેના શિષ્યો તેની સેવા કરવા લાગ્યા. તેથી તેને કંટાળો આવ્યો. તેણે શિષ્યોને કહ્યું કે, "જાઓ, મારો પગ દુઃખતો નથી, તમે બધા જતા રહો." એમ કહેવાથી પગનો રોગ શાંત થઈ ગયો હતો. આવી ચમત્કારિક શક્તિ દરેકના આત્મામાં રહેલી છે. આત્માને કોઈ જાતનું દરદ થઈ શકે નહિ. ગમે તેવું દરદ હોય પણ ઊંઘમાં લાગતું નથી. તે અનુભવ ઉપરથી ખાત્રી થશે કે દરદ એ આત્માનો અથવા ચેતનનો સ્વભાવ

નથી. જાગ્રતમાં એવી દશા રાખી શકાય તો કોઈ દરદ લાગે નહિ. બીજા દરદી પ્રત્યે એવી દશા રાખવાથી આપણી અવસ્થાની અસર તેના ઉપર થાય છે. બાળકોને પણ એવી રીતે સાજા કરી શકાય છે. તેની મા બાળકને માંદો માનતી હોય તો માને કહેવું કે તેનો આત્મા શુદ્ધ છે અને તે માંદો રહી શકે નહિ, એવી ભાવના દૃઢ રાખવી. આવા કામ માટે વિધિ અને નિષેધ બંને પ્રકારની ભાવનાની જરૂર પડે છે. તેનાં કેટલાંક દૃષ્ટાંતો નીચે આપવામાં આવેલ છે.

નિષેધ ભાવના	વિધિમુખની ભાવના
૧. મારામાં અપૂર્ણતા રહી શકે નહિ.	૧. મારો આત્મા ઈશ્વરના જેવો જ પૂર્ણ છે.
૨. મારામાં ભેદ રહી શકે નહિ.	૨. મારો આત્મા અભેદ્ય છે.
૩. મારામાં અજ્ઞાન રહી શકે નહિ.	૩. હું જ્ઞાનસ્વરૂપ છું.
૪. મારામાં દુઃખ કે દરદ આવી શકે નહિ.	૪. હું સુખસ્વરૂપ છું.
૫. મને મરણ આવી શકે નહિ.	૫. હું અમર છું.
૬. કોઈ આસુરીવૃત્તિ મને નડે નહિ.	૬. હું દૈવી પુરુષ છું.
૭. મારી આસપાસ ખરાબ વાતાવરણ રહી શકે નહિ.	૭. મારો આત્મા સારા વાતાવરણવાળો છે.
૮. મારામાં દેશનું પરિચ્છિન્નપણું રહે નહિ.	૮. કારણ કે હું સર્વવ્યાપક છું.
૯. મારામાં કાળનું પરિચ્છિન્નપણું નથી.	૯. કારણ કે હું નિત્ય છું.
૧૦. મારામાં વસ્તુનું પરિચ્છિન્નપણું નથી.	૧૦. કારણ કે હું સર્વરૂપ છું.
૧૧. બીજા મને નુકશાન કરી શકે નહિ.	૧૧. કારણ કે હું બીજાનો આત્મા છું.
૧૨. ઇંદ્રિયો મને દબાવી શકે નહિ.	૧૨. હું ઇંદ્રિયોનો સ્વામી છું.

૧૩. મને રોગ આવે નહિ.	૧૩. કારણ કે હું ઈશ્વરની અંદર રહું છું.
૧૪. મને ક્રોધ આવે નહિ.	૧૪. કારણ કે મારો આત્મા પ્રેમ-સ્વરૂપ છે.
૧૫. મને વીંછી કે સર્પ નડે નહિ.	૧૫. કારણ કે હું સર્વરૂપ છું.
૧૬. મારા લેણા પૈસા કોઇ રાખે નહિ.	૧૬. કારણ કે હું બીજાના પૈસા આપી દઉં છું.
૧૭. મારા કુટુંબમાં કોઇ અનીતિ કરે નહિ.	૧૭. અમે બધા નીતિથી રહીએ છીએ.
૧૮. અમને કોઇ પારકું લાગતું નથી.	૧૮. અમે બધાને અમારા માનીએ છીએ.
૧૯. મને કદાપિ અશાંતિ થાય નહિ.	૧૯. હું શાંતિ સ્વરૂપ આત્મામાં રહું છું.
૨૦. મારા વિચારમાં અશુદ્ધિ આવે નહિ.	૨૦. હું શુદ્ધ વિચાર જ કરું છું.
૨૧. મારું જીવન ખોટે રસ્તે જાય નહિ.	૨૧. હું ઈશ્વરની આજ્ઞા પ્રમાણે રહું છું.
૨૨. ભગવાન મને પોતાથી જુદો કરી શકે નહિ.	૨૨. કારણ કે ભગવાન સર્વવ્યાપક છે.
૨૩. મને કોઇ જાતની બીક નથી.	૨૩. કારણ કે હું અદ્વૈત ભાવમાં રહું છું.
૨૪. હું દુઃખથી બીતો નથી.	૨૪. દુઃખને હું કસોટીરૂપ માનું છું.
૨૫. હું કોઈનું રક્ષણ માગતો નથી.	૨૫. મને હંમેશાં ભગવાનનું રક્ષણ મળ્યા કરે છે.
૨૬. સજાતીય તત્ત્વમાંથી વિજાતીય નીકળી શકે નહિ, તેથી ભગ-વાન માંથી દુઃખ અને અજ્ઞાન નીકળે નહિ. ઘઉંના બીમાંથી બાજરો થાય નહિ.	૨૬. સચ્ચિદાનંદમાંથી સચ્ચિદાનંદ નીકળેલ છે. ભગવાને શાંતિ અને સુખ જ ઉત્પન્ન કરેલ છે, બધાને નીરોગી કરેલ છે.

ઉપરના દૃષ્ટાંતો ઉપરથી ખાત્રી થશે કે બંને પ્રકારની ભાવનાની જરૂર છે. એવી જાતની ઘણા પ્રકારની પ્રાર્થના ગોઠવી શકાય છે અને દુઃખ અને દરદ નાબુદ કરી શકાય છે. એ રીતે સિદ્ધિ અને ચમત્કાર પણ અનુભવમાં આવશે. વળી વિધિ મુખની ભાવના થોડો વખત ધારણ કરી રાખવી જોઇએ. જેમ જળથી અગ્નિ બૂઝાઈ જાય છે, તેમ જ્ઞાનથી અજ્ઞાન દૂર થાય છે. પહેલાં દરદીની બીક દૂર કરવી અને પછી એવો દૃઢ વિચાર સ્થાપવો કે આત્મા સદા નિરોગી છે. દાક્તરે પણ હમેશાં ભક્તિભાવથી રહેવું. જે ભગવાનથી વિભક્ત થતો નથી તે ભક્ત છે.

કેટલાકને માણસોની સેવા કરવી ગમે છે, પણ તેમાં પશુ–પક્ષીનો સમાવેશ કરતા નથી, તેથી માંસ ખાવામાં તેમને વાંધો આવતો નથી પણ એ ખોટી ભાવના છે. પશુ–પક્ષી પણ આપણા નજીકનાં સગાં છે. આપણે બધા ભગવાનની અંદર રહીએ છીએ તેથી કોઇ પ્રાણીને આપણા તરફથી ભય થવો જોઇએ નહિ. એવી ભાવનાથી બીજા કોઇ આપણને ભય ઉપજાવી શકશે નહિ. ક્રોધ માટે ગમે તેવા સંજોગો ઉત્પન્ન થાય તોપણ ક્રોધ કરવો નહિ.

બધો આધાર પોતાના ક્ષેત્ર–ફળ ઉપર છે. પોતે પોતાનું જીવન જેટલું વિશાળ કરવા માંગીએ તેટલું વિશાળ થઇ શકે છે, અને ભક્તકોટિનો દાક્તર દરદીને જરૂર સારા કરી શકે છે. એક દાક્તર પરીક્ષામાં પાસ થયા પછી, તેણે પોતાનું દવાખાનું ચાલુ કર્યું, પણ દરદીઓ આવતા નહોતા અને તેનું ખર્ચ પુરું થતું નહોતું. તેણે એક સાધુને તે બાબત જણાવી. સાધુએ કહ્યું કે દવામાં નાંખવા માટે જે પાણી રાખવામાં આવે છે, તેમાં 'રામ' શબ્દ લખવો. પછી તે પાણી દવાની સાથે મેળવીને આપવું. આ રીતે કરવાથી તેના દરદીઓ સારા થવા લાગ્યા અને તેની પ્રેક્ટીસ ખૂબ વધવા લાગી. આંહી તેણે

મોટી શક્તિનો ઉપયોગ કર્યો હતો. બાળકો તરત સાજા થાય છે કારણ કે તેમનામાં જગતનું જ્ઞાન બહુ આવ્યું હોતું નથી. જેના જ્ઞાનમાં સંસારના વિચાર બહુ જ હોય છે, તેમનું દરદ સારું થતાં વાર લાગે છે. જે માણસમાં કામ, ક્રોધ બહુ હોય અને ભગવાનને માનતા ન હોય તે તરત સાજા થતા નથી. એ જ કારણથી હાલ કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને અથવા રાજ્યના પ્રધાનોને અથવા વકીલોને અથવા વેપારીઓને આત્મજ્ઞાન આપવું મુશ્કેલ પડે છે, કારણ કે તેઓની અંદર જગતનું જ્ઞાન વધારે પ્રમાણમાં હોય છે. તે કામ મજબૂત પથ્થરને ભાંગવા જેવું અઘરું છે.

સારા દાક્તરે હલકો ભાવ ગ્રહણ કરવો નહિ. જે આરોપી પોતાનો ગુન્હો કબૂલ કરે છે, તેને સારા વકીલો કે કોર્ટ પણ છોડાવી શકતા નથી. તેથી પોતે નબળો છે, કે દુઃખી છે અથવા માંદો છે એવો આરોપ સ્વીકારવો નહિ, એ મનની જડતામાંથી ઉત્પન્ન થાય છે. મનમાંથી જડના વિચારો દૂર કરવા એ મોટામાં મોટી સિદ્ધિ છે. આત્મામાં કોઇ રોગ કદાપિ આવી શકે નહિ, એ બાબત બરાબર પકડીને દૃઢ કરી લેવી જોઇએ. આસુરી પ્રકૃતિને રહેવા માટે જગ્યા આપવી નહિ. કોઇને લકવા જેવું દરદ થવા માંડે તો મનને કહેવું કે ભગવાનને લકવો થાય નહિ. સંધીવા જેવું લાગે તો મનને કહેવું કે ભગવાનને સંધીવા થાય નહિ. તાવ આવવા લાગે તો મનને કહેવું કે ભગવાનને તાવ લાગે નહિ.

દરદની શરૂઆતમાં તો આવી ભાવના બહુ કામ કરે છે અને દરદ આવતા અટકી જાય છે, પણ જો દરદી દરદમાં ઘેરાઇ ગયો અને તેણે દરદ સ્વીકારી લીધું તો તે આરોપી થયો અને તેણે આરોપ સ્વીકારી લીધો, પછી કોઇ કોર્ટ તેને બચાવી શકે નહિ. તેવી જ રીતે ભગવાન સર્વત્ર છે, તેનામાં અજ્ઞાન કે દુઃખ નથી, છતાં જેઓ

અજ્ઞાન અને દુઃખ સ્વીકારી લે છે તે બધા આરોપી છે. તેઓને જેલમાંથી છોડાવવા મુશ્કેલ છે. કોઇ શિષ્ય ગુરુને કહે કે, “તમારી શક્તિથી મને બચાવો.” એવું બની શકે પણ તેમાં શિષ્યની શરણાગતિ જોઇએ. શ્રી રામકૃષ્ણપરમહંસે પોતાના શિષ્ય ગિરીશને એવી રીતે બચાવી લીધો હતો. શિષ્ય અથવા દરદી પોતાનું જડપણું અને હઠીલાપણું છોડે નહિ તો તેને અસર થતી નથી. કેટલુંક જડપણું શરીરમાં હોય છે, કેટલુંક પ્રાણમાં હોય છે અને કેટલુંક જડપણું મનમાં હોય છે. એ પ્રારબ્ધ છે. તેમાં બે પ્રકાર છે. મંદ પ્રારબ્ધ અને તીવ્ર પ્રારબ્ધ. મંદ પ્રારબ્ધની અસર પ્રાણ અને મનના ક્ષેત્રસુધી રહે છે અને તે જીતી શકાય છે. તીવ્ર પ્રારબ્ધની અસર શરીર ઉપર રહે છે અને તેને જીતવી એ જરા અઘરું કામ છે, તેથી બધા રોગ કે મરણ જીતી શકાતા નથી; છતાં જેમ જ્ઞાનેશ્વર મહારાજે જીવંત સમાધિ લીધી હતી તેમ કોઇ યોગી પોતાની ઇચ્છાથી હસતાં હસતાં શરીર છોડે છે. જ્ઞાની પુરુષો પણ દરદથી બીતા નથી અને દરદ હોવા છતાં કપડું ફેરવવાની માફક શરીરને છોડવામાં આનાકાની કરતા નથી.

મનના દાક્તરે બહુ સાવચેત રહેવાની જરૂર છે. કોઇ દરદી હઠ કરે અને તેનું દરદ તરત સારું ન થાય તોપણ દાક્તરે તેને હિંમત આપવી કે, ‘આ હવે છેલ્લું વિઘ્ન છે, થોડા દિવસમાં આરામ થઇ જશે.’

આસુરી પ્રકૃતિ એ ચેતનનો સ્વભાવ નથી. એ ભગવાનમાં કે આત્મામાં રહી શકે નહિ. માંદગીના વિચારથી માંદગી વધે છે, આરોગ્યના વિચારથી આરોગ્ય વધે છે. મનના વિચારોની ઘણી અસર શરીર ઉપર થાય છે, એક વાર ઘણા વર્ષ પહેલાં એક નાટક કંપની ગુજરાતમાં અને મુંબઇમાં પોતાના નાટક બતાવતી હતી,

તેમાં એક ત્રંબક નામનો માણસ નરસિંહ મહેતાનો વેશ લેતો હતો, તેમાં તેને એવો ભાવ આવી જતો હતો કે જાણે તે સાક્ષાત્ નરસિંહ મહેતો હોય. એકવાર તે નરસિંહ મહેતાના વેશમાં ખેલ કરી રહેલ હતો, ત્યાં પડદાની બહાર આવ્યા પહેલાં તેને એક મોટો વીંછી કરડયો. તેણે જાણ્યું કે દુપટા ઉપર કોઇ મોટો જીવડો કરડયો, પણ જોયા વગર તેણે તેનો દુપટો દૂર ફેંકી દીધો. તે પછી તે જગ્યાએ જરા હાથ ફેરવતો ફેરવતો બહાર આવ્યો અને તેના ક્રમ પ્રમાણે તે પ્રવેશમાં ભાવથી નરસિંહ મહેતાના ભજન ગાવા લાગ્યો, તે ભાવમાં તેને વીંછીની વેદના ઓછી થઇ ગઇ, પડદાની પાછળ રહેલ માણસે તે વીંછીને પકડીને એક માટીના વાસણમાં પૂરીને તે બંધ કરી દીધું અને એ વાત કોઇને કહેવી નહીં એમ નક્કી કર્યું. ત્રંબકને થોડી વાર દુઃખાવો રહ્યો પણ તેનામાં તે સહન કરવાની શક્તિ આવી ગઇ, કારણ કે તે વખતે તે નરસિંહ મહેતો હતો. નાટક પૂરું થયું, પ્રેક્ષકો જતા રહ્યા અને બધા નટ અને ત્રંબક સૂઇ ગયા, બીજે દિવસે બપોરે બીજા નટે ત્રંબકને પૂછ્યું કે રાત્રે નાટક વખતે તમને શું કરડયું હતું. તેણે જવાબ આપ્યો કે કોઇ મોટો જીવડો હશે, તે માણસે કહ્યું કે અમે તે જીવડાને પકડી રાખેલ છે, એમ કહીને તે માટલીમાંથી વીંછી કાઢીને ત્રંબકને બતાવ્યો. તે જોઇને તે વખતે ત્રંબકને વીંછી ચડયો અને તેને ઉતારવા માટે દાક્તરને તે વખતે બોલાવવા પડયા. ભાવના કેવું કામ કરે છે તે આ ઉપરથી જણાઇ આવે છે.

માણસોએ ખાસ જરૂરી વાતો સિવાય બીજી વાતો કરવી જોઇએ નહિ. તેનાથી નબળાઇ આવી જાય છે. જેમ બને તેમ અનાત્માની વાતો છોડવી જોઇએ એટલે આત્માનો ભાવ સહજ ઉત્પન્ન થશે. આપણે કોઇ માંદા માણસને જોવા જઇએ ત્યારે તરત

એમ કહેવું નહિ કે, 'હા, તમને તાવ આવ્યો છે, હું બહુ દીલગીર છું,' એવા શબ્દોથી કાંઇ ઉપાય મળશે નહિ, પણ તે માણસને ભગવાનના સ્વરૂપમાં જોવો. તેની પૂર્ણતા જોવી. એ એને સાજા કરવાનો રસ્તો છે. કોઇ તળાવમાં ગાબડુ પડે એટલે પાણી પોતાની મેળે વહેવા લાગે છે. તેવી જ રીતે આત્મભાવ જ્યાં જાગ્રત રહે છે ત્યાં આત્માની શક્તિ વહેવા લાગે છે. સત્ય અને અસત્ય ભેગા રહી શકતા નથી. સત્ય આવે કે તરત અસત્યને હઠવું પડે છે.

દરદીને શરીર નથી એમ પણ તરત કહેવાય નહિ દરદ વખતે શરીર બહુ જ યાદ આવે છે. જ્ઞાની પુરુષો પણ છઠ્ઠી ભૂમિકાએ દરદ સહન કરી શકે છે અને સાતમી ભૂમિકાએ તેમને દરદ થતાં નથી. પાંચમી ભૂમિકાએ જ્ઞાન હોય છે છતાં દરદનું જોર રહે છે. દરદીને કહેવું કે આત્મામાં અથવા ભગવાનમાં શ્રદ્ધા રાખવી અને તે ઠીક કરી દેશે. પોતાનો આત્મા તે જ પરમાત્મા છે એવી ભાવના સતત રાખવી જોઇએ. પોતે આત્મામાં અથવા ભગવાનમાં વિશ્વાસ રાખવો. તે વિશ્વાસ નિષ્ફળ જતો નથી. વિશ્વાસ રહી શકે એ એક સિદ્ધિ છે, તેમાંથી ઘણા ચમત્કારિક ફળ નીકળવા માંડશે. શ્રદ્ધાથી અને મનોબળથી વીંછી અને સર્પના ઝેર ઉતારી શકાય છે. વીંછીનો ડંખ જેને લાગ્યો હોય તેના મનમાં ખાત્રી થઇ જાય કે વીંછી ઉતરી ગયો અને મને કાંઇ થયું નથી તો તરત ઉતરી જાય છે. એ એક જાતનો ચમત્કાર છે. જેનું જીવન પવિત્ર હોય છે તે દૃઢ શ્રદ્ધા રાખી શકે છે. તેથી કામ, ક્રોધ અથવા લોભને અવકાશ આપવો જોઇએ નહિ. અનીતિવાળાની પ્રાર્થના ભગવાન પાસે પહોંચતી નથી.

કેટલીક વાર તરત સારા વિચારની અસર થાય છે, તેથી બ્રહ્મ સંબંધ કાયમ રહે એવું જીવન રાખવું જોઇએ. પહેલાંના કાળમાં

ઘણા દાક્તરો નહોતા પણ મહાત્માઓ હતા. અને બ્રહ્મભાવથી રહેતા હતા. તે કોઇને આશીર્વાદ આપે કે તેને દિકરો થશે તો દિકરો થાય છે, કોઇને આશીર્વાદ આપે કે તારો તાવ મટી જશે તો તાવ મટી જાય છે, કોઇ બહેરાને આશીર્વાદ આપે કે તેને સાંભળવાની શક્તિ આવશે તો તે સાંભળવા લાગે છે, કોઇ આંધળાની આંખને હાથ અડાડે તો તે માણસ દેખવા લાગે છે, કોઇ મડદાના કાનમાં ફૂંક મારે તો તે જીવતો થાય છે. એવા મહાત્માઓ હવે ઓછા થઇ ગયા છે, કારણ કે તેમનું બી નાશ પામ્યું છે. એવાને જન્મ આપે તેવા માબાપ હવે રહેલા નથી. એવા મા–બાપ માટે વર્ણાશ્રમ ધર્મના જેવી પદ્ધતિ જોઇએ.

કોઇ માણસને પરાણે સુધારવો એ ઠીક નથી, કોઇ માણસે બીજાના ઉપર અમલ ચલાવવો ન જોઇએ. એવી રીતે અસર થતી નથી, છતાં બાળકને અને નિર્દોષ માણસને અસર કરવામાં હરકત નથી, પણ જેને જ્ઞાન જોઇતું નથી, જે સાજા થવા માટે પ્રાર્થના કરતો નથી તેને મદદ આપી શકાય નહિ, પણ પ્રાર્થના કરે તેને જ મદદ આપી શકાય છે.

શ્રીમદ્‌ભાગવતના માહાત્મ્યમાં એક કથા એવી આવે છે કે ભક્તિને બે દિકરા જ્ઞાન અને વૈરાગ્ય હતા, તે બહુ જ માંદા અને વૃદ્ધ થઇ ગયા હતા, તેને જુવાન કરી આપવા માટે ભક્તિએ નારદજીને કહ્યું. નારદજીએ વિચાર કર્યો કે જે માણસ પોતે વૃદ્ધ થતા ન હોય તેવાને શોધવા જોઇએ. તપાસ કરતાં તેના જોવામાં સનકાદિ મુનિઓ આવ્યા. તે હંમેશાં ૫ વર્ષની ઉંમરના જ રહેતા હતા અને મોટા થતા નહોતા. તેનું કારણ એ હતું કે તેના મુખમાં હમેશાં "હરિ શરણં, હરિ શરણં" એવા શબ્દો નીકળતા હતા. તેથી કાળરૂપી વૃદ્ધાવસ્થા તેમને આવતી નહોતી. તેઓએ નારદજીને કહ્યું કે, "તમે

શ્રીમદ્‌ભાગવતની કથા બેસાડો અને તે કથા ભક્તિના પુત્રો જ્ઞાન અને વૈરાગ્ય સાંભળશે તો તે જુવાન થઇ જશે." નારદજીએ તે પ્રમાણે કર્યું અને એ બંને પુત્રો જુવાન થઇ ગયા. ભગવાનના નામનો મહિમા અને ભગવાનની કથાનો મહિમા ઘણો મોટો છે.

એક રાજાનો કુંવર બહુ માંદો પડી ગયો હતો. કોઇ વૈદ્ય કે દાક્તર તેને સાજો કરી શકે તેમ નહોતું. રાજાએ જાણ્યું કે હવે તેને કોઇ મહાત્માના આશીર્વાદ મળે તો ઠીક. ત્યાં એક મહાત્માને બોલાવ્યા. તેણે રાજાને કહ્યું કે "ગરીબ માણસોને જમાડવા માટે રૂા. ૫૦૦૦ (પાંચ હજાર) વાપરી નાંખ, તેમને જે સંતોષ થશે તેનાથી એ કુંવરની ભૂખ ઊઘડશે અને તે સાજો થઇ જશે." રાજાએ તે પ્રમાણે કર્યું અને તે કુંવર સાજો થઇ ગયો.

બધામાં એક આત્મા છે એવી ભાવના રાખીને કામ કરવાથી આવું પરિણામ આવે છે. આત્મા સદા નિરોગી છે એ વિચારને બરાબર પકડી રાખવો, કોઇ બીજાને સાજો કરવો હોય તોપણ એ વિચાર પકડી રાખવો. દરદ સાચું છે એમ બીલકુલ માનવું નહિ. દરદને સાચું માનવાથી પોતાને કે બીજાને સાજા કરી શકાશે નહિ. સત્યથી મુક્તિ મળે છે અને સત્ય એ છે કે આત્માને જન્મ નથી, મરણ નથી અને દરદ નથી, સત્યમાં ભેદ નથી. એવા વિચાર ગ્રહણ કરીને પકડી રાખવા તેને સત્યાગ્રહ કહે છે.

કોઇ બીડી, તમાકુ કે દારૂ કે અફીણ જેવા વ્યસન થઇ ગયા હોય તો પોતાના મનને કહેવું કે તું ચેતન છો, એ બધી જડ વસ્તુઓ તારા ઉપર સત્તા રાખી શકે નહિ.

જમતી વખતે અન્નની અથવા અન્નદેવની પ્રાર્થના કરવાથી અન્ન પચે છે, સાધુ–સંન્યાસીઓ ગીતાનો ૧૫ મો અધ્યાય બોલીને

પછી જમે છે, તેમાં એક શ્લોકમાં ભગવાન કહે છે કે હું વૈશ્વાનરરૂપે અન્નને પચાવું છું. આખો અધ્યાય ન બોલી શકાય તો પણ **अहं वैश्वानरो भूत्वा** એ શ્લોક બોલીને જમવાથી પણ અન્ન પચે છે, કોઈ મા પોતાના દિકરાને ભાવથી જમાડે છે, તેમાં જાણે કે મા જમી હોય તેવો તેને સંતોષ થાય છે. ભગવાનને પ્રસાદ ધરીને જમવાથી પણ આરોગ્ય પ્રાપ્ત થાય છે. એ રીતે ભગવાનની સાથે તાદાત્મ્યપણું પણ પ્રાપ્ત થાય છે. એક વખત નાથદ્વારામાં શ્રી વિઠ્ઠલનાથજી (ગુંસાઈજી) શ્રીનાથજીની સેવા કરતા હતા. તે વખતે મુખીઆજીને તેની સાથે કાંઈ ટંટો થવાથી વિઠ્ઠલનાથજીને સેવામાંથી કાઢી મૂક્યા હતા. તેને સેવા છોડવી ગમતી નહોતી, છતાં છોડવી પડી. થોડા વખત પછી બજારમાં સારી તાજી જલેબી તેના જોવામાં આવી. તેણે વિચાર કર્યો કે જો તે પોતે સેવામાં હોત તો તે જલેબી ભગવાનને ધરાવત. એમ વિચાર કરી જલેબી લીધા અને પોતાના મોઢામાં મૂકી એમ બોલ્યા કે, "હે ભગવાન! આ જલેબી સ્વીકારી લેજો." એ પ્રસંગનું પરિણામ એ આવ્યું કે તે દિવસે સેવા વખતે શ્રીનાથજીની મૂર્તિના મોઢામાંથી જલેબી નીકળી હતી. આ બાબતની તપાસ કરતાં શ્રી વિઠ્ઠલદાસની ભક્તિ પ્રસિદ્ધ થઈ અને ફરીથી તેને ભગવાનની સેવાનું કામ સોંપવામાં આવ્યું.

પ્રકરણ–૭

ભાગવતમાં સિદ્ધિ

શ્રીમદ્‌ભાગવતમાં સિદ્ધિઓનો એક સારો પ્રકાર નારાયણ કવચમાં આપવામાં આવેલ છે. એ કવચ બોલીને ધારણ કરવાથી ઈંદ્રે અસુરોની સેનાને નષ્ટ કરી ત્રણે લોકનું રાજ્ય કર્યું હતું. એ નારાયણ કવચનું બીજું નામ વૈષ્ણવીવિદ્યા હતું. (૬–૮–૪) વિષ્ણુ એ જગતને સ્થિતિ આપનાર તત્ત્વ છે. તેની પ્રાર્થના કરવાથી તેના ભક્તને પણ જગતમાં સારી સ્થિતિ મળે છે. એ નારાયણ કવચનો વિધિ ઈંદ્રના ગુરુ વિશ્વરૂપે ઈંદ્રને નીચે પ્રમાણે સમજાવ્યો હતોઃ–

"કોઈ ભય જ્યારે આવી પડેલ હોય ત્યારે મનુષ્યે હાથ–પગ ધોઈ આચમન કરી પવિત્રી (દર્ભની વીંટી) ધારણ કરી ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસવું અને મૌન ધારણ કરી ૐ નમો નારાયણાય એ આઠ અક્ષરના મંત્રવડે તથા ૐ નમો ભગવતે વાસુદેવાય એ બાર અક્ષરના મંત્રથી આખા શરીરમાં તથા બંને હાથમાં ન્યાસ કરી પવિત્ર થઈને નારાયણ કવચ ધારણ કરવું. તે વખતે પ્રથમ ન્યાસ કરવાનો વિધિ નીચે પ્રમાણે છેઃ–

ॐ नमो नारायणाय એ અષ્ટાક્ષર મંત્રના ૐકારથી આરંભીને આઠે અક્ષરોને અનુક્રમે (એક એક અક્ષર) બે પગમાં, બે ઢીંચણમાં, બે સાથળમાં, ઉદરમાં, હૃદયમાં, વક્ષઃસ્થળમાં, મુખમાં તથા મસ્તકમાં એમ આઠ અંગોમાં સ્થાપી દેવા. આ એક એક અક્ષર સ્થાપતી વખતે દરેક અક્ષર પહેલાં ૐકાર લેવો જોઈએ અથવા ઉલટા ક્રમે એટલે પ્રથમ મસ્તકથી શરૂ કરી આઠે અંગોમાં મંત્રાક્ષરોને પણ ઉલટાવીને (એટલે છેલ્લા **य** અક્ષરથી માંડીને) સ્થાપી દેવા–એ

પ્રમાણે અંગન્યાસ કર્યા પછી કરન્યાસની વિધિ નીચે પ્રમાણે કરવી.

ૐ नमो भगवते वासुदेवाय એ દ્વાદશાક્ષર મંત્રથી કરન્યાસ કરવો. આ મંત્રના એક એક અક્ષરને ૐકારપૂર્વક લઈને જમણા હાથની તર્જની(આંગળી)થી આરંભીને ડાબા હાથની તર્જની-(આંગળી)સુધીની આંગળીઓમાં સ્થાપી દેવો; એમ આઠ અક્ષરોનું સ્થાપન થતાં જે છેલ્લા ચાર અક્ષરો બાકી રહે છે, તેઓને બંને હાથની બે અંગૂઠાના ઉપર નીચેના બે બે પર્વોમાં (એક એક) સ્થાપી દેવા. તે પછી ૐ विष्णवे नमः એ મંત્રથી પણ નીચે પ્રમાણે અંગ-ન્યાસ કરવો. એ મંત્રના ૐ અક્ષરને હૃદયમાં સ્થાપવો, वि અક્ષરને મસ્તકમાં સ્થાપવો, ष् અક્ષરને બે ભ્રૂકુટીની મધ્યમાં સ્થાપવો, ण અક્ષરને શિખામાં સ્થાપવો, वे અક્ષરને બે નેત્રોમાં સ્થાપવો, न અક્ષરને શરીરના સર્વ સાંધાઓમાં સ્થાપવો અને વિસર્ગ સહિત म અક્ષરને मः अस्त्राय फट એ પ્રમાણે કહીને સર્વ દિશાઓમાં સ્થાપવો, તેનાથી દિગ્બંધન થાય છે. આવી રીતે વિદ્વાન પુરુષે મંત્ર મૂર્તિ બની જવું.

એ પ્રમાણે ન્યાસ કરીને પછી ઈશ્વરસ્વરૂપ આત્માનું ધ્યાન કરવું, એટલે સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, લક્ષ્મી, જ્ઞાન અને વૈરાગ્ય-યુક્ત ભગ જેનામાં છે તે છ શક્તિથી યુક્ત ભગવાન એ મારો આત્મા છે, તથા એ જ વિદ્યા, તેજ અને તપસ્વરૂપ છે એવું ધ્યાન કરવું અને પછી નીચે પ્રમાણે મંત્રાક્ષરરૂપ નારાયણ કવચનો પાઠ કરવોઃ—

ॐ हरिर्विदध्यान्मम सर्वरक्षां-
न्यस्तांघ्रिपद्मः पतगेन्द्रपृष्ठे ।
दरारि चर्मासिगदेषु चाप-
पाशान् दधानोऽष्टगुणोऽष्ट बाहुः ॥ १ ॥

અર્થઃ—જેમણે ગરુડની પીઠ ઉપર પોતાના ચરણકમળ સ્થાપ્યા છે; જે અણિમા વગેરે આઠ ઐશ્વર્યરૂપ ગુણોવાળા છે, આઠ બાહુ-વાળા છે અને શંખ, ચક્ર, ઢાલ, તલવાર, ગદા, બાણ, ધનુષ તથા પાશ (આઠ ભુજાઓમાં) ધારણ કરે છે, તે શ્રીહરિ મારી સર્વથી રક્ષા કરો.

जलेषु मां रक्षतु मत्स्यमूर्ति-
र्यादोगणेभ्यो वरुणस्य पाशात् ।
स्थलेषु माया बटु वामनोऽव्यात्
त्रिविक्रमः खेऽवतु विश्वरूपः ॥ २ ॥

અર્થઃ—મત્સ્યમૂર્તિ ભગવાન જળમાં જળજીવોરૂપી વરુણદેવના પાશથી મારી રક્ષા કરો; માયાથી બટુક બનેલા વામન ભગવાન મારી સ્થળ ઉપર રક્ષા કરો અને વિશ્વરૂપ ત્રિવિક્રમ ભગવાન આકાશમાં મારી રક્ષા કરો.

दुर्गेष्वटव्याजि मुखादिषु प्रभुः
पायान्नृसिंहोऽसुर यूथपारिः ।
विमुञ्चतो यस्य महाट्टहासं
दिशो विनेदुर्न्यपतंश्च गर्भाः ॥ ३ ॥

અર્થઃ—અસુરોના યુથપતિઓના શત્રુ નૃસિંહ પ્રભુ કે જેમણે મોટું અટ્ટહાસ્ય કર્યું હતું ત્યારે સર્વ દિશાઓ ગાજી ઊઠી હતી અને ગર્ભિણી અસુર સ્ત્રીઓના ગર્ભ પડી ગયા હતા; તે નૃસિંહ ભગવાન મહાદુર્ગમ જંગલોમાં તથા યુદ્ધના આરંભ વગેરેમાં મારી રક્ષા કરો.

रक्षत्वसौ माऽध्वनि यज्ञकल्पः
स्वदंष्ट्रयोन्नीत धरो वराहः ।
रामोऽद्रि कूटेष्वथ विप्रवासे
स लक्ष्मणोऽव्याद्भरताग्रजोऽस्मान् ॥ ४ ॥

અર્થઃ—જેમણે પોતાની દાઢવડે આ પૃથ્વીને રસાતળમાંથી ઉપર આણેલ છે તે યજ્ઞમૂર્તિ વરાહ ભગવાન માર્ગમાં મારી રક્ષા કરો; પરશુરામ પર્વતોના શિખરો પર મારી રક્ષા કરો અને લક્ષ્મણસહિત ભરતના મોટાભાઇ રામચંદ્રજી દેશાંતરોના પ્રવાસમાં મારી રક્ષા કરો.

मामुग्र धर्मादखिलात् प्रमादा-
न्नारायणः पातु नरश्च हासात् ।
दत्तस्त्वयोगादथ योगनाथः
पायाद् गुणेशः कपिलः कर्मबन्धात् ॥ ५ ॥

અર્થઃ—ભગવાન નારાયણ સમગ્ર અભિચાર કર્મરૂપ ઉગ્ર ધર્મથી અને પ્રમાદથી મારી રક્ષા કરો, નર ભગવાન ગર્વથી મારી રક્ષા કરો, યોગેશ્વર દત્તાત્રય યોગ ભ્રષ્ટતાથી મારી રક્ષા કરો અને ગુણોના નિયંતા કપિલ ભગવાન કર્મના બંધનથી મારી રક્ષા કરો.

सनत्कुमारोऽवतु कामदेवाद्-
हयशीर्षा मां पथि देव हेलनात् ।
देवर्षिवर्यः पुरुषार्चनान्तरा-
त्कूर्मो हरिर्मां निरयादशेषात् ॥ ६ ॥

અર્થઃ—સનત્કુમાર કામદેવથી મારી રક્ષા કરો; હયગ્રીવ ભગવાન માર્ગમાં જતાં દેવોને પ્રણામ નહિ કરવારૂપ અપરાધથી મારી રક્ષા કરો; દેવર્ષિમાં શ્રેષ્ઠ નારદજી દેવ પૂજાના વિઘ્નરૂપ અપરાધથી મારી રક્ષા કરો અને કૂર્માવતારી શ્રીહરિ ભગવાન સમગ્ર નરકથી મારી રક્ષા કરો.

धन्वन्तरि र्भगवान् पात्व पथ्याद्-
द्वन्द्वाद् भयाद् ऋषभो निर्जितात्मा ।
यज्ञश्च लोकादवताञ्जनान्ताद्-
बलो गणात् क्रोध वशादहीन्द्रः ॥ ७ ॥

અર્થઃ—ભગવાન ધન્વંતરિ કુપથ્યથી મારી રક્ષા કરો, જિતેન્દ્રિય ભગવાન ઋષભદેવજી રાગદ્વેષ વગેરે દ્વંદ્વ ભયથી મારી રક્ષા કરો, યજ્ઞ ભગવાન લોકાપવાદથી મારી રક્ષા કરો; બળદેવજી લોકોના નિમિત્તે થનારા ઉપદ્રવોથી મારી રક્ષા કરો અને શેષનાગ ભગવાન સર્પોના સમુદાયથી મારી રક્ષા કરો.

द्वैपायनो भगवान प्रबोधाद्-
बुद्धस्तु पाखण्ड गणात् प्रमादात् ।
कल्कि कले कालमलात् प्रयातु
धर्मावनायोरुकृतावतारः ॥ ८ ॥

અર્થઃ—ભગવાન વેદવ્યાસજી અજ્ઞાનથી મારી રક્ષા કરો, ભગવાન બુદ્ધદેવ પાખંડીઓના સમુદાયરૂપ પ્રમાદથી મારી રક્ષા કરો અને ધર્મના રક્ષણ માટે જેમણે મહાન અવતાર લીધો છે એવા કલ્કિ ભગવાન કાળના મેલરૂપી કલિયુગથી મારી રક્ષા કરો.

मां केशवो गदया प्रातरव्याद्-
गोविन्द आसङ्गव मात्तवेणुः ।
नारायणः पाह्ण उदात्तशक्ति-
र्मध्यन्दिने विष्णुररीन्द्रपाणिः ॥ ९ ॥

અર્થઃ—કેશવ ભગવાન ગદાવડે પ્રાતઃકાળમાં મારી રક્ષા કરો, વેણુધારી ગોવિંદ ભગવાન સંગમકાળમાં મારી રક્ષા કરો, સર્વોત્કૃષ્ટ શક્તિવાળા નારાયણ ભગવાન ઉદયકાળમાં મારી રક્ષા કરો અને હાથમાં ચક્રને ધારણ કરનારા વિષ્ણુ ભગવાન મધ્યન્દિન કાળમાં મારી રક્ષા કરો.

देवोऽपराह्णे मधुहोग्रधन्वा
सायं त्रिधोमाऽवतु माधवो माम् ।

दोषे हृषीकेश उतार्ध रात्रे
निशीथ एकोऽवतु पद्मनाभः ॥ १० ॥

અર્થઃ—મધુદૈત્યનો નાશ કરનાર ઉગ્ર ધનુષધારી દેવ અપરાહ્નન કાળમાં મારી રક્ષા કરો; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશરૂપી ત્રણ મૂર્તિવાળા શ્રીમાધવ ભગવાન સાયંકાળે મારી રક્ષા કરો, સર્વ ઇંદ્રિયોના નિયંતા ભગવાન પ્રદોષ કાળમાં મારી રક્ષા કરો અને અર્ધી રાત્રિના કાળમાં તથા નિશીથ કાળમાં પદ્મનાભ ભગવાન એક જ મારી રક્ષા કરો.

श्रीवत्सधामापररात्र ईशः
प्रत्यूष ईशोऽसिधरो जनार्दन।
दामोदराऽव्यादनु संध्यं प्रभाते
विश्वेश्वरो भगवान कालमूर्तिः ॥ ११ ॥

અર્થઃ—વૃક્ષઃસ્થળમાં શ્રીવત્સનામનું ચિહ્‌ન ધારણ કરનારા ઈશ્વર રાત્રિના પાછલા કાળમાં મારી રક્ષા કરો, તલવારને ધારણ કરનારા જનાર્દન ભગવાન પ્રત્યુખ કાળમાં મારી રક્ષા કરો અને કાળમૂર્તિ વિશ્વેશ્વર અનુસંધ્ય કાળમાં મારી રક્ષા કરો.

चक्रं युगान्तानलतिग्मनेमि
भ्रमत् समन्ताद् भगवत्प्रयुक्तम्।
दन्दग्धिदन्दग्ध्यरि सैन्यमाशु
कक्षं यथा वातसहवो हुताशः ॥ १२ ॥

અર્થઃ—પ્રલયકાળના અગ્નિ સમાન તીક્ષ્ણ ધારવાળુ ભગવાને મૂકેલું અને ચોતરફ ભમતું સુદર્શનચક્ર જેમ વાયુસહિત અગ્નિ સૂકા ઘાસની ગંજીને બાળી નાંખે છે તેમ સત્વર શત્રુઓના સૈન્યને અતિશય બાળી નાંખે છે. (આવો તે ચક્રનો સ્વભાવ જ છે, તે માટે તેને કાંઇ પ્રાર્થના કરવી પડતી નથી.)

गदेऽशनिस्पर्शन विस्फुर्लिङ्ग
निष्पिण्ढि निष्पिण्ढयजित प्रियाऽसि।
कूष्मांड वैनायक यक्ष रक्षो-
भूत ग्रहाँश्चूर्णय चूर्णयारीन् ॥ १३ ॥

અર્થઃ—જેના તણખલાઓનો સ્પર્શ વજ્ર જેવો હોય છે એવી હે ગદા! તું ભગવાનને પ્રિય છે; (અને હું ભગવાનનો દાસ છું) તો કુષ્માંડ, વૈનાયક, યક્ષ, રાક્ષસ, ભૂત તથા ગ્રહોને તું પીસી નાંખ અને શત્રુઓના ચૂરેચૂરા કરી નાંખ.

त्वं यातु धान प्रमथ प्रेतमातृ-
पिशाच विप्रग्रहघोर दृष्टीन्।
दरेन्द्र विद्रावय कृष्ण पूरितो
भीमस्वनोऽरे हृदयानि कंपयन् ॥ १४ ॥

અર્થઃ—હે પાંચજન્ય શંખ! શ્રીકૃષ્ણ ભગવાને વગાડેલો અને ભયંકર શબ્દવાળો હોઈને શત્રુનાં હૃદયને કંપાવતો તું રાક્ષસો, રુદ્રગણો, માતૃકાઓ, પિશાચો, બ્રહ્મરાક્ષસો અને બીજા ઘોર દૃષ્ટિ-વાળાઓને હાંકી કાઢ.

त्वं तिग्मधारासिवहारि सैन्य-
मीश पयुक्तो मम छिन्धि छिन्धि।
चक्षूंषि चर्मच्छतचन्द्र छादय
द्विषामघोनां हर पाप चक्षुषाम् ॥ १५ ॥

અર્થઃ—હે તીક્ષ્ણ ધારવાળી શ્રેષ્ઠ તલવાર! ભગવાને મૂકેલી તું મારા શત્રુના સૈન્યને કાપી નાંખ, કાપી નાંખ. હે સો ચંદ્ર જેવી આકારવાળી સો ફુદડીઓવાળી ઢાલ! તું મારા પાપી શત્રુઓનાં નેત્રોને ઢાંકી દે અને બીજા ઉગ્ર દૃષ્ટિવાળા મનુષ્યોની દૃષ્ટિને હરિ લે.

यन्नो भयं ग्रहेभ्योऽभूत् केतुभ्यो नृभ्य एव च।
सरीसृपेभ्यो दंष्ट्रिभ्यो भूतेभ्योंऽहोभ्य एव वा॥
सर्वाण्येतानि भगवन्नामरूपास्त्रकीर्तनात्।
प्रयान्तु संक्षयं सद्योये नः श्रेयः प्रतीप काः॥ १६॥

અર્થઃ–ગ્રહોથી, ઉલ્કાપાતોથી, મનુષ્યોથી, સર્પોથી, દાઢોવાળા પ્રાણીઓથી, ભૂત–પ્રેતોથી અથવા પાપોથી અમને જે ભય થાય છે તે સર્વ પ્રકારના ભયો અને અમારા કલ્યાણોનો જેઓ નાશ કરનારા છે, તેઓ સર્વે ભગવાનના નામરૂપી અસ્ત્રનો માત્ર ઉચ્ચાર કરવાથી તત્કાળ નાશ પામો.

गरुडो भगवान् स्तोत्रस्तोमरछन्दोमयः प्रभुः।
रक्षत्वशेषकृच्छ्रेभ्यो विश्वकसेनः स्वनामभिः॥ १७॥

અર્થઃ–બૃહદ્રથન્તર વગેરે સામવેદનાં સ્તોત્રોથી સ્તુતિ કરાતા વેદમૂર્તિ ભગવાન ગરુડ પ્રભુ સર્વ સંકટોથી મારી રક્ષા કરો અને વિષ્વકસેન ભગવાન પોતાના નામોવડે સર્વ દુઃખોથી મારી રક્ષા કરો.

सर्वापद्भ्यो हरे र्नामरूपवानायुधानि नः।
बुद्धीन्द्रिय मनः प्राणान् पान्तु पार्षद भूषणाः॥ १८॥

અર્થઃ–શ્રીહરિનાં નામો, રૂપો, વાહનો તથા આયુધો, અમારા બુદ્ધિ, ઇંદ્રિયો, મન તથા પ્રાણોનું સર્વ આપત્તિઓથી રક્ષણ કરો અને ભગવાનના મુખ્ય મુખ્ય પાર્ષદો પણ અમારી રક્ષા કરો.

यथा हि भगवानेव वस्तुतः सदसच्च यत्।
सत्येनानेन वः सर्वे यान्तु नाशमुपद्रवाः॥ १९॥

અર્થઃ–વસ્તુતઃ જે કંઇ આ મૂર્ત–અમૂર્ત જગત છે, તે સર્વ ભગવાન જ છે, આ સત્ય વસ્તુથી અમારા સર્વ ઉપદ્રવ નાશ પામો.

यथैकात्म्यानुभावानां विकल्परहितः स्वयम्।
भूषणायुधलिङ्गाख्या धत्ते शक्तीः स्वमायया॥ २०॥
तेनैव सत्यमानेन सर्वज्ञो भगवान् हरिः।
पातु सर्वैः स्वरूपै र्नः सदा सर्वत्र सर्वगः॥ २१॥

અર્થઃ–સર્વત્ર એક જ આત્મા છે, આવું ચિંતન કરનાર પુરુષોને ભગવાન ભેદરહિત જ ગણાય છે, તોપણ પોતાની માયાવડે ભૂષણો આયુધો તથા ચિહ્નોનામની શક્તિઓને જે ધારણ કરે છે તે જ સત્યસ્વરૂપ પ્રમાણથી સર્વજ્ઞ ભગવાન શ્રીહરિ પોતાના સર્વ સ્વરૂપોવડે સર્વવ્યાપક હોઈને સદા સર્વત્ર અમારી રક્ષા કરો.

विदिक्षु दीक्षूर्ध्वमधः समन्ता-
दन्तर्बहिर् भगवान्नारसिंहः।
प्रहापयँ ल्लोकभयं स्वनेन
स्वतेजसा ग्रस्त समस्ततेजाः॥ २२॥

અર્થઃ–પોતાની ગર્જનાથી લોકોના ભયનો નાશ કરનારા અને પોતાના તેજવડે સમસ્ત તેજોને જેમણે ઝંખવાણા કરી મૂક્યા છે એવા નૃસિંહ ભગવાન સર્વ દિશાઓમાં, ખૂણાઓમાં, ઉપર, નીચે, અંદર અને બહાર એમ ચારે તરફ અમારી રક્ષા કરો.

ગુરુ વિશ્વરૂપે ઈન્દ્રને કહ્યું કે, "હે ઈન્દ્ર! આ નારાયણસ્વરૂપ કવચ મેં તમને કહ્યું છે, તેને બખ્તરરૂપે ધારણ કરીને તમે અસુરોના યુથપતિઓને અનાયાસે જીતી લેશો. આ નારાયણ કવચનો મુખપાઠ કરનારો મનુષ્ય જેની સામે દૃષ્ટિ કરે છે અથવા જેને પગથી સ્પર્શ કરે છે તે પણ તત્કાળ ભયથી છૂટે છે, આ વૈષ્ણવી વિદ્યારૂપ નારાયણ કવચ ધારણ કરનાર મનુષ્યને રાજા, ચોર તથા ગ્રહો વિગેરેથી કે વાઘ વગેરે કોઇનાથી પણ કદી ભય થતો નથી." (ભાગવત ૬–૮–૩૭).

ઉપરના કવચમાં મંત્ર ૮ માં કહેલ છે કે કલ્કિ ભગવાન કાળના મેલરૂપ કલિયુગથી મારી રક્ષા કરો, આંહીં એવી સૂચના આપણને મળે છે કે કાળનો મેલ એ કલિયુગ છે. તેમાં કર્મનું જોર વધી પડે છે અને માણસોને ફૂરસદ મળતી નથી અને કાળના તત્ત્વની ખબર પડતી નથી. તેથી કાળનું તત્ત્વ સમજાવનાર હાલના કાળમાં કલ્કિ ભગવાને પ્રો. આઇન્સ્ટાઇનના જીવરૂપે પોતાનો દૂત મોકલેલ હોય તો તે બનવા જેવું છે, કલ્કિના ઘોડાનું નામ દેવદત્ત છે. તેનો બીજો અર્થ "તેજનો ઘોડો" એવો થાય છે. આઇન્સ્ટાઇને તેજમાંથી એટમ બોમ્બ બનાવવાની યુક્તિ પણ આપેલ છે, એવા તેજમાંથી ઘણી જાતના બોમ્બ હાલમાં બધા દેશોમાં બને છે અને તેનાથી મજૂરીના ધર્મ શીખવનાર રાજ્ય કરનાર પ્રધાનોનો નાશ થશે, તે પછી એક પ્રકારની સુગંધ બધા દેશોમાં ફેલાશે, એવી સુગંધ તેજદ્વારા બ્રોડ-કાસ્ટીંગથી આપવાની આશા સાયન્સવાળા રાખે છે, એ સુગંધથી માણસોના મન સાત્ત્વિક થશે અને તે પછી સત્યુગ આવશે, આ પ્રમાણે કલ્કિ અવતારનું થોડુંક રહસ્ય જાણી શકાય છે.

ઉપરનું નારાયણ કવચ ખાસ કરીને બધા પ્રકારના ભય દૂર કરવા માટે છે. ભાગવતમાં બીજા સ્કંધમાં ઇચ્છાની પૂર્તિ માટે નીચે પ્રમાણે ઉપાસના પણ બતાવેલ છેઃ—

૧. જેને બ્રહ્મતેજની ઇચ્છા હોય તેણે બ્રહ્મદેવનું પૂજન કરવું.

૨. ઇંદ્રિઓની શક્તિ મેળવવાની ઇચ્છા હોય તેણે ઇન્દ્રનું પૂજન કરવું.

૩. લક્ષ્મીની ઇચ્છાવાળા માટે દુર્ગાદેવીનું પૂજન યોગ્ય છે.

૪. તેજની ઇચ્છાવાળાએ—અગ્નિનું.

૫. ધનની ઇચ્છાવાળાએ—વસુનું.

૬. વીર્ય પ્રભાવની ઇચ્છાવાળાએ—રુદ્રનું.

૭. અન્નની ઇચ્છાવાળાએ—અદિતિનું.

૮. સ્વર્ગની ઇચ્છાવાળાએ—૧૨ આદિત્યોનું.

૯. રાજ્યની ઇચ્છાવાળાએ—વિશ્વદેવોનું.

૧૦. પ્રજાઓને સ્વાધીન કરવાની ઇચ્છાવાળાએ—સાધ્યદેવોનું.

૧૧. લાંબા આયુષ્યની ઇચ્છાવાળાએ—અશ્વિનીકુમારનું.

૧૨. પુષ્ટિ મેળવવાની ઇચ્છાવાળાએ—પૃથ્વીનું.

૧૩. પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છાવાળાએ—લોકમાતા દ્યાવાભુમિનું.

૧૪. રૂપની ઇચ્છાવાળાએ—ગંધર્વનું.

૧૫. સ્ત્રીની ઇચ્છાવાળાએ—ઉર્વશી અપ્સરાનું.

૧૬. સર્વ ઉપર અધિપતિપણાની ઇચ્છાવાળાએ—બ્રહ્માનું.

૧૭. યશની ઇચ્છાવાળાએ—યજ્ઞમૂર્તિ વિષ્ણુદેવનું.

૧૮. ધન—સંગ્રહની ઇચ્છાવાળાએ—વરુણદેવનું.

૧૯. વિદ્યાની ઇચ્છાવાળાએ—મહાદેવનું.

૨૦. સ્ત્રી પુરુષનો પરસ્પર પ્રેમ ઇચ્છનારે—સતી ઉમાદેવીનું.

૨૧. ધર્મની ઇચ્છાવાળાએ—શ્રી વિષ્ણુદેવનું.

૨૨. સંતાનોની વૃદ્ધિની ઇચ્છાવાળાએ—પિતૃઓનું.

૨૩. પીડા દૂર કરવા માટે—યક્ષોનું.

૨૪. બળની ઇચ્છાવાળાએ—૪૯ વાયુદેવોનું.

૨૫. રાજાપણું મેળવવાની ઇચ્છાવાળાએ—મનુદેવોનું.

૨૬. શત્રુઓને મારી નાંખવાની ઇચ્છાવાળાએ—રાક્ષસોનું.

૨૭. ભોગોની ઇચ્છાવાળાએ–ચંદ્રદેવનું.

૨૮. વૈરાગ્યની ઇચ્છાવાળાએ–પરમપુરુષ ઈશ્વરનું.

૨૯. એકાન્ત ભક્ત અથવા મુમુક્ષુએ–તીવ્ર ભક્તિયોગથી પરમપુરુષ–પૂર્ણ પરમાત્માનું જ પૂજન કરવું અને હરિકથાઓનું શ્રવણ કરવું. (ભાગવત ૨–૩–૧૨).

પ્રકરણ–૮

યોગસિદ્ધિ

યોગમાર્ગમાં જીવાત્માને અણુ કહેલ છે અને પરમાત્માને વિભુ કહેલ છે. કોઇ જીવ જ્યારે યોગનું સાધન કરે છે અને એકાગ્રતાથી અંતર્મુખ થાય છે ત્યારે જો તેનામાં શુદ્ધિ સારી હોય તો તેને પોતાના હૃદયમાં એક પ્રકારનું તેજ જોવામાં આવે છે, તે જીવરૂપ અણુનું તેજ છે. તે તેજની મદદથી ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત થઇ શકે છે. હિંદના એક યોગી તેજની મદદથી ઇંગ્લાંડમાં શું બનતું હતું તે કહી આપતા હતા અને કોઇના ગુમ થયેલા છોકરાને અથવા કોઇની ગુમ થયેલી વસ્તુ શોધી આપતા હતા, બીજા કોઇ યોગી શેરબજારના ભાવ જોઇ આપતા હતા. બીજા વિશ્વયુદ્ધ વખતે હીટલર જીતે તો દુનિઆને ઘણું નુકશાન થાય એવા હેતુથી શ્રી અરવિંદે પોતાની યોગશક્તિથી રૂશીઆના તે વખતના નેતા સ્ટેલીનને જીત અપાવી હતી એમ તેમના માસિકોમાં પ્રસિદ્ધ થયું છે. એક હિમાલયના સ્વામી કેશવાનંદજીએ પંડિત માલવીયાનું આયુષ્ય વધારવામાં પોતાની સિદ્ધિનો પ્રયોગ કર્યો હતો અને એ વાત માલવીઆજીની માંદગી વખતે તેણે કબૂલ કરી હતી. માણસમાં રહેલ શક્તિ યોગસાધનાથી કેટલી સિદ્ધિ

મેળવી શકે છે તેની હકીકત પતંજલી યોગદર્શનના વિભૂતિપાદમાં આપેલ છે. એવી સિદ્ધિઓ મેળવવી એ ખરો આત્મિક કલ્યાણનો માર્ગ નથી. એ તેજને જોવાવાળો બાકી રહી જાય છે. તેનો સ્વભાવ જાણવો હોય તો તેણે ચિત્તની એકાગ્રતામાંથી છૂટીને ચિત્તની વિશાળતા પ્રાપ્ત કરી બ્રહ્માકાર વૃત્તિથી રહેવું જોઇએ.

તૈત્તરિય ઉપનિષદમાં કહેલ છે કે વરુણના પુત્ર ભૃગુએ તપથી પ્રાણને બ્રહ્મરૂપે જાણ્યા, પછી તપથી મનને બ્રહ્મરૂપે જાણ્યું, પછી તપ કરીને વિજ્ઞાનને બ્રહ્મરૂપે જાણ્યું અને પછી તપ કરીને આનંદને બ્રહ્મરૂપે જાણવા લાગ્યા. કેટલાક માણસો એમ માને છે કે તપ અથવા ગરમી એ કોઇ વસ્તુનો સ્વભાવ છે પણ એ વાત સાચી નથી. તપ એ આખા ક્ષેત્રનો સ્વભાવ છે. તેમાં પ્રમાતા, પ્રમાણ અને પ્રમેય એ ત્રણેનો સમાવેશ થાય છે. તેથી જેવું ક્ષેત્ર અને જેવી તેમાં રહેલી ગરમી, તેવી સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આગળના પ્રકરણોમાં જણાવેલ સિદ્ધિઓમાં ઘણીખરી તેજથી અને તપથી ઉત્પન્ન થયેલ છે. તેજ અને તપ (ગરમી) એ બંને અગ્નિના સ્વભાવ છે તેથી વેદમાં અગ્નિને માટે ઘણા મંત્રો આપેલા છે. ગરમીથી ઘણી વસ્તુઓ બને છે અને કોઇ તપસ્વી મંત્રશક્તિથી અથવા ઉપાસનાથી પોતાની આસપાસના વાતાવરણમાં ફેરફાર કરી શકે તો વસ્તુઓમાં પણ ફેરફાર થાય છે અને ચમત્કારો નજરે પડે છે. એક લોઢાનો નાનો દડો એક કાણામાંથી પસાર થઇ શકે છે પણ તેને તપાવ્યા પછી તે કાણામાંથી જઇ શકશે નહિ. તેનામાં નવો ધર્મ ઉત્પન્ન થાય છે, તેવી જ રીતે કોઇ વાતાવરણમાં તપથી ફેરફાર થઇ શકે છે. જેમ કોઇ ઓરડાની ગરમી થર્મોમીટરથી માપી શકાય છે તેમ કોઇ જગ્યાએ કોઇ તપસ્વી યોગી મહાત્મા બેઠા હોય તો તેના તપથી પણ વાતાવરણમાં ફેરફાર થાય છે.

હાલના કાળની પ્રજા તપનો મહિમા જાણતી નથી તેથી પોતાની ઘણી શક્તિ નકામી વાતોમાં અથવા સિનેમા જેવા નકામા દૃશ્યો જોવામાં વાપરી નાંખે છે. આત્મજ્ઞાન, બ્રહ્મચર્ય, મૌન, સત્ય, અહિંસા ભક્તિ એ બધા તપના સાધન છે. તેનાથી માણસ તદ્દન નવો બને છે. બધા દાણાને સરખા માનીને વાવીએ તો ખેતી સારી થાય નહિ. તેવી જ રીતે જ્ઞાની, યોગી અને તપસ્વીઓને અલગ પાડવા પડશે. સારી ખેતી માટે સારા બી જોઇએ. બધા માણસોને સરખા હક આપી શકાય નહિ.

તપસ્વીઓ અને યોગીઓનું જીવન સાધારણ માણસોના જીવન કરતાં જુદા પ્રકારનું હોય છે, તેઓ એક દેશમાં ચિત્તની ધારણા કરી શકે છે. પછી ધ્યેયાકાર ચિત્તવૃત્તિ થાય તેને ધ્યાન કહે છે. તે વિ-જાતીય પ્રત્યયથી રહિત સજાતીય પ્રત્યયનો પ્રવાહ કહેવાય છે. તે પછી જ્યારે ચિત્ત ધ્યેયસ્વરૂપ જ થઇ જાય તે દશાને સમાધિ કહે છે. એ ત્રણેના સમુદાયને સંયમ કહે છે. સંયમનો જય થાય ત્યારે નવી દૃષ્ટિ ખુલ્લી થાય છે અને નવી દશા ઉત્પન્ન થાય છે, ધર્મીમાંથી ધર્મ પરિણામ થાય છે, તેમાંથી ધર્મોનું લક્ષણ પરિણામ થાય છે અને લક્ષણોમાંથી અવસ્થા પરિણામ થાય છે. એ ત્રણ પરિણામમાં સંયમ કરવાથી યોગીને ભૂત ભવિષ્યનું જ્ઞાન થાય છે. નીચે પ્રમાણે સંયમથી બીજી કેટલીક સિદ્ધિઓ પણ પ્રાપ્ત થાય છેઃ–

૧. સંસ્કાર ઉપર સંયમ કરવાથી પૂર્વજન્મનું જ્ઞાન થાય છે. દિલ્હીમાં શાન્તાદેવીનામની બાઇ હાલમાં ૨૬ વર્ષની ઉંમરની છે, તેને તેનો પૂર્વજન્મ યાદ આવે છે. તે પહેલાના જન્મમાં મથુરામાં કેદારનાથની સ્રી હતી. તેને ૯ વર્ષની ઉંમરે તેનો પૂર્વજન્મ યાદ આવતો હતો. તેના કહેવા પ્રમાણે તે મરણ પછી એક વર્ષ બ્રહ્મ-

લોકમાં રહી હતી. ત્યાં તેને બહુ તેજ લાગતું હતું, પછી તેના સંસ્કારને લઇને તેને દિલ્હીમાં જન્મ લેવો પડયો હતો.

૨. બીજા માણસના ચિત્ત ઉપર સંયમ કરવાથી બીજાના ચિત્તનો સાક્ષાત્કાર થાય છે. આ બાબત સ્વરોદય શાસ્રમાં વધારે વિગતથી સમજાવેલી છે. તે વિધિ જાણનારા બીજાના મનની વાતો જાણી શકે છે.

૩. પોતાના શરીરના રૂપ ઉપર સંયમ કરવાથી તે રૂપની ગ્રાહ્ય-શક્તિ રોકાઇ જવાથી, બીજાના નેત્રજન્ય પ્રકાશથી યોગીના શરીર-નો સંબંધ ન હોવાથી યોગીનું શરીર અંતર્ધાન થાય છે.

લગભગ ૫૦ વર્ષ પહેલાં કાશ્મીરમાં ત્યાંના મહારાજ સાહેબે એક માયાવી ગારૂડી પાસે દોરડાનો પ્રયોગ કરાવ્યો હતો અને તે જોવા માટે વાઇસરોય અને બીજા મેમાનો આવ્યા હતા. તે વખતે તે ગારૂડીએ, બે માણસ (પતિ–પત્ની) પોતાની માયાથી બનાવ્યા હતા. તેમને બીજા માણસો જોઇ શકતા હતા પણ તે નવા બનાવેલા પતિ–પત્નીના ફોટા કેમેરામાં આવતા નહોતા. એ એક જાતની નજરબંધી હતી. પછી તેણે આકાશમાં એક દોરડું ફેંક્યું. તે આકાશમાં સ્થિર થઇ ગયું. પછી તે માયાવી, કલ્પિત પુરુષને લઇને પોતે દોરડા ઉપર ચડી ગયો અને ઉપર બંને વચ્ચે યુદ્ધ થયું, તેમાં તે માયાવીએ કલ્પિત પુરુષને મારી નાંખ્યો અને તેના હાથ પગ અને શરીરના કટકા નીચે પડયા. તે બધા પ્રેક્ષકોએ જોયા પણ તે હકીકત ફોટો લેવાથી કેમેરામાં આવતી નથી. પછી તે માયાવી નીચે ઉતર્યો એટલે કલ્પિત સ્રીએ તેને પૂછ્યું કે મારો ધણી ક્યાં છે? તે માયાવીએ કહ્યું કે કોઇએ મારી નાંખ્યો! તે સ્રીએ પૂછ્યું કે કોણે મારી નાંખ્યો? તે ખેલ કરનાર માયાવીએ કહ્યું કે મને ખબર નથી પણ આંહીં જે

પ્રેક્ષકો આવ્યા છે તેમને પૂછ. પછી તે સ્ત્રીએ પ્રેક્ષકોને કહ્યું કે, "મારો ધણી લાવી આપો, નહિતર, હું તમારા બધાની ખુરશીઓ ઊડાવી દઇશ." એટલું કહેતામાં વાઇસરોયની અને તેની મડમની અને બીજાની ખુરશીઓ ચાલવા લાગી, એટલે વાઇસરોયની મડમે તે ખેલ કરનાર માયાવીને કહ્યું કે, "હવે બસ કરો." તે પછી તેણે પોતાની બધી માયા સમેટી લીધી અને ત્યાં કલ્પિત સ્ત્રી અને કલ્પિત દોરડું વગેરે અદૃશ્ય થઇ ગયા. આ પ્રયોગને Rope–trick કહે છે. એ પ્રયોગ (સૌરાષ્ટ્રમાં રાજુલાવાળા) સ્વામી સેવારામજીએ નજરે જોયો હતો. હવે એવો પ્રયોગ કરનાર હિંદમાં જોવામાં આવતા નથી; રૂપની ગ્રાહ્યશક્તિ ઉપર કાબૂ આવી શકે તો નજરબંધીના આવા પ્રયોગો થઇ શકે.

૪. જલદી ફળ દેવાવાળા કર્મ ઉપર અને વિલંબથી ફળ દેવાવાળા કર્મ ઉપર સંયમ કરવાથી પોતાના મરણનું જ્ઞાન થાય છે.

સૌરાષ્ટ્રમાં એક ગામમાં એક માણસ રહેતો હતો. તેનામાં આ સિદ્ધિ હતી, તેણે એક વર્ષ પહેલાં કહેલું હતું કે એક વર્ષ પછી અમુક દિવસે તેનું મૃત્યુ થશે. તે વાત કોઇ માણસે નોંધી રાખી હતી. તે દિવસની પહેલાં આગલે દિવસે જે માણસ તદ્દન સાજો હતો પછી બીજે દિવસે (એટલે તેણે કહ્યું તે દિવસે) કાંઇ રોગ આવવાથી તેનું મૃત્યુ થયું હતું.

૫. સૂર્યમાં સંયમ કરવાથી ભુવનનું જ્ઞાન થાય છે. પોતાના હૃદયાકાશમાં તેજ દેખાય તેનાથી પણ એક જગ્યાએ બેઠા બીજી જગ્યાના બનાવ જાણી શકાય છે; આવી સિદ્ધિ સૌરાષ્ટ્રમાં એક લુહારમાં હતી, આબુમાં મુનિશ્રી શાંતિવિજયજીમાં હતી અને શ્રી અરવિંદમાં પણ હતી.

૬. ચંદ્રમાં સંયમ કરવાથી તારાનું જ્ઞાન થાય છે અને તારામાં સંયમ કરવાથી તેમની ગતિનું જ્ઞાન થાય છે.

૭. નાભિચક્રમાં સંયમ કરવાથી શરીરની રચનાનું જ્ઞાન થાય છે.

૮. કંઠકૂપમાં સંયમ કરવાથી ભૂખ અને તરસ લાગતી નથી. અથવા બીજા જમતા હોય તેના શરીરમાં હું જમું છું. એવી ભાવના કરવાથી પણ ભૂખ લાગતી નથી, તરસ પણ એવી રીતે જીતી શકાય છે, અથવા હું શરીર નથી એવું લાગવાથી પણ ભૂખ તરસ લાગતી નથી, ઊંઘમાં એવું બને છે.

૯. કપાળના મધ્યમાં જે બ્રહ્મરંધ્ર છે, તેની મધ્યમાં જ્યોતિ છે ત્યાં સંયમ કરવાથી દિવ્યપુરુષોનું દર્શન થાય છે.

૧૦. બંધના કારણરૂપ ચિત્તના સંસ્કારો ઉપર સંયમ કરીને તેને ઢીલા કરવાથી બીજા શરીરમાં પ્રવેશ થઇ શકે છે.

આંહીં ભાવ એવો છે કે ચિત્ત ચંચળ હોવાથી એક સ્થાનમાં સ્થિરતાથી રહી શકતું નથી અને આત્મા વ્યાપક હોવાથી સર્વત્ર વિદ્યમાન છે, બંનેનું એક શરીરમાં રહેવાપણું જો કે અસંભવ છે તથાપિ બંને વચ્ચે જ્યારે ભોક્તા ભોગ્ય ભાવ બને છે, ત્યારે કર્મદ્વારા બંનેનો એક શરીરમાં અનુભવ થાય છે, પછી જ્યારે સંયમદ્વારા અથવા જ્ઞાનદ્વારા કર્મ શિથિલ થઇ જાય ત્યારે ચિત્ત સર્વ શરીરમાં ગમન આગમનની યોગ્યતાવાળું થઇ જાય છે. આ કારણને લઇને લોકો સાધુઓની સેવા કરે છે. લોકોના હાથ પગ એ એક શક્તિના હાથપગ થઇ જાય છે.

૧૧. સમાન–પ્રાણનો જય કરવાથી યોગીનું શરીર તેજસ્વી થાય છે, સમ–દૃષ્ટિ વધે ત્યારે પણ એવું શરીર થાય છે.

૧૨. જે પુરુષ તન્માત્રારૂપ મનને તેના અધિષ્ઠાન પરમાત્મામાં સ્થિર કરે છે તેને અણિમાનામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

૧૩. જે પોતાના મનને મહત્તત્ત્વરૂપ પરમાત્મામાં ધારણ કરે છે તેને મહિમાનામની સિદ્ધિ મળે છે. મહત્તત્ત્વ એ વિજ્ઞાનમય કોશનો અનુભવ છે, યોગીનું દર્શન એ કોશમાં રહે છે.

૧૪. જે માણસ પરમાણુમાં ચિત્તને લગાવે છે તે લઘિમાનામની સિદ્ધિને પ્રાપ્ત કરે છે. જે અહંકારરૂપ પરમાત્મામાં ચિત્તની ધારણા કરે છે તેને પ્રાપ્તિનામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

૧૫. જે વિષ્ણુ ભગવાનમાં ચિત્ત ધારણ કરે છે તેને ઈશિત્વનામની સિદ્ધિ મળે છે. જે તુરીયમાં ચિત્ત ધારણ કરી શકે છે તે વશિતાનામની સિદ્ધિને પ્રાપ્ત થાય છે.

ટૂંકામાં જે માણસ જિતેન્દ્રિય છે, સંયમી અને પ્રાણને જીતવાવાળો છે તેને ઘણી સિદ્ધિઓ મળે છે, છતાં જેને આત્મજ્ઞાન જોઈએ છે તેઓને આ સિદ્ધિઓ વ્યર્થ કાલક્ષેપના કારણરૂપ છે અને વિઘ્નરૂપ છે (ભાગવત ૧૧–૧૫–૩૩), કારણ કે તેમાં દ્વૈતભાવ રહી જાય છે. પ્રકૃતિ અને પુરુષનો જેને વિવેક પ્રગટયો છે તેવા ચિત્તવાળા યોગીને સર્વ પદાર્થના અધિષ્ઠાતાનો (સ્વામીપણાનો) લાભ થાય છે અને સઘળા પદાર્થના યથાર્થ જ્ઞાનનો લાભ થાય છે. (યોગસૂત્ર ૩–૪૯), એવા વિવેક ઉપર પણ વૈરાગ્ય થાય ત્યારે રાગ વગેરે દોષના બીજભૂત જે અવિદ્યા તેનો ક્ષય થવાથી કૈવલ્ય મોક્ષ મળે છે. (યોગસૂત્ર ૩–૫૦)

૧૬. દેવોનો સમૂહ અપ્સરાઓ સહિત આવીને પ્રાર્થના કરે કે 'સ્વર્ગમાં ભોગ ભોગવવા સારુ ચાલો' ત્યારે તેમનું કહેવું ન માનવું અને કાંઇ ગર્વ ન કરવો, કારણ કે એમ કરવાથી ફરી જન્મમરણરૂપ

દુઃખ બન્યું રહે છે, (યોગસૂત્ર, ૩–૫૧) સમાજસેવાથી પણ આત્મજ્ઞાન થતું નથી, તેમાં પદાર્થ શોધન થતું નથી અને દ્વૈત દૂર થતું નથી. તેમાં બીજા વખાણ કરે તેવી સિદ્ધિ મળે છે પણ તત્ત્વજ્ઞાન થતું નથી. એ દેવોના આમંત્રણ જેવું કામ છે. પુરુષમાં પ્રતીયમાન જે બુદ્ધિનો ધર્મભૂત ભોગ છે, તેનો અભાવ થઇ જવો એ પુરુષની શુદ્ધિ છે, એ અવસ્થા પ્રાપ્ત થવાથી જ યોગી કૈવલ્યને પામે છે.

મંત્રસિદ્ધિવાળા પણ મંત્રદેવને આધીન થઇ જાય છે. દેવનો અર્થ તેજ થાય છે, તેથી મંત્રમયી શક્તિમાંથી જ્યોતિર્મયી શક્તિ ઉત્પન્ન થાય છે તે મંત્રનું દેવત્વ છે.

જ્યાંસુધી જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેય એ ત્રણે બહારની વસ્તુમાં આસક્ત રહે છે ત્યાંસુધી બુદ્ધિમાં જડતા રહે છે. તે માણસ ભુલોકમાં કે ભુવર્લોકમાં રહેલો મનાય છે. પછી એમ ખબર પડે છે કે જ્ઞાતા આપણી અંદર છે, તે વખતે બુદ્ધિમાંથી થોડી સ્થૂલતા દૂર થાય છે અને તે માણસ સ્વર્લોકમાં આવે છે, પછી એમ લાગે છે કે જ્ઞાન બહાર નથી પણ અંદર છે ત્યારે તે મહર્લોકમાં આવે છે. એ જ રીતે અંતરાત્મા તરફ જેમ જેમ વૃત્તિ વધારે વધતી જાય અને જ્ઞેય પણ જ્ઞાનની અંદર છે એમ લાગે ત્યારે બુદ્ધિમાં સ્થૂલ ભાવ દૂર થાય છે અને તે માણસ સત્યલોકમાં પહોંચે છે. કર્મની વિચિત્રતાને લઇને જીવ અજ્ઞાનથી જ્ઞાતા અને જ્ઞેયને પોતાની બહાર મૂકે છે, તેથી કર્મને લઇને જીવ જીવ વચ્ચે ભેદ થાય છે અને જીવ ઈશ્વર વચ્ચે અને જીવ જગત વચ્ચે ભેદ થાય છે. તે ભેદ સિદ્ધિઓમાં પણ ચાલ્યો આવે છે. જીવની શક્તિ અલ્પ છે પણ જ્યારે તેનો સંબંધ પરમાત્માની સાથે થાય છે ત્યારે તેનામાં ઘણી શક્તિ આવે છે. તેનો આધાર મહાસત્તાની સાથે એકતા ઉપર છે.

તેથી દૃશ્યાનુરક્તિ છોડીને દૃષ્ટાનુરક્તિ પ્રાપ્ત કરવી જોઈએ. એ રીતે જ્ઞાનમાંથી સ્થૂલતા દૂર થશે અને વૃત્તિ સૂક્ષ્મ થવા લાગશે. સૂક્ષ્મવૃત્તિ ભેદને દૂર કરી શકશે. તેથી સારા શુદ્ધ વિચાર કરવાની શક્તિ આવે તે મોટામાં મોટી સિદ્ધિ છે.

યોગવસિષ્ઠમાં, કુંભ મુનિમાં (ચુડાલામાં) જ્ઞાન અને સિદ્ધિ બંને હતા. ગીતાના ૧૧ મા અધ્યાય પ્રમાણે ભગવાને અર્જુનને દિવ્ય દૃષ્ટિ આપેલ છે અને પોતાનું વિરાટ્ સ્વરૂપ બતાવેલ છે. કેન ઉપનિષદમાં તેજસ્વી ઉમાએ અગ્નિ, વાયુ અને ઇંદ્ર કરતાં વધારે શક્તિ બતાવેલ છે. માંડૂક્ય ઉપનિષદમાં ૧૦ મા મંત્રમાં કહેલ છે કે સ્વપ્નસ્થાનવાળો તૈજસ ઉકારરૂપ બીજી માત્રા છે, ઉત્કર્ષથી બંનેની એકતા છે. જે એમ જાણે છે તે જ્ઞાનની સંતતિને વધારે છે અને જ્ઞાનની તુલ્ય થાય છે, તેની શિષ્યપરંપરામાં કોઈ અબ્રહ્મવિત્ થતો નથી.

આ મતને અંગ્રેજીમાં para-psycholoay કહે છે. જ્યારે કોઈ જીવ દેશ અને કાળના બંધનમાંથી છૂટે છે ત્યારે તેનામાં અખંડ બ્રહ્મરૂપે રહેવાની શક્તિ આવે છે.

પ્રકરણ–૯

જ્ઞાનસિદ્ધિ

મોટામાં મોટી સિદ્ધિ અને મોટામાં મોટો ચમત્કાર એ છે કે બધી જડ વસ્તુઓને ચેતન બનાવી દેવી, અને તે બની શકે તેવું છે. તે માટે પહેલાં એટલું સમજવાની જરૂર છે કે સામાન્ય માણસની આખી જાગ્રત અવસ્થા જડ છે અને તે તેના અધિષ્ઠાનમાં કલ્પિત છે. કલ્પિતમાં સ્વતંત્ર સત્તા ન હોવાથી તે જડતા દૂર થઈ શકે છે. જેમ સ્વપ્નામાં માણસને દેખાતી જડ વસ્તુઓ જાગ્રત થતાં પોતાનું જડપણું છોડી દે છે તેમ બ્રહ્મદશામાં જાગ્રતની જડ વસ્તુઓ પોતાનું જડપણું છોડી દે છે. પુનામાં કેમ્પમાં થોડા વર્ષ પહેલાં બાબાજાનનામના એક વૃદ્ધ મુસલમાન સાધ્વી ડોશી રહેતા હતા. તેને કોઈએ પૂછયું કે તમે પુનામાં ક્યારે રહેવા આવ્યા? તેના જવાબમાં તેણે કહ્યું કે, "હું જગત ઉત્પન્ન થયાં પહેલાં આવેલ છું." સામાન્ય માણસની જાગ્રત અવસ્થા તેના જ્ઞાન પ્રમાણે બને છે, તેથી જો જાગ્રત અવસ્થાની દૃષ્ટિ ઠીક કરતાં આવડે અને તેમાંથી દેશકાળની મર્યાદા દૂર કરતાં આવડે તો બધી જડ વસ્તુઓ ચેતનરૂપે જોઈ શકાય. તેને માટે વેદાંતના પ્રમાણના ગ્રંથોનો અભ્યાસ કરવો જોઈએ, તે ઉપરાંત પ્રો. આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ પણ ઉપયોગી થાય તેવો છે. તેને Theory of Relativity કહે છે.

બધું જીવન એક બ્રહ્મરૂપ છે. પુરુષસૂક્તમાં પણ આધિદૈવિક ભાવે એ સિદ્ધાંત આપેલો છે. ચેતનને ચેતન ભાવે જ પૂજી શકાય છે. દેવ બનીને દેવની પૂજા કરવાનું વિધાન છે.

દેવ, માણસ, પશુ, પક્ષી, સમુદ્ર, તારા, સૂર્ય, ચંદ્ર, પૃથિવી વગેરે

બધા ભગવાનના રૂપ છે અને બધા ઉપર પ્રેમ કરવાથી તે બધા સામો પ્રેમ બતાવશે અને આખું જીવન એક સૂરવાળું થઇ જશે, તે મોટામાં મોટી સિદ્ધિ છે. માણસનું શારીરિક જીવન બહુ ટૂંકું છે અને તે મર્યાદિત છે, છતાં તેને થોડા વખતમાં બ્રહ્મરૂપ બનાવવું એ મોટામાં મોટી સિદ્ધિ છે, આપણા ઘરમાં ઘઉં હોય પણ તે વાવ્યા વગર તેમાંથી વધારે ઘઉં થતા નથી, તેમ આત્માને ઉપયોગે રહેવાથી તેમાંથી બ્રહ્મદશા ઉત્પન્ન થાય છે.

આધિભૌતિક તેજમાંથી અણુબોમ્બ બનાવવા સુધી હાલનું સાયન્સ પહોંચી ગયું છે. આધિદૈવિક તેજ દેવો, ઇંદ્રો, ઋષિઓ, મુનિઓ, યોગીઓ અને સિદ્ધો વાપરી શકે છે અને તે દ્વારા ચમત્કારો બતાવી શકે છે, હવે એ બંને તેજથી જે ઉત્તમ પ્રકારનું આધ્યાત્મિક તેજ છે તેની શક્તિ આ પ્રકરણમાં જણાવવામાં આવેલ છે. તેને જ્ઞાનસિદ્ધિ અથવા અદ્વૈતસિદ્ધિ પણ કહે છે. આવી સિદ્ધિ માટે બ્રહ્માકાર વૃત્તિની જરૂર છે, એવી વૃત્તિ માટે મનોબળની જરૂર છે. વેદાંતના શ્રવણ, મનન અને નિદિધ્યાસનની જરૂર છે, અંતઃકરણની શુદ્ધિની જરૂર છે અને તેમાં આત્માનું તેજ ધારણ કરવા માટે બ્રહ્મચર્યની જરૂર છે. જેઓ બ્રહ્મચર્ય પાળી શકતા નથી તેઓમાં દેહનો અધ્યાસ ઘણો વધે છે અને તે બ્રહ્મજ્ઞાન ધારણ કરી શકતા નથી. તેથી આત્મસિદ્ધિ માટે બ્રહ્મચર્યની ખાસ જરૂર છે.[૧]

તે ઉપરાંત સાચું બોલવાની ટેવ પણ જોઇએ. યોગસૂત્રમાં લખેલ છે કે જેને સત્યમાં પ્રતિષ્ઠા થાય છે તેને ક્રિયાનું ફળ ધાર્યા પ્રમાણે મળે છે. હાલના માણસો ધન કમાવા માટે ઘણું ખોટું બોલે

૧. બ્રહ્મચર્યના સાધન અમારા પુસ્તક "બ્રહ્મચર્યની માળામાં" સમજાવવામાં આવેલ છે.

છે પણ ધન કરતાં સત્યની કિંમત ઘણી છે અને ગરીબાઇ ભોગવીને પણ સત્યની રક્ષા કરી શકાય તો તેમાંથી મોક્ષનો માર્ગ નીકળે છે. આપણા શાસ્ત્રોમાં ગાયોને બચાવવા માટે ખાસ આજ્ઞા છે. ગાયોનો જેમ સ્થૂલ અર્થ થાય છે, તેમ ગાયોનો અર્થ જ્ઞાન પણ થાય છે, તેથી આત્મજ્ઞાનની રક્ષા કરવાની આજ્ઞા પણ સમજવાની છે. એવા જ્ઞાનની જે રક્ષા કરી શકે તેને ગોપ અથવા ગોપી કહેવામાં આવે છે. શ્રી અરવિંદે પણ ગાયનો અર્થ જ્ઞાન કરેલ છે. એવું જ્ઞાન જ્યાં આપવામાં આવે નહિ ત્યાં ગો–વધ થાય છે એમ સમજવાનું છે.

આપણા જીવનમાં ઘણી જાતના અનુભવો થાય છે. તે બધાનું મૂળ તત્ત્વ શું છે તે સમજવા માટે પ્રયત્ન કરવો જોઇએ. ગયા પ્રકરણોમાં ઘણા પ્રકારની સિદ્ધિઓનું વર્ણન આપેલ છે. તત્ત્વજ્ઞાનનો એક નિયમ એવો છે કે જ્યાં થોડા અનુભવ સમજવા માટે ઘણા તત્ત્વોનો વિચાર કરવો પડે તેને ગૌરવ દોષ કહે છે અને ઘણા અનુભવો ઓછામાં ઓછા તત્ત્વથી સમજાવી શકાય તેને લાઘવ ગુણ કહે છે. તેમાં વળી જો એક તત્ત્વથી બધા અનુભવ સમજાવી શકાય તો તે મોટામાં મોટો ગુણ માનવામાં આવે છે. તેને જ્ઞાનસિદ્ધિ કહે છે. હાલમાં સાયન્સમાં પણ એવું માનવામાં આવેલ છે કે જે સાયન્સ ઓછા તત્ત્વથી વધારે અનુભવ સમજાવી શકાય તે ઉત્તમ સાયન્સ છે. એવું સાયન્સ સાપેક્ષવાદના નામથી હવે પશ્ચિમના દેશોમાં શરૂ થયું અને તે હિંદના અદ્વૈતવાદને મળતું આવે છે. અદ્વૈતજ્ઞાનની સિદ્ધિ એ મોટામાં મોટી સિદ્ધિ છે. તેનો અભ્યાસ કરવામાં બાર વર્ષ લાગે છે. ખાસ કરીને કાશીમાં અને બીજે ઠેકાણે પણ હવે તેના અભ્યાસની સગવડ થયેલ છે. વળી તેનો અભ્યાસ કર્યા પછી તે પ્રમાણે જીવન ગોઠવવું જોઇએ; તે સિવાય અદ્વૈત

સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. આગળના પ્રકરણોમાં જે સિદ્ધિઓ બનાવવામાં આવેલી છે તેમાં માણસના જ્ઞાનની હદ બંધાઈ જાય છે, પણ જ્ઞાનની સિદ્ધિઓમાં જ્ઞાનની શુદ્ધિ થાય છે. દ્વૈતનું જ્ઞાન શુદ્ધ થઈને તે અદ્વૈતરૂપે રહે છે. તેથી અદ્વૈતસિદ્ધિ એ મોટામાં મોટી સિદ્ધિ છે. આગળની સિદ્ધિઓમાં માયા આવે છે પણ માયાનું સ્વરૂપ શું છે તે સમજવામાં આવતું નથી. જ્ઞાનની સિદ્ધિઓમાં માયાનું સ્વરૂપ સ્પષ્ટ કરવામાં આવે છે. સૃષ્ટિ કેવી છે એ જાણવા કરતાં જે માયાથી સૃષ્ટિ રચાણી છે તે માયા કેવી છે તે જાણવું એ મોટામાં મોટી સિદ્ધિ છે, તે માટે પહેલાં જ્ઞાનની જરૂર છે, કર્મની જરૂર નથી. માયાનું તત્ત્વ સમજવાથી ઘણી વ્યાવહારિક સિદ્ધિઓનું રહસ્ય પણ સમજવામાં આવી જાય છે. અજ્ઞાની માણસ ઘણી જગ્યાએ છેતરાઈ જાય છે પણ જ્ઞાની પુરુષને કોઈ છેતરી શકતું નથી. જે ચેતનની સત્તાથી બધી સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે તે સત્તાની સાથે જ્ઞાની પુરુષને એકતા રહે છે.

જ્ઞાનમાર્ગમાં ૧૨ દર્શન છે. તેમાં ૬ વેદને માનનારા નથી અને ૬ વેદને માનનારા છે. તે ઉપરાંત મુસ્લીમ ધર્મનું દર્શન, ખ્રિસ્તીઓનું દર્શન અને પારસી વગેરેના દર્શનશાસ્ત્રો પણ છે. વેદને માનનારા દર્શનોમાં સાંખ્ય, યોગ, વૈશેષિક વગેરે દ્વૈતવાદી છે અને વેદાન્ત અદ્વૈતવાદી છે. વળી બીજા દર્શનોમાં માત્ર એક જાગ્રત અવસ્થાના અનુભવનો વિચાર કરવામાં આવેલ છે, પણ વેદાંતદર્શનમાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિના અનુભવોનો વિચાર કરવામાં આવેલ છે.

ઘટને આવૃત કરવાથી પ્રકાશનું ઘટની સાથે વ્યવધાન થાય છે અને દીપ વગેરે પ્રકાશને ઢાંકવાથી પરસ્પર બંનેનું વ્યવધાન થાય છે, જડ ઘટમાં સ્વસત્તા નથી તેથી આવરણ બની શકતું નથી પણ

ચેતનના અજ્ઞાનદ્વારા આવૃત થવાથી વિષય અને ચેતનનું વ્યવધાન બની જાય છે. તેથી આવા આવરણને ફલતઃ આવરણ કહેવાય છે. વળી કાર્યનો સ્વભાવ એવો છે કે પોતાના ઉપાદાનને છૂપાવવું, વિંછી, ઝાડ વગેરે કાર્ય પોતાના ઉપાદાનકારણ છાણ માટી વગેરેને તિરોધાન કરી દે છે. વિંછીના શરીરમાં છાણ દેખાતું નથી અને ઝાડમાં માટી દેખાતી નથી.

સિદ્ધાંતમાં અંતઃકરણરૂપ અવિદ્યા–કાર્યનું વિષયાકાર પરિણામ થતાં પોતાના ઉપાદાન ભૂત અવિદ્યાનું આવરણ કરવાવાળા સ્વભાવનો વિનાશ કરી દે છે, તેથી વસ્તુનો પ્રકાશ થઈ જાય છે અને તદ્ વિષયાવચ્છિન્ન ચૈતન્યમાં અવિદ્યાનું સ્વરૂપ દેખાતું નથી. જો તે અવિદ્યાનું સ્વરૂપ દેખાય તો વિષયનો પ્રકાશ જ થઈ શકતો નથી.

બાધ થયા વગરનો લાંબાકાળનો જગતનો પરિચય જ જગતની સત્યતાની ભ્રાંતિના દૃઢપણાનું કારણ છે, પરંતુ બાધિત થયેલા પદાર્થનો લાંબાકાળનો પરિચય સત્યતાની ભ્રાંતિના દૃઢપણાનું કારણ થતો નથી. વિશેષજ્ઞાનની સામગ્રીને અભાવે જે વિશેષ જ્ઞાન થાય તે ભ્રાંતિ છે. મિથ્યા અભિનિવેશ માત્ર જ જીવના જન્મનું કારણ છે જ્યારે દ્વૈતના અભાવનો બાધ થઈ જાય છે ત્યારે કોઈ કારણ ન રહેવાથી જીવનો જન્મ થતો નથી.

હિંદના યોગી શ્રી અરવિંદ એમ માનતા હતા કે અદ્વૈતજ્ઞાન ટકવા માટે નવું દિવ્ય શરીર જોઈએ. તે એમ કહેતા હતા કે માણસનું શરીર એ છેલ્લું શરીર નથી. માણસના શરીરમાં આત્મજ્ઞાન થાય છે પણ આત્માની શક્તિ એ શરીરમાં સ્વાભાવિક રીતે કામ કરી શકતી નથી. માણસનું શરીર મનને લાયક છે, પણ મનની ઉપર વિજ્ઞાનમય તત્ત્વ છે. એ વિજ્ઞાન જે શરીરમાં સ્વાભાવિક રીતે કામ

કરે એવું નવી જાતનું કોઈ શરીર આ પૃથ્વી ઉપર આવવું જોઈએ. એવું શરીર મેળવવા માટે પ્રાચીનકાળમાં ઋષિ મુનિઓએ મહેનત કરી હતી પણ તે ફળીભૂત થયા નહિ એવું શ્રી અરવિંદનું માનવું હતું. જો એવું શરીર આ પૃથ્વી ઉપર આવ્યું હોત તો આપણે તે જોઈ શકત અને એવા શરીરવાળી જાતિ પણ જોઈ શકત.

જેમ માણસનું શરીર આ પૃથ્વી ઉપર આવ્યા પછી માણસનું શરીર કાયમને માટે રહી ગયેલ છે તેમ જો વિજ્ઞાનમય શરીર આવ્યું હોત તો આ પૃથ્વી ઉપર મળી શકત. એવું શરીર ન મળવાથી માણસની જાતમાંથી પશુપણું દૂર થયું નથી. તેથી આપણી પૃથ્વી ઉપર લડાઈ અને ઝઘડા ચાલ્યા કરે છે, પણ જો વિજ્ઞાનમય કોશને લાયક નવું શરીર ઉત્પન્ન થાય અને વિજ્ઞાનમય કોશને ક્રિયાત્મક બનાવી શકાય તો આ પૃથ્વી ઉપર એક દેવ–જાતિ ઉત્પન્ન કરી શકાય અને તેની મદદથી બધા મનુષ્યોના જીવનને અસર કરીને આખી પૃથ્વીના માણસોનું જીવન આધ્યાત્મિક બનાવી શકાય. એમના યોગમાર્ગમાં આવી રીતે વ્યક્તિની અને સમાજની ઉન્નતિના સાધન રહેલા છે. એ કામ શ્રી અરવિંદ પૂર્ણ કરી શક્યા નહિ. તે પહેલાં તેમનું શરીર ગયું, છતાં તેમનો આશ્રમ હાલમાં જે માતાજી ચલાવી રહેલ છે તે એમ માને છે કે શ્રી અરવિંદ હજુ તેમના શિષ્યોને આ બાબતમાં ગુપ્ત રીતે સૂચના આપ્યા કરે છે અને તેનું કામ પૂરું થઈ શકશે. એ ભવિષ્યની વાત હોવાથી તે બાબતમાં કોઈ ખાત્રી આપી શકે તેવું નથી.

વેદાંતમાં એમ માનેલું છે કે અદ્વૈતજ્ઞાનને સ્વાભાવિક કરવા માટે અને તેમાં નિષ્ઠા કરવા માટે કોઈ નવા શરીરની જરૂર નથી પણ નવા આશ્રમની જરૂર છે, એટલે માણસ જો ગૃહસ્થાશ્રમમાંથી નીકળીને વૈરાગ્ય ધારણ કરીને વાનપ્રસ્થ આશ્રમ અથવા સંન્યાસ

આશ્રમ સ્વીકારે અથવા શ્રી રમણ મહર્ષિની માફક બધા આશ્રમથી અતીત થઈને એકાંતમાં બ્રહ્મજ્ઞાનથી રહે તો અદ્વૈતજ્ઞાન નિષ્ઠાવાળું થઈ શકે છે. વેદાંતના માર્ગ પ્રમાણે પ્રગતિ કરનાર કેટલાક મહાત્માઓએ વિજ્ઞાનમય કોશને ક્રિયાત્મક કરેલ છે, તેનાથી તેઓ ઘણી સિદ્ધિઓ બતાવી શક્યા છે. તેનો નમૂનો ચાંગદેવ અને જ્ઞાનેશ્વર મહારાજના જીવનમાંથી મળે છે અને શ્રી શંકરાચાર્યના જીવનમાંથી પણ મળી શકે છે.

યોગીઓ પ્રકૃતિને સાચી માને છે. જૈન, સાંખ્ય, વૈષ્ણવ, ખ્રિસ્તીઓ, મુસલમાનો, તાંત્રિકમતવાળા, અને રાજદ્વારી માણસો પણ પ્રકૃતિને સાચી માને છે અને માત્ર એક જાગ્રત અવસ્થાનો વિચાર કરે છે. પ્રકૃતિને જીતવામાં અથવા શરીરને તેજસ્વી બનાવવામાં પણ "દેહ હું છું" એમ માનવું પડે છે, એવા અભિમાનથી દ્વૈતભાવ આવી જાય છે અને અદ્વૈતસિદ્ધિ મળતી નથી.

વેદાંતમાં માયાને અથવા પ્રકૃતિને સ્વપ્નાની માફક કલ્પિત માનેલ હોવાથી અને આત્માના અનુભવ વખતે તેનો અત્યંત અભાવ થતો હોવાથી તે મતમાં આત્મા બ્રહ્મરૂપે એકદમ વ્યાપક થવાથી બધા યોગીના હૃદયમાં તે તરત પહોંચી જાય છે, તેથી બધાની સિદ્ધિ એ તેની સિદ્ધિ થઈ જાય છે. વ્યાપક આત્માને "અહં, ઈદં" જેવું દ્વૈત રહેતું નથી. જ્યાં અખંડ અને પૂર્ણ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે ત્યાં જગતને સુધારવા જેવું કાંઈ રહેતું નથી. યોગમાર્ગમાં ચિત્તની એકાગ્રતા ઉપર ભાર દેવામાં આવે છે, તેનાથી શક્તિ મળે છે અને તે સિદ્ધિઓ મેળવવામાં ઉપયોગી થાય છે. જ્ઞાનમાર્ગમાં ચિત્તની વિશાળતા ઉપર ભાર દેવામાં આવે છે, તેનાથી કોઈવાર સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે પણ જ્ઞાની પુરુષો તેની દરકાર કરતા નથી.

જ્ઞાની પુરુષમાં અનેક પ્રકારનું જ્ઞાન અને અનેક પ્રકારની સિદ્ધિઓ આવવી જ જોઈએ એવો નિયમ નથી. જો નામરૂપવાળી માયા સાચી છે એમ માનવામાં આવશે તો નામરૂપવાળું સુખ પણ સાચું છે એમ માનવાથી ભૂલ થવાનો સંભવ છે. અનાત્માનું અદર્શન એ જ્ઞાનીની ઉપાસના છે. અનાત્મા મિથ્યા છે. તે માટે નીચે પ્રમાણે છ યુક્તિઓ અદ્વૈત–સિદ્ધિ નામના પ્રખ્યાત ગ્રંથમાં આપવામાં આવેલ છે:–

(૧) શ્રી શંકરાચાર્યના શિષ્ય પદ્મપાદાચાર્યના મત પ્રમાણે "જે સત અને અસતથી વિલક્ષણ હોય તે મિથ્યા કહેવાય છે."

(૨) વિવરણાચાર્યના એક મત પ્રમાણે "જ્યાં જે દેખાય છે ત્યાં જે પરમાર્થથી નથી અથવા પોતાના સ્વરૂપથી નથી, તેને મિથ્યા કહે છે."

(૩) જ્ઞાનથી જે નિવર્ત્ય થાય છે તે મિથ્યા છે.

(૪) ચિત્સુખાચાર્ય એમ કહે છે કે, "જે ઠેકાણે જે પરમાર્થથી નથી અથવા પોતાના સ્વરૂપે નથી ત્યાં તેનો જે માત્ર દેખાવ છે તે મિથ્યા છે."

(૫) આનંદબોધાચાર્ય કહે છે કે, "જ્ઞાનની ખરી વસ્તુ સિવાય બીજું જે કાંઈ છે તે મિથ્યા છે."

(૬) ત્રણ અવસ્થાના વિચારથી પણ જાગ્રત અવસ્થાનું જગત મિથ્યા છે એમ સિદ્ધ થઈ શકે છે.

જ્ઞાનસિદ્ધિમાં અથવા અદ્વૈતસિદ્ધિમાં દ્વૈતના મિથ્યાત્ત્વના બોધપૂર્વક અદ્વૈતજ્ઞાન આપવામાં આવે છે, આરંભવાદ અને પરિણામની દૃષ્ટિ દ્વૈત ઉપર છે. વેદાંતમાં વિવર્તવાદ છે અને તેની દૃષ્ટિ બ્રહ્મ ઉપર

છે. બ્રહ્મજ્ઞાન એ મોટામાં મોટી સિદ્ધિ છે, એવી સિદ્ધિ શુકદેવજીએ પરીક્ષિત રાજાને સાત દિવસમાં પ્રાપ્ત કરાવી આપી હતી.

જ્યાં કાંઈક તાબે કરવાનું હોય, કોઈ વિઘ્ન દૂર કરવાનું હોય, કાંઈ ફેરફાર કરવાનો હોય ત્યાં સિદ્ધિ કે શક્તિનો ઉપયોગ રહે છે પણ આત્માના ઉત્તમ અનુભવમાં એટલે સ્થિતપ્રજ્ઞ દશામાં અથવા ગુણાતીત દશામાં કેવલ અદ્વૈતનો અનુભવ રહેતો હોવાથી અને સામે બીજું કોઈ તત્ત્વ રહેતું ન હોવાથી આત્મજ્ઞાની પુરુષના વિરોધમાં કોઈ રહેતું નથી, તેથી કોઈ પ્રકૃતિને જીતવાની જરૂર પડતી નથી અને જ્ઞાન સિવાય બીજી કોઈ સિદ્ધિની જરૂર પડતી નથી. આત્મા જ્યારે વ્યાપક થાય છે ત્યારે પ્રકૃતિનો બાધ થાય છે. તેથી આત્મામાં શક્તિ હોવા છતાં તેના ઉપયોગની જરૂર પડતી નથી. શ્રુતિમાં જે નિષેધ વાક્યો છે તે શરૂઆતમાં પ્રપંચમાં અનાત્માની સત્તાનો નિષેધ કરે છે, એ દશામાં ભક્તોનું અને યોગીઓનું અને સિદ્ધ પુરુષોનું જીવન શરૂ થાય છે, પણ જ્યારે માંડૂક્ય ઉપનિષદની શ્રુતિ જેવી શ્રુતિ પ્રપંચના સ્વરૂપનો નિષેધ કરે છે ત્યારે જ્ઞાનીનું જીવન શરૂ થાય છે. લક્ષ્યનો સ્વભાવ જ એવો છે કે તે અનાત્માની સ્થિતિને સહન કરી શકતો નથી. અનાત્માનું અદર્શન એ જ્ઞાનીની સિદ્ધિ છે.

કોઈ વિરલ મહાત્માઓમાં જ્ઞાન અને યોગ બંને હોય છે. એવા એક મહાત્મા સદાશિવેન્દ્ર સરસ્વતી અઢારમી સદીમાં દક્ષિણ હિંદમાં થઈ ગયા હતા. તે જ્ઞાની હતા અને સિદ્ધ હતા. તેમણે યોગ–સૂત્ર વૃત્તિ, બ્રહ્મ–સૂત્ર–વૃત્તિ અને આત્મવિદ્યા–વિલાસનામના ગ્રંથો સંસ્કૃત ભાષામાં લખેલા છે અને તે વિદ્વાનોને આનંદ આપે તેવા છે. નાની ઉંમરમાં તે ગમે તેવા અઘરા પ્રશ્નોના ખુલાસા આપી શકતા હતા, તેથી શાસ્ત્રાર્થના વાદમાં પડતા હતા. એક વખત આવી રીતના વાદના પ્રસંગે તેના ગુરુ પરમ શિવેન્દ્ર સરસ્વતીએ એવી

ટકોર કરી કે, "હવે તું તારી જીભ બંધ ક્યારે કરીશ?" તે દિવસથી તેણે મૌન વ્રત લીધું અને તે આખી જીંદગી સુધી પાળ્યું. તે પછી તેનામાં કેટલીક સિદ્ધિઓ ઉત્પન્ન થવા લાગી હતી. એક વખત તે ખેતરમાં એકલા સૂતા હતા; ત્યાં તેણે કોઇ પથરાનું ઓશીકું કરી લીધું હતું. ત્યાંથી કેટલાક મજૂરો નીકળ્યા. તે મજૂરોએ એવી ટીકા કરી કે આ માણસ સાધુ થયો છે છતાં તેને માથા નીચે ઓશીકાની જરૂર પડે છે. આ વાત સદાશિવેન્દ્ર સરસ્વતીએ સાંભળી. બીજે દિવસે તેણે પથરાનું ઓશીકું કાઢી નાંખ્યું અને ઓશીકા વગર સૂતા હતા. તે વખતે પહેલાના દિવસના મજૂરો ત્યાંથી પસાર થયા એટલે તે મજૂરોએ એવી ટીકા કરી કે, "જોયું! આ સાધુએ બધો સંસાર છોડયો છે, છતાં આપણી કાલની ટીકાની બીક તેને લાગી." આવી રીતે જ્ઞાની પુરુષો પણ લોકોની ટીકાથી બચી શકતા નથી તો સાધારણ માણસો માટે તો શું કહેવાનું હોય?

શ્રી સદાશિવેન્દ્ર ઘણે ભાગે નદીના કિનારા ઉપર પડી રહેતા હતા અને જ્ઞાન અને અજ્ઞાનના સ્વરૂપ બાબત ધ્યાન કરતા હતા. લોકો તેને ગાંડો માણસ માનતા હતા, છતાં હવે તે લોકોની ટીકાની દરકાર કરતા નહોતા. તેનું ગાંડપણ એવા પ્રકારનું હતું કે તેના ગુરુને પણ એવું લાગ્યું હતું કે તેને પોતાને એવું ગાંડપણ આવે તો સારું.

શ્રી સદાશિવેન્દ્રને શરીરનું કે જગતનું ભાન રહેતું નહોતું. એક વખત નદીમાં પૂર આવ્યું, તે પૂરમાં તે દૂર ઘસડાઇ ગયા અને દૂર રેતીમાં તેનું શરીર દટાઇ ગયું. પાસેના માણસો પૂરમાં જઇને તેને કાઢી શક્યા નહિ અને લોકોએ જાણ્યું કે તે પૂરમાં મરી ગયા હશે. ત્રણ મહિના પછી જ્યારે નદીમાં પાણી ઓછું થઇ ગયું ત્યારે તે

ગામના અધિકારી મુખી વગેરે મજૂરોને લઇને ગામથી નદીએ જવાનો રસ્તો દુરસ્ત કરવા લાગ્યા. તે વખતે એક મજૂરને ખોદવાનું કામ કરતાં તેની કોદાળીને કાંઇક કઠણ ભાગ લાગ્યો અને નીચેથી થોડું લોહી નીકળ્યું. તે વખતે ગામના મુખી અને બીજા કામ કરનારા ત્યાં આવ્યા અને સંભાળપૂર્વક આસપાસ ખોદતાં ત્યાં શ્રીસદાશિવેન્દ્ર જીવતા નીકળ્યા. તે વખતે તે સમાધિમાં હતા, થોડા વખત પછી તેનામાં જાગૃતિ આવી અને થોડો વખત બધાની સામું જોઇને ત્યાંથી ચાલ્યા ગયા.

એક વખત એક ખેતરમાં લણણી થઇ હતી અને ખળામાં દાણાનો ઢગલો પડયો હતો, તેની ઉપર એક રાત્રે આ મહાત્મા જઇને સૂતા હતા, તે ઢગલો વેરાઇ ગયો. રાત્રે ખેતરના ચોકીઆતો આવ્યા, તેઓએ અનાજ વેરાઇ ગયેલું જોઇને એ મહાત્માને મારવા માટે લાકડીઓ ઉગામી પણ તેમના હાથ એવા જડ થઇ ગયા કે તે ચાલ્યા નહિ, સવારે ખેતરનો માલિક આવ્યો અને તેણે ચોકીઆતોના હાથ ઊંચા જોયા, તે નીચે ઉતરતા નહોતા. એટલામાં તે મહાત્મા ત્યાંથી ચાલ્યા ગયા અને પછી ચોકીઆતોના હાથ નીચે ઉતર્યા. જે આત્મજ્ઞાની માણસ હોય છે તેની આસપાસ ચૈતન્યનું વાતાવરણ બંધાઇ જાય છે તેથી આવા બનાવ બની શકે છે.

એક વખત ત્યાં નજીકના ગામમાં કોઇ મામલતદાર આવ્યા હતા, તેની સાથે વધારે માણસો હોવાથી રસોઇ માટે જંગલમાંથી લાકડા મંગાવ્યા, તે ત્રણ મજૂરોએ ઉપાડયા છતાં થોડાક બાકી રહ્યા એટલે આ મહાત્માને બળજોરીથી પકડીને તેના માથા ઉપર મૂકીને તેને પણ સાથે લીધા, પછી ત્રણે મજૂરોએ રસોઇની જગ્યાએ લાકડા મૂક્યા, અને સૌથી ઉપર મહાત્માએ લાવેલા લાકડા મૂક્યા, એટલે બધા લાકડા પોતાની મેળે તરત ત્યાં જ સળગી ગયા.

તે મહાત્મા સિદ્ધ હતા પણ લોકો તેને ગાંડો માણસ માનતા હતા, છતાં બાળકો તેને બહુ ચાહતા હતા. લોકો તેને કાંઇ ખાવાનું આપતા તો તે ઘણે ભાગે નાના બાળકોમાં વહેંચી આપતા હતા.

એક વખત તે મહાત્મા મદુરાથી થોડે દૂર ફરતા હતા. ત્યાં કેટલાક છોકરાઓ તેની સાથે રમતા હતા. તે વખતે મદુરામાં વૃષભ-વહનનો ઉત્સવ હતો. મદુરા દૂર હતું. છોકરાઓએ તે મહાત્માને કહ્યું કે, "અમને આજે રાત્રે મદુરાનો ઉત્સવ જોવા માટે લઇ જશો? અમારે તે ઉત્સવ નજરે જોવો છે." બાળકોએ તો મશ્કરી કરી હતી, કારણ કે એટલે દૂર પહોંચી શકાય તેવું નહોતું. તેમને ખબર નહોતી કે એ સિદ્ધ મહાત્મા હતા. તેમણે છોકરાંઓને કહ્યું કે, "થોડાક મારા ખભા ઉપર બેસી જાઓ અને બીજા વાંસા ઉપર બેસી જાઓ. છોકરાંઓને રમૂજ થઇ અને તે પ્રમાણે કર્યું. પછી મહાત્માએ છોકરાંઓને કહ્યું કે, "હવે એક મિનિટસુધી આંખો વીંચી જાઓ." છોકરાંઓએ તે પ્રમાણે કહ્યું. એક મિનિટ પછી છોકરાંઓએ આંખ ઊઘાડી તો તેઓ તે ઉત્સવની વચમાં મદુરામાં આવી ગયા હતા. તે વખતે તે મહાત્માને મળેલો પ્રસાદ તેમણે છોકરાંઓમાં વહેંચી નાંખ્યો. સવાર પડી ત્યારે એવી જ રીતે તે મહાત્માએ તે છોકરાંઓને પોતાના શરીર ઉપર બેસાડી એક મિનિટ આંખ વીંચવાનું કહ્યું, એ પ્રમાણે આંખ વીંચીને ઊઘાડતા તે પોતાને ગામ પહોંચી ગયા હતા. છોકરાંઓએ ગામના ઘણા માણસોને આ બનાવની હકીકત કહી હતી.

કેટલાક ઉત્સવ પ્રસંગે એટલે મહાશિવરાત્રી કે જન્માષ્ટમી વખતે તે મહાત્મા એક જ વખતે ત્રણ ચાર જગ્યાએ જોવામાં આવતા હતા.

બનારસથી, મથુરાથી અને રામેશ્વરથી આવતા યાત્રાળુઓ કહેતા કે અમે તે દિવસે તે મહાત્માને તે સ્થળોએ જોયા હતા.

આવી સિદ્ધિઓનું કારણ એ હોય છે કે જ્ઞાની પુરુષો દેહના ધર્મ અને જગતના ધર્મ સાચા માનતા નથી, તે બ્રહ્મભાવે રહે છે અને જ્યારે બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત થાય છે ત્યારે આવા બનાવ સહજ રીતે બન્યા કરે છે, આપણે દિવસમાં અજવાળું જોઇ શકીએ છીએ, એ બનાવ ઘુવડની દૃષ્ટિમાં એક સિદ્ધિ જેવો લાગે પણ માણસની દૃષ્ટિમાં એ સહજ સિદ્ધિ છે. તેવી જ રીતે મહાત્માઓના જીવન બાબત સમજવાનું છે.

ઉપરના મહાત્માનું નાની ઉંમરમાં સગપણ કરવામાં આવ્યું હતું. જ્યારે તેના લગનનો પ્રસંગ આવ્યો ત્યારે તે દિવસે જમવાનું એક કલાક મોડું થયું હતું, મહાત્માએ જાણ્યું કે હજી લગન થયા નથી, છતાં બીજાને નિમિત્તે આટલી અગવડ ભોગવવી પડે છે, તો લગન પછીના સંસારમાં પણ ઘણા વિઘ્નો આવશે, તેથી તેણે લગન કર્યા નહિ અને આખી જીંદગી બ્રહ્મચારી રહ્યા, જેઓ સ્ત્રી પુરુષના સંબંધવાળા દેહના ધર્મમાં રહે છે તેઓને દેહના અને જગતના ધર્મ સાચા માનવા પડે છે, તેઓમાં આવી સિદ્ધિઓ ઉત્પન્ન થતી નથી.

એક બ્રહ્મચારીની ઇચ્છા આ મહાત્મા પાસેથી આશીર્વાદ મેળવવાની થઇ, તે મહાત્માની પાછળ પાછળ ચાલવા લાગ્યો. છેવટે મહાત્માને તેના ઉપર દયા આવી અને બ્રહ્મચારીને પૂછ્યું કે તારે શું જોઇએ છે? બ્રહ્મચારીએ કહ્યું કે, "શ્રીરંગમાં જે શ્રીરંગનાથ ભગવાન છે તેના દર્શન મારે કરવા છે." મહાત્માએ તેને કહ્યું કે, "આંખો વીંચી જા," પછી આંખો ઊઘાડી ત્યારે તેણે જોયું તો પોતે અને તે મહાત્મા શ્રીરંગમાં શ્રીરંગનાથ ભગવાનની સામે ઊભા છે.

થોડીવાર પછી તે મહાત્મા ત્યાંથી અદૃશ્ય થઇ ગયા. તે બ્રહ્મચારીએ ત્યાં તેની શોધ કરી પણ મળ્યા નહિ પછી બ્રહ્મચારી નેરૂર ગામે આવ્યા અને ત્યાં તે મહાત્માને સમાધિમાં બેઠેલા જોયા. ત્યાં બ્રહ્મચારીએ પોતાને માટે બનેલી હકીકત ત્યાંના લોકોને કહી, પણ લોકોએ એવો જવાબ આપ્યો કે "આ મહાત્મા આંહીંથી ગયા જ નથી." છતાં લોકોને તે મહાત્માની સિદ્ધિઓનો અનુભવ હતો તેથી બ્રહ્મચારીની વાત સાચી માનવામાં આવી. થોડા વર્ષ પછી મહાત્માને તે બ્રહ્મચારી ઉપર કૃપા થઇ, અને તેને મંત્રદીક્ષા આપી, તે દીક્ષાની અસરથી તે બ્રહ્મચારીને એટલું જ્ઞાન થયું કે તે બધા પુરાણો મોઢે બોલી જતો હતો, તેની વિદ્વત્તા જોઇને કેટલાક રાજાઓએ તેને જાગીર આપી હતી. તેના કુટુંબના માણસો હજુ તે જાગીર ભોગવે છે.

એક વખત આ મહાત્મા કોઇ મુસલમાન સુબાના કેમ્પમાં જઇ ચડયા, તે સુબા તેની રખાત સ્ત્રીઓ સાથે સૂતો હતો, સ્ત્રીઓના વચમાં આવો નાગો અવધૂત માણસ આવેલો જોઇને તેને બહુ ક્રોધ ચડયો અને પોતાની તરવાર ઊપાડી તેનો એક હાથ કાપી નાંખ્યો, મહાત્માએ તેની દરકાર કરી નહિ અને શરીરને કાંઇ થયું નથી એમ માની ત્યાંથી ચાલ્યા ગયા. પછી તે સુબાના જાણવામાં આવ્યું કે જેના ઉપર તેણે ક્રોધથી પ્રહાર કર્યો હતો તે એક મહાત્મા હતા. તેથી પસ્તાવો કરીને તે મહાત્માની માફી માગવા માટે તેની પાછળ પાછળ ચાલ્યા. થોડા દિવસો પછી તે મહાત્માએ પાછું જોયું, અને તે સુબાને પૂછ્યું કે, "તું શા માટે મારી પાછળ ફરે છે?" સુબાએ કહ્યું કે મને તમારા ઉપર ક્રોધ આવ્યો તેથી મને પસ્તાવો થાય છે અને તમારી માફી માગું છું. મહાત્માને ખબર નહોતી કે શું બન્યું હતું, તેથી તેમણે સુબાને પૂછ્યું કે, "શું બન્યું હતું?" સુબાએ કહ્યું કે, "મેં તલવારથી તમારો એક હાથ કાપી નાંખ્યો છે." તે વખતે મહાત્માને ખબર પડી

કે તેનો એક હાથ કપાઇ ગયો છે, તેથી તેણે બીજો હાથ ત્યાં ફેરવ્યો એટલે કપાઇ ગયેલો હાથ તરત સાજો અખંડ થઇ ગયો, સુબાને આશ્ચર્ય થયું અને મહાત્માના આશીર્વાદ માગ્યા. મહાત્માએ તેને આશીર્વાદ આપ્યા અને પછી પોતે ચાલ્યા ગયા. શૃંગેરીમઠના શંકરાચાર્ય શ્રી સચ્ચિદાનંદ શિવાભિનવ નૃસિંહ ભારતીસ્વામીએ મહાત્મા શ્રી સદાશિવેન્દ્રને માટે સંસ્કૃતમાં ઘણી સ્તુતિઓ લખેલી છે.

તે મહાત્મા જે મંદિરમાં જતા ત્યાં સ્તુતિ કરતા અને તે વખતે આકાશમાં તે દેવના ઉપર ફૂલોની વૃષ્ટિ થતી હતી. સિદ્ધ પુરુષને માટે આવા બનાવ શક્ય છે. સદાશિવેન્દ્ર હંમેશાં બ્રહ્મભાવે રહેતા હતા. તેને સંસારની કોઇ વસ્તુ જોઇતી ન હતી. તે પોતાને શરીરે કાદવ અને રાખ લગાડતા હતા. તેના ગુરુ પણ તેની બ્રહ્મનિષ્ઠાના વખાણ કરતા હતા, તેમને ખોરાક કે પાણીની પરવા નહોતી. બધી દિશાઓ તેના વસ્ત્ર હતા.

ઇ. સ. ૧૭૩૮ માં તે મહાત્મા પુદુકોટાની પાસે જંગલમાં ફરતા હતા. તે વખતે ત્યાંના રાજા વિજય રઘુનાથ તોન્ડમન રાજ્ય કરતા હતા. તે ધાર્મિક વૃત્તિવાળા હતા. તેમણે આઠ વર્ષસુધી તે મહાત્માની સેવા કરી હતી. મહાત્મા બોલતા નહોતા પણ કેટલોક ઉપદેશ રેતીમાં લખીને તે રાજાને આપ્યો હતો અને વધારે ઉપદેશ માટે તેના ગુરુભાઇ ગોપાલ કૃષ્ણ શાસ્ત્રી પાસે જવા કહ્યું. પછી તે રાજાએ તે શાસ્ત્રીને બોલાવ્યા અને ત્રાંબાના પતરા ઉપર ઇ. સ. ૧૭૩૮ માં સનદ લખીને તે શાસ્ત્રીને કેટલીક જમીન ભેટ આપી હતી. તે તેના વંશજો હજુ ભોગવે છે. જે રેતી ઉપર મહાત્માએ તે રાજાને ઉપદેશ આપ્યો હતો તે પણ રાજમહેલમાં સાચવી રાખવામાં આવેલ છે. એમ કહેવાય છે કે તે મહાત્મા પશ્ચિમમાં તુર્કસ્તાન સુધી જઇ આવ્યા હતા. એક દિવસે તેને છેવટની સમાધિ લેવાની ઇચ્છા થઇ

ત્યારે તેણે બ્રાહ્મણોને બોલાવી એ વાત જાહેર કરી. તેણે કહ્યું કે તે દિવસે એક બ્રાહ્મણ કાશીથી એક બાણલિંગ લઈને આવશે, તે લિંગ તેની સમાધિ પાસે પધરાવવું. ત્યાંના બ્રાહ્મણોએ તે દિવસની રાહ જોઈ—તે દિવસે એક બ્રાહ્મણ બાણલિંગ લઈને કાશીથી આવ્યો, ત્યાં તે વખતે એક ખાડો ખોદવામાં આવ્યો હતો. તેમાં મહાત્મા ઉતર્યા અને પરબ્રહ્મમાં લીન થયા. લોકોએ જરૂર પડતી ક્રિયાઓ કરી, સમાધિની બાજુમાં મંદિર ચણાવ્યું અને તેમાં ઉપરનું બાણલિંગ મૂક્યું.

એમ કહેવાય છે કે આ મહાત્માએ ત્રણ જગ્યાએ સમાધિ લીધી હતી; પણ નેરૂર ગામે લીધેલી સમાધિ મુખ્ય ગણાય છે. ત્યાંના રાજાએ તે મંદિરની પૂજાના ખર્ચ માટે ઘણી જમીન બક્ષીસ કરેલી છે.

આ મહાત્માએ બાર ઉપનિષદો ઉપર દીપિકા નામની ટીકા લખેલ છે. તે ઉપરાંત સિદ્ધાન્ત કલ્પાવલી અને અદ્વૈત રસમંજરી પણ લખેલ છે. બીજા તેમના પુસ્તકોની હકીકત ઉપર જણાવેલ છે.

પ્રકરણ–૧૦

પ્રેમસિદ્ધિ

પ્રેમસિદ્ધિ ભક્તિમાર્ગની ભૂમિકા પ્રમાણે પ્રાપ્ત થાય છે. અન્નમય, પ્રાણમય વગેરે પાંચ કોશોમાં જે પ્રકારનો પ્રેમ હોય તે પ્રમાણે ફળ મળે છે. પ્રેમના પાંચ પ્રકાર નીચે પ્રમાણે માની શકાય છેઃ—

૧. કામ એ અન્નમય કોશનો પ્રેમ છે.

૨. વાસના એ પ્રાણમય કોશનો પ્રેમ છે.

૩. પ્રીતિ એ મનોમય કોશનો પ્રેમ છે.

૪. શ્રદ્ધા એ વિજ્ઞાનમય કોશનો પ્રેમ છે.

૫. ભક્તિ એ આનંદમય કોશનો પ્રેમ છે.

તે પછી પરાભક્તિ અથવા અનન્ય ભાવ પ્રાપ્ત થાય છે. સાધારણ માણસોની અંદર પણ પ્રજા ઉત્પન્ન કરવા માટે જેટલા પ્રેમની જરૂર છે, તે કરતાં વધારે પ્રેમ જણાય છે. એવા પ્રેમનું સ્વરૂપ સમજવામાં ઘણા માણસોને મુશ્કેલી પડે છે. પ્રેમ વખતે નવી જાતનું ક્ષેત્ર તૈયાર થાય છે અને દેશ અને કાળમાં પણ ફેરફાર થાય છે. કોઈ ઓરડામાં કોઈ સ્ત્રી બેઠી હોય ત્યાં તેની મા આવે તો તે દિકરી બની જાય છે. તેની દિકરી ત્યાં આવે તો તે મા બની જાય છે. અને ત્યાં તેનો પતિ આવે તો ઓરડામાં દેખાવ ફરી જાય છે. જ્યાં લોહચુંબક હોય ત્યાં કોઈ સોય નજીકમાં પડી હોય તો ત્યાં ક્ષેત્રનો ફેરફાર તરત જોવામાં આવે છે. પ્રેમની બાબતમાં પણ એવું બને છે. જ્યાં અનન્ય પ્રેમ હોય ત્યાં અભેદભાવ રહે છે. સ્ત્રી પોતાના પતિનું નામ લેતી નથી અને શિષ્ય પોતાના ગુરુનું નામ લેતા નથી. કારણ કે ત્યાં ભેદ નથી. જેમ આપણા હાથ અને પગ માટે જુદા નામની જરૂર નથી તેમ જ્યાં અભેદદર્શન હોય ત્યાં બીજાનું નામ લેવાનું નથી. છતાં લઈએ તો સાચો માણસ કહે છે કે, “તારે મારું નામ લેવું નહિ અથવા તારે મારા સામી આંગળી ચીંધવી નહિ.” કારણ કે એવું કરવાથી ભેદદૃષ્ટિ ઉત્પન્ન થાય છે અને તેથી પ્રેમમાં વિઘ્ન જણાય છે.

એક કેવટ જાતિનો રઘુનામનો માછીમાર જગન્નાથપુરી પાસે માછલીનો ધંધો કરતો હતો. માછલીઓ જ્યારે તેની જાળમાં પકડાતી અને તરફડવા લાગતી ત્યારે તે તેના તરફ જોતો હતો અને તેને મનમાં દયા આવતી હતી, અને પોતાના ધંધા ઉપર ગ્લાનિ થતી હતી, પરંતુ જીવનનિર્વાહનું બીજું કોઈ સાધન ન હોવાથી આવો દયાભાવ વિસારવાનો પ્રયત્ન કરતો હતો. ભગવાને માછલીઓ

ખાવા માટે બનાવી હશે એમ તે કોઈવાર માનતો હતો છતાં તેને સંતોષ થતો નહોતો. ધીરે ધીરે તેનામાં વૈરાગ્ય આવ્યો, એક ગુરુ પાસેથી દીક્ષા લીધી અને ભાગવતનું શ્રવણ કરવા લાગ્યો. તેથી તેનું મન જીવ-હિંસામાંથી બહુ જ હઠી ગયું, અને રોઈને ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો કે, "તમે મને શા માટે આવી જાતિમાં જન્મ આપ્યો! બિચારી ગરીબ માછલીઓ! જ્યારે હું તેમને જાળમાં પકડું છું અને કાપું છું ત્યારે તે કેવી તરફડે છે! મારી શી ગતિ થશે! આવા હૃદયથી તેણે એ કામ છોડી દીધું, પણ થોડા દિવસમાં ઘરમાં અનાજ ખૂટી ગયું, ઘરના માણસોને ઉપવાસ થવા લાગ્યા, બીજો કોઈ ધંધો તેને આવડતો ન હતો. કુટુંબનું દુઃખ જોઈને ફરીને તેણે ભગવાનનું નામ લઈને પાણીમાં માછલીઓ માટે જાળ નાંખી, તેમાં એક લાલ માછલી આવીને તરફડવા લાગી. રઘુનું હૃદય પીગળી ગયું અને તેને માછલીમાં ભગવાન દેખાવા લાગ્યા. તેને લાગ્યું કે તે શંબાસુરને મારવાવાળા સાક્ષાત્ મત્સ્ય ભગવાન છે, ત્યારે તેનો વધ શી રીતે થઈ શકે? વળી તેને પોતાનું કુટુંબ યાદ આવ્યું. તેણે મત્સ્ય-રૂપી ભગવાનને કહ્યું કે, "મારે હવે શું કરવું? માછલીને પકડી તેણે તેનું મ્હોં ફાડયું એટલે માછલી બોલી કે, "રક્ષા કર, રક્ષા કર." રઘુ ચકિત થઈ ગયો, તેનું મન બદલી ગયું, તેના હૃદયમાં આનંદ ભરાણો. તેણે માછલીને પાછી પાણીમાં છોડી દીધી. જળ મળવાથી માછલીને આનંદ થયો અને તે જોઈ રઘુને વધારે આનંદ થયો. રઘુ ત્યાં જ નારાયણ મંત્રનો જપ કરવા લાગ્યો. ત્રણ દિવસ એવી રીતે ચાલ્યા ગયા. ત્યાં ભગવાને તેને દર્શન આપ્યા અને વરદાન માંગવા-નું કહ્યું. રઘુએ માગ્યું કે, "મારો આ હિંસા કરવાનો ધંધો મટી જાય અને આપના દિવ્ય સ્વરૂપમાં લીન રહું એટલું માગું છું." ભગવાને "તથાસ્તુ" કહ્યું અને અંતર્ધાન થઈ ગયા. રઘુ ઘેર ગયો અને

મછીમારનો ધંધો છોડી દીધો. તેને ખાત્રી થઈ કે ભગવાન કુટુંબનું ભરણપોષણ કરશે. લોકોએ તેને કહ્યું કે, "એવી રીતે ભગવાન તારા કુટુંબનું ભરણપોષણ કરશે નહિ, માટે કાંઈક ધંધો કર." પણ રઘુના મનનું પરિવર્તન થઈ ગયું હતું. તેને ભજન કીર્તન સિવાય કાંઈ ગમતું નહોતું. તે કોઈની પાસે કાંઈ માગતો નહોતો, તેની પ્રેમ-સમાધિ જોઈને કેટલાક લોકોને તેના પ્રત્યે ભાવ થયો, રઘુ ભિક્ષા માગીને કુટુંબનું પોષણ કરવા લાગ્યો, કેટલાક લોકો તેને હેરાન કરવા લાગ્યા. એક છોકરાએ રઘુને માર્યો પણ તેને પરિણામે તે છોકરો મૂર્ચ્છા ખાઈ ત્યાં જ મરી ગયો, તે રઘુને ગમ્યું નહિ. તેના માબાપ ત્યાં રડતા આવ્યા. રઘુએ ભગવાનની પ્રાર્થના કરી અને તે છોકરો જીવતો થયો. હવે બધા માણસો રઘુ ઉપર પ્રેમ કરવા લાગ્યા અને તેની સાથે ધૂન કરવા લાગ્યા. એવા પ્રેમના પ્રતાપથી રઘુમાં એવી શક્તિ આવી કે જે કાંઈ તેના મોઢામાંથી નીકળી જતું તે સત્ય થઈ જતું હતું, યોગસૂત્રમાં પણ કહેલ છે કે, "સત્યમાં જ્યારે પ્રતિષ્ઠા થાય છે ત્યારે સિદ્ધિ ઉત્પન્ન થાય છે." જગન્નાથપુરીમાં ભગવાન-ની મૂર્તિ તેનો ધરેલો પ્રસાદ જમી જતી હતી, છેવટે એવું બન્યું કે ત્યાંના રાજાએ રઘુને ગુરુ તરીકે સ્વીકાર્યો.

સાચા પ્રેમમાં કેટલી શક્તિ છે તે આ દૃષ્ટાંત ઉપરથી ખબર પડે છે. હાલમાં આપણા દેશમાં કેટલા વેપારીઓ, પોતાના કુટુંબના નિર્વાહ માટે કેટલા ગ્રાહકોને છેતરતા હશે અનેં કેટલા સરકારી નોકરો કુટુંબના પોષણ માટે પ્રજા પાસેથી લાંચ લેતા હશે! તેમનામાં સિદ્ધિ કે શક્તિ શી રીતે આવી શકે! ભક્તિમાર્ગમાં નીચે પ્રમાણે ત્રણ ભૂમિકા રહે છેઃ—

૧. હું ભગવાનનો છું.

૨. ભગવાન મારા છે.

૩. હું અને ભગવાન એક છીએ.

સાચા પ્રેમમાં મારું-તારું રહેતું નથી, દેશ-સેવામાં પણ બીજા દેશના માણસો પ્રત્યે ભેદ રહી જાય છે, માનવ સેવામાં પણ બીજા પ્રાણીઓ એટલે માછલી વગેરે ઉપર દયા રહેતી નથી, તેથી સેવાના ખોટા ખ્યાલમાંથી પાપ પણ થાય છે. સાચા પ્રેમમાં બધે ભગવદ દર્શન થાય છે. જેટલું જીવન આપણું કરીએ તેટલા ઉપર આપણી સત્તા ચાલે છે. લગ્ન વખતે પ્રેમથી અજાણ્યા કુટુંબના સ્ત્રી પુરુષો ભેગા થાય છે અને જેટલાને પોતાના માને છે તેટલા પોતાના થાય છે. જ્યાં ભેદ રહે છે ત્યાં વિરોધ રહે છે. તેથી બધો આધાર પ્રેમના પ્રકાર ઉપર છે. સંસારનો પ્રેમ શરીર અને પ્રાણ સુધીનો રહે છે. તેનાથી અહંકાર વધે છે તેથી પ્રેમમાં મર્યાદા રાખવી ન જોઈએ. પ્રેમની એક સાચી લાગણીમાં આખું વિશ્વ પોતાનું થઈ જાય છે. ખરા પ્રેમીની અંતર્દશા બીજા માણસો પૂરેપૂરી સમજી શકતા નથી. પ્રેમી પ્રેમથી પોતાનું નવું જગત બનાવે છે. સૂર્ય, ચંદ્ર, તારા, પર્વતો, જંગલો કોઈ મારું-તારું કરતા નથી. તેમને પ્રેમની નજર ઓળખી શકે છે.

પણ બિલાડી ઉંદરને મારતી હોય ત્યારે કેવી દૃષ્ટિ રાખવી! કોઈ ઉપર તિરસ્કાર ન આવે એવી દશા પ્રામ કરવી એ બહુ અઘરું કામ છે. એક મહાત્માએ એવી સમતા કેળવી હતી. તેથી ભગવાન તેનો યોગ-ક્ષેમ ચલાવતા હતા. થોડા વખત પછી તેમણે જંગલમાં એકાન્તસેવન કરવા માંડયું. ત્યાં તેને કોઈ ભોજન આપી જતું હતું. પછી તેને એવો વિચાર આવ્યો કે હજુ પણ દૂરના જંગલમાં જઈ કોઈ ન હોય ત્યાં એકાન્તમાં યોગસાધન ચાલુ રાખું. ત્યાં ગયા પછી

તેણે જોયું તો રોજ બરાબર જમવા વખતે આકાશમાંથી રાંધેલી તૈયાર રસોઈનો થાળ તેની પાસે આવતો હતો. તેમાંથી તે જમી લેતા અને પછી તે થાળ આકાશમાં ચાલ્યો જતો હતો. એવી રીતેઘણા દિવસો વીતી ગયા. એક દિવસ તે જગ્યાએ થોડે દૂર તેના જોવામાં એમ આવ્યું કે એક દેડકો માંખીને પકડવા જતો હતો અને તે જ વખતે તે દેડકાને સર્પે પકડયો. તે મહાત્માના મનમાં એવો વિચાર આવ્યો કે, "આ સર્પ ક્રૂરતા કરીને નિર્દોષ દેડકાને ખાઈ જવા ઈચ્છે છે તે ઠીક નથી, એટલામાં એક મોર ત્યાં આવ્યો અને તે મોરે સર્પને મારી નાંખ્યો, તે જોઈને મહાત્માએ સર્પને કહ્યું કે, "તું એ જ લાગનો છે." એવી ધૃણા અથવા ઈર્ષ્યા તેના મનમાં ઉત્પન્ન થવાથી તે દિવસથી તેને માટે આકાશમાંથી રસોઈનો થાળ આવતો બંધ થઈ ગયો, અને તેને ભિક્ષા માંગવી પડી. પછી આકાશવાણીદ્વારા ભગવાને તેને કહ્યું કે, "તને સર્પ ઉપર ધૃણા ઉપજી તેથી તું માયાની જાળમાં પડી ગયો, તેથી તારું તપ ખંડિત થઈ ગયું અને તારે માટે આવતી રસોઈ બંધ થઈ ગઈ. વાસ્તવમાં મોરમાં, સર્પમાં, દેડકામાં અને માખીમાં હું એકલો જ રહેલ છું. આ ઉપરથી સાર એ લેવાનો છે કે કોઈ પણ પ્રસંગે ગુણ-દોષની બુદ્ધિ ઉત્પન્ન થવી ન જોઈએ, ગુણ-દોષની બુદ્ધિ એ માયા છે. સમાજસેવામાં અને દેશસેવામાં પણ સાત્ત્વિક માયા રહે છે. એવા માણસો વર્તમાનમાં સુખ લઈ શકતા નથી પણ ભવિષ્યમાં સુખ શોધે છે, ગુણદોષ વગરનો પ્રેમી ભક્ત વર્તમાનમાં આનંદ લઈ શકે છે, અને દરેક બનાવની પછવાડે ભગવદ્ દર્શન કરી શકે છે.

વાસનાવાળા સંસારી પ્રેમમાં પણ થોડીવારનું આત્માનું ઐક્ય થઈ જાય છે, સ્ત્રી પુરુષના બે મડદાને ભેગા કરવાથી પ્રેમ જણાતો નથી, તેથી સંસારી પ્રેમમાં પણ માત્ર શરીરની એકતા નથી, ત્યાં

પ્રાણ અને મનની એકાત પણ થાય છે, છતાં તે ક્ષણિક રહે છે. એ જ પ્રેમ વિશ્વની સાથે એકતા પામી શકે તો તેનું ફળ નિત્ય અખંડ રહે છે. જ્યાં બીજા દેખાય છે, ત્યાં પ્રેમમાં સંકોચ રહે છે. સંસારના વિષયનો પ્રેમ પણ બીજા હોય ત્યાં ભોગવી શકાતો નથી, તો ઉત્તમ પ્રેમ અન્યના જ્ઞાન વખતે, શી રીતે ભોગવી શકાય? તેથી બીજા છે એવા જ્ઞાનનો અભાવ એ ખરો પ્રેમ પ્રગટ થવામાં જરૂરનો છે, શ્રી રમણ મહર્ષિના શરીર ઉપર સર્પ ચડયો હતો, છતાં તેણે તે દૂર કર્યો નહોતો.

કોઇ કહે કે સંસારનું કામ કરતાં છતાં સાચી ભક્તિ શી રીતે પ્રાપ્ત થાય! રોજ આઠ કલાક તો પોતાનું અને કુટુંબનું ભરણ-પોષણ કરવા માટે કામ કરવું પડે છે; છતાં એવા સંજોગોમાં ૫૦ વર્ષ પહેલાં મહેસાણામાં સ્ટેશનના એક કારકુન અંબાલાલે સાચી ભક્તિ કેળવીને ભગવાનના દર્શન કર્યા હતા. તેણે એમ માન્યું કે આખા દિવસના ૨૪ કલાક થાય છે, તેમાંથી ૮ કલાક નોકરીમાં કાઢતાં બાકી ૧૬ કલાક રહે છે, તેમાંથી ૮ કલાકમાં નિદ્રા, ભોજન અને વ્યવહારનું કામ પૂરું કરી લેવાય તો બાકી ૮ કલાક રોજ ભજન માટે રહે એવી ધારણાથી તે રોજ ૮ કલાક જપમાં ગાળવા લાગ્યો અને ભગવાને તેને દર્શન આપ્યા હતા, એ હકીકત કલ્યાણ માસિક-માં પ્રસિદ્ધ થઇ હતી.

નાસિકમાં એક દેવ મામલતદાર ૫૦ વર્ષ પહેલાં થઇ ગયા હતા. તે નોકરી પણ ભગવદ્ભાવે કરતા હતા અને જાણે કે ભગવાને તેને વૈકુંઠમાં મામલતદાર તરીકે રાખ્યા હોય તેમ માનતા હતા અને ગરીબ માણસો ઉપર દયા આવવાથી સરકારી તીજોરીમાંથી પૈસા વાપરીને દાન કરતા હતા. પોતાના પગારમાંથી માત્ર પોતાના ભરણપોષણ જેટલું રાખીને બાકીનું દાનમાં આપતા હતા. સરકારી

તીજોરીમાંથી પૈસા વાપરવા છતાં તેમાં પૈસા ઓછા થતા નહોતા અને હમેશાં હિસાબ બરાબર મળી રહેતો હતો. એક વખત તેના ઉપરી અધિકારીને ખબર પડી એટલે અચાનક આવીને તિજોરીની સિલક તપાસી પણ તે બરાબર માલૂમ પડી હતી. તે પછી તે મામલતદારે નોકરીમાંથી રાજીનામું આપ્યું અને બધો વખત ભજન-માં ગાળવા લાગ્યા હતા. આજે પણ નાસિકમાં ગોદાવરી નદીને કાંઠે દેવ મામલતદારનું મંદિર છે.

આવી ભક્તિ માટે ભક્ત બધા અનિત્ય પદાર્થોની અસત્યતા બરાબર સમજીને તેનાથી નિવૃત્ત થયો હોવો જોઇએ, છતાં પ્રેમ ધર્મનું ખાસ લક્ષણ એ છે કે તેમાં સર્વાત્મભાવ આવવો જોઇએ. બધું ભગવાનનું સ્વરૂપ છે એમ માન્યા પછી કોઇ વસ્તુ છોડાય નહિ, છતાં તેમાં વિષયોનો સ્વીકાર થઇ જાય તો પતન થાય છે, તેથી પ્રેમધર્મ બહુ કઠણ છે. જે હૃદયને અલૌકિક પ્રેમનું દર્શન થયું હોય છે તેમની અંતર્દશા અદ્ભુત જ હોય છે. સંસારી વાસનાવાળો અલ્પ પ્રેમ પણ માણસોને ગાંડા જેવા કરી મૂકે છે તો જે પ્રેમમાં મહાભાવ અથવા રાધાભાવ હોય તેની કલ્પના સામાન્ય માણસોથી થઇ શકતી નથી. ભજનો રાત્રે ગાવામાં આવે છે અને ઉપનિષદ જ્ઞાનરૂપ હોવાથી દિવસે ભણવામાં આવે છે. જેમ જ્ઞાન માટે ઉપનિષદ જેવી અલૌકિક ભાષા મળી શકે છે તેમ પ્રેમ માટે અલૌકિક ભાષા મળી શકતી નથી.

તેથી પ્રેમ સમજાવવા માટે રૂપક બહુ આપવા પડે છે. સ્ત્રી દિવસમાં પતિની દાસી છે, રાત્રે દાસી નથી. ભક્તમાં પણ કોઇવાર દાસભાવ, સખ્યભાવ, વાત્સલ્યભાવ, કે કાન્તાભાવ ઉત્પન્ન થાય છે. છેવટના ભાવને મહાભાવ કહે છે. જ્યારે ભક્તની ઇચ્છા ભગવાનની

સેવા કરવાની થાય છે ત્યારે ભગવાનની ઇચ્છા પણ ભક્તની સેવા કરવાની થાય છે, એવી દિશામાં સિદ્ધિઓ ઉત્પન્ન થાય છે.

દક્ષિણમાં જન્નાબાઇ નામના ભક્ત બાઇ થઇ ગયા. તે ભજન ગાતાં ગાતાં લોટ દળતાં હતાં ત્યારે ભગવાન ત્યાં આવીને તેનો લોટ દળી આપતાં હતાં અને તેને ભજન ચાલુ રાખવાનું કહેતા. ગીતામાં ભગવાન કહે છે કે જે મને જે ભાવે ભજે છે તેને હું તે ભાવે ભજું છું. જ્યારે જીવ જીવપણું છોડી દે છે ત્યારે ઈશ્વર ઈશ્વરપણું છોડી દે છે. સુદામાજી ભગવાનને મળવા ગયા ત્યારે ભગવાને તેને ઉત્તમ આસન આપી બેસાડયા અને તેની સેવા કરવા લાગ્યા.

હિંદમાં ઘણા પ્રકારની ભાષા ચાલે છે અને દરેક પ્રાંતમાં પ્રેમી ભક્તો થયા છે અને ભગવાને તેમની સાથે વાતો કરેલ છે, તેથી ભગવાન બધી ભાષા જાણતા હશે એવું અનુમાન કરી શકાય છે. તે અંગ્રેજ ભક્તની સાથે અંગ્રેજીમાં વાતો કરે છે, ગુજરાતી ભક્તો સાથે ગુજરાતીમાં વાતો કરે છે, મદ્રાસી ભક્તો સાથે મદ્રાસીમાં વાતો કરે છે, એ પણ મોટો ચમત્કાર છે. માણસનો નાનો બાળક પણ જે પ્રાંતમાં જન્મ્યો હોય ત્યાંની ભાષા બોલતા શીખી જાય છે. સ્વપ્નમાં પણ દરેક માણસ પોતાની માતૃભાષા બોલે છે અથવા શીખેલી ભાષા બોલે છે. મ. ગાંધીજીને ઇ. સ. ૧૯૩૩ માં જેલમાં હતા ત્યારે એક બાબતની મૂંઝવણ રહેતી હતી અને શું કરવું તે સૂઝતું નહોતું, તે વખતે મધરાતે એક અવાજે તેમને જગાડયા, તે અવાજે કહ્યું કે, "ઉપવાસ કર." મ. ગાંધીજીએ પૂછ્યું "કેટલા?" જવાબ મળ્યો "૨૧ દિવસ" તે લખે છે કે, "તેની આગળ એ વસ્તુ દીવા જેવી આવીને ઊભી રહી અને જે કાંઇ મોટી નાની વસ્તુ કરી છે તે બુદ્ધિથી પ્રેરાઇને નહિ પણ અંતઃપ્રેરણાથી અથવા ઈશ્વરની પ્રેરણાથી કરેલ હતી."

ભગવાન સર્વ પ્રેમરૂપ છે. પણ સર્વ પ્રકારનો પ્રેમ એ ભગવાનનું સ્વરૂપ નથી, તેથી પ્રેમમાર્ગમાં ભૂલો થવાનો સંભવ છે.

જે પ્રેમથી દેહનો અધ્યાસ વધે અને દેહ હું છું એમ લાગે તે સાચો પ્રેમ નથી. સાચા પ્રેમમાં અધ્યાસ ઓછો થાય છે. જ્ઞાનની બાબતમાં પણ એવું સમજવાનું છે, ભેદ એ પ્રેમનો વિરોધી સ્વભાવ છે, તેથી અખંડ ઐક્ય પ્રાપ્ત કરવું જોઇએ, કોઇ વસ્તુમાં કેવું સૌંદર્ય છે અથવા કેવું સુખ છે તે કહેવું મુશ્કેલ છે. તેનો આધાર તેને જોનાર ઉપર છે અને તેના ભોક્તા ઉપર છે. બાળકને ક્યાં ખબર છે કે તેની માને તે કેવો લાગે છે. આશકના પ્રેમમાં જે સૌંદર્ય છે તે કંઇ માશુકના ચહેરા ઉપર છે? જે જાતનું સૌંદર્ય સાધારણ દૃષ્ટિથી દેખાય છે તે કરતાં તેમાં બીજું વધારાનું સૌંદર્ય ઘણું રહેલું હોય છે, તે સાધારણ દૃષ્ટિથી અનુભવમાં આવતું નથી, તેને જોવા માટે જુદા પ્રકારની દૃષ્ટિ જોઇએ, એ કારણને લઇને વસ્તી વધતી હોય એવું લાગે છે. જેમ એક વીજળીની શોધ થયા પછી તેની મદદથી માણસો અનેક જાતના સૌંદર્ય અને સુખ ઉત્પન્ન કરી શક્યા છે તેમ એક બ્રહ્મસત્તામાંથી માયાદ્વારા, વસ્તી વધે ત્યારે અનંત જાતના ભોગ જણાવા લાગે છે, પણ તેમાં જો જીવો પોતાનું અખંડપણું ભૂલે તો જોખમ પણ જણાય છે.

પતંગીયું દીવામાં પડતા દાઝે છે તો એ ફરી તેમાં પડે છે, પ્રેમીને પાયમાલીમાં પ્રેમના ગુણ દેખાય છે.

એક મુસલમાન ફકીર અબુહસનને કજીયાળી પત્ની મળી હતી, છતાં તે સ્રીના વચનો સહન કરીને પોતાનો ઘરસંસાર ચલાવતા હતા, એક દિવસ એક માણસ તેની કીર્તિ સાંભળીને તેને ઘેર મળવા આવ્યો ત્યારે તે ફકીર ઘરની અંદર નહોતા. બારણે પહોંચી આવનારે

તેની સ્ત્રીને પૂછ્યું કે, "ફકીર ક્યાં છે?" તે સ્ત્રીએ જવાબ આપ્યો કે "એ પાખંડી ધૂતારાનું તારે શું કામ છે?" આ પ્રમાણે અનેક કુવચનો તે બાઈએ કહ્યા. ફકીરને મળવા આવનાર તો આ વચનો સાંભળી સ્તબ્ધ થઈ ગયો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે અહો! આ મહાત્માની સ્ત્રી આવી નઠારી છે તો તેમને કેટલાં દુઃખ સહન કરવા પડતા હશે! આમ વિચારતો વિચારતો તે રસ્તે પડયો, રસ્તે જતાં ફકીર અબુહસન સામે આવતા દેખાણા, તેની સાથે એક વાઘ હતો અને તેણે વાઘના ઉપર લાકડાનો ભારો મૂકેલો હતો. આવનાર માણસ તે જોઈ ચકિત થઈ ગયો અને બોલ્યો કે મહાત્મન, આ શો આશ્ચર્યકારક વ્યવહાર!"

ફકીર—હું પેલી વાઘણનો (પત્નીનો) ભાર ઉપાડું છું માટે આ વાઘે મારો ભાર ઉપાડેલ છે.

જે માણસનું જીવન જુદા પ્રકારનું થાય છે, તે જુદા પ્રકારે વિચાર કરે છે અને જે જુદા પ્રકારે વિચાર કરતાં શીખે છે, તેનું જીવન જુદા પ્રકારનું થાય છે. વિચારની અસરથી અને લાગણીની અસરથી વાતાવરણમાં ફેરફાર થાય છે, એક માણસનો પ્રાણવાયુ એક ઠંડી કરેલી શીશીમાંથી પસાર કરવામાં આવ્યો ત્યારે તેમાંથી કાંઈ તત્ત્વ જણાયું નહિ, થોડીવારમાં તે ગુસ્સે થયો ત્યારે તેનો પ્રાણ તે શીશીમાંથી પસાર કર્યો ત્યારે તેમાં પીળા રંગના રજકણો જોવામાં આવ્યા હતા. એ રજકણોના ઈન્જેક્શન બીજા પશુઓને અને માણસોને આપવામાં આવ્યા ત્યારે તે પણ ક્રોધી થઈ ગયા હતા. જે માણસો આનંદી સ્વભાવવાળા હોય છે તેના પરમાણુમાં પણ નવી શક્તિ જોવામાં આવે છે અને તેથી તેમનું આયુષ્ય પણ વધે છે. જુદા જુદા માણસોના પરસેવામાં પણ જુદી જુદી જાતની ગંધ હોય છે, કેટલાક સાધુઓનો ઝાડો દુર્ગંધ મારતો નથી.

જેમ રમણીને રમણ મળતાં તે પોતાના શરીરમાં સમાઈ શકતી નથી, તેમ ભક્તને ભગવાન મળતાં તે પણ પોતાના શરીરમાં સમાઈ શકતા નથી. પ્રેમ પ્રેમીને પરવશ કરી દે છે, પણ પ્રેમના પ્રકાર ઉપર દેશ, અને કાળનો આધાર છે, ધોરીયામાંથી વહેતું પાણી ક્યારામાં જઈને ક્યારાને મોટો કરી નાંખે છે તેમ ભક્તને ભગવાન મળતાં તેનું જીવન વિશાળ થવા લાગે છે. દરેક જાતના જીવનમાં માણસોને કાંઈક ગમે છે અને કાંઈક નથી ગમતું, કાંઈક ગમે છે ત્યાં ખરી રીતે પોતાનો આત્મા ગમે છે કારણ કે તેથી આત્માને સુખ થાય છે અને કાંઈક નથી ગમતું ત્યાં પણ આત્માની શાંતિ ગમે છે તેથી પ્રેમ કરવા જેવી માત્ર એક જ વસ્તુ છે અને તે આત્મા છે. લાકડામાંથી ગરમી અને તેજ જોઈએ તો તેને બાળવું જોઈએ તેવી જ રીતે જીવનમાં રસ ઉત્પન્ન કરવા માટે કાંઈક વિઘ્નો પણ ઓળંગવા પડે છે એટલે ખોટો પ્રેમ છોડવો પડે છે.

સામાન્ય દૃષ્ટિથી જગત જેવું દેખાય છે તેવું નથી. જેવું દર્શન હોય તેવું દૃશ્ય નજરે પડે છે. જેઓ બધે ચેતન જોયા કરે છે તે મડદાંને જીવતાં પણ કરી શકે છે. ભગવાનને પ્રગટ થવું હોય તો ભક્તની જગ્યાએ પ્રકટ થઈ શકે અને ભક્ત બીજી સત્તા ન માને અને તેને પ્રગટ થવાનો અવકાશ આપે તેને સાચો પ્રેમ અથવા ભક્તિ કહે છે. કોઈ કહે કે મેં ઘડો જોયો છે પણ માટી જોઈ નથી એ જેમ ભૂલ છે તેમ જે કહે કે મેં જગત જોયું છે પણ ભગવાન જોયા નથી એ ભૂલ છે. સાધારણ અજ્ઞાની માણસોનો વ્યવહાર માન્ય કરવા જેવો નથી.

પરિશિષ્ટ-૧

નિત્ય અને અનિત્યનો વિવેક

કેટલાક માણસો એમ માને છે કે જ્ઞાની પુરુષોમાં સિદ્ધિઓ હોવી જ જોઈએ પણ એ સિદ્ધાંત સાચો નથી. સિદ્ધિઓ એ અનિત્ય પ્રકૃતિનો વિકાર છે. જ્ઞાન એ નિત્ય આત્માનો સ્વભાવ છે. કઠોપનિષદમાં યમરાજે નચિકેતાને ઘણી અનિત્ય વસ્તુઓ આપવાનો લોભ બતાવ્યો પણ જ્યારે નચિકેતાએ માત્ર નિત્ય વસ્તુ જ માગી ત્યારે યમરાજ ખુશી થયા અને કહ્યું કે **નહ્યધ્રુવૈ:પ્રાપ્યતે હિ ધ્રુવં તત્** એટલે અનિત્ય પદાર્થોથી નિત્ય વસ્તુ મળતી નથી, તેથી પહેલાં દર્શન ઠીક કરવું જોઈએ. લાખો પ્રકારના દોષ કરતાં મિથ્યા દર્શનમાં અનંતગણો દોષ છે યોગદર્શનમાં અને સાંખ્યદર્શનમાં કહેલ છે કે પ્રકૃતિની ક્રિયા પ્રકૃતિ કરે છે આત્મા કરતો નથી. વેદાંતદર્શનમાં પણ કહેલ છે, કે ક્રિયાનો દેખાવ માયાનો છે.

આત્મા શુદ્ધ છે એવો યથાર્થ નિર્ણય થાય તે જ્ઞાનથી માયાનો બાધ કરવો એ જ સાચો વ્યવહાર છે જેને તત્ત્વની સાચી જિજ્ઞાસા છે તેને અનિત્ય સંસારીભાવનો આદર રહેતો નથી અને સિદ્ધિઓનો પણ આદર રહેતો નથી. જેને પાંચ ઇંદ્રિયોના વિષયોમાં સુખબુદ્ધિ છે તે મુમુક્ષુ નથી. જેને સંસાર ઠીક રાખવાની ઇચ્છા છે અને માન વગેરે કષાય પોષવાની કામના છે તેને આત્માની રુચી થાય નહિ. સચ્ચિદાનંદસ્વરૂપ આત્મા ત્રિકાળ અસંયોગી છે તેથી કોઈ કર્મથી આત્માને લાભ થશે એમ માનવું એ મિથ્યાદર્શન છે. તેમાં ઉત્પત્તિ, પ્રાપ્તિ, વિકૃતિ અને સંસ્કૃતિની જરૂર પડે છે. ત્યાં કર્મની જરૂર પડે છે. એ ચારે આત્માના ધર્મ નથી તેથી આત્માને માટે

કર્મની જરૂર નથી. આત્મા વસ્તુતંત્ર છે. પુરુષતંત્ર નથી. કોઈ માણસ સિદ્ધિને સાધન માને અને પુણ્યકર્મમાં રોકાઈ જાય તો તે સાચો પુરુષાર્થ નથી; છતાં જ્યાં સત્સંગનો લાભ મળતો હોય ત્યાં તન મન અને ધનથી સેવા કરે તો તે સતનો આદર છે. આવા ધર્મના કાર્યમાં ઉદાસીન રહેવું અને ઘરમાં અથવા સંસારમાં મમતા નભાવી રાખવાની કાળજી રાખવી એ વિપરીત દૃષ્ટિ છે. આવા માણસને આત્માનો આદર નથી.

આત્મા જ્ઞાની છે અને અરાગી છે એ વાત પરમાર્થે સાચી છે પણ તે સ્વભાવને કોઈ નિમિત્ત હલાવી ન શકે એવી સ્થિતપ્રજ્ઞ દશા ઉત્પન્ન થવી જોઈએ, જે વસ્તુની કિંમત જણાય, ગરજ ગણાય તે વસ્તુની પ્રાપ્તિ માણસ ગમે તે ભોગે કરે છે, બળતા ઘરમાં પોતાના બાળકને બચાવવા અગ્નિમાં ઝૂકાવે છે, તો આત્માના સાક્ષાત્કાર માટે સંસારની બધી અનિત્ય સગવડતાનો ત્યાગ કેમ ન થાય? આત્મસાક્ષાત્કાર એ જ ખરી સિદ્ધિ છે. તે સહેલાઈથી થઈ શકતો હોય તો ઘણાં આત્મજ્ઞાની થયા હોત, પણ તેમાં ઘણી શક્તિની જરૂર છે, સિંહ અને બકરી પાસે આવીને બેસે એવી સિદ્ધિ પ્રાપ્ત કરી હોય છતાં તે આત્મજ્ઞાનની નિશાની નથી, આત્માનો સ્વભાવ સ્વાધીન છે પરાધીન નથી. પોતે જ્ઞાનસ્વરૂપ છે એવી પ્રતીતિ થાય એટલે મિથ્યા દર્શનનો નાશ થાય છે. જેમ આત્મા સ્વરૂપે શુદ્ધ છે, તેમ વર્તમાન અવસ્થાએ અને નિત્ય શુદ્ધ રહે એ ખરી સિદ્ધિ છે, તેથી જ્ઞાનદ્વારા જ આત્મસાક્ષાત્કાર થાય, માટે આત્માની શુભાશુભ રાગરહિત દશા એ રીતે પ્રગટ થવા દેવી, જીવમાં માયાને નિમિત્તે અશુદ્ધ દશા જણાય તો તે માયાને જીતવાની શક્તિ મેળવવી જોઈએ; આત્મામાં પોતાની દશામાં ઘણી સ્વતંત્રતા છે પણ માયામાં તે શક્તિ વાપરવા જાય તો મિથ્યા દર્શન ઉત્પન્ન થાય છે, અને મલિનતા વર્તમાન

જીવનમાં જણાવા લાગે છે, તે સ્વચ્છંદ છોડીને સ્વતંત્ર સ્વરૂપમાં સ્થિર થાય તો સાચું સુખ મળે છે.

ઘણા લોકો જડ પ્રકૃતિના યોગને આત્માનો વ્યવહાર માને છે અને સ્વચ્છંદથી અનેક માન્યતામાં સ્વરૂપને ધારીને તે દિશામાં રોકાઇ જાય છે, પણ તે બરાબર નથી. જ્ઞાનનો સહજ સ્વભાવ સ્વ-પર-પ્રકાશક છે પણ રાગી જીવ કર્મમાં કર્તાપણાનું અભિમાન કરીને બંધાય છે. જ્ઞાની પુરુષને કોઇ પણ સંજોગમાં ક્ષોભ થતો નથી. જ્યાંસુધી પૂર્ણ સ્થિતપ્રજ્ઞ દશા પ્રગટે નહિ ત્યાંસુધી આત્મભાન ચાલુ રાખે છે અને તે જ તેનો ખરો પુરુષાર્થ છે. વિપરીત ભાવનાથી પાછા ફરવું અને સ્વરૂપમાં સાવધાન રહેવું તેને નિદિધ્યાસન કહે છે.

પુણ્ય થાય તે એક વાત છે, પણ તે કરવા જેવું છે અને હું તેનો કર્તા થાઉં તો તે ખોટું દર્શન છે, તે નિષ્કામ કર્મ નથી, સાધક જિજ્ઞાસુને સેવાનો રાગ થઇ શકે છે, પણ તેનું દર્શન તેમાં અટકતું નથી. પુણ્યના સુખ સાથે આત્માના સુખની તુલના થઇ શકે નહિ.

જ્ઞાની પુરુષને શરીર છોડવાનો વખત આવે ત્યારે કોઇ વાર વ્યાધિને લઇને જ્ઞાનમાં અસ્થિરતા આવે પણ તે વખતે જો બીજો જ્ઞાની ત્યાં આવીને જ્ઞાનની વાત કરે તો પહેલો માણસ તરત જ પોતાની દૃષ્ટિ ઠીક કરી લે છે. તે સત શ્રદ્ધાથી ડગતો નથી. આત્માનું સ્વરૂપ શુભવિકલ્પથી અથવા સત્ત્વગુણથી પર છે, છતાં સમજાય તેને સરલ છે અને સહજ છે. પણ તે પુરુષાર્થ નવી જાતનો છે. જે ભાવે સંસાર મળેલ છે તે ભાવે મોક્ષ મળે નહિ. જન્મ મરણ ટાળવાનો ઉપાય અપૂર્વ છે. તે જ્ઞાનના અભ્યાસથી પ્રાપ્ત થાય છે. બહારના સંજોગોની સગવડતા-અગવડતાથી આત્માને કાંઇ લાભ કે હાની થતી નથી. ચૈતન્ય તેમાં અટકતું નથી. જેને રાગદ્વેષ અજ્ઞાન-

રહિત સ્વરૂપ-સ્થિરતા થોડે અંશે પણ ઊઘડી છે તે જ્ઞાની પુરુષ છે. જ્ઞાની શુભ રાગ, દયા કરે, ઉપદેશ આપે પણ તેમાં તેને સ્વામીપણું નથી. સાચું જ્ઞાન, સાચી શ્રદ્ધા અને રાગરહિત નિર્મળ જ્ઞાનમાં ટકી રહેવું એ જ્ઞાનીનો વ્યવહાર છે. આસક્તિ ઊઠે તો તેનો તે અભાવ કરે છે, દેહની ક્રિયા કે શુભ સંયોગ તે આત્માનો વ્યવહાર નથી. તે પ્રકૃતિનો અથવા માયાનો વ્યવહાર છે. જન્મ મરણ ટાળવા એ સાધારણ બજારૂ વસ્તુ નથી. તે ક્રિયાકાંડથી થાય તેમ નથી, તેમાં તદ્દન અકર્તા અને અરાગી ભાવની વાત છે. જેને શરીર ઉપર રાગ નથી, પરિગ્રહમાં મમતા નથી તેને કોણ લૂંટી શકે?

આત્મા બે હદ-અમર્યાદિત નિત્ય છે, તે એકરૂપ જ્ઞાનસ્વરૂપ છે. જેને પૂર્ણપણું, અક્રિય સ્વાધીનપણું બરાબર સમજાતું નથી તે પરાધીન થાય છે અને બહારની ક્રિયાથી પોતાને લાભ થાય છે એમ માને છે. પ્રકૃતિના નિમિત્તે થતો ઔપાધિક ભાવ તે પુણ્ય પરિણામ છે. એવી અનિત્ય અવસ્થાવડે નિત્ય તત્ત્વ કેમ ઊઘડે? હદવાળા ભાવથી બે હદનો અનુભવ થાય નહિ, પણ સમ્યક જ્ઞાનમાં સ્થિર થવાથી ગુણાતીત દશા ઉત્પન્ન થાય છે. અબંધ ભાવે અબંધ તત્ત્વ ઊઘડે, સમ સત્તામાં સાધક બાધક ભાવ થાય, આત્મામાં આત્માથી ટકાય. જેને પોતાનું યથાર્થપણું ભાસ્યું હોય તે અનિત્ય ભાવમાં ઠરે નહિ, રાગ ભાવથી અરાગી ભાવ ઊઘડે નહિ, કોઇ પણ રીતે એક સત્તામાં આવવું જોઈએ, અનંતકાળની ભૂલ એક સમયની સ્થિરતા-થી ટળી શકે છે, સાચી પ્રતીતિમાં વિરોધરૂપ નિમિત્તમાત્ર દૃષ્ટિનો દોષ છે, અને પોતાના સ્વરૂપની અસાવધાની છે.

બહારના સાધનથી એટલે કે બંધ ભાવથી આત્માનો મોક્ષ માર્ગ માન્યો એ દર્શનમાં ખામી છે. વ્યવહાર અને પરમાર્થ બંને આત્મામાં

હોવા જોઈએ, દેહ વગેરે બહારના સાધનમાં હોય નહિ, જે ભાવ નિત્ય ટકે નહિ તે આત્માનું સ્વરૂપ નથી, તેથી શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેવું તે પરમાર્થ છે અને તે વ્યવહાર છે, પોતાને બંધનવાળો માને અને તે ટાળવા માગે એમ બને નહિ પણ પોતે પરમાર્થ બંધનવાળો નથી એમ રાગ વગેરે કષાયભાવને અકષાયભાવથી હણે તે મુક્તિ છે. સ્વભાવની સ્થિરતાથી અવગુણ, રાગાદિ દોષ અને કર્મ બંધ ટળે છે. મોક્ષમાર્ગ લોકોત્તર છે, જેનું લક્ષ્ય ભેદ વિકલ્પ ઉપર છે તેના દોષ ટળતા નથી, સિદ્ધિઓમાં પણ ભેદબુદ્ધિ રહે છે તેથી તે તરફ લક્ષ્ય આપવું ન જોઈએ, પ્રકૃતિના નિમિત્તે થતો શુભ—અશુભ ભાવ અનિત્ય છે અને જડ છે. તે સ્વરૂપ નથી. સાચું લક્ષ્ય આવ્યા વગર સ્વરૂપનો ઊઘાડ થાય નહિ.

માટે જ્ઞાન સિવાય બીજો ઉપાય નથી, ગીતામાં પણ કહેલ છે કે જ્ઞાન જેવી બીજી કોઈ પવિત્ર વસ્તુ નથી, જડચેતનનો ભેદ સમજ્યા પછી ચેતનથી ભિન્ન કાંઈ નથી એમ અદ્વૈતભાવ સિદ્ધ કરવાની જરૂર છે. આત્મ વ્યતિરિક્ત વસ્તુ આત્મામાં કલ્પિત હોવાની આત્મ–માત્ર સ્વરૂપ છે, તેથી વ્યતિરેક બનતો નથી અને અન્વય પણ બની શકતો નથી. છીપમાં ભ્રાંતિથી રૂપુ દેખાય ત્યારે તે રૂપાને છીપ કહેવામાં આવે તો છીપના સ્વરૂપને વાસ્તવિક (શંકા વગરનું) જ્ઞાન થઈ શકે નહિ, પરંતુ સંદેહ એ થશે કે આ છીપ છે કે રૂપું છે? તેટલા માટે રૂપાના નિશ્ચયવાળો પુરુષ અન્યથા પ્રસક્ત રૂપાનો નિષેધ કરે છે અને કહે છે કે, "આ રૂપું નથી" તો પછી આ શું છે? એ શંકાની નિવૃત્તિ માટે કહે છે કે, "છીપ છે," તેવી જ રીતે સિદ્ધાંતમાં પહેલાં બ્રહ્મમાં પ્રતીયમાન પ્રપંચનું નિરાકરણ કરીને પછી આત્મસ્વરૂપનો બોધ એવી રીતે કરવામાં આવે છે કે આ બધું બ્રહ્મસ્વરૂપ છે.

આત્માની સ્વસ્વરૂપ અવસ્થામાં વિષય અને વિષયનું જ્ઞાન

પ્રતિકૂળ છે, બહારના વિષય ગ્રહણ કરનાર પુરુષ ઇંદ્રિયોદ્વારા વિષયો તરફ જાય છે, તેથી સ્વસ્વરૂપથી પડે છે, પણ જ્ઞાનદ્વારા વિષયોના ત્રિકાલિક અભાવનો બોધ થતાં વિષયોની તરફ પ્રવૃત્તિ થતી નથી તેથી સુખમય આત્મામાં અનાયાસે સ્થિતિ આવી જાય છે.

અવિદ્યા સતથી વિલક્ષણ છે તેથી દ્વૈતાપત્તિ નથી. અસતથી વિલક્ષણ છે તેથી સવિશેષ જેવી પણ લાગે છે, તેથી જાગ્રત વગેરે અવસ્થા બની શકે છે પણ તે પારમાર્થિક નથી. આરોપિત સર્પ ચક્ષુનો વિષય નથી, તેનું પ્રાતિભાસક શરીર હોવાથી ભાનના પહેલાં તે રહેતો નથી, તેથી તે ઇન્દ્રિયગ્રાહ્ય નથી પણ સાક્ષિભાસ્ય છે, વેદાંત પ્રમાણ પ્રમાતાની નિવૃત્તિ કરે છે. તેથી પ્રમાતા પ્રમાણ અને પ્રમેય એ ત્રણે નિવૃત્ત થઈ જાય છે. પ્રત્યક્ષ પ્રમાણ કોઈ પણ રીતે અબાધિત અર્થને બતાવી શકતું નથી. સિદ્ધિઓનો બાધ થઈ જાય છે તેથી એ અનિત્ય છે અને આદર કરવા જેવી નથી, જે વસ્તુ એક જ્ઞાનથી સાચી લાગે અને બીજા જ્ઞાનથી બાધ પામે તે મિથ્યા છે. સૃષ્ટિ જાગ્રતના જ્ઞાનથી સાચી લાગે અને નિદ્રામાં દેખાય નહિ તો તે સૃષ્ટિ સાચી નથી.

"હું સર્વનો કર્તા છું અને સર્વનો કર્તા હોવાથી સર્વરૂપ છું." એવો નિશ્ચય રાખવામાં કર્તાપણાના અભિમાનરૂપ તથા સઘળા બ્રહ્માંડથી પોતાના સ્વરૂપનું માપ થવારૂપ કાંઈક કલંક રહી જાય છે અને હું કોઈનો કર્તા નથી અને કર્તા નહિ હોવાથી હું દેહ વગેરે રૂપ નથી એવો નિશ્ચય રાખવામાં જીવનું સ્વરૂપ શુદ્ધ થાય છે પણ જે જીવ છે તે બ્રહ્મ છે એવી નિષ્ઠા પ્રાપ્ત થતી નથી એટલું કલંક રહી જાય છે. જો કે આ પ્રમાણે બંને નિશ્ચયોમાં કલંક છે તોપણ તેમાંથી ગમે તે એક નિશ્ચયથી અનર્થના મૂળભૂત દેહનો અહંભાવ છૂટી

જાય છે; પહેલો નિશ્ચય યોગમાર્ગનો છે, બીજો નિશ્ચય જ્ઞાનમાર્ગનો છે. બંનેમાં એક સત્તા છે.

સ્વરૂપની વિસ્મૃતિ એ માયા છે, અથવા ભગવાનનું દર્શન કરવામાં જે આડું આવે તે માયા છે. સિદ્ધિઓની પાછળ પડે છે તેમને સ્વરૂપની વિસ્મૃતિ થાય છે. જ્ઞાન થતાં દ્વૈત રહેતું નથી અને તેથી સિદ્ધિઓની જરૂર રહેતી નથી. રજ્જુ અને સર્પનો વિવેક થતાં રજ્જુમાં લીન થયેલો સર્પ ફરીથી પ્રતીત થતો નથી, તેવી જ રીતે જ્ઞાનીને પ્રપંચ દેખાતો નથી. જે વસ્તુ પહેલાં નથી, પછી નથી, તે વચમાં પણ નથી. ચક્ષુ વગેરે ઇંદ્રિઓથી જે દેખાય છે તેનું કારણ બહારના પદાર્થોની સત્યતા નથી (કારણ કે એવું સ્વપ્નમાં પણ દેખાય છે) પણ ઇંદ્રિઓએ કરેલ ભેદ તેનું કારણ છે. ભેદજનિત વ્યવહાર મિથ્યા હોય છે, જાગ્રતમાં દેખાતા દેહાદિ સંઘાત સ્વપ્નમાં દેખાતા દેહાદિ સંઘાતના જેવા માયાથી રચાયેલ [illegible]

આત્મસ્વરૂપ અજન્મા જ્ઞાનથી અજન્મા [illegible] આત્મતત્ત્વ સ્વયં જાણી શકાય છે. ભ્રાંતિનો અભાવ થતાં [illegible] જુદું કાંઈ દેખાતું નથી.